

જ્ઞાનધારા
ગુણવંત બરવાળિયા

# જ્ઞાનધારા - ૬-૭



સંપાદન

ગુણવંત બરવાળિયા

પ્રકાશક

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન

ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેંટર

અર્હમ સ્પિરીચ્યુઅલ સેંટર

Email : gunvant.barvalia@gmail.com

Cell : 9820215542

Gyandhara : 6-7
Edited by : Gunvant Barvalia
September - 2011

**પ્રકાશન સૌજન્ય :**
ઉવસ્સગહરં સાધના ટ્રસ્ટ
પારસધામ-ઘાટકોપર

**મૂલ્ય :** રૂા. ૧૫૦/-

**જ્ઞાનધારા : ૬-૭**
**સંપાદન :**
ગુણવંત બરવાળિયા
(જૈનસાહિત્ય જ્ઞાનસત્ર ૬-૭માં રજૂ થયેલા
નિબંધો અને શોધપત્રો)

**પ્રકાશક :**
અર્હમ સ્પિરીચ્યુઅલ સેંટર સંચાલિત
SKPG જૈન ફિલોસોફિકલ એન્ડ રિસર્ચ સેન્ટર

**પ્રાપ્તિ સ્થાન :**
પારસધામ, તિલક રોડ,
વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ).

**મુદ્રણ વ્યવસ્થા :**
અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ
ઘાટકોપર-મુંબઈ.
મો.: ૯૨૨૩૪૩૦૪૧૫

# નિવેદન

અર્હમ સ્પિરીચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર આયોજિત જૈનસાહિત્ય જ્ઞાનસત્ર-૬ અને ૭માં વિદ્વાનો દ્વારા પ્રસ્તુત થયેલા નિબંધો અને શોધપત્રો જ્ઞાનધારા ૬-૭ રૂપે પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

જે જે વિદ્વાનો જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહી અને પોતાના વિચારો પ્રગટ કર્યા છે ઉપરાંત તેમણે એ વિચારો લેખના સ્વરૂપમાં પાઠવ્યા છે તે સર્વેનો આભાર માનીએ છીએ.

પ્રકાશન સૌજન્ય માટે પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ પ્રેરિત ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ-પારસધામ-ઘાટકોપરનો આભાર.

સંપાદન કાર્યમાં મને મુરબ્બી ડૉ. રસિકભાઈ મહેતા અને મારાં ધર્મપત્ની ડૉ. મધુબહેન બરવાળિયાનો સહયોગ મળ્યો છે.

અર્હમ સ્પિરીચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર ઘાટકોપર આયોજિત પારસધામ ટ્રસ્ટ પ્રેરિત, ગોંડલ ગચ્છ શિરોમણિ પરમદાર્શનિક પૂ. જયંતમુનિજી મ.સા. તથા આગમદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. આદિ સંત-સતીજીઓની પાવન નિશ્રામાં તા. ૭-૨ અને તા. ૮-૨-૨૦૧૦ના પેટરબાર (ઝારખંડ) મુકામે યોજાયેલ જ્ઞાનસત્ર-૬માં રજૂ થયેલા નિબંધો અને શોધપત્રોમાં સંપાદન કર્યાં છે.

તા. ૮-૧૨-૨૦૧૦ અને તા. ૯-૧૨-૨૦૧૦ના આગમદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા., પૂ. શ્રી પીયૂષમુનિ મ.સા. આદિ સંત-સતીજીઓની પાવન નિશ્રામાં પારસધામ-ઘાટકોપર ખાતે યોજાયેલ જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૭માં રજૂ થયેલા નિબંધો અને શોધપત્રોનો આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. સમયસર સુંદર મુદ્રણકાર્ય કરવા બદલ અરિહંત પ્રિન્ટીંગ પ્રેસના શ્રી નીતિનભાઈ બદાણીનો આભાર...

**ગુણવંત બરવાળિયા**
ટ્રસ્ટી અને માનદ્ સંયોજક
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ
એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર-ઘાટકોપર

તા. ૧૫-૯-૨૦૧૧
ઘાટકોપર-મુંબઈ.

# જૈન સાહિત જ્ઞાનસત્ર-૭નો અહેવાલ

અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેન્ટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર આયોજિત ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ પારસધામ, ઘાટકોપર પ્રેરિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૭નું આયોજન બુધવાર, તા. ૮-૧૨-૨૦૧૦ના અને ગુરુવાર તા. ૯-૧૨-૨૦૧૦ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨-૦૦ અને બપોરના ૨.૩૦ થી ૫.૦૦ના સમયે ઘાટકોપર પૂર્વના તિલક રોડ સ્થિત પારસધામમાં પૂ. શાસન અરુણોદય મુનિશ્રી નમ્રમુનિ મ. સાહેબના પાવન સાનિધ્યમાં અને ગુજરાતી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત સર્જક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને આનંદ સંપન્ન થયું હતું.

અનેક રીતે વિરલ અને વિશિષ્ટ એવા આ જ્ઞાનસત્રમાં (૧) જિનાગમ-આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ (૨) ચતુર્વિધ સંઘને જોડતી મજબૂત સાંકળરૂપ કડી-સમણશ્રેણી, સુવ્રતી સમુદાય કે ધર્મ પ્રચારકની આવશ્યકતા, સ્વરૂપ અને નિયમો અને (૩) જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા. એ ત્રણ વિષયો પર યોજવામાં આવી હતી. જેના સત્ર પ્રમુખ તરીકે અનુક્રમે (૧) ડૉ. જિતેન્દ્રભાઈ શાહ (૨) ડૉ. ધનવંતભાઈ શાહ અને )૩) ડૉ. બિપીનભાઈ દોશી ઉપસ્થિત રહ્યા હતા.

જિનાગમ-આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ એ વિષય પરની પ્રથમ બેઠકમાં (૧) પૂ. ડૉ. તરૂલતાબાઈ મહાસતીજી (૨) ડૉ. અભયભાઈ દોશી (૩) ડૉ. રસિકભાઈ મહેતા (૪) ડૉ. શેખરચંદ્ર જૈન (૫) ડૉ. પ્રવીણભાઈ શાહ (૬) ડૉ. કોકિલાબેન શાહ (૭) તરલાબેન દોશી (૮) ડૉ. જવાહરભાઈ શાહ (૯) ડૉ. કેતકીબેન શાહ (૧૦) ડૉ. ધનવંતીબહેન મોદી (૧૧) ડૉ. નલિનીબેન શાહ (૧૨) ડૉ. રેખાબેન ગોસલીયા (૧૩) ડૉ. રતનબેન છાડવા

(૧૪) ફાલ્ગુનીબેન ઝવેરી (૧૫) પારુલબેન ગાંધી (૧૬) રમેશભાઈ ગાંધી અને (૧૭) જયશ્રીબેન દોશીએ પોતાનાં પેપર્સ પ્રસ્તુત કર્યા હતા.

'ચતુર્વિધ' સંઘને જોડતા મજબૂત સાંકળરૂપ કડી શ્રમણશ્રેણી સુવ્રતી સમુદાય કે ધર્મ પ્રચારકની આવશ્યકતા સ્વરૂપ અને નિયમો એ વિષય પરની બીજી બેઠકમાં (૧) ડૉ. રશ્મિભાઈ ઝવેરી (૨) ડૉ. ઉત્પલાબેન મોદી અને (૩) જશવંતભાઈ શાહ (૪) રમેશભાઈ ગાંધીએ પોતાનો નિબંધ રજૂ કર્યો હતો.

'જૈન શાળાનાં બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા' એ વિષય પરની ત્રીજી બેઠકમાં. (૧) ચીમનલાલ કલાધર (૨) ડૉ. રેણુકાબેન પોરવાલ (૩) ડૉ. છાયાબેન શાહ (૪) સેજલબેન શાહ (૫) ડૉ. રમણીકભાઈ પારેખ (૬) ડૉ. બીનાબેન ગાંધી (૭) ડૉ. રેખાબેન વોરા (૮) કિશોરભાઈ બાટવીયા (૯) રશ્મિબેન સંઘવી અને (૧૦) નરેન્દ્રભાઈ દોશીએ પોતાના શોધપત્ર (નિબંધ) પ્રસ્તુત કર્યો હતો.

જ્ઞાનસત્રના સંયોજક ગુણવંતભાઈ બરવાળિયાએ સેંટરની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ અને જ્ઞાનસત્રની પૂર્વભૂમિકા કહી અને જ્ઞાનસત્રના પ્રમુખ અને સત્રપ્રમુખોનો પરિચય આપ્યો હતો.

ઉદ્ઘાટન પ્રવચનમાં ડૉ. કુમારપાળા દેસાઈએ 'જૈન ધર્મની નૂતન ક્ષિતિજો અને પડકાર' એ વિષય પર પ્રવચન આપેલ. ડૉ. બળવંત જાનીએ 'પૂ. વીર વિજયજીનું જૈન સાહિત્યમાં યોગદાન' એ વિષય પર પ્રવચન આપેલ.

આગમ વિષય પર પૂજ્યશ્રી નમ્રમુનિ મ.સા. તથા પૂ. ડૉ. તરુલતાબાઈ મ.સ.જીએ મનનીય વાતો કહી.

ડૉ. જિતેન્દ્ર શાહે આગમ આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ વિષય પર પોતાના અભ્યાસપૂર્ણ મંતવ્યો રજૂ કરી સમાપન કરેલ.

ડૉ. ધનવંતભાઈ શાહે 'ચતુર્વિધ સંઘને જોડતી મજબૂત

સાંકળરૂપ કડી સમણશ્રેણી ધર્મ પ્રચારક કે સુવ્રતી સમાજની આવશ્યકતા વિષય પર સાધુ-સંતોની સમાચારી-વિહારની આવશ્યકતા સાથે વિકટતા અને સાંપ્રત યુગમાં જૈનધર્મ પ્રચારની આવશ્યકતાના સંદર્ભે ચિંતનસભર વક્તવ્ય સાથે સમાપન કર્યું હતું.

ડૉ. બિપીન દોશીએ 'જૈનશાળાના બાળકોના અભ્યાસક્રમની આદર્શ રૂપરેખા' વિષય પર સમાપન પ્રવચન વેળાએ પોતે જૈન પાઠશાળામાં ભણતાં તેનાં રસપ્રદ સંસ્મરણો રજૂ કરી અને અભ્યાસક્રમમમાં સમાવવા જેવા વિશિષ્ટ મુદ્દાઓનું વિશ્લેષણ કર્યું હતું.

પોતાની કલમ દ્વારા જૈન શાસનની સુંદર સેવા કરનારા જૈન પત્રકારો (૧) મણિલાલ ગાલા (જન્મભૂમિ) (૨) મધુરીબેન મહેતા (દશાશ્રીમાળી) (૩) સંધ્યાબેન શાહ (ઝાલાવાડ સ્થા. જૈન પત્રિકા) (૪) રમેશભાઈ સંઘવી (જાગૃતિ સંદેશ) (૫) પ્રતિમાબેન બદાણી (પ્રાણપુષ્પ) અને (૬) રુચિતા શાહ (જન્મભૂમિ)નું આ જ્ઞાનસત્રમાં વિશિષ્ટ અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ જ્ઞાનસત્રની તમામ બેઠકોનું સંચાલન શ્રી યોગશભાઈ બાવીશીએ ખૂબ સુંદર રીતે કર્યું હતું. જ્ઞાનસત્રના સંયોજક શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ આભારવિધિ કર્યા બાદ બે દિવસના આ ઐતિહાસિક જ્ઞાનસત્રની સમાપ્તિ જાહેર થઈ હતી.

આ જ્ઞાનસત્રમાં બંને દિવસે બપોરની અને સાંજની સાધર્મિક ભક્તિ રખાઈ હતી. દરેક વિદ્વાનોને પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. આ જ્ઞાનસત્રને યશસ્વી, યાદગાર અને અવિસ્મરણીય બનાવવા માટે જ્ઞાનસત્ર આયોજન સમિતિના સભ્યો સર્વશ્રી ગુણવંતભાઈ બરવાળિયા, પ્રવીણભાઈ પારેખ, યોગેશભાઈ બાવીશી. ડૉ. રસિકભાઈ મહેતા, સુરેશભાઈ પંચમિયા, પ્રકાશભાઈ શાહ અને પ્રદીપભાઈ શાહે ભારે જહેમત ઉઠાવી હતી.

*પ્રબુદ્ધ જીવન (જાન્યુ. ૨૦૧૧)માંથી સાભાર*

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃ.ક્ર. |
|---|---|---|
| ૧ | **જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ** – પ્રા. ડૉ. કોકિલા એચ. શાહ | ૧ |
| ૨ | **જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ** – ડૉ. કેતકી યોગેશ શાહ | ૮ |
| ૩ | **જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ** – પ્રવીણભાઈ સી. શાહ | ૧૭ |
| ૪ | **જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ** – ડૉ. રતનબેન છાડવા | ૨૧ |
| ૫ | **जिनागम : आत्मोन्नति का मूल दस्तावेज** – डॉ. शेखरचंद्र जैन | ૨૮ |
| ૬ | **જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ** – ડૉ. જિતેન્દ્ર શાહ | ૩૭ |
| ૭ | **જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ** – ડૉ. જવાહર શાહ | ૫૦ |
| ૮ | **જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસ-ક્રમની રૂપરેખા** – ચીમનલાલ કલાધર | ૫૪ |
| ૯ | **જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસ-ક્રમની રૂપરેખા** – બીના ગાંધી | ૫૭ |
| ૧૦ | **જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસ-ક્રમની રૂપરેખા** – ડૉ. છાયાબેન શાહ | ૬૭ |
| ૧૧ | **જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસ-ક્રમની રૂપરેખા** – ડૉ. રેણુકા પોરવાલ | ૭૦ |

| | | |
|---|---|---|
| ૧૨ | જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસ-ક્રમની રૂપરેખા – ડૉ. રમણીકભાઈ જી. પારેખ | ૭૫ |
| ૧૩ | જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસ-ક્રમની રૂપરેખા – નરેન્દ્ર દોશી | ૮૦ |
| ૧૪ | અહિંસાનું વિધેયાત્મક સ્વરુપ – ડૉ. રેખા ગોસલિયા | ૮૭ |
| ૧૫ | જંબુસ્વામી રાસ : અર્થપૂર્ણ કથાનકનો હૃદયસ્પર્શી વિનિયોગ – ડૉ. બળવંત જાની | ૯૩ |
| ૧૬ | શ્રાવક કવિ ઋષભદાસનું વ્યક્તિત્વ, કવિત્વ અને કતૃત્વ – ડૉ. પાર્વતી નેણશી ખીરાણી | ૧૦૧ |
| ૧૭ | જિનશાસનમાં ધર્મ પ્રચારક શ્રેણીની આવશ્યકતા અને સ્વરૂપ – જશવંતલાલ વ. શાહ | ૧૧૨ |
| ૧૮ | સ્થા. સંપ્રદાયમાં સમણ-સમણી પરંપરા શરૂ કરવાની આવશ્યકતા અંગે વિશ્લેષણ – ડૉ. વર્ષાબહેન ગાંધી, સુરત | ૧૧૬ |
| ૧૯ | સ્થાનકવાસી સંપ્રદાયમાં સમણ-સમણી પરંપરા – ગુરુદેવ પૂ. શ્રી જયંતમુનિ મ.સા. | ૧૨૩ |
| ૨૦ | ચતુર્વિધ સંઘને જોડતી મજબૂત સાંકળરૂપ સુવ્રતી સમુદાય શ્રેણીની અનિવાર્યતા – ગુણવંત બરવાળિયા | ૧૨૯ |
| ૨૧ | चतुर्विध संघ : दृष्टि एवं आयोजन – डॉ. अभय दोशी | ૧૩૬ |
| ૨૨ | ચતુર્વિધ સંઘ આયોજન અને દૃષ્ટિ – પારૂલબેન ગાંધી | ૧૪૪ |
| ૨૩ | BEGINNING OF SRAMANA SHRENI IN TERAPANTH SANGH – Dr. Rashmikumar J. Zaveri | ૧૫૧ |

# જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

■ પ્રા.ડૉ. કોકિલા એચ. શાહ

જૈનોલોજી ડિપાર્ટમેન્ટ, સોમૈયા કૉલેજ અને (પીએચ.ડી. ગાઈડ) મુંબઈ યુનિવર્સિટીમાં સલાહકાર તરીક સેવા બજાવી રહ્યાં છે.

જૈન સાહિત્ય વિપુલ છે.

જૈનધર્મના મૂળગ્રંથો જે તેના સમગ્ર તત્ત્વજ્ઞાનને આવરી લે છે તે આગમ સાહિત્ય તરીકે ઓળખાય છે તીર્થંકર ભગવાન મહાવીરે આપેલ ઉપદેશ એમાં સમાવિષ્ટ છે.

અનાદિકાલથી તીર્થંકર થતા આવ્યા છે તેઓ સર્વજ્ઞ છે. તેમના દિવ્ય ધ્વની દ્વારા ઉપદેશ થાય છે તે અનુસાર ગણધરદેવ અંગ પ્રકીર્ણરૂપ ગ્રંથ રચના કરે છે. આ ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણી કાળ ચાલે છે તેમાં અંતિમ તીર્થંકર વર્ધમાને કેવલી થઈ જીવોને દિવ્ય ધ્વનિદ્વારા ઉપદેશ આપ્યો જે સાંભળી ગણધરોએ અંગ પ્રકીર્ણની રચના કરી તેથી કહ્યું છે "જે બીજ ભૂત ગણાય છે ત્રણ પદ ચર્તુદશપૂર્વના, ઉપન્નેઈવા વિગમેઈવા, ધુંવેઈ વા મહાતત્ત્વનાં,

એ દાન સુશ્રુતજ્ઞાનનું દેનાર ત્રણ જગનાથ જે એવા પ્રભુ અરિહંતને પંચાગ ભાવે હું નમું." અર્હતોના મુખમાંથી નીકળેલા, પૂર્વાપર દોષથી, રહિત એટલે કે સુસંગત અને શુદ્ધ વચનોને આગમ કહેવામાં આવે છે. આવા આગમો દ્વારા તત્ત્વની સમજ મેળવી શકાય છે અને તે જિનવચનો અનુસાર આચરણ કરનાર જીવોને માર્ગાનુસારિણ ધર્મની પ્રાપ્તિ માટે જરૂરી ગુણો પ્રાપ્ત થાય છે (સમણસુત્ત-૨૦)

જૈન સાહિત્યના આગમો એક ગણતરીથી ૩૨, બીજી ગણતરીથી ૪૫.

શ્વેતાંબર મત પ્રમાણે આગમ સાહિત્ય મહાવીર પ્રણીત છે, અને ભગવાન મહાવીરના અગિયાર ગણધરોએ એને સૂત્રબદ્ધ કર્યા છે. જ્યારે દિગંબર મતાનુસાર આગમ સાહિત્ય મહાવીરના મુખેથી ઉચ્ચારેલું છે, પરંતુ હાલ જે સાહિત્ય ઉપલબ્ધ છે તે મૂળ નથી દિગંબર મતઅનુસાર મૂળ આગમ સાહિત્ય ઘણુંબધુ નાશ પામ્યું છે, આમ છતાં એમના ગ્રંથોમાં પ્રાચીન આગમોનો ઉલ્લેખ જોવા મળે છે.

આ આગમ સાહિત્ય મહાવીરના નિર્વાણ પછી સદીઓ સુધી મૌખિક પરંપરારૂપે રહ્યું. ત્યાર બાદ લગભગ ૮૦૦ વર્ષ પછી આગમ સાહિત્યના સંકલનનો પ્રયાસ થયો. અને આગમસાહિત્યને લિખિત સ્વરૂપ અપાયું.

શ્વેતાંબર પરંપરામાં કુલ્લે ૪૫ આગમો માન્ય છે. પરંતુ એની સ્થાનકવાસી પરંપરામાં માન્ય આગમોની સંખ્યા ૩૨ ગણાય છે.

દિગંબરા પરંપરા અનુસાર આચાર્યશ્રીકુંદકુંદ રચિત સૂત્રો સત્‌શાસ્ત્ર તરીકે સ્વીકાર્ય છે જેમાં પંચપરમાગમ તરીકે ઓળખાતા નીચે મુજબના પાંચ ગ્રંથો પ્રસિદ્ધ છે આ એક મત છે.

(૧) સમયસાર (૨) પ્રવચનસાર (૩) પંચાસ્તિકાય (૪) નિયમસાર (૫) અષ્ટપાહુડ

બીજા મત પ્રમાણે બે સૂત્રો છે ષટખડાગમ અને કષાયપાહુડ

જૈન શ્વેતામ્બર પરંપરા માન્ય ૪૫ આગમો વિષેની સંક્ષિપ્ત વિગતઃ

(૧) અગિયાર અંગસૂત્રો, અંગસૂત્રો ૧૨ હતા જે દ્વાદશાંગીને નામે પ્રસિદ્ધ છે પરંતુ બારમુ અંગ દૃષ્ટિવાદ વિચ્છેદ પામેલ હોવાથઈ વર્તમાનકાળમાં અગિયાર અંગસૂત્રો વિદ્યમાન છે. જેના નામ નીચે પ્રમાણે છે.

૧) આચારાંગ ૨) સૂત્રકૃતાંગ ૩) સ્થાનાંગ ૪) સમવાયાંગ ૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ ૬) જ્ઞાતાધર્મકથા ૭) ઉપાસકાધ્યાયન ૮) અંતકૃતદશાંગ ૯) અનુત્તરોપપાદક ૧૦) પ્રશ્નવ્યાકરણ ૧૧) વિપાકસૂત્ર ૧૨) દૃષ્ટિવાદ લુપ્ત છે.

**જૈન સાહિત્ય :**

જૈન પરંપરા પ્રમાણે જૈન સાહિત્ય અતિ પ્રાચીન જૂનામાં જૂનું ધાર્મિક સાહિત્ય છે. તેનું ધ્યેય છે, એક વ્યક્તિના આત્માને ઉચ્ચ આધ્યાત્મિક સ્તરે લાવી સંસારના દુઃખોમાંથી મુક્તિ અપાવવી.

જૈન સાહિત્ય બે ભાગમાં વહેંચાયેલું છે.

દિગંબર સંપ્રદાયની માન્યતા પ્રમાણે સૂત્ર સાહિત્યમાં બે આગમોનો સમાવેશ છે.

૧) ષ્ટખડાંગમ જેના રચયિતા પુષ્પદંત અને ભૂતબલી છે.

૨) કષાય પાહુડ જેની રચના આચાર્ય ગુણધરે કરી છે.

શ્વેતાંબર હોય કે દિગંબર સાહિત્ય બનેમા ભગવાન મહાવીરના ઉપદેશની મૂળ ધારા સચવાઈ રહી છે.

અનાદિ કાળથી આપણો આત્મા વિભાવ દશામાં જ રખડી રહ્યો છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ આપણું સ્વરૂપ નથી અને છતાં આપણે એમાં જ મગ્ન છીએ હવે આ અમૂલ્ય માનવભવ પામીને આપણે વિભાવમાંથી સ્વભાવ પામવા માટે છે માનવ જન્મ. અનંત દોષો આપણામાં ભર્યા છે. તેનો નાશ કરવા અને આત્મિક ગુણોના આર્વીભાવ માટે જિનશાસનની શુભક્રિયાઓ જરૂરી છે તે માટે જિનાગમો સાધન બની શકે. આત્મહિતના જીવનને સુધારવાનું આપણા હાથમાં છે અને એ માટેની ચાવી છે જિનાગમ.

અરિહંત દ્વારા કથિત ગણધર દેવો દ્વારા નિબદ્ઘ જિનાગમોમાં બતાવેલ માર્ગ પ્રમાણે ચાલીએ તો જે પ્રમાણે દોરાવાળી સોઈ ખોવાઈ નથી જતી તે પ્રમાણે આગમના આધાર પર ચાલવાવાળા સંસારમાં ભટકતા નથી. (સૂત્રપાહૂડ-૩) "જ્ઞાન સમાન ન આન જગતમેં સુખ કે કારણ અણવત ક્રિયારૂપે જ્ઞાન ત્યારેજ ફળવત બને જ્યારે તે સમ્યક આચરણમાં કહ્યું છે ઈહં પરમામૃત જન્મજ રામતુ રોગ નિવારણ વળી,

"અર્હત ભાષિત અર્થમય ગણધર સુરચિત સૂત્ર છે,

સૂત્રાર્થના શોધન વડે સાધે શ્રમણ પરમાર્થને

(આચાર્યકુંદકુંદ સૂત્ર પાહુડ (૧)

હકીકતમાં જૈન આગમસૂત્રોમાં વર્તમાન જીવનશૈલી અને ચિંતન પ્રવાહો સાથે સુસંગત કહી શકાય એવી અનેક ગાથાઓ સૂત્રો જોવા મળે છે. ગ્રહસ્થ જીવન ગાળતા સાધકનેય જીવન વિકાસની તક આપે, સંયમી જીવન ગાળનારામા પણ શુષ્કતાને બદલે રસિકતા પ્રેરે, ત્યાગી સાધકને ય ત્યાગ પાછળનો ઉદ્દેશ સમજાવે, અકાર્મણ્ય અને ભયવૃત્તિ છોડાવી કર્મયોગી અને નિર્ભય બનાવે આવા આગમો પ્રતિ કોણ ન આકર્ષા

જૈન આગમોમાં અને તત્ત્વદર્શનના વિવિધ પ્રાચીન ગ્રંથોમાં આત્મસુધારણાને લગતા અનેક સૂત્રો છે. દા.ત.

कोहं माण य मायं य लोभं च पाववडढ्ण।
वमे चत्तारि योसे ३ इच्छतो हियम प्पणो।।

અર્થાત ક્રોધ, માન, માયા લોભ એ પાપને વધારનારા છે આત્માનું હિત ઈચ્છનારે એ ચાર દોષોને છોડી દેવા જોઈએ.

વાસ્તવિક સુખનો માર્ગ સમજાય છે જિનાગમોના અભ્યાસદ્વારા

આગમોના પારમાર્થિક વચનોનો રસાસ્વાદ આપણે કરીએ તો આત્મહિતનો માર્ગ સ્પષ્ટ થાય છે કેટલાક વસંતો સમસ્ત શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે. કેમકે વીતરાગીવાણીના આધારે તો શાસ્ત્રોનું નિર્મણ થયેલું છે. વીતરાગની વાણી વીતરાગતાની જ પોષક હોય છે.

'જે કાર્ય જે ક્ષેત્રમાં, જે કાળમાં, જે સ્વરૂપે થવાનું હોય છે, તે કાર્ય તે જ ક્ષેત્રમાં, તે કાળે, તે જ રૂપે થાય છે, એને કોઈ પણ વ્યક્તિ બદલવા સમર્થ નથી.'

''જે સમયે જીવ જેવો ભાવ ધારણ કરે છે તે સમયે તે તેવાજ શુભાશુભ કર્મોવડે કે બંધાય છે. તે જ થાય છે, જે થવાનું હોય છે.

'એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાી પણ ભલુ-બૂરું કરી શકતું નથી. પ્રત્યેક દ્રવ્યનું પરિણામન સ્વાધીન છે. કોઈ કોઈને આધીન નથી. પોતાના સુખદુ:ખનો કર્તા જીવ પોતે જ છે.'

'સત્યની પ્રાપ્તિ પોતાથી, પોતામાં પોતાના દ્વારા જ થાય છે. પર તો નિમિત્તમાત્ર છે.

'વસ્તુ નહિ, માત્ર દૃષ્ટિ બદલવાની છે. દૃષ્ટિ બદલાઈ જતાં સૃષ્ટિ સ્વયં બદલાઈ જશે.

પોતાને જાણે, ઓળખે તો ભગવાન બની જાય.

'કંઈ કરો નહિ બસ થવા દો, જે થઈ રહ્યું છે તેને અજ્ઞાની તપ દ્વારા કરોડો વર્ષોમાં જેટલા કર્મોનો ક્ષય કરે છે તેટલા કર્મોનો નાશ જ્ઞાની એક શ્વાસ માત્રમાં કહે છે.

તૃણ અને સોનું શત્રુ અને મિત્રમાં સમભાવ રાખવો એ સામાયિક છે. એટલે કે રાગદ્વેષરૂપ યોગ્ય પ્રવૃત્તિપ્રધાન ચિત્તને સામાયિક કહે છે.

અનિત્ય, અશાશ્વત આ સંસારમાં એવું કયુ કાર્ય મારે કરવું કે જેનાથી આ સંસારમાં એવું કયુ કાર્ય મારે કરવું કે જેનાથી મારી દુર્ગતિ ન થાય. હેય, જ્ઞેય અને ઉપાદેય તત્ત્વો વિષેનું જ્ઞાન મહત્ત્વનું છે.

શ્રમણ જો સમતા વિનાનો હોય તો તેને વનવાસ, કાયાક્લેશ, ઉપવાસ અધ્યયન અને મૌન બધું જ નકામુ છે. જેમ કમળ જળમાં જન્મે છે છતાં જળથી લેપાતું નથી તેમ રહેવું.

આ અત્યંત ત્રસ્ત અને વ્યસ્ત કાળમાં આગમના વચનો તનાવ, આકુળતા વ્યાકુળતા દૂર કરે છે. આપણા આગમ સાહિત્યના રૂપ સર્વસામાન્ય ગ્રંથ સમણસૂત્ર છે જેનું પ્રકાશ ૧૯૭૫માં થયુ છે. જેમાં આગમોના વિવિધસૂત્રો સંસારચક્ર સૂત્ર, કર્મસૂત્ર, રાગપરિહારસૂત્ર, સાધના સૂત્ર વ્રતસૂત્રનો સમાવેશ છે. એના અભ્યાસદ્વારા આત્મસુધારણાને માર્ગ સરળ બને છે.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે 'કાળના દોષથી અપાર શ્રુતાસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો અને બિંદુમાત્ર અથવા અલ્પમાત્ર વર્તમાનમાં વિદ્યમાન છે નિગ્રંથ ભગવાનના શ્રુતનો પૂર્ણ લાભ વર્તમાન મનુષ્યને આ ક્ષેત્રે પ્રાપ્ત થતો નથી. વર્તમાન કાળ દુઃષમ કાળ છે. પ્રાચીન આચાર્ય સૂત્ર અને તદઅનુસાર રચેલા ઘણા શાસ્ત્રો વિદ્યમાન છે. પરંતુ વીતરાગશ્રુતના પરમરહ્સયને પ્રાપ્ત થયેલા સત્પુરુષોનો યોગ ભાગ્યોદયથી જ પ્રાપ્ત થાય છે. જે દ્વારા ક્લાયણને

યથાર્થમાર્ગ જીવ પામી શકે. તે પુરુષના વચનો આગમ સ્વરૂપ છે, વીતરાગશ્રુત, વીતારગ શાસ્ત્રે એક પરમ ઉપકારી સાધન છે આત્મસુધારણામાટેનું પણ તેનો મર્મ પામવો કઠિન છે. તેથી શાંત રસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસનો હેતુ એ જેનો સમસ્ત ઉપદેશ છે એવા શાસ્ત્રોનું અધ્યયન કરવું આપણું કર્તવ્ય છે. સનાતન આત્મધર્મ તે શાંત થવું તે છે. આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે. ભગવાન જિને દ્વાદશાંગી એજ અર્થે નિરૂપણ કરી છે. અને એજ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે, જયવંત છે.

આગમોની ઉપયોગિતા શાશ્વત છે જિનાગમોનો સૈદ્ધાંતિક ભાગ તેમ જ ધાર્મિક ઉપદેશાત્મક ભાગ દ્વારા સામાન્યજન પ્રેરણા અને માર્ગદર્શન મેળવી શકે. સાધકો માટે તેમનું અપૂર્વ યોગદાન છે. આત્મસુધારણા દ્વારા અંતિમ ધ્યેય પ્રાપ્તિ વ્યવહારમાં પણ તેની ઉપયોગીતા સ્વીકારવી જ રહી. આ અવસર્પિણી કાળમાં જ્યારે શિથિલાચાર ઉત્તરોત્તર વધતા રહે છે ત્યારે તેની ઉપયોગિતા નિરંતર વધતીજતી રહી છે આથી આજના સંદર્ભમાં વીતરાગ જૈનધર્મની નિર્મલધારાના પ્રવાહમાં અભિલાષી આત્માર્થીને સ્વયં તેમનું અધ્યયન કરવુ જરૂરી છે. આગમના ઉપદેશાત્મક ભાગ પર ભાર ચૂકવો ઉચિત છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યુ છે કે "જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યા છે ઉપદેશ્યા છે. તે ઉપદેશ આત્માર્થે છે. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યુ તો તે જિનાગમનું શ્રવણ-વાચન નિષ્ફળ રૂપ છે. "આમ વ્યાવહારિક ઉપયોગિતા હોવા છતાં જિનાગમનું અવલોકન પ્રથમ ઉપદેશજ્ઞાન પ્રાપ્તિ અર્થે જ મુમુક્ષુ જીવે કરવું ઘટે છે.

(શ્રીમદરાજચંદ્ર)

જિનાગમોની એક આગવી વિશિષ્ટતા છે. કુંદકુંદાચાર્ય પ્રવચનસારમાં કહ્યું છે કે આ પાંચમા આરામાં શાસ્ત્રોનું પઠન જરૂરી છે તેથી તે કરવુ જોઈએ. જિના વાણીરૂપી આ ઔષધિ અમૃત સમાન છે અને સર્વ દુ:ખોનો નાશ કરે છે. આત્મસુધારણાનો માર્ગ સરળ બને તેથી

જ જૈનદર્શનમાં સમ્યકજ્ઞાનની આવશ્યકતાપર ભાર મૂકવામાં આવ્યો છે.

જિનાગમોનું અધ્યયન વ્યક્તિના જીવનને ઊર્ધ્વગામી બનાવવામાં સહાયક નીવડે છે. અન્યથા મનુષ્ય જીવન વિષયભોગોમાં વેડફાઈ જાય છે. ભગવાન મહાવીરે આમ સામાયિક ધર્મનો ઉપદેશ આપ્યો છે જેના સમ્યક્ આચરણ દ્વારા કોઈપણ વ્યક્તિ આત્મસુધારણા કરી શકે છે. આગમનો ઉપદેશ છે આત્મજ્ઞાન જે પોતાને જાણે છે, જે લોકને જાણે છે આસ્ત્રવ, સંવર દુઃખ અને દુઃખનો નાશ એ સઘળું જે જાણે છે તેજ સાચા આચારમાર્ગનું ક્રિયામાર્ગનું નિરૂપણ કરી શકે છે. અને સન્માર્ગ ગ્રહણ કરી 'અબ હમ અમર, ભયે ન મરેંગે' કહી શકે છે.

આગમોનું રહસ્ય યથાર્થ સમજવા સતપુરુષ સદ્‌ગુરુદેવની જરૂર છે. ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.

જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિમતિમાન,<br>
અવલંબન શ્રી સદ્‌ગુરુ સુગમ અને સુખખાણ<br>
(શ્રીમદરાજચંદ્ર આંક ૯૫૪)

તેથી જ આત્મશુદ્ધિ માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરવા યોગ્ય છે સત્શ્રુત અને સત્સમાગમ.

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઈચ્છે છે અને દુઃખની નિવૃત્તિ રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. એ માટે આત્મજ્ઞાન જીવને પ્રયોજનરૂપ છે, તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે. સતશાસ્ત્રાનુ વાંચન, અને સદ્‌ગુરુ અને સતસંગ. પરિભ્રમણ કરતો જીવ અત્યાર સુધી અપૂર્વને પામ્યો નથી એ માટે આગમોનો અભ્યાસ જે અનુપમ અને અમૂલ્ય લાભ છે જે અવશ્ય કરવા યોગ્ય છે. સતપુરુષનો સમાગમ અપૂર્વની પ્રાપ્તિ કાળે કરીને કરાવે છે.

પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસે સબ આગમ ભેદ સુઉરબેસતેથી જ જિનેશ્વર દેવ કથિત ધર્મ જ શરણરૂપ છે જેનો આશ્રય લેનાર જીવો સંસારસાગરને તરી જાય છે. ભગવાન મહાવીરે ગૌતમને જે ઉપદેશ આપ્યો સમયંગોયમ। મા પમાયએ! એ આપણા બધા માટે છે.

# જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

■ ડૉ. કેતકી યોગેશ શાહ

શ્રી કેતકીબેન જૈન ધર્મના અભ્યાસુ છે. એમ.એ., પીએચ.ડી. કરેલ છે. અવારનવાર લેખો લખે છે. સંત-સતીજીઓની વૈયાવચ્ચ કરે છે.

શાસનની સ્થાપના કેવળજ્ઞાનના આધારે થાય છે પરંતુ આ શાસનની વ્યવસ્થા તો શ્રુતજ્ઞાનના આધારે જ આજ સુધી થતી આવી છે. શ્રુતજ્ઞાનનો સ્ત્રોત અને પ્રવાહ જિનાગમ જ છે. ભગવાન મહાવીરે શ્રુતજ્ઞાનની જલતી જ્યોત ચતુર્વિધ સંઘને આપી, જે જ્યોત પાંચમા આરાના છેડા સુધી સાધકોને આત્મજ્ઞાન-આત્મસુધારણાનો પ્રકાશ પાથરતી રહેશે.

આત્મસુધારણા એટલે શું? અનાદિકાળથી આત્મા ઉપર લાગેલી કર્મરજનો જ્યારે આત્માને ભાર લાગવાનો શરૂ થાય છે અને દૂર કરવાનો વિચાર સરખો પણ આવે છે ત્યારે આત્મસુધારણાની શરૂઆત થાય છે. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' તેવું જાણવાની ઈચ્છા માત્ર થાય છે ત્યારે તેની આત્મજાગૃતિની સવાર પડી ગઈ હોય છે. આત્મસુધારણા કરવા બહાર જવું પડતું નથી. આત્મા સાથે જ યુદ્ધ કરવાનું હોય છે.

જિનાગમમાં આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે. જિનાગમને ચાર અનુયોગમાં વિભક્ત કર્યા છે. દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ). તેમ જ નિશ્ચય અને વ્યવહારમાર્ગનો સુભગ સમન્વય પ્રભુ મહાવીરે આગમોમાં દર્શાવ્યો છે. આગમોમાં ધર્મનો મર્મ સમજાવવામાં પ્રભુ મહાવીરે કુશળ ઉપદેષ્ટાની ભૂમિકા ભજવી છે. ક્યાંક પ્રેમથી ગોયમા ગોયમા કહી બોધ આપ્યો છે તો ક્યાંક નરક ગતિના દુઃખોનું વર્ણન કરીને કરાવ્યા છે, તો ક્યાંક સિદ્ધનાં સુખોનું વર્ણન કરી લલચાવ્યા છે, તો ક્યાંક વિવિધ

વ્યાધિગ્રસ્ત પ્રાણી જગતનું કરુણ દૃશ્ય દાખવીને સાવધાન કર્યા છે. અને જ્યારે ક્યાંય આત્મા સમજતો નથી ત્યારે થોડો છણકો કરીને કહે છે, "**संबुज्झह किं ण बुज्झहं**" બોધ પામ, કેમ બોધ પામતો નથી?

આત્મસુધારણા કરવાની તક **'पच्छावि ते पयाया'** કહીને પાછલી વયે પણ થઈ શકે છે તો શ્રી આચારાંગ સૂત્રના ૨જા(બીજા) અધ્યયનમાં અને શ્રી દશવૈકાલિક સૂત્રના ૮મા અધ્યયનમાં કહે છે કે જ્યાં સુધી પાંચે ઈન્દ્રિયોની જ્ઞાનશક્તિ ક્ષીણ થઈ નથી, ત્યાં સુધીમાં સાધકે આત્મહિતાર્થ સંયમ તપનું સમ્યકપ્રકારે પાલન કરી લેવું જોઈએ. **'खणं जाणाहि पंडिए'** આત્મસુધારણાની ક્ષણને ઓળખી જાણીને સમજી લે તે જ પંડિત છે, આત્મતત્ત્વજ્ઞ છે. (શ્રી આચારાંગ સૂત્ર ૨/૧/૫)

આજકાલ **Topten**નો જમાનો છે તો જિનાગમનું નવનીત પણ મેં **Topten**માં સમાવવાનો પ્રયત્ન કર્યો છે. જો કે બધા જ આગમો સર્વોત્તમ છે પણ ૧૦ મિનિટમાં તેનો સમાવેશ કરવાનો હોવાથી **Topten**નો અભિગમ પસંદ કર્યો છે.

(૧) આત્મસુધારણાની સાધના અને મુક્તિધામની મહાયાત્રા અહિંસાથી શરૂ થાય છે. અહિંસા એ તો ધર્મનો રાજમાર્ગ છે. જિનાગમમાંથી જો અહિંસાની બાદબાકી થઈ જાય તો છેવટે શૂન્ય જ રહે, એ કક્ષાએ જૈનધર્મમાં અહિંસા વણાઈ ગઈ છે. અને તે પણ સ્થૂલથી ત્રસ કે સ્થાવર કોઈ જીવની હત્યા કરવી નહીં તેટલું જ નથી પણ સૂક્ષ્મથી પ્રાણાતિપાત કહીને કોઈ જીવના પ્રાણને (દશ પ્રાણમાંથી) પણ પીડા પહોંચાડવી નહીં તેમ કહે છે. તે ત્યારે જ શક્ય બને છે જ્યારે સાધક **सव्वभूयप्पभूयस्स** અર્થાત્ જગતના જીવોને પોતાની સમાન સમજે (શ્રી દશવૈકાલિક સૂત્ર - ૪/૯)

**सव्वे जीवा वि इच्छंति, जीविउं ण मरिज्जिउं** (શ્રી દશવૈકાલિક સૂત્ર-૬/૧૧) જગતના સર્વ જીવો જીવનને ઈચ્છે છે, કોઈ પણ પ્રાણી મ-ત્યુને ઈચ્છતું નથી એવું જાણી જે આત્મા અહિંસક બને છે તેને પાપકર્મો જેમ ઊંચા સ્થળેથી જળ આપોઆપ સરી જાય છે

તેમ સહેજે ખરી જાય છે. (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર-૮/૯). પ્રાણીવધ કરનાર અને કરાવનાર સમસ્ત દુઃખોથી છૂટી શકતાં નથી (શ્રી ઉત્તરા. સૂત્ર-૮/૮) આમ, અહિંસા વગર આત્મસુધારણા શક્ય જ નથી.

પણ આ અહિંસાને જીવનની અનિવાર્ય પ્રવૃત્તિમાં કેવી રીતે અપનાવવી? તે દર્શાવતી **top first** ગાથા તો આ જ છે.

**जये चरे जयं चिट्ठे, जयमासे जयं सए।**
**जयं भुंजतो भआंसतो, पावकम्मं ण बंधइ**

અર્થ : યતનાપૂર્વક (ઉપયોગ સહિત) ચાલનાર, ઊભા રહેનાર, બેસનાર, શયન કરનાર, ભોજન કરનાર અને બોલનાર સાધક પાપકર્મને બાંધતા નથી.

**(૨) અપરિગ્રહ :** અહિંસા અને અપરિગ્રહ વચ્ચે ઘણો સંબંધ છે. અહિંસા અપરિગ્રહ વગર અધૂરી લાગે છે તો અપરિગ્રહ અહિંસા વગર ફિક્કો લાગે છે. સજીવ-નિર્જીવ કોઈ પણ વસ્તુને મમત્વ ભાવથી, આસક્તિપૂર્વક ગ્રહણ કરવામાં આવે તો તે પરિગ્રહ કહેવાય છે. એ મમત્વબુદ્ધિ અને પરિગ્રહવૃત્તિ હિંસાનું કારણ બને છે.

શ્રી ઉપાસક દશાંક સૂત્રમાં આનંદ શ્રાવક પાસે દસ હજાર ગાયોનું એક ગોકુળ એવા જ ગોકુળ હતા અને ૧૨ ક્રોડ સુવર્ણમુદ્રા હતી. તેમ છતાં તેમને મહાપરિગ્રહી શ્રાવક કહ્યા નથી. કારણકે વ્રત સ્વીકારતી વખતે તેમી પાસે જેટલો પરિગ્રહ હતો તેમાં જ સંતોષ રાખ્યો. પરિગ્રહ વૃત્તિને સીમિત કરી, ઈચ્છાઓને સંયમિત કરી તેથી જ આનંદ શ્રાવક સીમિત પરિગ્રહવાળા કહેવાય છે.

પરિગ્રહથી આસક્ત પુરુષ અજ્ઞાનવશ પાપનાં કર્મો કરીને ધનનું ઉપાર્જન કરે છે અને ધનને અમૃતતુલ્ય સમજીને ગ્રહણ કરે છે, તેનો સંગ્રહ કરે છે. પરંતુ તે ધનને અહીં જ છોડી, રાગદ્વેષની જાળમાં ફસાઈ, વૈરભાવથી બંધાઈ, મરીને નરકગતિમાં ચાલ્યા જાય છે.( શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ૪/૨)

જેવી રીતે હાથીને કાબૂમાં રાખવા માટે અંકુશની જરૂર છે તેમ પાપકર્મોરૂપી હાથીને અંકુશમાં રાખવા અપિરગ્રહની જરૂર છે

**चित्तमंतमचित्तं वा, परिगिज्झ किसामवि।**
**अण्णं वा अणुजाणाइ, एवं दुक्खा ण मुच्चइ**
**(શ્રી સૂયગડાંગ સૂત્ર ૧/૧/૨)**

અર્થ : જે મનુષ્ય પશુ-મનુષ્ય વગેરે સચિત્ત પ્રાણી; સોનું, ચાંદી આદિ અચિત પદાર્થ કે ભૂસા આદિ જેવી તુચ્છ વસ્તુ, થોડા પ્રમાણમાં પણ પરિગ્રહ રૂપે રાખે અથવા બીજાના પરિગ્રહની અનુમોદના કરે છે તે દુઃખથી મુક્ત થતો નથી.

૩) જેમ જેમ પરિગ્રહ ત્યાગ જીવનમાં વણાતો જાય છે તેમ તેમ ઈંદ્રિય પર વિજય મેળવાતો જાય છે. આગમોમાં ઈન્દ્રિય વિજય પર ઘણો ભાર આપ્યો છે. મહાત્મા ગાંધીજી પણ કહે છે કે ઇંદ્રિયોનો કોલાહલ બંધ થાય છે ત્યારે આત્માનું સંગીત સંભળાય છે.

જેમ કિંપાક વૃક્ષનાં ફળો રૂપરંગની દૃષ્ટિએ મનોરમ્ય અને ખાવામાં મધુર લાગે છે પરંતુ પરિણામે તે જીવનનો અંત કરે છે, તે ઉપમા કાભોગના વિપાકને લાગુ પડે છે. આત્મસુધારણા અને સમાધિની પ્રાપ્તિ કરવામાં ઇંદ્રિય-વિજયની પ્રધાનતાનું નિરૂપણ કરતી ગાથા શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૨/૨૧ છે.

**जं इंदियाणं विसया मणुण्णा, ण तेसु भावं णिसिरे कयाइ।**
**ण यामणुण्णेसु मणं पि कुज्जा, समाहिकामे समणे तवस्सी।।**

અર્થઃ સમાધિનો ઇચ્છુક તપસ્વી શ્રમણ, ઇન્દ્રિયોના શબ્દ-રૂપાદિ મનોજ્ઞ વિષયોમાં રાગભાવ ન કરે અને ઇન્દ્રિયોના અમનોજ્ઞ વિષયોમાં મનથી પણ દ્વેષભાવ ન કરે.

કારણ કે જે **मूलट्ठाणे, जे मूलट्ठाणे से गुणे** (શ્રી આચારાંગ સૂત્ર) જે પાંચ ઇન્દ્રિયોના વિષયો છે તે સંસારનું મૂળ કારણ છે.

**खणमित्तसुक्खा बहुकालदुक्खा** (શ્રી ઉત્તરા ૧૪/૧૩) જેવા માત્ર એક-એક વિષયસેવનથી હરણ-પતંગિયુ-ભ્રમર-માછલું અને હાથી દુઃખી થાય છે અને મરી જાય છે.

(૪) ઇન્દ્રિયવિજય થતાં કષાયનો ત્યાગ પણથવા લાગે છે. ચાર કષાય જીવને ક્યાંય સ્થિર થવા દેતા નથી, આત્મા ગુણોને અવરોધિત કરે છે. માટે શ્રી સૂયગડાંગ સૂભત્રના 'પુચ્છિસ્સુણં'માં ચારે કષાયને 'अज्झत्थदोषा' આધ્યાત્મિક દોષ કહ્યાં છે. ક્રોધ, માન, માયા અને લોભ આ ચારે પ્રબલ કષાયો આત્મસુધારણામાં અવરોધ પેદા કરે છે અને પુનર્જન્મરૂપી વૃક્ષના મૂળનું સિંચન કરે છે.

શ્રી દશવૈકાલિક સૂત્રના ૮મા અધ્યયનમાં કષાયોનું સ્વરૂપ, તેના પરિણામો, તેના પર વિજય પ્રાપ્ત કરવાના સરળ અને સફળ ઉપાયો દર્શાવ્યા છે. પોતાના આત્માનું હિત ઇચ્છતો સાધક અનિગૃહીત (વશ નહિ કરેલા) ક્રોધ અને માન તથા પ્રવર્ધમાન (વધી ગયેલા) માયા અને લોભનો અવશ્ય ત્યાગ કરે છે. કારણ કે ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વ સદ્‌ગુણોનો વિનાશક છે.

જેમ અંધકારના નાશ માટે પ્રકાશ અમોઘ ઉપાય છે તેમ

**उवसमेण हणे कोहं, माणं, मद्दवया जिणं।**
**मायं च अज्जवभावेण, लोभं संतोसओ जिणे।।**

(શ્રી દશવૈકાલિક સૂત્ર ૯-૩૯)

અર્થઃ સાધક ક્ષમાથી ક્રોધનો નાશ કરે, મૃદુભાવ (નમ્રતા)થી અભિમાનનેજીતે; સરળતાથી માયાને દૂર કરે અને સંતોષથી લોભને જીતે.

(૫) ઇન્દ્રિયવિજય અને કષાયવિજયની પ્રક્રિયામાં આત્માને નવ તત્ત્વોના અસ્તિત્વની સ્વાભાવિક રીતે અથવા અન્યના ઉપદેશથી શ્રદ્ધા થાય છે અને તેને અનમોલ એવું સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. એવા સમકિતી આત્મા કેવા હોય છે?

**जिणवयणे अणुरत्ता, जिणवयणं जे केरंति भावेणं।**
**अमला असंकितिट्ठा, ते होंति परित्तसंसारी।।**

(શ્રી ઉત્તરા. ૩૬/૨૫૬)

અર્થઃ જે પુરુષ જિનવચનમાં અનુરક્ત છે અને જિનવચન અનુસાર ક્રિયાનુષ્ઠાન-આચરણ કરે છે તે મિથ્યાત્વ અને રાગદ્વેષ

આદિ ક્લેશોથી રહિત થઈને અલ્પસંસારી થાય છે.

સમ્યગ્દર્શનની મહત્તા શ્રી ઉત્તરાધ્યયનમાં પ્રદર્શિત કરતા કહે છે કે સમ્યગદર્શન રહિત જીવને સમ્યગજ્ઞાન થતું નથી, સમ્યગજ્ઞાન વિના ચારિત્ર ગુણો પ્રગટ થતા નથી અર્થાત્ ભાવચારિત્ર પ્રાપ્ત થતું નથી. ચારિત્રગુણ રહિત જીવની કર્મોની મુક્તિ થતી નથી, કર્મોથી મુક્તિ વિના નિર્વાણ એટલે સંપૂર્ણ આત્મશાંતિ, સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થતી નથી. (શ્રી ઉત્તરા.૨૮/૩૦)

(૬) આ સમ્યગ્દર્શનરૂપી હીરાને-રત્નને સંયમરૂપી તિજોરીમાં સાચવવું પડે છે, જીવ અને અજીવ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી, તેના પર દઢ શ્રદ્ધા કરી, મોક્ષના શ્રેષ્ઠ સાધનભૂત ચારિત્રનો સ્વીકાર કરી, તપ સંયમમાં પુરુષાર્થ કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે.

**इय जीवमजीवे य, सोच्चा सद्दिहउण य।**
**सत्व णयाणमणुमहए, रमेज्ज संजमे मुणी।**

(શ્રી ઉત્તરા. ૩૬/૨૫૫)

(૭) આ સંયમને સાચવવા સમ્યક્પૂર્વકની પ્રવૃત્તિ તે સમિતિ અને સમ્યકપૂર્વકની નિવૃત્તિ એટલે ગુપ્તિના ઘરમાં આવવું પડે છે જેમ માતા પુત્ર પર વાત્સલ્ય ધરાવે છે, માતા સંતાનો માટે કલ્યાણકારિણી હોય છે તેમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાધકો માટે કલ્યાણકારિણી હોવાથી જિનેશ્વરોએ તેને શ્રમણોની માતા કહી છે. અષ્ટપ્રવચનમાતાનું પાલન કરીને જ તીર્થંકરો સર્વજ્ઞ થાય છે અને ત્યાર પછી જ દ્વાદશાંગીનો ઉપદેશ આપે છે. આ રીતે દ્વાદશાંગીનો ઉદ્ભવ અષ્ટપ્રવચનમાતામાંથી જ થાય છે, તેથી તે પ્રવચંન માતા કહેવાય છે. અને ચતુર્વિધ સંઘ માટે પણ તે માતા સમ આધારભૂત છે.

**एसा पवयणमाया, जे सम्मं आयरे मुणी।**
**सो खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिए।।**

(શ્રી ઉત્તરા. ૨૪/૨૭)

અર્થ: જે પંડિત મુનિ આ સમિતિ-ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનું સમ્યક પ્રકારે આચરણ કરે છે, તે શીઘ્ર સંસારના સમસ્ત

બંધનોથી મુક્ત થઈ જાય છે.

(૮) સમિતિ ગુપ્તિનું સમ્યક પ્રકારે પાલન તે જ કરી શકે છે જે અપ્રમત્ત રહે છે. અપ્રમત્ત તે છે જેને ક્ષણે ક્ષણે આત્માની જાગૃતિ હોય છે. ભગવાન મહાવીરે તેમની અંતિમ દેશનારૂપ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના દશમા દ્રુમપત્રક અધ્યયનમાં ૩૬ ગાથામાં ૩૬ વાર "**समयं गोयम मा पमायए**" કહીને ગોયમ એટલે કે આપણને ચેતવ્યા છે. ગો એટલે ઇન્દ્રિય અને યમ એલે સંયમ. જે ઇન્દ્રિયને બાહ્ય વિષ્યમાં જતી અટકાવી ને સંયમમાં સ્થિર કરે છે તેવા ધાર્મિક માટે જાગવું શ્રેયસ્કર છે, એવું આગમકાર શ્રી ભગવતી સૂત્રમાં કહે છે.

એવી અપ્રમત્ત અવસ્થાને વર્ણવવા શાસ્ત્રોમાં ભારંડપક્ષીની ઉપમા અપાઈ છે, જે પક્ષી અતિ સાવધાન અને અપ્રમત્ત પક્ષી છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૪થા અધ્યયનમાં પ્રમાદ થઈ વિરક્ત થઈ અપ્રમાદના રાજમાર્ગે ચાલવાની પ્રેરણા આપે છે:

**सुत्तेसु यावि पडिबुद्धजीवी, णो वीससे पंडिए आसुपण्णे।**
**घोरा मुहुत्ता अबलं सरीरं, भारंड-पक्खी व चरेद्राप्पमत्ते।।**

(શ્રી ઉત્તરા. ૪/૬)

અર્થ : સૂતેલી વ્યક્તિઓની વચ્ચે પણ આશુપ્રજ્ઞ(પ્રજ્ઞાસંપન્ન) પંડિત જાગૃત રહે છે, પ્રમાદમાં એ વિશ્વાસ કરતો નથી. મુહુતો (કાળ) ઘણા ઘોર (નિર્દય) છે, શરીર દુર્બળ છે માટે ભારંડ પંખીની માફક સાવધાનીથી વિચરવું જોઈએ.

(૯) સંયમમાં અપ્રમત્ત રહેવું એટલું સહેલું નથી. તેની દઢતાને ડગાવવા ઘણા ઉપસર્ગો અને પરિષહો આવે છે. તે પરિષહ આવે એ જ સાધકની કસોટી છે, એની સાધનાનો માપદંડ છે. પ્રતિક્રિયા કર્યા વિના જ સમભાવે તે કષ્ટનું વેદન કરી લેવું તે પરિષહ વિજય છે. બાવીશ પરિષહનો વિસ્તારે ચિતાર આપી તેનાથી પરાજિત ન થવાનું પ્રભુ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના બીજા અધ્યયનમાં કહે છે પણ ૨૧મા અધ્યયનની ૧૭મી ગાથા તો પરિષહ વિજયની સચોટ સૂચક છે.

**परिसहा दुव्विसहा अणेगे, सीयंति जत्थ बहु वगयरा णरा।**
**से तत्थ पत्ते ण वहिज्ज भिक्खू, संगामसीसे इव णागराया।**

(શ્રી ઉત્તરા. ૨૪/૨૭)

અર્થ : અસહ્ય અનક પરીષહ આવી પડતા ઘણા કાયર મામસો દુઃખી થાય છે અને ખેદ પામે છે પણ ભિક્ષુ આવા પરીષહ આવતાં, સંગ્રામના મોખરે ઝઝૂમતા હાથીની જેમ વીરતાપૂર્વક સહન કરે.

આ ઉપરાંત, જિનગામમાં આત્મસુધારણાને પુષ્ટ કરવા પાંચ મહાવ્રત, બાર તપ, સમાચારી, વિનય, બ્રહ્મચર્ય, ૧૮ પાપસ્થાનકનો ત્યાગ, આવશ્યક સૂત્રમાં પ્રતિક્રમણની મહત્તા વગેરે ઘણુ ઘણું બતાવ્યું છે. તેમાં લાગતા દોષોથી નિવૃત્ત થવા નિશીથ આદિ છેદ સૂત્ર આપ્યા છે.

(૧૦) અંતમાં **Topten**નું છેલ્લું એ સારરૂપ છે. જિનાગમનો એક માત્ર ઉદ્દેશ આત્મ કલ્યાણનો છે.

**जे एगं जाणअ, से सव्वं जाणइ**

(શ્રી આચારાંગ સૂત્ર ૩/૪/૨)

**जे एगं णामे, से बहु णामे**

(શ્રી આચારાંગ સૂત્ર ૩/૪/૪)

જે એક આત્માને વશમાં કરી લે છે તે મન, ઇન્દ્રિય સર્વને વશ કરી લે છે. જે મન, ઇન્દ્રિયને વશમાં કરી લે છે તે અવશ્ય આત્મા ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે.

આગમ સર્વ દેશ, સર્વ કાળ, સર્વ ભાવમાં આત્મસુધારણાનો ધ્રુવતારો છે, જ્ઞાનનો અખૂટ ખજાનો છે, શાશ્વત સુખનો મૂલાધાર છે.

પ્રભુ તારી વાણી છે ધ્રુવતારો
તિમિર ભરેલા ભવસાગરમાં, છે એક સહારો,
મારગ સાચો દાખવવામાં, એનો છે ઈજારો,
અંધારું ચોમેર હો ભલે, મુજને ના મુંઝારો,

એની જ્યોતિ ઝીલી કંઈક, પામ્યા ભવનો આરો,
મુજને પણ લઈ જાશે મોક્ષે, તારો તેજ સિતારો
પ્રભુ તારી વાણી છે ધ્રુવતારો...

શ્રમણ અને શ્રમણોપાસક પરંપરા આજ સુધી જીવંત રહી છએ તે આગમના કારણે જ. પણં એ દુર્ભાગ્યની વાત છે કે આજે મુશ્કેલથી ૫૦% લોકો આગમને જાણે છે ત્યારે જ તો આવા આગમ મહોત્સવ કરવાની જરૂર પડે છે.

તીર્થંકરોના યોગ, ઉપયોગ અને જ્ઞાન ત્રણેય જ્યારે મળે છે ત્યારે આગમની સ્ફુરણા થાય છે માટે સર્વજ્ઞ ભગવંત કથિત આગમ વિશે બેમત નથી હોતો અને તે બધા તર્કથી પરે છે. માટે તેમાં દર્શાવેલો આત્મસુધારણાની સાધનાનો ક્રમ, તેના સ્વરૂપનું વર્ણન અને તેને પામવાના ઉપાયોમાં સિદ્ધગતિ અવશ્ય મળે છે.

આગમના એક એક સૂત્ર-ગાથા ઉપર જિજ્ઞાસાપૂર્વક અનુપ્રેક્ષા કરીએ તો આત્મિક, સામાજિક, વૈશ્વિક, આર્થિક અનેક સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવા આગમોની ખરી કિંમત શ્રી હરિભદ્રસૂરિએ 'સંબોધ પ્રકરણ'ના સદ્‌ગુરુ સ્વરૂપાધિકારમાં કરી છે.

**कत्थ अम्हारिसा जीवना, दूसमा-दोस-दूसिया।**
**हा अणाहा कहं हुता, न हुंतो जइ जिणागमो।।८।।**

અર્થ : કહો! જો જિનેશ્વર ભગવંતોના આગમો મળ્યાં ન હોત તો આ દૂષિત્ત કાળમાં દૂષિત થયેલા અમારા જેવા અનાથ જીવોની શું દશા હોત?

તત્ત્વજ્ઞાન આત્મજ્ઞાન, આચાર-વ્યવહારનો સમ્યક્ પરિબોધં આપનાર શાસ્ત્રો-આગમો વડે આપણે સહુ બહિરાત્મા મટી, અંતરાત્મા બની, ગુણસ્થાનકના સોપાન સર કરી પરમાત્મા સુધી પહોંચીએ એ જ મંગલ મનિષા સાથે

જયજિનેન્દ્ર

# જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

■ પ્રવીણભાઈ સી. શાહ

અમદાવાદ સ્થિત જૈન ધર્મના અભ્યાસુ, દેશ-વિદેશમાં અનેક પ્રવચનો આપે છે. જૈન ધર્મના અનેક વિષયો પર મનનીય લેખો લખે છે.

વ્યવહારિક રીતે સામાજિક કે વ્યવસાયિક દસ્તાવેજનો અર્થ પાર્ટીઓ વચ્ચેનો, માલિક-માલિક કે ભાગીદાર-ભાગીદાર વચ્ચેનો એક પ્રકારનો કરાર, ખાત્રીપત્ર, બાંહેધરી પત્ર છે, જેમાં માલિકના હકક્તો, અધિકારો ફરજો જવાબદારીઓ શરતો વગેરેની કોલમો હોય છે અને સહિ સિક્કા સાથે વચનથી બધા નિયમો પ્રમાણે અનુસરવા બંધાયેલા હોય છે.

જૈન શાસન પ્રત્યે શ્રદ્ધાળુ આત્માઓને સદ્ગતિ અને મોક્ષના મેળવવા માટે આગમ શાસ્ત્રો એક પ્રકારનો કરાર-દસ્તાવેજ છે જેના ઉપર શ્રદ્ધાપૂર્વક સમજણ પૂર્વક આચાર વિચારો અનુસાર જીવન પદ્ધતિ અપનાવવાનું સચોટ માર્ગદર્શન છે, બાહેંધરી, ગેરંટી છે.

દસ્તાવેજ જેમ અનેક શરતો નિયમો દર્શાવતી કલમો પેટા કલમો હોય છે તેમ જૈન આગમશાસ્ત્રોના ૪૫ પ્રકારોમાં આગળ જણાવ્યા મુજબ સંક્ષિપ્તમાં અલગ અલગ માર્ગદર્શક વિષયોની સમજ આપવામાં આવી છે. પણ આ આગમ શાસ્ત્રો રત્નોના ભંડાર રૂપ એક વિશાળ શ્રુત સાગર છે તેનું સંપૂર્ણ વર્ણન શ્રુત કેવલી જેવા મહર્ષિઓ પણ સમજાવવા સમર્થ નથી.

વાચક વાચસ્પતિ ઉમાસ્વાતિ મહારાજાએ જૈન આગમના સારંશ રૂપે તત્ત્વાર્થ સૂત્રગ્રંથમાં પ્રથમ સૂત્ર આપ્યું.

સમ્યગ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગ:

જૈન આગમના દસ્તાવેજમાં આ ત્રણ રત્નોની માલિકી આપવાના સિદ્ધાંતો અને આચારોનું વર્ણન છે. આ દસ્તાવેજની ૪૫

કોલમોમાંથી ગમે તે એક અંગમાં આ સૂત્રનો ઉપયોગ કરીને સાચી શ્રદ્ધા સાચી સમજણ અને તે અનુસાર સદાચારનું પાલન મોક્ષફળ આપવાની ગેરંટી આપે છે. આમ જેણે આ દસ્તાવેજમાં અનુમતિ આપી સ્વીકાર્યો તે આત્માનું છેક મોક્ષપ્રાપ્તિ સુધીનું કલ્યાણ અવશ્ય થવાનું છે અને તેની ખાત્રી શાસ્ત્રોમાં ઠેર ઠેર અનેક સંત મહાપુરુષોએ શ્લોક-સૂત્ર અર્થ દ્વારા આપેલી જોવા મળે છે. જે આગળના પેજમાં દર્શાવેલ છે.

દૃષ્ટિવાદ અને આગમિકમાં કાલિકશ્રુતનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રુતસાહિત્યના બે ભેદ પાડયા છે. અંગબાહ્ય અને અંગપ્રવિષ્ઠ. ટીકાકારના મતે પ્રવિષ્ટોની રચના ગણધરોએ અને અંગબાહ્યની રચના સ્થવિરોએ કરેલી છે. અંગબાહ્યના પણ બે ભેદ, આવશ્યક અને આવશ્યકવ્યતિરિક્ત એમ પાડવામાં આવ્યા છે. આના પણ પ્રભેદ પાડ્યા છે. ૭૨ કલાઓ અને સાંગોપાંગ ચાર વેદોનો ઉલ્લેખ મળે છે. આના રચયિતામાં મતભેદ છે. કેટલાકને મતે દેવવાચક છે. કેટલાકને મતે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ છે. કેટલાંક બંનેને એકજ માને છે. પરન્તુ દેવવાચક અને દેવર્ધિગણિના ગચ્છ જુદા જુદા હતા આ ગ્રંથ પર જિનદાસગણિની ચૂર્ણિ, ભદ્રબાહુની અને મલયગિરિની ટીકાઓ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત આ સૂત્રમાં સ્થવિરાવલિમાં ભદ્રબાહુ, સ્થૂલભદ્ર, મહાગિરિ, આર્યશ્યામ, આર્યસમુદ્ર, આર્યમંગુ, આર્યનાગહસ્તિ, સ્કંદિલાચાર્ય, નાગાર્જુન, ભૂતદિન્ન વિગેરેનો ઉલ્લેખ મળે છે.

આ ઉપરાંત કાલિક શ્રુત, અને ઉત્કાલિક શ્રુત ને ભેદ-પ્રભેદ બતાવ્યા છે.

(૨) અનુયોગદ્વાર - આ ગ્રંથ આર્યરક્ષિત સૂરિકૃત માનવામાં આવે છે ભાષા અને વિષય જોતા આ ગ્રંથ અર્વાચીન લાગે છે. આના પર જીનદાસગણિમહત્તરની સૂર્ણી, હરિભદ્ર અભયદેવના શિષ્ય બલધારી હેમચંદ્રની ટીકાઓ મળે છે. આની શૈલી પ્રશ્નોત્તરી છે. આમાં પ્રમાણ-પલ્યોપમ, સાગરોપમ, સંખ્યાત, અસંખ્યાત અને અનંતના પ્રકારો નયનું સ્વરૂપ બતાવ્યું છે. નામના દસ પ્રકાર,

કાવ્યરસના પ્રકાર, મિથ્યાશાસ્ત્ર સ્વરોના નામ સ્થાન, તેના લક્ષણ, ગ્રામ, મૂર્છના વિગેરેનું વર્ણન મળે છે. આગમલોપ, પ્રકૃતિ અને વિકારનું પ્રતિપાદન કરતા વ્યાકરણ સંબંધી ઉદાહરણો છે. આ ઉપરાંત આમાં આવશ્યક શ્રુતસ્કંધના નિક્ષેપો, ઉપક્રમાધિકાર, અનુપૂર્વી પ્રમાણદ્વાર અધિકાર, નિક્ષેપ અધિકાર, અનુગમ અધિકાર, અને નયનો અધિકાર છે. આમાં મહાભારત રામાયણ, કૌટિલ્ય ઘોટકમુખ, વિગેરેનો ઉલ્લેખ મળે છે.

## આગમોનું મહત્ત્વ

જૈન પરંપરાનુસાર ભલે અનેક તીર્થંકરો થઈ ગયા, પરંતુ તેમના ઉપદેશમાં સામ્ય જરુર છે તત્કાલીન પ્રજા છેલ્લા તીર્થંકરના ઉપદેશ, શાસન અને વિચારને વધારે મહત્ત્વ આપે એ સ્વાભાવિક છે. છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામી છે અને તેમનો ઉપદેશ વધુ પ્રચલિત બન્યો છે.

આ આગમો સર્વ પ્રવાહોના મૂળરૂપ, સર્વ નય અને પ્રમાણોથી ભરપૂર, અતિશય વિસ્તૃત તથા અગાધ ઉંડાણવાળા છે. રત્નાકરની જેમ આમાં રત્ન જેવા અગણિત આવો પ્રરૂપાયેલા છે. અનેક જિંદગીઓ પુરી થઈ જાય તો પણ આ આગમોનું જ્ઞાન પુરુ થાય તેમ નથી. કોઈ વિષય એવો નથી. કે જેનું નિરૂપણ આમાં કરવામાં ન આવ્યું હોય. આત્મર્થી આત્માઓ માટે તો ખરેખર આ મોટો ખજાનો છે. આ ખજાનો મોક્ષમાર્ગને જાણવા માટે, જાણ્યા પછી આચરવા માટે અને આચરણમાં દ્રઢતા, સ્થિરતા અને દિનાનુદિન શુદ્ધિ પ્રકર્ષ લાવવા માટે આગમોનું અધ્યયન-અધ્યાપન અને ચિન્તન મનન એ રામબાણ ઉપાય છે.

જેઓ જિનવચનમાં અનુરક્ત છે શ્રદ્ધાવંત છે તેમજ જેઓ જિન પ્રવચનમાં પ્રરૂપાયેલા ધર્માનુષ્ઠાનો ભાવપૂર્વક કરે છે તેઓ મલરહિત તથા સંકલેશરહિત બનવા પૂર્વક મર્યાદિત સંસારવાળા બને છે અર્થાત થોડા સમયમાં તેઓ સંસારથી પાર પામી જાય છે.

આગમોની પ્રામાણિકતામાં હેતુ

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ પોતાની અયોગવ્યવચ્છેદ

દ્વાત્રિંશિકાના ૧૧માં શ્લોકમાં જણાવે છે કે હે ભગવાન! ચાર કારણોથી તમારાં આગમો જ સત્પુરુષોને પ્રમાણભૂત છે. પહેલું કારણ છે જગતના જીવમાત્રના હિત માટેનો ઉપદેશ આમાં આપવામાં આવ્યો છે. એમાં આવતી કોઈ પણ વાત એવી નથી કે જેથી કોઈ પણ જીવનું અહિત થાય.

બીજુ કારણ આ આગમોની પ્રરૂપણા કેવળજ્ઞાની ભગવન્તોએ કરેલી છે. એટલે તેમાં અંશમાત્ર પણ અસત્ય હોવાનો સંભવ નથી.

ત્રીજુ કારણ એનો સ્વીકાર કરનારા પુરુષો સામાન્ય નહિ પણ વિશિષ્ટ પ્રકારના છે. સંસારની આધિ-વ્યાધિ અને ઉપાધિથી જલ્દીથી જલ્દી મુક્ત થવાની ઈચ્છાવાળા ઉત્તમ સાધુ પુરુષો દ્વારા એનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને ચોથુ કારણ છે. પૂર્વાપાર વિરોધરહિતતા. અહિં પહેલાં જે ભાવોનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય પછી પણ તેના જ સમન્વયવાળું પ્રતિપાદન કરવામાં આવે છે. એટલે કે પૂર્વના વચનનો પછીના વચનની સાથે કોઈ જાતનો વિરોધ આવતો નથી. શ્રી જિનશાસન જયવંતુ છે. અને એનું કારણ છે શ્રી જિનાગમની મોંઘેરી મિલકત. જિનાગમ તે જ જિનશાસનઃ જિનાગમવિહોણાં જિનશાસનના અસ્તિત્વની કલ્પના પણ કપરી લાગે છે.

# જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

જૈન ધર્મના અભ્યાસુ ■ ડૉ. રતનબેન છાડવા (MA.Ph.D.)
ઘણા સામયિકોમાં મનનીય લેખો પ્રસિદ્ધ થાય છે.

અનાદિ કાળથી જીવ માત્ર સ્વભાવને ભૂલીને ભવભ્રમણમાં ભટકી રહ્યાં છે. કોઈક યોગી સાધકો ભુલાયેલા સ્વભાવને પામવા પુરુષાર્થશીલ બને છે. પરમ પુરુષાર્થથી વિભાવને દૂર કરે છે અને આત્મધર્મને પ્રાપ્ત કરે છે એટલું જ નહિ પરન્તુ સદાને માટે આત્મધર્મમાં જ સ્થિત થઈને પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરે છે. પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કર્યા પછી પૂર્ણ શુદ્ધ વ્યક્તિ જગતના જીવો સમક્ષ શુદ્ધિનો - સાધનાનો માર્ગ પ્રકટ કરે છે. જે સ્મૃતિ પરંપરાએ કે ગુરુ પરંપરાએ ક્રમશઃ લિપિબદ્ધ થઈને પુસ્તકારુઢ થાય છે. તેના આધારે જ ધર્મની પરંપરા અવિચ્છિન્ન ટકી રહે છે. આમ કોઈ પણ ધર્મને ચિરંજીવ બનાવનાર તે ધર્મનું સાહિત્ય જ છે.

વૈદિક પરંપરાનું વહન કરનાર વેદ છે. બૌદ્ધ પરંપરાના વહન કરનાર ત્રિપિટક છે. તેવી જ રીતે જૈન પરંપરાનું વહન કરનાર આગમ સાહિત્ય છે કે જે આપણને અમૂલ્ય દસ્તાવેજ રૂપે પ્રાપ્ત થયા છે. આપણા ધર્મગ્રંથો, ધર્મ સાહિત્ય આત્મશુદ્ધિનો માર્ગ પ્રકાશિત કરે છે. તેના માધ્યમથી જ જીવ પોતાના આત્મ સ્વરૂપને અર્થાત્ આત્માના આગમ સ્વરૂપને પ્રગટ કરી શકે છે. જેમ કે **"आ समन्तात् गम्यते ज्ञायते वस्तु येन सः इति आगमः "** અર્થાત્ જેનાથી વસ્તુ તત્ત્વનું પૂરેપૂરું સત્યજ્ઞાન પ્રાપ્ત થાય તે આગમ. તેથી જ આપણા ધર્મગ્રંથોને 'આગમ' સંજ્ઞા આપી છે જે અત્યંત અર્થસભર છે. આચાર્ય મલયગિરિના કથનાનુસાર 'આગમ' અધ્યાત્મજ્ઞાનનું એક પવિત્ર એવં અક્ષય સ્તોત્ર છે. 'આગમ' અધ્યાત્મનું નિર્મળ દર્પણ છે જેમાં આપણે આત્માનું વાસ્તવિક પ્રતિબિંબ જોઈ શકીએ છીએ.

**हा अणाहो कहं हुं तो जइ न हुं तो जिणागमो** જિનેશ્વર

પ્રરૂપિત આગમો પ્રત્યે આવો અહોભાવ, બહુમાન ભાવ વ્યક્ત કરનાર હતા જૈનાચાર્ય મહાપંડિત શ્રી હરિભદ્રસૂરિ. જેઓ જન્મે બ્રાહ્મણ અને કર્મે જૈન હતા. જેમના રોમરોમમાં જિનાગમો પ્રત્યે આદર, માન અને પૂજ્યભાવ હતો. જેથી એમના અંતઃકરણથી ઉદ્‌ગારો સરી પડ્યા "હે પ્રભુ! જો આપના પ્રરૂપિત આ જિનાગમો મને મળ્યા ન હોત તો હું અનાથ બની જાત. મારું કોઈ રક્ષક ન હોત. મારા આત્મગુણોનું સંરક્ષણ કરનાર કોઈ ન હોત. હે પ્રભુ! અનંત અનંત પુણ્ય રાશિના ફળ સ્વરૂપે મને જિનાગમની પ્રાપ્તિ થઈ. જેના દ્વારા મને સાધના-આરાધનાનો માર્ગ સાંપડયો. ચારિત્રધર્મની મહત્તા સમજાણી. જેમાં દર્શાવેલા વ્રતો નિયમોના પાલન દ્વારા હું આત્મ ઉત્થાન કરવા તત્પર બન્યો."

આ કાળમાં જિનેશ્વરોના આગમો જ આપણા માટે આધારભૂત છે. માટે જ ક જ્ઞાનીઓ કહે છે કે "**कलिकाले जिननाम, जिनागम भावियणकुं आधार**"। આમ આ કાળમાં જિનનામ અને જિનાગમ આ બે જ આધાર છે. આત્મકલ્યાણ સાધવા માટે આ બન્નેનો આશ્રય લેવો જ રહ્યો.

આગમ સાહિત્યમાં સાધનાની એક વ્યવસ્થિત વૈજ્ઞાનિક અને ક્રમબદ્ધ પદ્ધતિના દર્શન થાય છે. જે વ્યક્તિના સ્વતંત્ર વિકાસમાં વિશ્વાસ રાખે છે. પ્રત્યેક વ્યક્તિ અથવા જીવ પોતાનો સમ્પૂર્ણ વિકાસ કરી વીતરાગતા પ્રાપ્ત કરી શિવ બની શકે છે. પરમપદને પ્રાપ્ત કરી શકે છે.

જિનાગમની વિશેષતા એ છે કે તેમાં આત્માના ત્રણેય સ્વરૂપની (૧) બહિરાત્મદશા (૨) અંતરાત્મદશા અને (૩)શુદ્ધ પરમાત્મદશાની બહુ જ સૂક્ષ્મ તથા અત્યંત વિસ્તારથી જીવાત્માના ઉદ્‌ગમ સ્થાન નિગોદ અવસ્થાથી અત્યંત વિસ્તારથી જીવાત્માના ઉદ્‌ગમ સ્થાન નિગોદ અવસ્થાથી અત્યંત વિશુદ્ધ પરમાત્માદશા એવી સિદ્ધદશા સુધીની છણાવટ કરી છે. આ છણાવટ કરીને એમ પ્રતિપાદન કર્યું છે કે સાચું સુખ સાચી શાંતિ, સાચી સમાધિ આત્માની પોતાના

આત્મામાં રહેલી છે.

ધર્મરહિત વિજ્ઞાન સંસાર માટે કલ્યાણકારી થઈ શકતો નથી. વિશ્વશાંતિ તેમ જ આત્મશાંતિ માટે એના સમન્વયની નિતાન્ત આવશ્યકતા છે.

જીવનના વિકાસ માટે આધ્યાત્મિકતાનું હોવું જરૂરી છે. જ્યાં સુધી વ્યક્તિ ભૌતિકવાદમાં ભટકતો રહે છે. ત્યાં સુધી તે સાચી શાંતિ સુખ કે સંતોષ પ્રાપ્ત કરી શકતો નથી. અધ્યાત્મવાદ જ જીવનનો વાસ્તવિક મૂલ્યાંકન કરે છે. જીવન શું છે? જગત શું છે? આત્મા ક્યાં છે? જગત અને આત્માનો ક્યો સંબંધ છે? જીવનમાં ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ શકે? બંધન શું છે? મોક્ષ શું છે? પરતન્ત્રતા શું છે? સ્વતંત્રતા શું છે? આ બધા જ પ્રશ્નોના સમાધાન અધ્યાત્મ જ આપી શકે છે. અત એવ જિનાગમોમાં સંપૂર્ણ સમગ્રતાની સાથે અધ્યાત્મના દરેકે દરેક પાસાઓનું યથાર્થ વર્ણન થયું છે. જે અધ્યાત્મના ઉપાસક અને મુમુક્ષુ આત્માઓ માટે કલ્યાણકારી છે.

જિનાગમ જ્ઞાનનો વિશાળ મહાસાગર છે. અખૂટ ખજાના રૂપે અમૂલ્ય થાપણ છે. અધ્યાત્મ જ્ઞાનનો અનુપમ કોષ છે. તેમાં જીવાજીવ સંબંધી તત્ત્વચિંતન, આત્મધર્મનો કલ્યાણકારી બોધ તો અનુપમ છે જ તે ઉપરાંત છ શાશ્વતા દ્રવ્ય, લોકાલોકનું સ્વરૂપ, જીવશાસ્ત્ર, પરમાણુ-પુદગલશાસ્ત્ર, ચૌદરાજલોકનું ભૌગોલિક વિવરણ, ખગોળ-શાસ્ત્ર, ગણિતની અનન્ય વિસ્તૃત છણાવટ, ઈતિહાસ કર્મ, સ્વરૂપની વિશદ વિવેચના, ચાર ગતિ અને ચોરાશી લાખ જીવાયોનિનું સ્વરૂપ કર્મનિર્જરારૂપ છ બાહ્ય અને છ આભ્યંતર તપનું સ્વરૂપ, લેશ્યાનું સ્વરૂ, વ્રત-પ્રત્યાખ્યાનનું હિતકારી સ્વરૂપ ટૂંકમાં જીવનના દરેક પાસાને સ્પર્શનારા વિવિધ વિભાગનું સંપૂર્ણ વિવેચન થયું છે કે જે જિનાગમની મહત્તા દર્શાવી આત્મ સુધારણાના દસ્તાવેજ રૂપે પ્રસ્તુત કરે છે.

તીર્થંકરો દ્વારા ઉપદિષ્ટ અને ગણધરો દ્વારા સૂત્રરૂપમાં પ્રસ્તુત દ્વાદશાંગી વાણી આપણને આગમરૂપમાં પ્રાપ્ત થઈ છે. એના

માધ્યમથી ભવ્ય જીવો આ સંસાર સાગર તરી શકે છે. જેમ માતા-પિતા પોતાના બાળકને ઉત્થાન માટે વિવિધ પ્રકારે સમજાવે છે તેમ જિનાગમમાં ભવ્ય જીવોને જન્મ મરણના ચક્રથી બચાવવા માટે વિવિધ પ્રકારથી સમજાવ્યું છે. જેમ કે દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ.

કોરા લોટને ગળે ઉતારવો મુશ્કેલ છે પણ તે શીરારૂપે પરિવર્તિત થઈ જાય તો ખૂબ સહેલાઈથી ગળે ઉતરી જાય છે. તેમ તત્ત્વોની ગહન વાતો, નીતિના નિયમો સમજવા અતિ મુશ્કેલ છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતા સનાતન સત્યો, આચરવા યોગ્ય આચ્રણના સિદ્ધાંતોને દૃષ્ટાંતો દ્વારા, મહાપુરુષોની જીવન ઘટનાના ઉદાહરણો દ્વારા કે કથાના માધ્યમે સમજાવવામાં આવે તો તે સહજ રીતે ગળે ઉતરી જાય છે. અને ભારેખમ બન્યા વિના જીવનમાં વણાઈ જાય છે. ઉપદેશ કે બોધને દૃષ્ટાંતો રસાળ બનાવે છે. અને રસાળ વસ્તુ વિના આયાસે વિચારમાં અને આચારમાં સ્થ્જાન જમાવી લે છે. આ મનોવૈજ્ઞાનિક તથ્યને લક્ષ્યમાં રાખી ધર્મગ્રંથોમાં દૃષ્ટાંતો અને કથાઓનો મહદઅંશે ઉપયોગ થયો છે.

આમ ધર્મકથા એ ઉપદેશનું પ્રબળ સાધન છે, એ ન્યાયે જિનાગમમાં પણ ધર્મ કથાને ઉપદેશનું પ્રધાન અંગ માન્યું છે. જૈનધર્મના મૂર્ધન્ય મનીષીઓએ બાળસુલભ એવા લોકોના આંતરમાનસમાં ધર્મ, દર્શન અને અધ્યાત્મના સિદ્ધાંતો પ્રસારિત કરવાની દૃષ્ટિથી કષાઓનો સહારો લીધો છે. અને કષાઓના માધ્યમથી તેઓ દાર્શનિક ગૂઢ ગૂંચોને સહજ રૂપે ઉકેલવામાં સફ્લ પણ થયા છે. જૈન કથાની સૌથી મોટી વિશેષતા એ છે કે એમાં સત્ય, અહિંસા, પરોપકાર, દાન શીલ વગેરે સદ્‌ગુણોની પ્રેરણાનો સમાવેશ છે. કથા એવું એક માધ્યમ છે કે જેથી વિષય સહજપણે હૃદયગમ થઈ જાય છે એટલે જ અન્ય અનુયોગોની અપેક્ષા એ આ અનુયોગ અધિક લોકપ્રિય થયો છે. માનવના સંપૂર્ણ જીવનને ઉજ્જવળ કરનાર પરમ પુનિત ભાવનાઓ આ ધર્મકથાઓમાં મુર્ખારિત થઈ છે.

જિનાગમમાં મુનિધર્મની સાથે સાથે શ્રાવક ધર્મની પ્રરૂપણા પણ કરવામાં આવી છે.

જિનાગામમાં શ્રમણોપાસક અથવા શ્રાવક વ્રત ગ્રહણ કરવાનો ક્રમ પણ મનોવૈજ્ઞાનિક છે. તે અહિંસા, સત્ય, અચૌર્ય આદિ વ્રતનો સ્વીકાર તો કરે છે પણ મર્યાદામાં રહીને અર્થાત્ પોતાના આત્મબળ અને શક્તિ અનુસાર કેટલાક આગારોની સાથે વ્રતોને ગ્રહણ કરે છે. શ્રાવક દ્વારા ગ્રહણ કરેલાં વ્રત અણુવ્રત કહેવાય છે. જૈનધર્મની વિશેષતા અને વિશાળતાએ છે કે શ્રાવકોના વ્રતોમાં આગારોનું કોઈ એક રૂપ નથી. એક જ અહિંસાવ્રત આરાધકો દ્વારા અનેક પ્રકારના આગારો સાથે ગ્રહણ કરી શકાય છે. વિભિન્ન વ્યક્તિઓની ક્ષમતા, સામર્થ્ય વિવિધ પ્રકારના હોય છે, તેથી જ વ્રત અને આગાર રાખવામાં વ્યક્તિ સ્વતંત્ર છે. માટે જ ઓછી અધિક દરેક પ્રકારની શક્તિ ધરાવતી સાધના માટે ઉત્સુક વ્યક્તિઓ વ્રત ગ્રહણ કરી શકે છે. તત પશ્ચાત્ સાધક પોતાની શક્તિને ક્રમશઃ વધારતા સાધના પથમાં વિકાસ કરતા જાય છે. આગારોને ઓછા કરતા જાય છે, તેમ કરતાં કરતાં તે શ્રમણોપાસકની ભૂમિકામાં શ્રમણભૂત બની જાય છે. આ ક્રમિક વિકાસનો માર્ગ ખરેખર એક ઊંડું મનોવૈજ્ઞાનિક સત્ય છે. આમ સાધક ધીરે ધીરે ક્રમિક સાધનાની પ્રગતિના સોપાન ચડતો જાય છે. ખરેખર! ગૃહસ્થની સાધનામાં જૈનધર્મની આ પદ્ધતિ નિસંદેહ બેજોડ છે.

જૈનધર્મનું મૂળ લક્ષ્ય પૂર્ણ વીતરાગની પ્રાપ્તિ. આ વીતરણ સમ્યક્ દર્શન, જ્ઞાન ચારિત્રરૂપી રત્નત્રયની સમન્વિત સાધનાથી ઉપલબ્ધ થાય છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય મળીને જ મનુષ્યને પૂર્ણતા પ્રદાન કરે છે. જૈનધર્મનો મૂળભૂત સિદ્ધાંત છે કે શ્રદ્ધાપૂર્વક વિવેકની આંખથી સંસારને જુઓ, યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરો અને તેને જીવનમાં ઉતારો વસ્તુતઃ આચાર ધર્મનો મેરુદંડ છે. જ્ઞાન તત્ત્વને જાણવાનું માધ્યમ છે. પણ તત્ત્વની ઉપલબ્ધિ આચરણથી જ થાય છે. એટલા માટે જ આચારને મનુષ્યના જીવનનું પરમ લક્ષ્ય અને આદર્શ માનવામાં આવ્યું છે. આગમ

દ્વાદશાંગીમાં આચારને પહેલું સ્થાન આપ્યું છે. આચારાંગ નિર્યુક્તિમાં કહ્યું છે કે, '**अंगाण किं सारो? आयारो**' અર્થાત અંગોનો સાર આચાર છે. આચારાંગમાં મોક્ષના ઉપાય (ચરણકરણ અથવા આચાર)નું પ્રતિપાદન કર્યું છે અને તે જ આગમનો સાર છે.

શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રમાં કહ્યું છે કે "**सव्व जगजीव रक्खण दयट्ठयाए पावयण जागवया सुकहियं**।' અર્થાત્ પ્રભુ મહાવીરે જગત જીવોના કલ્યાણ અર્થે સર્વજીવોની રક્ષા કરવા રૂપ અહિંસામય દયાધર્મની પ્રરૂપણા કહી છે. જિનાગમમાં સૂત્ર-સિદ્ધાંતમાં વિચાર-વાણી અને વર્તનનો, વૃત્તિ, પ્રવૃત્તિ અને નિવૃત્તિનો, ભાવના અને કર્તવ્યનો જે સુમેળ મળે છે તેવો અન્ય કોઈ દર્શનમાં જોવા મળતો નથી. તેથી જ આત્મકલ્યાણ કરનારા આગમને અનન્ય, અદ્ભુત, અને અણમોલ એવો આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ કહ્યો છે.

જેમ જેમ વાણીનું પાન કરતો જાય છે, તેમ તેમ તેને પોતાના સાચા સ્વરૂપનું ભાન થાય છે કે હું ચૈતન્યશક્તિ સમ્પન્ન છું. આ ભૌતિક ઉર્જાશક્તિથી પણ વધારે મારામાં ચૈતન્ય છે, જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અને અનંતશક્તિનો ભંડાર છે. આવું ઉપકારી આગમનું જ્ઞાન મેળવીને મુમુક્ષુ જીવાત્મા હેય, જ્ઞેય અને ઉપાદેય બુદ્ધિથી તત્ત્વને ગ્રહણ કરે છે. તે તેની વિવેકી સમ્યકદષ્ટિ છે. અર્થાત્ આ શ્રદ્ધાનું જાગરણ થતાં જ તેને સમ્યકદૃષ્ટિ છે. અર્થાત્ આ શ્રદ્ધાનું જાગરણ થતાં જ તેને સમ્યક્દષ્ટિ છે. અર્થાત્ આ શ્રદ્ધાનું જાગરણ થતાં જ તેને સમ્યક્દષ્ટિ પ્રાપ્ત થાય છે.

શ્રીદશવૈકાલિકસૂત્રમાં ૪/૧૦ પણ કહ્યું છે કે '**पढम् नाणं तओ दया**।' અર્થાત્ પ્રથમ જીવાજીવાદિ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરો પછી જ જીવોની યથાર્થ દયા પાળી શકાશે. આગળ બીજા સૂત્રમાં કહ્યું છે કે, '**ज्ञान कियाज्यां मोक्ष**'અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બન્નેનો સમન્વય થાય ત્યારે જ મોક્ષ પ્રાપ્તિ થાય છે.

ઉપર્યુક્ત કથાનાનુસાર જિજ્ઞાસુ મુમુક્ષુ ધર્મકથાનુયોગ આદિ ચાર અનુયોગદ્વારા જીવાજીવાદિ તત્ત્વો, તેમ જ ષડ્દ્રવ્યો અને

સંસારના કારણભૂત કર્મવિપાકને યથાર્થ જાણે છે. તે તેની જ્ઞેયરૂપી આરાધના છે. યથાર્થ જાણીને જીવની અત્યંત વિશુદ્ધદશાને પ્રાપ્ત કરવામાં રાગ-દ્વેષ વિષય કષાય આદિ જે બાધક તત્ત્વો છે તેને છોડવાનો પુરુષાર્થ કરે છે તે તેની હેયરૂપી આરાધના છે. અને પછી સાચો સાધક બની આત્માનું સાચું સ્વરૂપ સમજી આત્મસાધનામાં જે ઉપકારી તત્ત્વ છે તેવા સંવર, નિર્જરા તત્ત્વની આરાધના કરે છે. પોતાના યથાશક્તિ મુજબ વ્રત, નિયમ પચ્ચકખાણ, સામાયિક આદિ કરીને નવા અશુભ કર્મને આવતા અટકાવે છે તેમ જ પૂર્વ સંચિત કર્મ ભસ્મીભૂત કરવા માટે અણસણ, સ્વાધ્યાય ધ્યાનાદિ તપ, સંયમ વગેરે અનુષ્ઠાનની આરાધના કરે છે. તે તેની ઉપાદેયરૂપ આરાધના છે. આમ જ્ઞેયરૂપી જાણવા યોગ્ય, હેય રૂપી છોડવા યોગ્ય અને ઉપાદેય રૂપી આચરવા યોગ્ય કર્તવ્યોની આરાધના કરી પોતાના યથાર્થ સ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરે છે. આમ સાધક ક્રમિક આત્મસુધારણાના સોપાન ચડે છે. કે જેનો યશ જિનાગમને ફાળે જાય છે.

જગના જીવો મારગ પામે, આગમ એ છે વહાલું.
રગ રગમાં હો વાસ જે એનો પ્રાણ થકી એ પ્યારું,
આગમ કેરી ભક્તિ કરતા કર્મોની થાએ નિર્જરા,
યુગો સુધી ઝળહળતા રહેશે આગમનાંઅજવાળા.

-અસ્તુ

# जिनागम : आत्मोन्नति का मूल दस्तावेज

■ डॉ. शेखरचंद्र जैन,
अहमदाबाद, प्रधान संपादक "तीर्थंकर वाणी"
देश-विदेश में जैन धर्म पर प्रवचन स्वाध्याय में व्यस्त रहते है।

विषय है जिनागमः आत्मोन्नति का मूल दस्तावेज है। इस विषय का प्रारंभ करते समय एक प्रश्न मन में उठता हैं कि आत्मोत्थान या आत्म उन्नति का साधन या मूल आगम ही क्यों? उत्तर ऐसा लगता है कि आगम जैसे जैनधर्म का हार्द ग्रंथ है, उसी प्रकार प्रत्येक धर्म का कोई न कोई एक ग्रंथ होता है जो उसके लिए आदर्श ग्रंथ या आगम ही है।

एक प्रश्न और उभरता है कि प्रत्येक धर्म के ग्रंथ मानव को जीवन जीने की कला उसके उत्थान आदि के लिए ही क्यों लिये गये? तो उत्तर भी स्पष्ट है कि चराचर के जीतने भी प्राणी है, उनमें किसी ने अपने नैसर्गिक नियमो का उल्लंघन नहीं किया। जबकि इस सृष्टि की रक्षा-पालन-पोषण के लिए बुद्धि और वाणी का वरदान प्राप्त मनुष्य सदैव प्राकृतिक गुणों का उल्लंघन करता रहा, और लाभ और लोभ के कारण क्रूर-हत्यारा, भ्रष्टाचारी, युद्धखोर शोषक बनता गया। अतः उसे अपने जीवन की परिधि में रहने के लिए कुछ विशेष व्यक्तियों ने जीवन जीने की कला, व्यवस्था के नियम बनाये, उन्हें धर्म के नियम घोषित किए। पुण्य-पाप के साथ जोडा। स्वर्ग-नर्क का सुख और भय भी बताया। इसी पूर्व भामिका के परिप्रेक्ष्य में अपनी बात कहने का प्रयत्न करुँगा।

आगम जैन या श्रावकों-साधुओं का सर्वमान्य उपदेश ग्रंथ। आगम अर्थात आप्त जन द्वारा दिया गया उपदेश। आप्त जन अर्थात पंचपरमेष्ठी में सर्वोत्तम उपदेशक अरिहंत प्रभु! केवलज्ञान के पश्चात दिया गया उपदेश और पू. गौतम गणधरादि द्वारा सरल भाषा में व्याख्यायित उपदेश ही आगम

कहलाया। इन जैन आगमों को विषयानुकूल चार अनुयोगों में विभाजित किया गया है। इसमें १२ प्रकार के शास्त्रो में विश्व के सभी विषयों का समावेश हुआ है। वही द्वादशांगवाणी है।

आगम आत्मोन्नति या आत्मविकास का दस्तावेज कैसे? यह भी सोचना-विचारने का विषय है। यहाँ व्यक्ति का आत्मोन्नयन आधेय है और आगम आधार। एक उपादान है दूसरा निमित्त। दस्तावेज शब्द प्रतीक है उसकी दृढता, ठोसपना, शाश्वतसत्यता एवं चिरंचन चिंतक। ऐसे सिद्धआंत जो कभी भी परिवर्तित न हों। वे सर्व कसौटियों पर खरे उतारने के बाद भी स्थापित होते है- अतः उनके सत्य और वास्तविकता कभी भी धुंधले नहीं पडते, बदलते नहीं। अतः ये आगम स्थाई दस्तावेज हर युग और हर काल में सत्य के परिभाषक होते है।

हमारे तीर्थंकरों ने अपने उपदेश का सर्वाधिक उपयोगी पात्र या श्रोता श्रावक को माना। उसका जीवन कैसे व्यावहारिक रुपसे उन्नत हो और कैसे मुक्ति पथ पर आरुढ होकर मोक्ष प्राप्त करे यही उनका उद्देश्य होता था। आगम की दृष्टि से सर्वप्रथम पूरे विश्व को जीव और अजीव दो भागों में विभाजित किया है। उसमें जीव में एकेन्द्रिय पंचेन्द्रिय तक के सैनी और असैनी जीवो को रखा है। उसमें भी सैनी पंचेन्द्रिय मनुष्य केन्द्र में रहा। मनुष्य में भी संसारी अणुबती और दूसरी मुक्तिपथगामी महावती का विभाजन हुआ। यह स्पष्टता इसलिए आवश्यक थी कि यह दस्तावेज अमुबती और महावती के लिए सविशेष है।

मैं जैन धर्म और दर्शन को संस्कारो का दर्शन मानता हूँ। संस्कार ही व्यक्ति के अन्नयन के सहायक होते है। गर्भाधान से मृत्युमहोत्सव तक की यात्रा का समावेश इसमे हो जाता है। जैन दर्शन मूल में ही गुणों का धर्म है जिसमें व्यक्ति के शरीर से अधिक गुणों के विकास का ध्यान रखा जाता है।

हमारे बारह व्रतो में ५ व्रतो को उन्नयन की नीव की ईट के - रुप में ले सकते है, जिनमें अहिंसा, सत्य, अचौर्य, ब्रह्मचर्य और अपरिग्रह मुख्य है।

यदि हम बचपन से बालक को अहिंसा करुणा-दया के बारे में समझायें और स्वयं के जीवन के जीवन के कृत्यों द्वारा उसे प्रयोग करे तो बालक में अन्य प्राणियों के प्रति अहिंसा-दया-करूणा के भाव जागेंगे। फिर वह दूसरों को सताने की बात ही नही सोचेगा। उलटे दूसरो को बचाने के भाव जागृत होंगे। बच्चों में मैत्री बढेगी यह मैत्र उत्तरोत्तर

विश्वमित्र बनाने की पूर्व भूमिका बनेगी। इससे सबसे बडा दूषण शिकार, वृक्षोच्छेदन, युद्ध, घृणा के भाव नही पनपेंगे। जैनदर्शन का सिद्धांत जिओ और जीने दो तथा "प्राणिमात्र समान" की भावना आत्मा को निर्ग्रन्थ बनायेगी। हिंसा के दूषणों-उसके परिणामों पर बहुत कुछ लिखा गया है, लिखा जा रहा है अतः उसका पुनरावर्तन मेरा उद्देश्य नही है। जब मनुष्य का हृदय अहिंसामय होता है तो उसकी वाणी भी नम्र सत्यतापूर्ण होती है। उसे असत्य बोलने की आवश्यकता ही नहीं पडती। वह जान लेता है कि असत्य हिंसा का ही भाईबंद है। एक असत्य पूरी साधना को नष्ट कर देता है-आत्मा को कलुषित कर देता है। विचारों में कालिमा या कुलेश्यायें बढने लगती है। एक असत्य को छिपाने के लिए अनेक असत्य बोलना पडते है। गहराई से देखें तो बालक को अत्य का पाठ हर से माँ-बाप से ही सिखाया जाता है। यह असत्य का बोझ अहम्, कपट आदि बुराइयों का जनक है। झूठा व्यक्ति मायाचारी होता है। सत्यवक्ता सरल निष्कष्ट और आत्मा के गुणों से प्रकाशित होता है।

मनुष्य का सर्वाधिक उत्तम गुण है संतोष। संतोषी नर को सदा सुखी माना गया है। पर वर्तमान में वृद्धिगत भोगविलास, भौतिकता की चाहना ने मनुष्य को अतृप्त बना दिया है। उसमें सुख प्राप्ति की लालसा और लालच बढ गये है। आज कल लालसा अधिक इससे चित्त में चोरी, भ्रष्टाचार, परस्वहरण की भावना जन्मती है। एकबार संतोष का बाँध टूटा-फिर प्रलय के अलावा कुछ शेष नहीं रहता। अरे! हम तो उस संस्कृति के लोग है जो बिना पूछे या गिरी हुई वस्तु को भी लेना चोरी समझते है। हमारे संस्कारों में तो जो है उसका भी परिमाण किया जाता है। अरे! करोडों की सम्पत्ति

राजपाट, चक्रवर्ती का वैभव छोडकर निग्रंथ होकर साधुता को ग्रहण करना माना है। फिर तुच्छ वैभव क्या चीज है। संग्रह ने मानव को अनेक रोगों से पीडित किया है। मेरा-तेरा के चक्कर में डाला है। यह धन-वैभव वास्तव में आत्मा पर बोझ ही है अतः उससे मुक्त होना ही खाली हो जाना ही वास्तविक सम्पन्नता है।

हमारे दर्शन में ''चारित्र को ही धर्म कहा है।'' ''चारित्तोखलु धम्मो'' यद्यपि एकांगी अर्थ में चारित्र का पर्यायवाची ब्रह्मचर्य माना गया है, पर चारित्र के अन्तर्गत वह सब आता है जो मनुष्य के अन्दर स्खलन पैदा करता है। अणुव्रती के लिए सभी पाप कार्य स्खलन ही कराते है तो महाव्रती के लिए वे पूर्ण पाप के कारण बनते हैं। पर चारित्र को ब्रह्मचर्य के साथ ही जोडे तो वर्तमान शिक्षा, सिनेमा, टी.वी. ने खुले आम व्यभिचार के बजार को गर्म किया है। आज माँ-बाप, बुजुर्गो की मर्यादा नष्ट हो गई है। संस्कार जैसे गायब है, धर्म खिल्ली उडाने का माध्यम बन गया है। काम-वासना का सर्प, उसकी फुँकार और जहर सर्वत्र फैल रहा है। इस कारण व्याभिचार जैसे आधुनिकता का पर्याय बन रहा है। विशेष रूपसे नारी अंग प्रदर्शन का माध्यम और अब तो कोख किराये से बेचनेवाली बन कर पूरी संस्कृति की विनाशिका बन रही है। वास्तव में उनकी आत्मा ही मर गई है फिर उसका उन्नयन कैसे होगा?

हम जैन साहित्य दर्शन को पढे तो स्पष्ट पता चलता है कि गृहस्थाश्रम में बालक २५ वर्षो तक अध्ययन करता था। उसे माँ-बहन-बेटी पत्नी के स्पष्ट अंतर को समझाया जाता था। विवाह वासना के अर्थ मात्र न होकर संतति द्वारा धर्म-रथ क चलाने का माध्यम थाव हमारे पूर्वजों, ऋषि मुनियों ने तो स्पष्ट माना था कि ५० वर्षो की उम्र के पश्चात पति-पत्नी को ब्रह्मचर्यव्रत से रहना चाहिए। वे ऋषिमुनि जिनमें अनेक राजा हुए, अपनी अनंत सौन्दर्यवती पत्नियों का त्यागकर ब्रह्मचर्य व्रत धारण कर कामजयी बनें। स्त्रियॉ भी साध्वी व्रत धारण कर इसी मार्ग पर चली। यह था हमारा संस्कार और आत्मा के साथ तादात्म्य भाव। जबतक काम की निर्जरा नहीं

होती राम का उदय भी नही होता। जैनदर्शन मे इसी ब्रह्म को आत्मोन्नयन का मुख्य कारण उपाय माना है।

अंतिम व्रत (पंच व्रतो में) अपरिग्रह माना है। पर मुझे लगता है कि इसे प्रथम व्रत के रुप मे मानना चाहिए। समस्त पापों, अन्याय की जड परिग्रह है तो शेष पाँच पापों का जनक भी यही परिग्रह है। जैनदर्शनने परिग्रह को पापका बाप माना है। परिग्रही सदैव लालची, दूसरों को लूटने, भ्रष्टाचार करने, कपट करने, झूठ बोलने में तो माहिर होता ही है पर वह अत्यंत क्रूर किसी भी प्रकार की हिंसा धन के लिए कर सकता है। ऐसी दुष्टता कभी आत्मा की सरलता पवित्रता के दर्शन नही करने देगी। परिग्रही का दान भी मान के पोषण के लिए या वाह-वाही लूटने के लिए होता है इन समस्त दूषणों को दूर करने के लीए हमारे अन्य गुणव्रतो में परिमाण व्रत रखा है। वास्तव में यह परिमाण व्रत परिग्रह, लालच, असंतोष पर लगाम लगाना है।

जैसा मैने पहले कहा है कि जिसने संयम की, परिमाण की लगाम लगा ली है वही आत्मदर्शन का अधिकारी बनता है। हमारे तीर्थंकर, केवली परमेष्ठी पद धारी इसी दूषण परिग्रह का त्याग करके आत्मजयी बने। हमारा गृहस्थ आवश्यक वह परिग्रह रख सकता है जो जीवन यापन के लिए आवश्यक हो-पर साधु तो तृण-तुष भी नहीं रख सकता। वास्तव में संसारिक वस्तुओं के मोह का त्याग  ही अपरिग्रह है।

इन पंच व्रतों के धारण के पश्चात व्यक्ति का मन निर्मल बन जाता है। पर अभी कुछ शेष है। आत्मोन्नय के लिए व्रतो का धारण करना तो महत्त्वपूर्ण है ही पर अन्तर में बैठे चार कषायों को तोडना जो ग्रंथि रुप है में उनसे निर्ग्रंथि होता है। यद्यपि ५ व्रतो में इनका समावेश हो जाता है। पर कुछ विशेष प्रकाश डालने के भाव से संक्षिप्त चर्चा कर रहा हूँ।

जैनदर्शन मनोभावो को प्रस्तुतिकरण का धर्म है। मनष्य के अंतर में निरंतर क्रोध, मान, माया, लोभ की भावनाएँ तरंगित होती रहती है। अन्य

प्राणियों में आहार-निद्रा-भय और मैथुन के अलावा कोई भाव नही होते। न विचारने की शक्ति और न अभिव्यक्ति का साधन। पर मनुष्य को ये दोनों वरदान प्राप्त हैं। क्रोध समस्त कषाय या आत्मा को कसनेवाला-परेशान करनेवाला पततोन्मुख बनानेवाला भाव है जिसका उद्गम मान के कारण होता है। दर्शन की भाषा में यही क्रोधादि भाव कर्मबंध के कारण है-कर्म प्रकृतियाँ है। जितनी मात्रा में क्रोध होगा, अशुभ या खराब भावों का आत्मा को दूषित करनेवाले भाव उतनी मात्रा में बंधेगे।पूरे शरीर की रासायणिक प्रक्रिया में बदलाव लाकर मनुष्यता से पशुता की और ले जायेंगे। मनुष्य दूसरों से अधिक स्वयं का अहित करता है। यह क्रोध उसे मरने-मारने हत्या और आत्महत्या तक प्रेरित करता है। जैसा की मैने कहा क्रोध का उद्गम मान है। मनुष्य अष्ट मद या अभिमान से पिडित है। अहम पर चोट पडते ही वह विषैले नागकी तरह फूँकर उठता है और फिर अनर्थ करने से नही हिचकिचाता। समस्त बुरे और गलत कार्य हिंसात्मक कार्य इसी की परणति है। यानी व्यक्ति दूसरे का सुख या सन्मान बर्दास्त नही करत पाता। मान हेतु वह अनेक मायाचारी कार्य करता है। और ये सब होता है पद प्रतिष्ठा के लोभ के कारण। इसीको ध्यान में रखकर आत्मा कलुषित न हो अतः क्रोध के निवारणार्थ क्षमा, मानके निवारणार्थ मृदुता, माया के निवारणार्थ सरलता एवं लोभके निवारणार्थ अन्तर की शुचिता-पवित्रता या निर्लोभता को प्रस्तुत किया है। जिस व्यक्ति में क्षमा, कोमलता, निःस्वार्थपना एवं लोभ भाव नही होता उसे ही जैनदर्शन की भाषा में सम्यगदृष्टि जीव कहा जाता है। उसी का आत्मोत्थान संभव होता है।

जिस व्यक्ति के ५ व्रत, ४ कषाये दूर होती है उसका जीवन ही वास्तव में मानव जीवन है।

जैनधर्म जैसाकि कहा है जीवनजीने की कला है। इसका सबसे बडा कारण कि उसकी कथनी और करनी अर्थात सिद्धांत और आचरण में अद्वैत भाव होते है। मैने प्रारंभ मे कहा था कि जैनधर्म गुणावाचक धर्म है। वहाँ गुणो की पूजा होती है। इसका सर्वोत्तम उदाहरण नमस्कार मंत्र है। पाँचो

पदो में परमेष्ठी के गुणों का वर्णन है किसी तीर्थंकर या भगवान का नहीं। संसार के जिस किसी में भी ये गुण है वे सभी वंदनीय है। जैनधर्मी मधुमक्खी की तरह उत्तम पुष्परुपी गुणों का यत्र-तत्र-सर्वत्र से संकलन करता है। यह सच है कि जिस धर्म में ऐसा गुण हो उसके माननेवाला आत्मा से पवित्र उँचे होते है।

यदि जैनधर्म पंच पापों एवं कषायों के कारण कर्म के बँध को मानता है तो उन बँध कर्मो की निर्जरा या नष्ट करने की लिए बार तपों का मार्ग प्रशस्त कर तप-ध्यान से उन्हें नष्ट करने का उपाय भी बताता है। मूलतः जैनधर्म एक ही बात पर ध्यान देता है कि व्यक्ति में बुराईयों का प्रवेश न हो, यदि हो भी जाये तो उन्हें नष्ट करने का स्वयं मार्ग भी अमल में लावे।

एक बात और – जैनधर्म एक मात्र ऐसा धर्म है जो प्राणिमात्र की स्वतंत्रता का स्वीकार करता है। व्यक्ति स्वयं का कर्ताभोक्ता तो ही, स्वयं मुक्ति का प्राप्तकर्ता भी है। यही स्वतंत्रता वास्तव में उसे जिम्मेदारी के प्रति सजाग रखकर स्वच्छंद होने से बचाती है। उसे मुक्ति के लिए अन्य की शरण नहीं जाना है, अपितु स्वयं की शरण जाना है।

जैनदर्शन ने उसे एक त्रिमार्ग पर कडा कर दिया है। दर्शन-ज्ञान-चारित्र के तिगड्डे पर खडा रहकर उसे ही रास्ता तय करना है। उसे मोक्ष के मार्ग का दिशा निर्देश कर दिया है। चलना उसे स्वयं है कोई उसे चलायेगा नहि। यही आत्मबल और आत्मश्रद्धा उसकी आत्मजागृति आत्म उन्नति का कारण भी है। इसका एक कारण यह भी है कि जैनधर्म ने कर्म को कभी भाग्य का पर्यायवाची नही माना। कर्म ज्ञान के साथ निर्णय करने की शक्ति प्रदान करता है, जबकि भाग्य अनजान राहों पर भटकने को छोड देता है। इस दृष्टि से व्यक्त अपने ही कर्मो से अपना भाग्यविधाता बननेकी शक्ति रखता है।

जैनधर्म ने कक्षा एक से कक्षा १४ अर्थात बी.ए. तक का कोर्स तय

किया है। जो गुणस्थान का वाचक है। आप पढिये स्वयं परीक्षा दिजिए, स्वयं मूल्यांकन किजीए और आगे बढिये। जिसदिन १४वी क्लास पास हो गये तो आप ग्रेज्युएट या केवली हो जायेंगे। जन्म-मरण के रोग से मुक्त हो जायेंगे। अरे! आप गृहस्थ जीवन में रहकर आत्मकल्याण का मार्ग संयम द्वारा निर्मित करे। प्रथम से ग्यारह प्रतिभा या पद तक उर्ध्वगमन करे।आगे गृहत्यागी-वैरागी-निर्ग्रंथ बने। कल तक जिस संपत्ति-मान-आदि के पीछे आप दौडते थे आज वे सब आपके चरण चूमेंगे। आप राजा नही महाराजा बन जायेंगे। आपके पास धन नही होगा पर संयमकी संपदा होगी। मोटरगाडी नही होगी पर मुक्ति के पथ पर चलने की शक्ति होगी।

ऊपर जो भी चर्चा की उसका दस्तावेज क्या?

मित्रो! उसका दस्तावेज है हमारे चार अनुयोग के शास्त्र। हमें स्वयं व परिवार को प्रथमानुयोग का कथानुयोग की कथायें पढना-पढाना चाहिए। इन्ही कथाओं के माध्यम से उत्तम गुणों को प्रस्तुत किया जाता है। सदाचार सत्कार्य में श्रद्धा दृढ होती है। ये मात्र कथायें नही होती, अपितु उनके माध्यम से जीने की कला, व्यवहार मन-वचन की शुद्धि आदि का पयपान कराया जाता है।

जब उम्र बढती है। कथाओं के माध्यम से श्रद्धा दृढ बनती है तब हम चारित्र की ओर मुडते है। हमारा चरणानुयोग या आचारांग श्रावक और साधु को जीने की कला-नियम सिखाते है। श्रावक व साधु के आवश्याकादि नियमों में रहने की शिक्षा देते है। खान-पान, रहन-सहन सिखाते है। यदि प्रातःकालिन देव-दर्शन-पूजा की ओर उन्मुख करते है तो संध्या का प्रतिक्रमण पूरे दिन के कार्यो का लेखाजोखा लेने को प्रेरित करता है। पुनःपुनः शुद्धि का ध्यान, मूलों के प्रति प्रायश्चित जीवन सुधारने और सँवराने की कला सिखाते है। यही चारित्र उत्तरोत्तर मोक्ष या अनंतसुख की ओर ले जाता है।

इसी क्रम में हम करणानुयोग के द्वारा श्रृष्टि की रचना आदि का ज्ञान, ज्योतिष वैद्यक आदि अनेक ज्ञान के साथ गणित आदि विद्याओं का

ज्ञान प्राप्त करते जाते है। एक ओर चरित्र दृढ बनता है तो साथ ही ज्ञान में अभिवृद्धि होती है।

जब हम श्रद्धायें दृढ, ज्ञान में कुछ परिपक्तवता पा लेते है तब हम द्रव्यानुयोग अर्थात धर्म के तत्त्वचिंतन को समझने योग्य बनते है। हमारा लक्ष्य आत्मा जो चैतन्य है उसे पुद्गल शरीर से मुक्ति दिलाकर आवागमन जन्म-मरण से मुक्त करता होता है। उसी आत्मा रुपी द्रव्य का गहनतम अध्ययन करके एकदिन हम स्वयं परमात्मा या मुक्तात्मा बन जाते है।

यों कहना सही होगा कि प्रथम दो अनुयोग बहिरात्मा को अन्तरात्मा में ले जाते है। चारित्र की दृढता उसे अन्तरात्मा में स्थिर बनाती है और आत्मा का चिंतवन-आचरण उसे अन्तरात्मा से परमात्मा बनाता है। यही तो हमारा ध्येय होता है या होना चाहिए।

अंत में इतना ही कि हमारे आगम मे वर्णित चारों अनुयोगों का ज्ञान हमारे आत्मोन्नति में सहायक है। ये चिरंतन है अतः ऐसे दस्तावेज है जो कभी पुराने नही होते. जैसे-जैसे जितनी बार उनका अध्ययन करेंगे उनमें अधिक नाविन्य प्रकट होगा। बस आवश्यकता है दृष्टि बदलने की।अपने और अपनों को पहिचानने की।

# જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

■ ડૉ. જિતેન્દ્ર શાહ

અમદાવાદ સ્થિત જૈન ધર્મના અભ્યાસુ, જિતેન્દ્રભાઈ શાહે જૈન ધર્મના વિષયમાં Ph.D. કરેલ છે. L. D. Institute of Indology સાથે સંકળાયેલા છે. દેશ-વિદેશમાં જૈન ધર્મ પર પ્રવચન આપે છે.

वंदे वीरं तपोवीरं तपसा दुस्तपेन यः।
शुद्धं स्वयं विदधे स्वर्ण स्वर्णकार इवाग्निना।।
जिन प्रवचनं नौमि नवं तेजस्विमंडलम्।
यतो ज्योर्तींषि धावन्ति हन्तुमन्तर्गतं तमः।।

તિલકાચાર્ય-જિતકલ્પવૃત્તિ:

જેમ સોની અગ્નિથી સુવર્ણને શુદ્ધ બનાવે છે. તેમ જેમણે દુસ્તપ એવા તપ વડે પોતાના આત્માને શુદ્ધ બનાવ્યો છે તપોવીર (મહાવીર પ્રભુ)ને હું વંદું છું.

જ્યોતિઃ (તારા, ગ્રહ, નક્ષત્રાદિ જ્યોતિ) અંતર (આકાશ)નું તમસ (અંધકાર) હણવા દોડે છે તેવા અવનવા તેજસ્વીમંડળ કે જેમાંથી જ્યોતિ અંતર-હૃદયમાંના અંધકારને હણવા નીકળી દોડે છે તેવા જિનપ્રવચનને હું નમું છું.

ભારતીય ધર્મની ત્રણ શાખાઓ વૈદિક, બૌદ્ધ અને જૈન. આ ત્રણેય મળીને ભારતીય ધર્મનું પૂર્ણ સ્વરૂપ બંધાય છે. આ ત્રણેય ધારાઓનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે. મુક્ત થવું એ ભારતીય સંસ્કૃતિના ધર્મોનો મુખ્ય ઉદ્દેશ છે. ઉપનિષદો અને વૈદિક દર્શનો મોક્ષને જ જીવનનો સાર માને છે. બૌદ્ધો નિર્વાણ પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપે છે અને જૈનો મોક્ષને જ શાશ્વત સુખનું ધામ માને છે. મોક્ષની પ્રાપ્તિ થાય તે માટે બધા જ ભારતીય દર્શનોએ ઉપદેશ આપ્યો ચે. તે માટે આત્મસાધના અને આત્મશુદ્ધિ આવશ્યક છે. આત્મકલ્યાણ દ્વારા જ મોક્ષ પ્રાપ્તિ થાય છે તે પ્રાયઃ બધા જ દર્શનોનો સૂર છે. જૈન ધર્મ પ્રમાણે પ્રાચીન કાળમાં એવા અદ્ભુત

મહાત્માઓ થયા કે જેમણે પોતાના મન, વચન અને કાયા ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હતો તેથી તેઓ જિન કહેવાયા, આવા મહાત્માઓ બધાને જ પૂજનીય હતા તેથી અર્હત કહેવાયા અને આન્તરગ્રંથિઓ એટલે કે રાગ અને દ્વેષની ગાંઠોને સંપૂર્ણપણે નષ્ટ કરી લીધી હતી તેથી નિર્ગ્રંથ કહેવાયા. આ ઉત્તમ મહાત્માઓએ પોતાના જીવન અને ઉપદેશ દ્વારા અનેક જીવોને તાર્યા તેથી તીર્થંકર પણ કહેવાયા. તેમનું જીવન અને ઉપદેશ આત્મકલ્યાણનો ઉત્તમ માર્ગ ચીંધે છે.

જૈન પરંપરા અનુસાર પ્રત્યેક કાલચક્રમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ હોય છે અને આ પ્રત્યેક કાળખંડમાં ૨૪-૨૪ તીર્થંકર થાય છે. વર્તમાન ચોવીસીમાં પ્રથમ ઋષભદેવ અને અંતિમ વર્ધમાન મહાવીર સ્વામી તીર્થંકર થયાં છે. વર્તમાનમાં ૨૪મા મહાવીર સ્વામીનું શાસન ચાલી રહ્યું છે.

ચરમ તીર્થંકર મહાવીરસ્વામીનો જન્મ વિ.સ. પૂર્વ ૫૪૨ (ઈ.સ.પૂર્વ ૫૯૮)માં ક્ષત્રિય કુંડગામમાં થયો હતો. પાવાપુરીમાં ૭૨ વર્ષની વયે વિ.સં. પૂર્વ ૪૭૦ (ઈ.સ. પૂર્વ ૫૨૬)માં કાર્તિક વદ અમાવાસ્યાના દિવસે તેમનું નિર્વાણ થયું હતું. શ્રમણ ભગવાન મહાવીર અને બુદ્ધ બન્ને સમકાલીન હતાં. તે સમયે બ્રાહ્મણોએ લોભ, લાલચ, અજ્ઞાન અને અભિમાનને વશ થઈ સમાજની સ્થિતિ બગાડી નાંખી હતી. ક્રિયાકાંડો ઉભા કરી વર્ણભેદની પ્રચંડ દિવાલો ઊભી કરી હતી. તે સમયની પરિસ્થિતિ અત્યંત વિકટ હતી. આવા કર્મકાંડમાં આત્મકલ્યાણનો માર્ગ અવરુદ્ધ થઈ ગયો હતો. તેવા સમય ભગવાન મહાવીર સ્વામીનો જન્મ થયો હતો.

ભગવાન મહાવીરે યુવાવસ્થામાં જ સંસારનો ત્યાગ કરી કઠોર તપશ્ચર્યા, ઘોર ઉપસર્ગો એ પરિષહો સહન કરી આત્મકલ્યાણ સાધ્યું હતું. તેમનો આત્મકલ્યાણનો અનુપમ ઉપદેશ સાંભળી અનેક આત્માઓએ આત્મકલ્યાણ સાધ્યું હતું.

બુદ્ધ પણ જગતના ઉદ્ધાર માટે ઉપદેશ આપી રહ્યાં હતા. આ

બન્ને તે સમયના મહાન ક્રાન્તિવીર ધર્મસંસ્થાપકો હતા. સમકાલીન હોવા છતાં તેમની શૈલી અને સિદ્ધાન્ત ભિન્ન હતા આ અંગે જર્મન પ્રોફેસર લોયમાન જણાવે છે કે શ્રી મહાવીર અને બુદ્ધ ઉત્તમ કુળમાં જન્મ્યા હતાં. બન્ને પોતાના કુટુંબમાં જ ઉછેરીને મોટાં થયાં હતા, અને બન્ને આશરે ત્રીસ વર્ષના સંસાર વ્યવહારથી કંટાળી આખરે સાધુ થયા. બન્નેએ અતિ આતુરતાથી અને પોતાના પરિપૂર્ણ પુરુષાર્થી તપશ્ચર્યા આદરી, પણ તપ તો એમને કસોટી પત્થર હતી. મહાવીર તેમાં પાર ઉતર્યા અને એને અનુસરીને પોતાનો ધર્મ યોજ્યો. નૈતિક સિદ્ધાન્તો ધાર્મિક ભાવનાઓમાં તો બુદ્ધ અને મહાવીર સરખા હતા. મુખ્ય વિષયમાં તો એક મત જ હતા. આટલું જ નહીં પણ એમના સમયના બીજા વિચારકોના નૈતિક અને ધાર્મિક અભિપ્રાયો સાથે પણ એ બંને એક મત હતા. મહાવીરે બધો પુરુષાર્થ આત્મા ઉપર જ દાખવ્યો, એ માત્ર સાધુ જ ન હતા, પણ તપસ્વી પણ હતા. પરંતુ બુદ્ધને સાચો બોધ પ્રાપ્ત થયા પછી એ તપસ્વી ન રહ્યા, પણ માત્ર સાધુ જ રહ્યા, અને પોતાનો બધો પુરુષાર્થ જીવનધર્મ ઉપર દાખવ્યો, તેથી એકનો ઉપદેશ આત્મધર્મ થયો અને બીજાનો ધર્મ લોકધર્મ થયો.

એક અન્ય સુપ્રસિદ્ધ જર્મન વિદ્વાન વિન્ટરનિટઝ પણ કહે છે કે બૌદ્ધો કરતા ઘણા વધારે તીવ્ર શબ્દોમાં (સ્વરુપમાં) જૈનધર્મે ત્યાગધર્મ ઉપર ભાર મૂક્યો છે અને બુદ્ધના મુકાબલામાં શ્રી ભગવાનમહાવીરે તત્ત્વજ્ઞાનની એક વધુમાં વધુ વિકસિત પદ્ધતિ (આત્મ શ્રદ્ધાની) ઉપદેશી છે. (પૃ.૫૭) જૈન આગમોમાં આત્મકલ્યાણના વિવિધ માર્ગોની વાત અનેક જગ્યાએ એક રીતે જોવા મળે છે. સમગ્ર આગમો આત્મકલ્યાણ અર્થે જ પ્રરુપાયાં છે. શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે કે જિનાગમ તે ઉપશમ સ્વરુપ છે. ઉપશમ સ્વરુપ એવા પુરુષોએ ઉપશમને અર્થે પ્રરુપ્યા છે. ઉપદેશ્યા છે. તે ઉપદેશ આત્માર્થે છે. અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં તેનું આરાધન કરવામાં ન આવ્યું તો તે જિનાગમનું

શ્રવણવાચન નિષ્ફળ રૂપ છે.

સમગ્ર આગમો જીવનમાં વૈરાગ્ય, ઉપશમભાવ અને સમતાભાવ ઉત્પન્ન થાય તે માટેનો ઉપદેશ આપે છે. આગમોનો અભ્યાસ કરી અનેક સાધકોએ આત્મકલ્યાણ સાધ્યું છે. વૈરાગ્ય વગર આ ઉપદેશ વ્યામોહ ઉત્પન્ન કરનારો અથવા ચિત્તની વૃત્તિઓને વધુ ચંચળ કરનાર બની શકે. જીવનમાં મુમુક્ષભાવ પ્રગટે તે માટે આગમો છે. આ આગમો દ્વારા જગતના પદાર્થોને જાણવા અને સમજવાની દૃષ્ટિ તો પ્રાપ્ત થાય છે પણ સાથે સાથે આત્મકલ્યાણનો માર્ગ પણ પ્રશસ્ત બને છે.

સમગ્રરૂપે જોતાં ભગવાન મહાવીરનો સમસ્ત ઉપદેશ આત્મના વિકાસને લક્ષ્યમાં રાખીને અપાયો છે. આત્મશુદ્ધિ એ સમગ્ર ઉપદેશના કેન્દ્રમાં રહેલું તત્ત્વ છે. જીવ અનાદિકાલથી મિથ્યાત્વને કારણે સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે. તેમજ દુઃખ પામી જન્મમરણના ચક્રમાં પીસાઈ રહ્યો છે. તેમાંથી મુક્ત થવામિથ્યાત્વનો ત્યાગ કરી ક્રમશઃ આત્મશુદ્ધિ દ્વારા કલ્યાણમાર્ગે આગળ વધી શકે તે માટેનો ઉત્તમ ઉપદેશ ભગવાન મહાવીરે આપ્યો છે.

ભગવાન મહાવીરે સર્વપ્રથમ અગ્યાર ગણધરોને ઉપન્નેઈ વા. વિગમેઈ વા, ધુવેઈ વા ત્રિપદી આપી. જગતના તમામ પદાર્થો ઉપજે છે. વા નાશ પામે છે વા ધ્રુવ રહે છે.

**अत्थं भासइ अरहा,सुत्तं गंथति गणहरा निठणं।**
**सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तेइ।।९२।।**

શ્રી ભદ્રબાહુ સ્વામી-આવશ્યક નિર્યુક્તિ

આ ત્રિપદી અનેકાન્તવાદની મૂળ ભૂમિકા છે. તે સમયે એકાન્તવાદનો વાયરો વાયો હતો. સહુ પોતપોતાના મતને સત્ય સ્થાપિત કરવા મથતા હતા અને અન્યના મતોનું ખંડન કરતા હતા. આ ખંડન-મંડનની પ્રવૃત્તિ તીવ્ર રૂપે ચાલતી હતી તેથી સમાજમાં રાગદ્વેષનું કલુષિત વાતાવરણ ફેલાયેલું હતું. તે સમયે ભગવાન મહાવીરે એકાંત ઉચ્છેદવાદ અને એકાંત શાશ્વતવાદનું

ખંડન કરી અનેકાન્તવાદની સ્થાપના કરી હતી અને સમતાનો ઉપદેશ આપ્યો. ગણધરોએ તેમના ઉપદેશને ધારણ કરીને તેને સૂત્રબદ્ધ કર્યો. આ સૂત્રો એટલે જ આગમો.

અર્હતો અર્થ માત્ર કહે છે. ગણધરો સૂત્ર (દ્વાદશાંગ રુપ) નિપુણ (સૂક્ષ્માર્થ પ્રરુપક બહુ અર્થવાળું) ગુંથે છે. તેથી શાસનના હિત માટે સૂત્ર પ્રવર્તે છે. આવાં સૂત્રો આગમ રૂપે પ્રસિદ્ધ છે. આગમો અંગ, ઉપાંગ, છેદસૂત્ર, મૂળસૂત્ર, પ્રકીર્ણક, ચૂલિકા સૂત્ર રૂપે પ્રસિદ્ધ છે. તેની સંખ્યા વિશે એકમત નથી. પ્રાચીનકાળમાં ૮૪ આગમો હોવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જ્યારે શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરામાં ૪૫ આગમો પ્રસિદ્ધ છે. પરંતુ સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરામાં ૩૨ આગમો પ્રસિદ્ધ છે. ૧૨ અંગ આગમોમાંથી ૧૨મું દૃષ્ટિવાદ આગમ નષ્ટ થયું છે. દિગમ્બર પરંપરામાં પણ આગમો પ્રસિદ્ધ છે. પરંતુ બધા જ આગમો લુપ્ત થયેલાં માનવામાં આવે છે.

આગમોમાં આત્મસુધારણાની જ વાતો કરવામાં આવી છે. અને આત્મકલ્યાણની વિભિન્ન પદ્ધતિઓ પણ જણાવવામાં આવી છે. તે તમામ પદ્ધતિઓનો સાર તત્ત્વાર્થસૂત્રના પ્રથમ સૂત્રમાં જાણવા મળે છે.

**सम्यक् दर्शन - ज्ञान - चारित्राणि मोक्षमार्गः।।**

અર્થાત્ સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ ત્રણેયનો સમનવ્ય મોક્ષનો માર્ગ બને છે. આ રત્નત્રયીની આરાધના કેવી રીતે કરવી તેનો માર્ગ આગમોમાં વર્ણવ્યો છે. બધા જ આગમો જુદી જુદી દૃષ્ટિઆપે છે. સૂત્રકૃતાંગ સૂત્રમાં આત્મકલ્યાણના માર્ગની વાત બહુ જ સ્પષ્ટ રીતે કરવામાં આવી છે.

સૂત્રકૃતાંગ સૂત્રમાં શરૂઆતમાં જ જણાવવામાં આવ્યું છે કે સહુ પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરો પછી બંધનને સમજી તોડો. જ્ઞાન વગર બંધનોની સાચી સમજ પ્રાપ્ત થઈ શકતી નથી. અજ્ઞાની મનુષ્ય કશું જ જાણતો ન હોવાને કારણે તે કર્મબંધન કે મુક્તિની

પ્રક્રિયા પણ જાણી શકતો નથી. જ્ઞાન દ્વારા જ સાચી સમજ કેળવી શકાય છે. આવી સમજ જ જીવનને દૃષ્ટિ આપી શકે છે. આવી જ ચર્ચા અતિ પ્રસિદ્ધ આગમ દશવૈકાલિક સૂત્રમાં પણ કરવામાં આવી છે. તેમાં જણાવ્યું છે કે-

सोच्चा जाणइ कल्लाणं सोच्चा जाणइ पावंग।
उभयंपि जाणइ सोच्चा जं सेयं तं समायरे।।

સાંભળીને, વિચારીને કલ્યાણને જાણે છે. સાંભળી-વિચારીને પાપને જાણે છે. કલ્યાણ અને પાપને સાંભળીને જ જાણે છે. માટે જે શ્રેયસ્કર હોય તેનું આચરણ કર। અર્થાત્ સર્વ પ્રથમ જ્ઞાનને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્ઞાન અર્થાત્ સમજ. જો જ્ઞાન ન હોય તો સમ્યક્ આચરણ થઈ શકતું નથી. અજ્ઞાનીને કલ્યાણ-અકલ્યાણનો બોધ ન હોવાને કારણે તે સમ્યક્ આચરણ અને આત્મકલ્યાણ સાધી શકતો નથી.

આથી ત્યાં સ્પષ્ટ ઉપદેશ કર્યો છે અર્થાત્ પ્રથમ જ્ઞાન પછી દયા. જેને જ્ઞાન નથી તેઓ શ્રેયસ્કર આત્મહિતકર અને આત્મ અહિતકર એવા કાર્યનું સમ્યક્ જ્ઞાન ન હોવાને કારણ આગળ વધી શકતા નથી. જે જીવને જાણતો નથી. જે અજીવને જાણતો નથી તે સંયમને જાણી શકતો નથી. જે જીવ અને અજીવને જાણે છે તે સંયમને જાણે છે. અને જે સંયમને જાણે છે તે કર્મો ખપાવી આત્મ કલ્યાણ સાધી શકે છે.

આમ તો આધુનિક ચિંતકોએ જૈનદર્શનના મુખ્ય ત્રણ સિદ્ધાન્તો તારવ્યા છે. તે અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ છે. આ ત્રણ સિદ્ધાન્તો ઉપર જ જૈનદર્શનની આખી ઈમારત રચાઈ છે. અહિંસા એ સહુથી મોટો ધર્મ છે. વિપાકસૂત્રમાં અહિંસાને સહુથી મોટું વ્રત જણાવ્યું છે અને કહ્યું છે કે આ વ્રતમાં બાકીના બધાં જ વ્રતો સમાઈ જાય છે. અહિંસાના આચરણથી જ બાકીના બધા વ્રતોનું પાલન થાય છે. અહિંસાના ઘાતમાં બાકીના બધાં જ વ્રતોનો ઘાત થઈ જાય છે. આથી જ આચારાંગ સૂત્ર, સૂત્રકૃતાંગ

સૂત્ર અને દશવૈકાલિક સૂત્રમાં અહિંસાનો મહિમા વર્ણવવામાં આવ્યો છે. આચારાંગ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે-

सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा न हंतव्वा न अज्झावेयव्वा न परिघेतव्वा न उवद्दवेव्वा एस धम्मे सुद्धे धुवे नीए सासए समेच्च लोयं खेयन्नेहिं पवेइए।। आचारांग सूत्र

અર્થાત સર્વ પ્રાણ, સર્વભૂત સર્વ જીવ, સર્વ સત્ત્વને ન હણવા, ન ક્લેશ ઉપજાવવો, ન પરિતાપ ઉપજાવવો, ન ઉપદ્રવ કરવો, આ ધર્મ શુદ્ધ, ધ્રુવ, ન્યાય અને શાશ્વત છે. લોકને સમ્યક્ પ્રકારે જાણી ક્ષેત્રજ્ઞોએ પ્રવર્તવું.

અન્યત્ર આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે सव्वेजीवा पियाउआ, सुहसाया, दुक्खपडिकुला,अप्पियवहा, पियजीविणो,जीविउकामा। सव्वेसिं जीवीयं पियं। णातिवाएज्जकिंच्चणं. (आचारांग सूत्र)

બધા જીવોને આયુષ્ય પ્રિય છે. સર્વે સુખના અભિલાષી છે. દુઃખ સર્વને પ્રતિકૂળ છે. વધમરણ સહુને અપ્રિય છે. સર્વ કોઈને જીવિત જીવવું પ્રિય છે. સર્વે જીવવાની ઈચ્છા રાખે છે. આ માટે કોઈને મારવો કે કષ્ટ દેવું ન જોઈએ. આ અહિંસાનો મૂળ સિદ્ધાન્ત છે. અહિંસાના આચરણથી આત્મકલ્યાણ થાય છે. અહિંસા ઉત્કૃષ્ટ ધર્મ છે. તેથી જ દશવૈકાલિકકારે અહિંસાને સર્વપ્રથમ ક્રમમાં મુક્યો છે.

धम्मो मंगल मुक्किठं अहिंसा संजमो तवो।

અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. આમ અહીં અહિંસાનું સ્થાન સર્વ પ્રથમ મુકવામાં આવ્યું છે.

एवं खु णाणिणो सारं जं न हिंसति किंचण।
अहिंसा समयं चेव एतावंतं वियाणिया।।१०।।

વિવેકી પુરુષો માટે એ જ સાર છે કે તે કોઈપણ જીવનની હિંસા ન કરે. અહિંસા જ સિદ્ધાન્ત છે એમ જાણવું જોઈએ.

સૂત્રકૃતાંગ સૂત્રના બીજા અધ્યાયનું નામ વૈતાલીય છે. આ અધ્યયનમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવે તેમના ૯૮ પુત્રોને અષ્ટાપદ

પર્વત ઉપર ઉપદેશ આપ્યો હતો તેનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમ નિર્યુક્તિકાર તથા ટીકાકાર શીલાંકાચાર્ય કહે છે.

कामं तु सासणमिणं कहियं अटठावयंमि उसभेणं।
अट्ठाणंउतिं सुयाणं सोउण ते वि पव्वइया।।३९।।

(सूत्रकृतांग निर्युक्ति)

(તથા સૂત્રકૃતાંગ શીલાંક વૃત્તિ પત્ર પ૩) કથા આ પ્રમાણે છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવ રાજ્ય ત્યાગી પ્રવજિત થયા ત્યારે તેમણે સૌ પુત્રોને રાજ્ય વહેંચી સાધુ થયા હતા. તેમાંથી ભરત રાજાએ ચક્રવર્તી બનવા માટે ૯૯ ભાઈઓને પોતાનું અધિપત્ય સ્વીકારતા જણાવ્યું ત્યારે બાહુબલી સિવાયના ૯૮ ભાઈઓ પિતા ઋષભદેવ પાસે ગયા. ત્યારે ભગવાન ઋષભદેવે ૯૮ પુત્રોને સાંસારિક કામનાઓથી મુક્ત થવા ઉપદેશ આપ્યો. આ ઉપદેશ સાંભળી ૯૮ પુત્રો વિરક્ત થઈ સંયમ ગ્રહણ કરે છે. ૯૯માં બાહુબલીએ ભરતનું આધિપત્ય સ્વીકાર્યું નહીં તેથી બન્ને વચ્ચે યુદ્ધ થતાં બાહુબલીએ ભરત રાજાને હરાવ્યા. પરંતુ તે વખતે જ રણભૂમિમાં જ તેમને વૈરાગ્ય ઉત્પન્ન થતાં સંયમી બન્યા. આથી બરત મહારાજા ચક્રવર્તી બન્યા. ભગવાન ઋષભદેવે ૯૮ પુત્રોને આપેલો ઉપદેશ આ અધ્યયનમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે. આ અધ્યયનનું નામ વૈતાલીય-વેયાલિય છે. સંસ્કૃતમાં તેને વૈતાલીય અને વૈદારિક કહેવામાં આવે છે.

કર્મ અથવા કર્મબીજને નાશ કરવા-વિદારણ કરવાનો ઉપદેશ હોવાથી આ અધ્યયનને વેતાલીય અધ્યયન કહેવામાં આવે છે. આ ઉપરાંત વૈતાલીય છંદમાં ગાથાઓ હોવાથી પણ વૈતાલીય કહેવામાં આવે છે.

મોહરુપ વૈતાલ-પિશાચનું સ્વરુપ સમજવા માટે તેમજ સામાજિક, પારિવારિક, આધિ દ્વારા કેવી રીતે પરાજિત કરે છે. ક્યાં ક્યાં બચવું જોઈએ, કેવી રીતે બચી શકાય તે જાણવા માટે મોહરુપી

વૈતાલને જીતવા માટેનું આ અધ્યયન છે. આ અધ્યયનના ત્રણ ઉદ્દેશક છે. પ્રથમ ઉદ્દેશકમાં ૨૨, દ્વિતીય ઉદ્દેશકમાં ૩૨ અને તૃતીય ઉદ્દેશકમાં ૨૨ ગાથાઓ અર્થાત્ કુલ ૭૬ ગાથાઓ આ અધ્યયનમાં છે. વિદ્વાનોનું માનવું છે કે કુલ ૯૮ ગાથાઓ હોવી જોઈએ. અર્થાત્ આ અધ્યયનમાં ચાર ઉદ્દેશક હોવા જોઈએ. પરંતુ ચોથું ઉદ્દેશક નષ્ટ થયું હોવું જોઈએ.

આત્મકલ્યાણ માટે આ અધ્યયનની પ્રત્યેક ગાથા મૂલ્યવાન છે. પ્રત્યેક ગાથા દસ્તાવેજી છે. તેનો ઉપયોગ આત્મકલ્યાણ માટે જ છે અને તે દ્વારા અનેક આત્માઓ કલ્યાણ માર્ગે આગળ વધ્યા છે. માત્ર દ્રવ્ય વિદારણ જ નહીં પરંતુ ભાવ વિદારણ પણ આવશ્યક છે. રાગ, દ્વેષ, મોહ, માયા આદિનું વિદારણ ભાવ દ્વારા જ શક્ય છે. આ માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંયમ આદિની આવશ્યકતા છે. તે માટે હિતની પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ તથા સંસારના સ્વરુપનો બોધ આવશ્યક છે. પ્રથમ શ્લોકમાં જ મહત્ત્વનો ઉપદેશ આપ્યો છે. આ અધ્યાયમાં જણાવ્યું છે કે-

संबुज्झह किं न बुज्झह, संबोहि खलु पेच्च दुल्लहा।
णो हूवणमंति रातिओ, णो सुलभं पुणरवि जीवियं।।१।।

હે ભવ્યો-તમે બોધ પ્રાપ્ત કરો - બોધ કેમ પ્રાપ્ત નથી કરતાં - પરલોકમાં સંબોધિ પ્રાપ્ત કરવી અત્યંત દુર્લભ છે. તેમજ વીતેલી રાતો પાછી નથી આવતી. વળી સંયમી જીવન પણ વારંવાર સુલભ નથી હોતું.

મનુષ્યભવ મળવો મુશ્કેલ છે. મનુષ્યો જીવન દરમ્યાન કામભોગોમાં તેમજ સ્ત્રીપુત્રાદિના સ્નેહમાં અટવાઈ રહે છે. તેથી પોતાના માટે તથા પોતાના સંબંધીઓ માટે અનેક સારાં નરસાં કર્મો કરે છે. પરંતુ સંસારના તમામ જીવોને પછી તે દેવ હોય કે ઈન્દ્ર હોય તેમને ગમતું ન હોવા છતાં પ્રિય સંજોગો અને સંબંધો છોડીને જવું પડે છે. આયુષ્ય જીવન નશ્વર છે અને જેનો જન્મ થાય છે તેનું મરણ પણ અવશ્ય થાય જ છે. સંસારમાં પોતે

કરેલાં સારાં અથવા નરસાં કર્મોનું ફળ સ્વયં જ ભોગવવું પડે છે. કર્મ ભોગવવાનો સમય આવે છે ત્યારે રાજવૈભવ. સુખસામગ્રી, સગા-સંબંધી પોતાનાં પાપ કર્મોથી બચાવી શકતા નથી. આથી સમય છે ત્યારે જ સંસારના અસાર, દુઃખ રૂપ પાપકર્મોને છોડી સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. જેથી તમે કર્મો તથા કર્મોના હેતુઓનો નાશ કરવી દુઃખચક્રમાંથી મુક્ત થઈ શકો. આત્મ કલ્યાણ માટે જાગૃતિ જરૂરી છે તેમ જ જે જાગે છે તે તરે છે. માટે જાગૃત થવાનો ઉપદેશ પણ આપવામાં આવ્યો છે.

આત્મજાગૃતિ માટેનો ઉપદેશ-

સંસારની માયા અત્યંત વિચિત્ર છે. પર પદાર્થોનું આસક્તિને કારણે તેનાથી મુક્ત થવું કઠીન હોય છે. મૂઢ મનુષ્યો તો કામભોગોમાં આસક્ત થઈને મૂર્ચ્છિત જીવન જીવે છે તેથી તેઓ મુક્ત થઈ શકતા નથી. પરંતુ સમજુ પુરુષો તો ઝટપટ વિરત થઈ પરાક્રમ અને પુરુષાર્થપૂર્વક નિર્વાણ માર્ગ હાથ ધરવા પ્રયત્ન કરવો જોઈએ. ભગવાન મહાવીરસ્વામીએ તેમના અંતિમ ઉપદેશમાં અનેક ઉદાહરણો આપી પ્રમાદનો ત્યાગ કરી જીવનમાં શીઘ્ર આત્મ-કલ્યાણ સાધવાની વાત કરી છે. આ કાર્ય યથાશીઘ્ર કરવું જોઈએ. આગમ ગ્રંથોમાં અનેક સ્થળોએ આ ઉપદેશ ભારપૂર્વક આપવામાં આવ્યો છે.

કર્મનાશ કરવા માટે જ્ઞાનની આવશ્યકતા છે. સૂત્રકૃતાંગ સૂત્રમાં આવા જ્ઞાનને સંબોધિ કહી છે. નિર્યુક્તિકાર સંબોધિનો અર્થ જાગવું એવો કરે છે. સામાન્યતઃ અજ્ઞાની જીવ મોહને કારણે ઊંઘતો હોય છે. પણ જ્ઞાન-સંબોધિ પ્રાપ્ત થતાં જાગી જાય છે. આ સંબોધ બે પ્રકારનો છે (૧) દ્રવ્ય સંબોધ અને (૨) ભાવ સંબોધ. દ્રવ્યસંબોધ એટલે દ્રવ્યનિદ્રાથી જાગવું અને ભાવસંબોધ એટલે ભાવનિદ્રામાંથી જાગવું. દ્રવ્ય સંબોધની અપેક્ષાએ ભાવ સંબોધ દુર્લભ છે. નિર્યુક્તિકારે દ્રવ્યભાવની જાગરણ શયનની ચતુર્ભંગી વર્ણવી છે.

(૧) જે સાધક દ્રવ્યથી જાગે છે પણ ભાવથી સુખ એ છે.

(૨) જે સાધક દ્રવ્યથી જાગે છે અને ભાવથી પણ જાગે છે.

(૩) જે સાધક દ્રવ્યથી સુએ છે પણ ભાવથી જાગે છે.

(૪) જે સાધક દ્રવ્યથી સુએ છે અને ભાવથી પણ સુએ છે.

જે દ્રવ્ય અને ભાવથી જાગે છે તે સર્વોત્તમ છે, ભાવથી જાગનાર ઠીક છે બાકીના બે ભાંગા નિકૃષ્ટ છે. આત્મકલ્યાણ માટે દ્રવ્યભાવ જાગૃતિ આવશ્યક છે. ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં અને આચારાંગ સૂત્રમાં આવી જાગૃતિની પ્રશંસા કરવામાં આવી છે. બોધ પ્રાપ્ત કરવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. કેનોપનિષદમાં પણ કહ્યું છે કે અહીં જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે જ સત્ય છે. પરંતુ જેણે અહીં આત્મજ્ઞાન પ્રાપ્ત નથી કર્યું તેનો આગળ જતાં વિનાશ થાય છે.

**(इह चेदवेदित्थ सत्यमस्ति, न चेदवेदीन्महती विनष्टि - केनोपनिषद्)**

સંબોધિ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ સાધવું જોઈએ. પરંતુ જેઓ જ્ઞાન પ્રાપ્ત કરવાના ઈરાદે સંન્યાસી થઈ ભિક્ષાચર્યા, નગ્નાવસ્થા, કઠોર તપશ્ચર્યા સ્વીકાર છે. પરંતુ જેઓ પોતાની આંતર કામનાઓને નિર્મૂળ નથી કરી શકતાં તેઓ કર્મચક્રમાંથી મુક્ત થવાને બદલે તેમાં જ રહેંસાયા કરે છે. અર્થાત્ જેઓ માયામય-પ્રચ્છન્ન દાંભિક કૃત્યોમાં આસક્ત હોય તો કર્મો દ્વારા તે અત્યંત તીવ્રતાથી પીડિત થાય છે.

આથી જેમણે કર્મચક્રમાંથી મુક્ત થવાની ઈચ્છા છે તેમણે જ્ઞાનીપુરુષોનું શરણ સ્વીકારી તેમની પાસેથી યોગ્યમાર્ગ જાણી તેમણે બતાવેલા માર્ગે પ્રયત્નપૂર્વક તથા યોગમુક્ત બની આગળ વધવું. આમ કરવાથી કર્મોનો ક્ષય થવા લાગે છે. સાચો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. જે તપસ્વી છે તથા શાસ્ત્ર સંમત માર્ગે ચાલે અને મુમુક્ષભાવ હોય છે તે જ પંખિણીની પેઠે પોતાના કર્મો ખંખેરી નાખે છે.

સંયમનો માર્ગ અત્યંત દુષ્કર છે. સાધકે અનેક પ્રલોભનો

વચ્ચે અડગ રહેવાનું હોય છે. તેમાં તો જેમણે માયા-મમતાને છોડી દીધી હોય, જાગૃત હોય અને મહાપરાક્રમી હોય તે જ અંત સુધી સ્થિર રહી શકે. બાકી તો બીજાં સંસારનો ત્યાગ કર્યા પછી પણ સગાસંબંધીના બંધનો-સંબંધોમાં અટવાઈ જાય છે. કેટલાક તો સ્વજનોની કાકલુદીથી આકર્ષિત થઈ સંયમનો ત્યાગ પણ કરી દે છે. સગા-સંબંધીમાં મોહ-મમતાવાળા અસંયમી જીવો તેવે વખતે મોહ પામી જાય છે.

સગાસંબંધીની મમતા પછી બીજું મોટું વિઘ્ન અહંકાર છે. કેટલાક સમય લઈને પણ પોતાના જ્ઞાન, ગણ, કૂલ, ગોત્રનો અહંકાર કરે છે પરંતુ સાચો સંયમી તો પોતાની મુક્તાવસ્થાનો પણ ગર્વ કરતો નથી. સાધુએ તો કોઈનોય તિરસ્કાર કર્યા વગર અપ્રમત્ત રહીને સંયમ જીવનનું અણીશુદ્ધ પાલન કરવું જોઈએ. આમ કરતાં કોઈ પણ કષ્ટ આવે તો પણ અડગ રહેવું તથા સંસારના સમસ્ત સંયોગોનો ત્યાગ કરી દેવો જોઈએ. આત્મકલ્યાણ સાધવા માટે એકાન્તમાં એકાકી રહેવું જોઈએ તથા મન અને વાણીને અંકુશમાં રાખી સમાધિ અને તપમાં પરાક્રમી બનવું જોઈએ. ભયમુક્ત થઈ આત્મ-કલ્યાણ સાધવું જોઈએ.

આત્મકલ્યાણના માર્ગમાં નિર્ભયતા અત્યંત આવશ્યક તત્ત્વ છે. યોગની સાધનામાં પણ નિર્ભયતા જરૂરી છે. જો ભય ઉત્પન્ન થાય તો સંગ કરવાનું મન થાય અને સંગને કારણે અન્ય દોષો પુનઃ ઉત્પન્ન થાય છે. સૂત્રકૃતાંગ સૂત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે સાધુ માટે સંગ જેવી જોખમકારક બીજી એકેય વસ્તુ નથી. સંગને કારણે સમાધિથી ચ્યુત થાય છે. સંગ એ કજિયાનું-આસક્તિનું અને પૂર્વે ભોગવેલા ભોગોની સ્મૃતિનું કારણ છે. માટે સંગથી હંમેશા દૂર રહેવું જોઈએ.

કામભાગો રોગરુપ છે તેથી તેને તો દૂરથી જ છોડી દેવા જોઈએ. કામભોગમાં આસક્ત પુરુષ ક્યારેય સંયમનું પાલન કરી શકતો નથી. જેમ નબળા બળદને ગમે તેટલા મારો-ઝૂડો, પણ તે

આગળ ચાલવાને બદલે ઊલટો ચળિયો થઈને બેસી પડે છે. તેવી જ દશા વિષય રસ ચાખેલા મનુષ્યની છે. વિષયોમાં લેશ માત્ર સુખ નથી તથા તે ક્ષણભંગુર છે એમ જાણવા છતાં આયુષ્ય પણ નશ્વર છે તેવું જાણવા છતાં છેવટ સુધી કામભોગને વળવી રહે છે. માટે કામભોગોના સ્વરુપને સમજી તેનો ત્યાગ કરવો જોઈએ.

બધાંએ પોતાના કર્મો ભોગવવાં જ પડે છે. ભોગવ્યા વિના તેનાથી મુક્તિ થતી નથી., જાગૃતિ દુર્લભ છે માટે સંબોધિ પ્રાપ્ત કરવી જોઈએ. આત્મકલ્યાણ સારું તીવ્રતાથી કમર કસવી જોઈએ.

આમ, આ અધ્યયનમાં આત્મકલ્યાણની પ્રાપ્તિ માટેનો માર્ગ અને તેની વચ્ચે આવતા આવરોધો દૂર કરવાનો ઉત્તમ ઉપદેશ આપ્યો છે. પ્રત્યેક આગમમાં આવી આત્મકલ્યાણની વાતો પદે પદે કરેલી છે તેથી આત્મકલ્યાણ માટે આગમો અમૂલ્ય દસ્તાવેજ સમાન છે. જેઓ આગમોને નિરંતર અભ્યાસ કરે છે. સ્વાધ્યાય કરે છે તે જીવનમાં અપૂર્વ અવસર પ્રાપ્ત કરી કલ્યાણ સાધી શકે છે.

# જિનાગમ : આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

■ ડૉ. જવાહર શાહ

અમદાવાદ સ્થિત જૈનધર્મના અભ્યાસુ, જવાહરભાઈ જૈનધર્મના વિષયમાં Ph.D. કરેલ છે. જૈન સાહિત્ય જ્ઞાનસત્ર અને સંમેલનોમાં ભાગ લે છે.

દસ્તાવેજ શબ્દનું મૂલ્ય ઘણું છે, પરંતુ તે શબ્દ થોડો ભારે લાગે છે પણ આત્મસુધારણા પુષ્પના ખીલવા જેવી પ્રક્રિયા છે તેથી તેને હું ચિત્તની પ્રસન્નતા જોડે સાંકળું છું.

એ સાધુનું નામ આનંદસાગર પૂ. ઝવેરસાગરજીના શિષ્ય. બન્નેનો સંયોગ માત્ર નવ મહિના જ! કાળધર્મ વખતે પૂ. ઝવેરસાગરજીએ ઝવેરસાગરના મસ્તકે હાથ મૂક્યા અને કહેલું, 'બેટા, આગમોનું ધ્યાન રાખજે.' આગમોની પાછળ પૂ. આ. સાગરાનંદસૂરીજીએ પોતાનું જીવન સમર્પિત કર્યું અને આપણને આગમોદ્ધારક પ્રાપ્ત થયું.

આગમો પ્રત્યેનો આપણો અભિગમ કેવો હોવો જોઈએ? ઈતિહાસમાં તેનું દૃષ્ટાંત મળે છે. પ્રકાંડ રાજ પુરોહિત અને દિગ્ગજ વિદ્વાન જ્યારે આચાર્ય હરિભદ્રસૂરિ થયા ત્યારે તેમણે ગદ્ગદ્ કંઠે કહેલું, 'દૂષમ કાળના દોષથી દૂષિત એવા અમારા જેવાને આ જિનાગમ પ્રાપ્ત ન થયા હોત, તો અમારા અનાથ અને દુર્ભાગી આત્માનું શું થાત!'

વિચારોનું ઉદ્ગમ બિંદુ જિન શાસનના આચારમાં છે. વ્યવહાર આચારથી ઘડાય છે. હિંસાના સાધનોનું જ્ઞાન પામી તેમાંથી વિરમવું એટલે શસ્ત્રપરિજ્ઞા. આત્માને લગતી અઢાર પ્રકારની ભાવદિશાઓ સમજી છ પ્રકારના જીવોની રક્ષામાં જ મુનિપણું કહ્યું છે.

લોકવિજય એટલે કષાયવિજય આ ક્રિયામાં આઠ પ્રકારનાં કર્મોનો નાશ કરવો અને મનને અવિચારમાં લય કરવું. જિનાજ્ઞામાં ન

રહેનાર જ્યારે રોગમાં સપડાય ત્યારે થતી જીવની દશા બ્રહ્મદત્ત ચક્રવર્તીના દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરી છે.

અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગોએ કેવી શુભ ભાવના ભાવવી તેનું અહીં નિદર્શન છે. રામચંદ્રજીને સીતાજીએ અચ્યુતકેન્દ્ર તરીકે શીત ઉપસર્ગ કર્યો ત્યારે સમતા રસમાં ઝીલતા રામ કે ઈલાચીકુમારનો વૈરાગ્ય અને પ્રતિપક્ષે ગજસુકુમાર મુનિને સૌમિલ બ્રાહ્મણે કરેલા ઉષ્ણ ઉપસર્ગ વિચારમાં મૂકી દે છે. સુપ્ત તે સંસારી અને અસુપ્ત તે મુનિ. આ વ્યાખ્યા જ જાગૃતિનું મહત્ત્વ દર્શાવે છે. આહારમાં આસક્તિ અને ગાડરિયા પ્રવાહમાં વહી જવું તે મુનિનું લક્ષણ નથી.

ગર્ભાવસ્થાનાં દુઃખો જોઈ, ક્ષણભંગુર વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવનાર પણ, શ્રુત પ્રત્યે દરકાર ન રાખનારને ઉણોદરી તપનું વિધાન અહીં કર્યું છે. કર્મોને શાંતભાવે ખપાવે તે વ્યક્તિ ભાવધૂત અને ન ખપાવે તે દ્રવ્યધૂત. ઉપદેશ કોને આપવો? જે સાવધાન છે, મન વચન કાયાના દંડથી રહિત છે તથા પ્રાજ્ઞ કે સમાહિત છે તેને. આ સાથે ધર્મકથનનો વિધિ સમજાવ્યો છે. નારકનું વર્ણન અને નિંદા પણ પરસ્પરથી દૂર નથી.

અહીં મરણના પ્રકારો, આહાર કેમ ઓછો કરવો, દૂષિત આહારનો ત્યાગ અને પરિષહોને કેમ સહન કરવા તથા અનશનનું વર્ણન કર્યું છે. ભગવાન મહાવીરની દિનચર્યાને આત્મસુધારણાની દીવાદાંડી કહી છે.

નાસ્તિક અને અન્ય દર્શનોના તત્ત્વજ્ઞાનમાં રહેલો આંતરવિરોધને સ્પષ્ટ કરી કર્મની દાર્શનિકતાની અનિવાર્યતા એ આત્મસુધારણાનું બીજું કદમ છે. ઈશ્વર નહિ, કર્મ જ જીવન અને જગતની ગતિવિધિમાં સંગતતા આણે છે.

સૂર કે સંગીતની અસર જીવન પર પડે છે તે દર્શાવતું વેતાલીય અધ્યયન ઋષભદેવની સંગીતમય દેશના અને પરિણામે ૯૮

પુત્રોમાં વૈરાગ્ય (સંસાર નિવૃત્તિ)નું રહસ્ય છતું કરે છે.

એક મોટી વાત એ કહી છે કે યજ્ઞાદિ પ્રવૃત્તિમાં મોક્ષ માન તે કુશીલ છે. સમ્યગ્દર્શન એ જ મોક્ષમાર્ગ છે. પરાક્રમી થવાની પ્રેરણા આપતા બાલવીર્ય અને પંડિતવીર્યની વાત યુક્તિપૂર્વક રજૂ કરી છે. ગુરુસેવાની પ્રેરણા કરવા સાથે નકામી કાયિક-પ્રવૃત્તિને વખોડી પાસત્થ સાધુનો સંપર્ક રાખવો નહીં, સમાધિમાં કેમ રહેવું તેના ભેદ અને તે સમયની આત્મ દશાનો ચિતાર રજૂ કરી મોક્ષનું વર્ણન તથા વ્યાખ્યા કરી છે.

ભગવાનના ઉપદેશકથનનાં સ્થળને સમવસરણ કહે છે. લોકમાં શૂન્યતા ક્યાંય નથી સમગ્ર લોક, ષડ્દ્રવ્યોથી ભરેલાં છે. ષડ્દર્શનનું વર્ણન કરી જે 'છે' તેવા ધર્મનું નિરુપણ કરેલ છે.

જ્ઞાનની ધારણી કરી તેનું વર્તમાન પાલન કરી મનુષ્યની મોક્ષ માટેની લાયકાત સિદ્ધ કરવી રહી. ગુરુની નિશ્રામાં સમાધિલાભ પ્રાપ્ત થાય તે દર્શાવેલ છે.

સમત્વની સાચી વ્યાખ્યા-સાચો બ્રાહ્મણ, સાચો શ્રમણ થે અને સાચો શ્રમણ સાચો બ્રાહ્મણ છે. પુંડરિક અને કંડરિકના દૃષ્ટાંત દ્વારા બે ભાઈઓના શુભાશુભ ભાવનું દર્શન કરાવ્યું છે. ઈશ્વર જગતકર્તા કે પ્રહર્તા નથી. અમુક અપેક્ષાએ નિયતિ જેવું કંઈ નથી. પુરુષાર્થનો પણ એમાં ફાળો છે. એવું શ્રુતમાં નિરુપણ છે.

હવે આગમોનાં કેટલાંક સૂત્રો જોઈએ, રસદર્શન કરીએ.

ખણં જાણાહિ પંડિએ (એ પંડિત તું ક્ષણને જાણ, તું તારી એક ક્ષણને અપ્રમાદ ઉદાસીનતાથી ભરી દે.)

પ્રભુએ આપણી સાધના કેટલી સંક્ષિપ્ત કરી આપી!

ભૂતની ક્ષણ વ્યતીત થઈ ગઈ પણ, ભવિષ્યની ક્ષણ આવી નથી. અત્યારે તો તારી સામે એક ક્ષણ છે. જેને તારે ભરવાની છે.

'વર્તમાન જોગ' મુનિ બોલે છે, તેનો અર્થ શું? અહીં તો ગુરુની

આજ્ઞા જ શિરોધાર્ય છે. 'આવું છું તેવું વચન પણ નહિ અને નહિ આવું તેવું વિધાન પણ નહિ. અને સંબંધ ફક્ત ક્ષણ જોડે છે. જે વર્તમાનની ક્ષણ છે. કેટલી સરસ આ સાધના!'

મુનિ અપેક્ષાની પેલે પાર છે...

એક સૂત્ર છે ઍગે આયા.

વિવિધ વિભાવોમાં મમતા ધારણ કરનારના આત્માને નિજભાવમાં સ્થિર કરનાર આ સૂત્ર એ સ્યાદ્‌વાદ શૈલીનું અનોખું ઉદાહરણ છે. જુદા જુદા હોવાનો અનુભવ તે મોહ.

જીવાસ્તિકાય કહે છે આપણે એક છીએ.

એક સૂત્ર છે 'નમો સુઅસ્ત'(શ્રુતને નમસ્કાર)

જિન અને જિનાગમને અહીં એક રુપે સ્વીકારેલ છે. જિન પડિમાંહી જિન સારીખી એક કડી સાથે જિનાગમ પણ સ્વીકારી એ એક કડી સાથે જિનાગમ પણ સ્વીકારી શકાય.

ભગવાન મહાવીરની વાણી પુષ્કરાવર્ત મેઘ જેવી છે. જે વરસ્યા બાદ ૨૧ વર્ષ સુધી વરસાદ ન વરસે તો પણ પાક ઊતર્યા કરે?

ભગવાનના શબ્દોથી આકૃતિ ઊભી થઈ - તે બ્રાહ્મી. મૂળ શબ્દ છે - બ્રહ્મ - પરમાત્મા. તેમનું બોલેલું તે બ્રાહ્મી. ભગવાનનો અક્ષર દેહ.

આ અક્ષરદેહ સહુનું મંગળ કરો.

જૈન સાહિત્યમાં ઊંડો રસ ■ ચીમનલાલ કલાધર
સંપાદન, સંશોધન-લેખનમાં સતત પ્રવૃત્તિ - પુસ્તકો તથા અનેક લેખો પ્રગટ કર્યા છે.

આ વિશ્વમાં માનવીને ઉર્ધ્વગામી બનાવનાર શિક્ષણ કોઈ હોય તો તે ધાર્મિક શિક્ષણ છે, આધ્યાત્મિક શિક્ષણ છે.

જૈન ધર્મમાં ધાર્મિક શિક્ષણને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે, પરંતુ ખેદની વાત એ છે કે આજે સિનેમા, ટી.વી., અને વિડિયોના યુગમાં આપણી જૈન શાળાના બાળકોની સંખ્યા સતત ઘટતી રહી છે. અરે કેટલાય સ્થળે તો જૈનશાળા બંધ કરી દેવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે. આના કારણમાં ઉંડા ઉતરીએ તો જણાશે કે આ ગંભીર પરિસ્થિતિના જવાબદાર આપણે પોતે જ છીએ. અંગ્રેજી શિક્ષણના ઘોડતુરમાં તણાતા તણાતા આપણે આપણા ધર્મ શિક્ષણની મહત્તા સમજી શક્યા નથી. કે નથી આપણા બાળકોને તેની ઉપયોગીતા સમજાવી શક્યા. આપણા બાળકોમાં ધાર્મિક શિક્ષણ માટે રસ, રુચિ અને ઉત્સાહ જાગૃત થાય તેવી કોઈ તકેદારી પણ આપણે કેળવી શક્યા નથી. ધર્મને આપણે ઉત્કૃષ્ટ મંગળરૂપ માનીએ છીએ, આલોક અને પરલોકનું કલ્યાણ કરનારો સમજીએ છીએ પરંતુ આપણા બાળકોના ધાર્મિક શિક્ષણના પ્રશ્ને આપણે એટલા સજાગ રહ્યા નથી. સમયના પરિવર્તન સાથે વ્યવાહિરક કેળવણીનું મહત્ત્વ વધ્યું છે તેની સાથે ધર્મશિક્ષણ તરફની આપણી આવી ઘોર ઉપેક્ષા હિતાવહ નથી.

માનવ જીવનની પ્રત્યેક પ્રવૃત્તિને ઉન્નત બનાવનાર છે ધર્મ. ધર્મ એ માનવ જીવનનાં ઉત્થાનનું પગથિયું છે અને એથી જ જૈનધર્મમાં ધાર્મિક શિક્ષણ પર વિશેષ ભાર મૂકાયો છે. આપણા બાળકોમાં જો ધર્મ શિક્ષણ ન હોય તો તેમનું જીવન અંધકારમય બની જશે. ધર્મ સંસ્કાર જ તેમને સંકટ સામે ઝઝુમવાની શક્તિ આવશે. આજે આપણે

આપણા બાળકો ધર્મ શિક્ષણ લેવા જૈન શાળાએ જાય છે કે નહિ તેનો ખ્યાલ રાખતા નથી. બાળકોને ફરજિયાત જૈન શાળાએ મૂકવાનું તો આપણે શિખ્યા નથી. પરિણામે આપણાં બાળકો મૂલ્યવાન એવા ધર્મશિક્ષણથી વંચિત રહી જાય છે. તીર્થંકર જડવાદના આ જમાનામાં આપણે જો ટકી રહેવું હશે તો ધર્મ શિક્ષણની મહત્તા સમજવી જ પડશે. આપણે આપણા બાળકોના ધાર્મિક શિક્ષણ માટે શું રોજનો એકાદ કલાક પણ ન ફાળવી શકીએ? ખાસ કાળજી રાખી આપણા બાળકોનાં ધર્મ શિક્ષણ પ્રત્યે રસ, રુચિ અને ઉત્સાહ વધે તેમા પગલા આપણે શા માટે ન ઉઠાવી શકીએ.?

આપણી જૈનશાળાના બાળકોમાં ધર્માભ્યાસની રસ, રુચિ અને ઉત્સાહ વધે તે માટે મારી દૃષ્ટિએ તેનો આદર્શ અભ્યાસક્રમ આ પ્રમાણે હોવો જોઈએ.

(૧) આપણી જૈનશાળામાં અપાતા શિક્ષણમાં હવે ક્રાંતિ લાવવાની જરૂર છે. આપણાં બાળકોને જૈન શાળામાં સૂત્રો ગોખાવવામાં આવે છે તેના કરતાં એક સૂત્ર કંઠસ્થ થાય કે તુરત જ તેનો અર્થબોધ કરાવવામાં આવે તે પછી જ બીજું સૂત્ર સમજાવવું જોઈએ.

(૨) આપણી જૈન શાળામાં સૂત્રોની સાથે જૈનધર્મનું પ્રાથમિક જ્ઞાન, જૈનધર્મનો ઇતિહાસ, દેવ-ગુરુ-ધર્મ વિષેની સમજ, જૈન સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, પર્વ તિથિ, જૈન પર્વો, નવપદજી સામાયિક, પ્રતિક્રમણ, વગેરે વિષયો પરનું જ્ઞાન અને સમજ વખતોવખત આપવી જોઈએ.

(૩) આપણા સમાજના બાળકો મોટા ભાગે અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં ભણે છે. આવી સ્કૂલોમાં માતૃભાષા ગુજરાતીનો વિષય ન હોવાના કારણે આ બાળકો ગુજરાતી ખોવી શકે છે પણ ગુજરાતી લખી, વાંચી શકતા નથી. આપણું મોટા ભાગનું ધર્મ સાહિત્ય ગુજરાતી ભાષામાં છે. તેથી આવું આવશ્યક સાહિત્ય અંગ્રેજીમાં અનુવાદિત થાય અને તેને જૈન શાળાના બાળકો સુધી પહોચાડાય તેવા પ્રયત્નો થવા જોઈએ.

(૪) જૈનશાળામાં ગુજરાતી શીખવવાના વર્ગ પણ શરૂ કરાવવા

જોઈએ. જેથી અંગ્રેજી માધ્યમમાં ભણતા આપણા બાળકો માતૃભાષા ગુજરાતી પર પણ પુરેપુરું પ્રભુત્વ ધરાવી શકે. અને આપણું ધર્મ સાહિત્ય વાંચી શકે, તે પર લખી શકે.

(૫) જૈનશાળામાં ભણતા આપણા બાળકોને જૈન પારિભાષિક શબ્દો, જૈન તીર્થંકરો અને અન્ય વિષયના ચિત્રો તૈયાર કરી તે ચિત્રોથી સમજ આપવાથી સારું પરિણામ આવી શકે.

(૬) જૈનશાળાના બાળકો માટે સૂત્રોનો જૈન ધર્મના તત્વજ્ઞાનનો અને કથા સાહિત્યનો અભ્યાસક્રમ બાળકોની ઉત્તર પ્રમાણે ડિવિઝન (વિભાગ) વાર તૈયાર કરવો જોઈએ.

(૭) આજનો યુગ વિજ્ઞાન અને ટેકનોલોજીને યુગ છે. આજની આપણી નવી પેઢી આવા જ્ઞાનથી સુપરિચિત થવા લાગી છે. કમ્પ્યુટર, લેપટોપ, ઈન્ટરનેટ જેવા આધુનિક માધ્યમોથી દુનિયાના લોકો એકબીજાની નજીક આવવા લાગ્યા છે. ત્યારે આપણે આપણી જૈન શાળામાં પણ આવા આધુનિક સાધનોનો ઉપયોગ કરી બાળકોની જિજ્ઞાસા આવા જરૂરી માધ્યમો સારા સંતોષવાનુ કાર્ય થાય તો આજની નવી પેઢીમાં આપણા જૈનત્વના સંસ્કારો અકબંધ જળવાઈ રહેશે એમ મારું માનવું છે.

(૮) જૈનશાળાના બાળકોની હર ત્રણ મહિને મૌખિક અને લેખિત પરીક્ષા લેખી જોઈએ અને વર્ષના અંતે વાર્ષિક પરીક્ષાનું આયોજન કરવું જોઈએ.

આજનું બાળક એ આપણી એક્વીસમી સદીનું બુદ્ધિ પ્રતિભા ધરાવતું બાળક છે. ધર્મ પ્રત્યે તેની શ્રદ્ધા ટકી રહે, ધર્મ પ્રત્યે તેનો અનુરાગ વધે, ધર્મ પ્રત્યે તેના સંસ્કારો જળવાઈ રહે તેવા પ્રયત્નો આપણે સૌએ કરવા જોઈએ. આજની નવી પેઢી આપણા ધર્મ સંસ્કારોનો વારસો સંભાળી શકશે એટલું જ નહિ આપણી જૈન ધર્મની ગરિમા વધુને વધુ ગગનગામી બનાવી શકશે. આ મહાન કાર્ય ક્યારે થઈ શકે કે આપણી નવી પેઢીને આપણાએ ખરા જૈનત્વથી સુપરિચિત કરી શકીએ. આ અત્યંત ઉપકારી કાર્ય આપણી જૈનશાળાઓ અને આપણા સાધુ-સાધ્વી ભગવંતો જ કરી શકશે તેમાં મને લેશ માત્ર શંકા નથી.

# જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા

**■ બીના ગાંધી**

**બી.એ. કૉમ્પ્યુટર, વિજ્ઞાન, ધાર્મિક કલ્ચર અને યોગિક શિક્ષણમાં ડિપ્લોમા કોર્સ કર્યો છે. યોગ શિક્ષણ કાઉન્સેલર. સામયિકોમાં મનનીય લેખ લખે છે.**

જૈનશાળાનાં આદર્શ અભ્યાસક્રમની રુપરેખા તૈયાર કરવી હોય તો તેનાં બધાં પાસાંને (જૈનશાળા, બાળકો, અભ્યાસક્રમ, આદર્શ), અનેક દૃષ્ટિથી જાણવા પડશે. આમાં ઊંડાણ, વિચાર, ચિંતન, દીર્ઘદૃષ્ટિ, અનુભવ જોઈશે, વિવેકદૃષ્ટિ જોઈશે, જેથી આદર્શ રુપરેખા તૈયાર થાય

**(I) જૈનશાળાઃ-**

એટલે એવી શાળા જ્યાં જૈનધર્મનું શિક્ષણ અપાતું હોય. જ્યાં જૈનધર્મની પ્રકૃતિ, જૈનધર્મનાં સિદ્ધાંતોનો પરિચય અને અભ્યાસ કરાવવામાં આવે.

**૧) જૈનધર્મ કોને કહેશું ?**

જૈન એટલે જિન, જેમણે પોતાની અંદરનાં શત્રુ (રાગ-દ્વેષ-મોહને) કહ્યા છે અને પોતાના આંતરિક ગુણોને ખીલવ્યાં છે. આત્માની શુદ્ધિ કરી છે. કર્મોનો નાશ કર્યો છે, તે જિન, તીર્થંકર એમણે બતાવેલાં માર્ગે જે ચાલે તે જૈન કહેવાય.

वत्थु सहावो धम्मो।। વસ્તુનો સ્વભાવ તે જ ધર્મ, આત્માનો સ્વભાવ તે આત્મધર્મ, રાગ-દ્વેષ કર્યા વગર, કેવળ જોવું અને કેવળ જાણવું, તે જ આત્મધર્મ, અનાદિ કાળથી જીવમાત્ર, સ્વભાવ ભૂલીને પરભાવમાં અને ભવભ્રમણમાં ભટકી રહ્યો છે, તે પોતાના ભૂલાયેલાં સ્વભાવને પામવા પુરુષાર્થ કરે, તે દ્વારા વિભાવને દૂર કરે અને શુદ્ધ આત્માનું દર્શન કરે. આદિનાથ ભગવાનથી આરંભી મહાવીર સ્વામી સુધીનાં ૨૪ તીર્થંકરોએ, અનંતા કેવળી ભગવંતોએ, આ પુરુષાર્થ કર્યો, પરિણામે કેવળજ્ઞાન, કેવળદર્શન પામી સિદ્ધ

થયા, સ્થિત થયા છે. આ સિદ્ધત્વની યાત્રા કરવાની પ્રેરણા અને માર્ગદર્શન આપણને આગમો દ્વારા મળે છે, ગુરુભગવંતો દ્વારા મળે છે. અને પછી જૈનશાળામાં તેનું પ્રશિક્ષણ અપાય છે.

આ જૈનશાળા કેવી હોવી જોઈએ? (આદર્શ જૈનશાળામાં નીચેનાં સિદ્ધાંતોનું પાલન થાય)

ચાર અંગોની પ્રાપ્તિ

**यन्तारि परमंगाणि, दुल्लहाणिह जंतुणो।**

**माणसुतं सुई सध्धा, संजमम्मिय विरियं।** (ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩-૧)

આ સંસારમાં જીવોને ચાર શ્રેષ્ઠ અંગોની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

૧) મનુષ્યજન્મ :- જન્મ મળ્યા પછી મનુષ્યત્વ, માણસાઈ, માનવતા લાવવી, ખીલવવી.

૨) ધર્મશાસ્ત્ર, સિદ્ધાંતનું શ્રવણ કરવું (સમ્યક્‌જ્ઞાન)

૩) શુદ્ધ ધર્મમાર્ગ પર શ્રદ્ધા થવી (સમ્યક્‌દર્શન) (પોતાની સમજણ-ચિંતન) દ્વારા પ્રગટેલી શ્રદ્ધા

૪) સંયમ - ચારિત્રને વિશે પરાક્રમ ફોરવવું (સમ્યક્‌ચારિત્ર) (શ્રદ્ધામાંથી પ્રગટેલું આચરણ)

બિન સાંપ્રદાયિકતા :- (કષાય મુક્તિ)

**नाशाम्बरत्वे न सिताम्बरत्वे, न तर्कवादे न च तत्त्ववादे।**

**न पहीसेवा डड श्रयणेन मुक्तिः**

**कषाय मुक्ति किल मुक्तिरेव** (ઉપદેશ તરંગીણી)

કોઈપણ માણસ, ગમે તે નામથી ઓળખાય, એની કશી હરકત નથી. એક વ્યવસ્થા તરીકે સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા છે પરંતુ જો તે એમ માની બેસે કે દિગમ્બરત્વમાં (નગ્ન રહેવામાં) જ મુક્તિ છે અથવા શ્વેતામ્બરત્વમાં (વસ્ત્ર ધારણ, કે શ્વેત વસ્ત્ર ધારણ કરવામાં જ મુક્તિ છે, અથવા તર્કવાદ કે તત્ત્વવાદમાં જ મુક્તિ છે, કે પછી માત્ર પોતાનાં પક્ષની સેવા કરવામા

(સાંપ્રદાયિક ''વાડા''માં) જ મુક્તિ છે. તો આ બધી માન્યતાઓ ખોટી છે. કિંતુ કષાયો (રાગ-દ્વેષ-મોહ)થી મુક્તિ, એ જ સાચી મુક્તિ છે, મુક્તિ એટલે જ મોક્ષ. આ પ્રકારનો ઉપદેશ આપણને ''ઉપદેશતરંગીણી''ના શ્લોકમાંથી મળે છે.

iii) અનેકતામાં એકતા

यित्रा तु देशना, तेषां स्याद विनेयानुगुण्यतः।

यस्मादे ते महात्मानो, भव-व्याधि-भिषवरा।। (યોગદૃષ્ટિસમ્મુચ્ચ ૧'૩૨)

**અર્થ** : શ્રી હરિભદ્રાચાર્ય જણાવે છે કે સર્વજ્ઞાની, મહાત્માઓની દેશના, જ્ઞાનોપદેશ કે ધર્મોપદેશ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે કારણ કે શિષ્યો કે શ્રોતાઓની પાત્રતા ભિન્ન ભિન્ન હોય છે. ઉન્નતિ એકદમ સાધી શકાતી નથી કિંતુ તે ક્રમિક હોઈ શકે છે, એક પછી એક પગથિયે તેમાં આગળ વધી શકાય છે. કૂદકો મારવા જતાં પગ ભાંગી જવાનો મોટો ભય છે અને ઘણાય લોકો પગ ભાંગી પણ બેઠા છે, એવાં અનુભવો થયા છે. સર્વજ્ઞ મહાત્માઓ ભવરોગનાં મહાન વૈદ્યો છે. જેમ કુશળ વૈદ્ય, પોતાનાં દર્દીઓનાં જુદાં જુદાં રોગોની પરીક્ષા કરી, તેમને દવા તેમજ પથ્યાપથ્યની સૂચના કરે છે, તેમ ભવરોગનાં મહાન વૈદ્યો પણ પોતાનાં શિષ્યો। શ્રોતાજનોની યોગ્યતા અને અધિકારને અનુસરી જુદી જુદી દેશના આપે છે પણ આશળ એક જ હોય છે.

**iv) ધર્મ કેવો હોય?** (અનેકાંતદૃષ્ટિઃ અને અહિંસા)

धम्मोमंगल मुक्खिदृढ, अहिंसा संजमो, तवो (દશવૈકાલિક સૂત્ર-અધ્યયન ૧-૧)

**અર્થ** : અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ જ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે. જીવનના બે અંશો છે. વિચાર અને આચાર. આ બંનેને સુધારવા જિનેન્દ્ર ભગવાન મહાવીર સ્વામીએ જગતને બે ઔષધિઓ આપી ૧) અનેકાન્તદૃષ્ટિ ૨) અહિંસા. પહેલી વિચારદૃષ્ટિને શુદ્ધ કરી તેને સમ્યગ્દૃષ્ટિ બનાવે છે અને બીજી આચારને શુદ્ધ કરે છે.

**v) સમભાવ :**

**सेयम्बरो य आसम्बरो य बुध्धो य अहव अन्नो वा।**

**समभाव भावि अप्पा भदई मूक्खं न सन्देहो।।** (સમ્બોધિસપ્તતિ)

અર્થ : શ્વેતામ્બર હોય કે દિગમ્બર હોય અથવા બૌદ્ધ હોય કે અન્ય કોઈપણ હોય જો તે સમભાવથી ભાવિત હોય તો અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.

**vi)** વીતરાગતા : (નહિ કે વેશપ્રાધાન્ય)

**मोक्षप्राप्ति प्रति न वेशप्राधान्यम्, किन्तु समभाव एव निवृत्तिहेतुः।।** (સમ્બોધસપ્તિ)

જૈનાગમ કૈવલ્ય। મોક્ષપ્રાપ્તિ માટે વૈશ વિશેષને નિયત કરાવતું નથી. કારણ વીતરાગતા એ માનસિક યા આંતરિક ધર્મ છે અને જ્યારે સાચી વિતરાગતા પ્રગટે છે, ત્યારે તેનો પ્રભાવ વિચાર, વાણી અને વર્તનમાં પ્રગટે છે.

**-इत्थीलिंगसिद्धा, पुरिसलिंगसिध्धा, सभिंग सिध्धा,**

**अन्नभिंगसिध्धा, गिदीभिंगसिध्धा।।** (પન્નાવણસૂત્ર, પ્રજ્ઞાપનાપદ ૧)

માણસ ગૃહસ્થલિંગે હોય કે સાધુલિંગે, પુરુષ હોય કે સ્ત્રી સ્વસંપ્રદાયના વેશ હોય કે અન્ય ધર્મસંપ્રદાયનાં વેષમાં હોય, કોઈ પણ હાલતમાં હોય, જો વીતરાગતાને પ્રાપ્ત કરે તો અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે. એ જ પાયારૂપ ધર્મ છે, સદાચરણ જ પાયારૂપ ધર્મ છે એ વગરની કોઈ પણ માન્યતાઓ, મંતવ્યો કે બાહ્ય ક્રિયાકાંડો તારવા સમર્થ નથી, એ વાત લક્ષમાં રાખવા યોગ્ય છે.

**II) બાળકો :-**

માતા પિતાને મોટી ચિંતા બાળકોના ભવિષ્યની હોય છે. એમને સમાજમાં રહેવાનું પગભર થવાનું છે. પોતાનું વ્યક્તિત્વ ખીલવાનું છે. આત્મવિશ્વાસ, સેલ્ફ એસ્ટીમ વધારવાનાં છે. શારીરિક, માનસિક, emotional, આધ્યાત્મિક વિકાસ કરી ધર્મ, અર્થ, કામ, મોક્ષના પુરુષાર્થમાં balance જાળવવાનું છે. શાળા કૉલેજમાં ભણી

degree મેળવવાની છે. ખૂબ અભ્યાસ કરવાનો છે. management time Mgt, Stress, mgt. કરવાનું છે. money competitionની દુનિયામાં આગળ રહેવાનું છે, નહિ તો ફેંકાઈ જાય. આવાં વાતાવરણમાં પોતાનુ ભવિષ્ય બનાવવાનું છે. જવાબદારી લેવાની છે. બધાં તરફથી સતત pressure શિખામણો આવતાં જ હોય Do's and Don't'sમાં confuse થતો બાળક પોતે તો ઈચ્છે છે કે સ્વતંત્ર વિચારશક્તિ ધરાવે, નિર્ણય લે પણ નથી કરી શકતો. બાહ્ય દુનિયામાં mall culture, સાધનોની છૂટછાટ એને વિષય કષાયની ખાઈમાં ધકેલે છે. એ તો સતત ઝઝૂમી જ રહ્યો છે. હવે આવાં બાળકોને જૈનશાળામાં અભ્યાસક્રમ એવો આપીએ કે એની બધી ગૂંચવણો દૂર થાય, જરૂરિયાતો સચવાઈ જાય સાથે-સાથે આત્મવિકાસ પણ થાય શું આ શક્ય છે? હા, જો આપણી જૈનશાળાનો અભ્યાસક્રમ આદર્શ હોય તો.

અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ? ક્યા સિદ્ધાંતો પર આધારિત હોય? આપણે અગાઉ જોઈ ગયાં તેમ જૈનધર્મ એ કોઈ સંપ્રદાય નથી. એ જીવન છે જીવનવિધિ છે. જીવનચર્યા છે. જીવન જીવવાની કળા છે. એમાં આચાર-વિચાર આહાર-વિહાર આ બધાંનો સમાવેશ થાય છે. અહિંસા, સત્ય, સંયમ, તપનો માર્ગ પકડનાર વ્યક્તિ કોઈ પણ દેશ-જાતિ-કુળ, વંશ-સંપ્રદાયનો હોય તો તે અવશ્ય જૈન છે અને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, એમ જૈનધર્મ કહે છે. આ ધર્મની ચાર મુખ્ય વિશેષતાઓ આપણાં અભ્યાસક્રમમાં આવવી જોઈએ. આ ચાર પાયા છે.

૧) અનેકાન્ત ૨) અહિંસા ૩) અપરિગ્રહ ૪) કર્મવાદ

આમ જુઓ તો અહિંસામાંથી અનેકાંતદૃષ્ટિ સ્ફૂરે છે અને અનેકાંતદૃષ્ટિનાં યોગે અહિંસા જાગૃત થાય છે આમ બંનેનું ઘનિષ્ઠ સગપણ છે. હિંસામાં અસત્ય, ચોરી વગેરે બધા દોષો અને બધી બૂરાઈઓનો સમાવેશ થઈ જાય છે અને આ બધા દોષો (હિંસા,

જૂઠ, ચોરી, લુચ્ચાઈ) વગેરે પરિગ્રહનાં આવેશમાંથી જન્મે છે માટે ત્રીજો પાયો તો અપરિગ્રહનો. આ બધાં દોષો સમાજમાં વિષમતા આણે છે, જે કર્મબંધ કરાવે છે અને ભોગવડાવે છે આ થયો ચોથો પાયો, કર્મનાં સિદ્ધાંતનો આ ચાર પાયા આપણાં અભ્યાસક્રમમાં વણાઈ જવા જોઈએ, ત્યારે જ બાળકનું ઘડતર થશે. હવે આ ચાર પાયાની વાતો સાથે નવતત્ત્વ, ૧૨-૧૬ ભાવના, ૪ કષાય દૂર કરવા ૧૦ પ્રકારનો યતિધર્મ વ્યાપવો. (ક્ષમા, માર્દવ, સરળતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય શૌચ, અપરિગ્રહ, બ્રહ્મચર્ય) તેમ જ નવ નો કષાય (હર્ષ, રતિ, અરતિ, ભય, શોક જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપૂસંકવેદ)ને દૂર કરવા. સાથે સામાયિક, પ્રતિક્રમણ, આવશ્યક ક્રિયાઓ પણ ચોક્કસ કરો. પણ આ મૂળભૂત વાતો જાણ્યા. (સમજ્યા વગરનું બધું માત્ર પોપટિયું જ્ઞાન કે બાહ્ય ક્રિયાકાંડ routine બનીને રહી જશે. બધું એકડા વગરનાં મીંડા જેવું માટે આ ચાર પાયા મજબૂત કરી આગળ વધવું. સાથે સદાચાર, ધ્યાન, પ્રાણાયામ યોગ, પ્રાર્થના, સ્વાધ્યાય બધું જ આવરી લઈ શકાય પણ માત્ર ક્રિયા નહિ જ. આથી બાળકનો શારીરિક, માનસિક, આધ્યાત્મિક, emotional દરેક પર વિકાસ થશે જ. જૈનશાળામાં આવનાર વ્યક્તિને ધર્મની ભૂખ હોવી જરૂરી છે નહિ તો જિનનો પૂજક મટી જિનશાળાનો પૂજક બની જશે. વાસ્તવિક ધર્મ એ ચારિત્ર છે. આચરણ છે. આ માર્ગને સમજવો તે સમ્યક્જ્ઞાન છે. તે માર્ગમાં, સાધનામાં શ્રદ્ધા (પોતાનાં ચિંતન દ્વારા મેળવેલી) હોવી તે સમ્યગદર્શન છે અને તેનું સમ્યક્...... તે સમ્યગચારિત્ર છે. આ આચરણ પાલન એ આપણાં અભ્યાસક્રમનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઈએ. અનીતિ, અન્યાય, અસંયમને છોડવાનાં છે. તત્વાર્થની શ્રદ્ધા કરવાની છે. સદ્‌ગુણો કેળવવાના છે. શાસ્ત્રો ભણવાથી સીધો અનુભવ સર્જાતો નથી પણ શાસ્ત્રોપદેશનાં યોગ્ય પરિશીલન બાદ જ્યારે અંતર્યોગની સાધનાનો

માર્ગ ગ્રહણ કરાય ત્યારે તેનાં વિકાસમાંથી શાસ્ત્રોથી ન મેળવી શકાય તેવો અનુભવ પ્રાપ્ત થાય છે. જેમ સુવર્ણનું પરીક્ષણ ઘર્ષણ, છેદન, તાપન અને તાડન એમ ૪ પ્રકારથી થાય છે તેમ શાસ્ત્રનું પરીક્ષણ શ્રુત, શીલ, તપ, દયા/અહિંસા એ ૪ગુણોથી થાય છે. જૈનશાળાના અભ્યાસક્રમમાં આવો ધર્મ વણાયેલો હોવો જોઈએ. અભ્યાસક્રમ પરીક્ષાલક્ષી કે સરખામણીવાળો પછી પારિતોષિક કે punishment પર આધારિત ન હોય (so not based on prize competition, punishment or exams) ભલે, પરીક્ષા હોય પણ પરીક્ષાલક્ષી તો ન જ હોય, ઈનામ આપો પણ લક્ષ્ય આ લાલચનું ન હોય. ટૂંકમાં આચરણલક્ષી જ હોય. આવી ધર્મસાધનાથી જીવનમૂલ્યો ખીલે છે.

IV) આદર્શ અભ્યાસક્રમ વ્યક્તિગત હોય.

બાળકોને Practical level પર ૪ પાયાનાં સિદ્ધાંતો પાળી શકાય, તે માટેનાં સૂચનો

૧. અહિંસા)-

૧૦ પ્રાણ (૫ ઈંદ્રિયો, ૩ બળ (મન-વચન-કાયા), આયુષ્ય, શ્વાસ) આ ૧૦ પ્રાણમાંથી એક અથવા વધુને હણવા તે હિંસા છે. આ પ્રાણ પોતાનાં હોય કે બીજાનાં, પોતે કરે, કરાવે કે અનુમોદન કરે એ બધું જ હિંસા માટે તેનાંથી દૂર રહેવું.

– કોઈનું અપમાન કરવું, નિંદા કરવી, ચુગલી કરવી, કોઈને કરાવવા કે કોઈથી ડરવુ, કોઈનું બૂરું ઈચ્છવું, આ બધી ૪ હિંસા માટે તેનાંથી દૂર રહેવું is અહિંસા.

– જૂઠું બોલવું, ચોરી કરવી, બેઈમાની કરવી, ઠગાઈ કરવી, ક્રોધ, માન, માયા, લોભ મદ ઈર્ષ્યા, દ્વેષ આ પણ બધું જ હિંસા છે માટે ન કરવું.

– પ્રમાદ કરવો, છતી શક્તિએ ઉદ્યમ ન કરવો તે પણ હિંસાજ માટે બચવું

– અહિંસા એટલે મતભેદ-મનભેદ દૂર કરવા, બીજાની દૃષ્ટિથી જોવું.

– અહમ્‌ને છોડવો,પોતાનું અસ્તિત્વ જ નથી તેમ નમ્રતાથી રહેવું તે જ અહિંસા.

– હકીકતનો સ્વીકાર કરવો. કલ્પનામાં નથી રહેવાનું તે અહિંસા.

– પરિવર્તન પોતાનું કરવાનું છે. બીજાનું નહિ.

– અહિંસા એટલે જ ઉપયોગમાં રહેવું, introspection કરવું, ૫ ઈન્દ્રિયો અને છઠ્ઠુ મન, તેનાં પર સંયમ કરવો.

– દીન દુખિયાને મદદ કરવી તે પણ અહિંસા જ છે.

૨ અનેકાંતઃ

અનેક + અન્ત અનેકાન્ત = ''અન્ત'' એટલે દૃષ્ટિ, દિશા, અપેક્ષા, બાજુ અર્થાત્ અનેક દૃષ્ટિઓથી, ભિન્ન ભિન્ન અપેક્ષાથી વસ્તુનું અવલોક કે કથા કરવું. બીજાનો point of view સમજવો. બોલીએ ચીએ પણ આચરણમાં લાવવું તો આપણા વ્યવહારમાં, જીવનમાં harmony, સુખ-શાંતિ આવશે.

૩ અપરિગ્રહ :

- સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય વગેરેનો આમાં સમાવેશ થાય.

-સત્યનો સાથ ક્યારેય ન છોડવો. અસત્ય અનિતિથી દૂર જ રહેવું.

- પ્રિય, પથ્ય અને તથ્ય તે જ સત્ય.

- ચોરી ન કરવી, પાંચે ઇન્દ્રિયોનો સંયમ કરવો.

- સંકલ્પબળ, મનોબળ વધારવું.

દ્રવ્ય પરિગ્રહ અને ભાવપરિગ્રહથી દૂર રહેવું, આસક્તિનો ત્યાગ કરવો.

૪ કર્મવાદ

''સારા કર્મનું સારું ફળ, અને બુરાનુ બુરું'' આ નિયમ

ધ્યાનમાં રખાય તો માણસ અશુભ કાર્ય કરતાં કંપે, અચકાય, અને સત્કાર્ય કરવા તરફ પ્રોત્સાહિત રહે. પૂર્વે કરેલાં દુષ્કર્મોનાં કટુ ફળ ભોગવતી વખતે વિચારવું કે રડવાનો કોઈ અર્થ નથી પણ કાર્ય કરતી વખતે, બીજ વાવતી વખતે કર્મવાદનાં જ્ઞાનનો ઉપયોગ કરીએ. વાવીએ તેવું લણીએ. કર્મ ઉદયમાં આવે ત્યારે સમતાથી, સમભાવથી ભોગવી લેવામાં ડહાપણ છે. ક્યાં કામમાં પ્રવૃત્તિ રાખવી, શોમાંથી નિવૃત્તિ લેવી એ વિવેક જાળવવો. આશ્રવ-સંવર-નિર્જરાની સમજણ લઈ ઉપયોગ વધારવો. ૮ કર્મો કઈ રીતે બંધાય, કઈ રીતે ભોગવાય એનું જ્ઞાન લઈ ઉપયોગ રાખવો.

V તારણ (Conclusion)

– જૈનધર્મનાં સિદ્ધાંતોનું પાલન કરશું તો self Mgt. માટેની બધી જ Practices ઉપલબ્ધ છે. જૈનધર્મ જ એક એવો ધર્મ છે, જે વિશ્વધર્મ બની શકે. બધાં જ solutions available છે.

ધ્યાન દ્વારા self transformation કરવાનું છે, રાગ-દ્વેષને નિરંતર પ્રતિક્ષણ હણવાનાં છે, ચિત્તને સ્ફટિક જેવું નિર્મળ કરવાનું છે.

– સામાયિક પ્રતિક્રમણ, આવશ્યકસૂત્રનો અભ્યાસ કરવાનો છે પણ સૂત્ર અને અર્થ બંને સમજાવે કંઠસ્થ કરવું.

– અંગ્રેજી ભાષાનાં વધુ પડતાં આદરથી, સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું જ્ઞાન ગુમાવ્યું છે. re-establish તેને કરવાની તાતી જરૂરિયાત છે. જેથી થોડા અક્ષરોમાં ઘણાં અર્થો સમાવી લેવાની શક્તિ ધરાવનારાં સૂત્રોની સમજ અને રસ-રુચિ વધે.

– આગમોની ભાષા સર્વશ્રેષ્ઠ છે. જે સંસ્કૃત-પ્રાકૃત છે પણ એ ન જાણવાને લીધે શુદ્ધ ચારિત્રવાળાં જ્ઞાની પુરુષોએ જે સૂત્રો અને ક્રિયાઓ બતાવ્યા છે, તેના અભ્યાસમાં કંટાળો, પ્રમાદ, આળસ અનુભવાય છે. જો બાળકો ફ્રેન્ચ, જર્મન જેવી ભાષા શીખી

શકે. તો સંસ્કૃત અને પ્રાકૃત શું કામ નહિ. એ અઘરું કે અશક્ય નથી જ અભિગમનો સવાલ છે, બદલશું?

– મૈત્રી પ્રમોદ-કરૂણા-માધ્યસ્થની ભાવના વારંવાર ભાવીએ.

– ચાર શરણાં, સુકૃતની અનુમોદના, દુષ્કૃતની ગર્હા વારંવાર કરીએ.

જ્ઞાન ક્રિયા જરૂરી છે. કેવળ ભાવનાથી કે તત્ત્વજ્ઞાનનાં બળથી કોઈ જીવોને મોક્ષ થયો નથી.

મૂળ goal છે, Self transformatin, self Mgt., Self-Realisation.

– આથી વિચારોમાં સ્પષ્ટતા આવશે. દર્શન ચોખ્ખું થશે. જીવનનો ઉદ્દેશ સ્પષ્ટ થશે આપણે જવાબદારી લઈ શકશું.

ભવિષ્યની ચિંતા કે ભય વગર પોતાનાંથી બનતો બધો જ પુરુષાર્થ કરવાનો છે ક્ષમતા બહાર કરવાનું કોઈ જ નથી કહેતું. પણ નબળાં વિચાર, નબળી વાતોને છોડો.

– ફરજ સરસ રીતે નિભાવી શકશું.

– પોતાની આત્મશક્તિનો અનુભવ થતા Creativity અનેકગણી ખીલશે.

– પોતાને જાણવા જેવો આનંદ બીજો એકેય નથી પછી ભય, ચિંતા કે ટેન્શનની તો ક્યાં વાત જ કરવી?

– રોજ ૧ કલાક આ સાધના માટે જરૂર ફાળવો (અંતરાત્માને સાંભળો, વાંચો સ્વાધ્યાય કરો, પ્રાર્થના કરો, સૂત્રો-અર્થ ભણો-વિચાર-વાણી-વર્તન બદલો.

- રોજ introspect કરો. આજે શું કર્યું? આવતી કાલે શું કરવું છે? જીવનમાં કઈ તરફ જવું છે? પુરુષાર્થ કઈ તરફનો છે? વગેરે

– ક્યાંય, કોઈનામાં આસક્તિ નહિ. બધી ઈચ્છાઓથી પણ મુક્તિ એવો ઊંચો ધર્મ આચારમાં લાવીએ.

# જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા

■ ડૉ. છાયાબેન શાહ

જૈનધર્મના અભ્યાસુ છાયાબેન અવાર-નવાર જૈનસાહિત્ય સમારોહ અને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચનો આપે છે. જૈનધર્મના વિષય પર પીએચ.ડી. થયા છે.

જૈનશાળા એટલે

૧) આજના બાળકને કાલનો સુશ્રાવક બનાવવાની પ્રક્રિયા

૨) પૂર્ણ સત્યને પામવા માટેના પહેલા પ્રયત્નનું પ્રાપ્તિસ્થાન

૩) મોક્ષના અંતિમ ધ્યેય તરફ પ્રથમ ડગ મંડાવનાર માર્ગદર્શક.

જૈનશાળાની ઉપરોક્ત ત્રણેય વ્યાખ્યાઓ ને સફલ કરવી હોય તો મારી દૃષ્ટિએ અભ્યાસક્રમની આદર્શ રૂપરેખા નીચે પ્રમાણે હોવી જોઈએ.

(૧) સાત-આઠ વર્ષનું બાળક જૈનશાળામાં દાખલ થાય ત્યારે કોઈ પણ સૂત્ર ભણાવતા પહેલા સૌ પ્રથમ તેને શ્રાવકના ૨૧ ગુણો ભણાવવા જોઈએ. ઔચિત્ય-દાક્ષિણ્ય-તુચ્છના ત્યાગ-પરોપકાર-નીતિ આવા ૨૧ ગુણો બાલકને સફલ જીવન જીવવાની કળા શીખવે છે. શ્રાવક થતા પહેલાં દરેકે સારા માણસ બનવું પડે છે ઉપરોક્ત ગુણો પાયારૂપ છે. જેના પર સુશ્રાવકની ઈમારત રચાય છે આ ગુણો ઘૂંટ્યા વગરનું શ્રાવકપણું બોદુ હોય છે. દંભી હોય છે આજે કેટલાંક શ્રાવકો સહજમાં કપટ કરે છે, બીજાને છેતરે છે, બીજાનું અપમાન કરે છે, શિસ્ત તોડે છે, આ બધી વર્તણૂકો શ્રાવકપણાને લજવે છે, તેથી જ દરેક જૈનશાળાનું એ કર્તવ્ય છે કે પહેલા દરેક બાળકને આ ૨૧ ગુણો ઘૂંટાવે, શીખવાડે-સમજાવે અને એક સભ્ય માણસ તૈયાર કરે. એમાંથી જે શ્રાવક બનશે તે જૈનદર્શનની શોભા બનશે, જૈનશાસન ને ઉજ્જ્વળ કરશે. આ રીતે જૈનશાળા બાળકમાંથી સુશ્રાવક બનાવવાની સફળ પ્રક્રિયા કરી શકશે.

૨) આ ભૂમિકા તૈયાર થયા પછી સર્વપ્રથમ શ્રી નવકારમંત્ર વિધિ સહિત આપવો જોઈએ. બાળકને આ મંત્રનું મહત્ત્વ સમજાવવું જોઈએ. બાળકમાં આ મંત્ર પ્રત્યે અહોભાવ પ્રગટાવવો જોઈએ. શ્રદ્ધા ઊભી કરવી જોઈએ. શ્રી નવકાર મહામંત્રમાં સ્થિત શ્રી પંચપરમેષ્ઠિની બરોબર ઓળખાણ કરાવવી જોઈએ. બાળકના મનમાં એ વાત બરોબર બેસી જવી જોઈએ કે મારા જીવનના દરેક પ્રસંગમાં આ મંત્ર હંમેશાં મારો સાથી છે અને અંતે મારે પણ પંચપરમેષ્ઠિમાં સ્થાન પામવાનું છે.

(૩) યોગ્ય ભૂમિકા અને સ્વચ્છ શ્રદ્ધા આ બન્ને પ્રાપ્ત થાય પછી સૂત્રો શીખવાડવાના શરૂ કરવા જોઈએ. એ બહુ મહત્ત્વનું છે કે સૂત્રોની સાથે સૂત્રાર્થ કરાવવા જ જોઈએ પોતે જે સૂત્ર ભણે છે તેમાં શું મર્મ છે? તે શા માટે બોલાય છે તેનો ખ્યાલ હશે તો વિદ્યાર્થીનું સમગ્ર ધ્યાન સૂત્રમાં રહેશે. સમજીને બોલાયેલા સૂત્રોને લીધે તેના દરેક અનુષ્ઠાન અમૃત અનુષ્ઠાન થશે. એના કર્મોની નિર્જરા થશે. કેવળજ્ઞાનની દિશા તરપ એનો ડગ ભરાશે. ગણધરકૃત સૂત્રો અત્યંત ગૂઢાર્થવાળા અને પવિત્ર હોય છે તેથી અર્થસહિત ભણાવવાથી તે સુંદર પરિણામ આપે છે.

(૪) જૈનશાળામાં બાળકોને 'શાન સાથે ગમ્મત' રીતે પણ ભણાવવા જોઈએ. મહીને એકવાર ક્વીઝ-અંતાક્ષરી-જૈનહાઉસી વગેરે ગમ્મતો સાથે જૈનધર્મનું જ્ઞાન આપવું જોઈએ. અમે લાવણ્યની (અમદાવાદ) પાઠશાળામાં મહીને એકવાર આ રીતે જ્ઞાન પીરસવાની ફરજ બજાવીએ ચીએ. ક્યારેક સુંદર કથા દ્વારા પણ જ્ઞાન આપી શકાય. નોર્મનપીલ, અબ્રાહમ લીંકન, પૂ. ગાંધીબાપુ જેવા મહાન વિચારકોના સિદ્ધાંતો જીવ જીવવાની કળા 'પોઝીટીવ થીંકીંગ' જેવા વિષયો પર પણ બાળકોને જ્ઞાન આપવું જોઈએ.

(૫) જ્ઞાનશાળાના વિકાસ માટે જૈનસંઘે આર્થિક ઉદારતા બનાવવી પડે. બાલકોને વિવિધ ઈનામો આપવા, તેમની વિવિધ

પ્રવૃત્તિઓ માટે આર્થિક સહાય કરવી. વળી પાઠશાળાના શિક્ષકને યોગ્ય વેતન આપવુ. આ બધી જવાબદારી શ્રી સંઘ ઉઠાવી લે તો શાળાના વિકાસમાં ઘણું ઉપયોગી બને.

(૬) ક્યારેક વિદ્યાઓને એજ્યુકેસનલ ટુર પર જૈનયાત્રાના સ્થળે લઈ જવા જોઈએ. ત્યાં જઈ મંદિરના સ્થાપત્ય-શિલ્પ-બાંધણી ત્યાંના ઇતિહાસ પૂર્વજો વગેરે માહિતી આપી સ્થળનું મહત્ત્વ સમજાવવું જોઈએ. આવા પ્રયત્નોથી બાળકના મનમાં જૈનધર્મ પ્રત્યે અહોભાવ પ્રગટે છે ને પોતે જૈન હોવાનું ગૌરવ અનુભવે છે.

બાળકોને જૈન સાહિત્ય-કાવ્યો-રાસો બાળવબોધનું શિક્ષણ પણ આપવું જોઈએ. જીનાગમોથી પણ પરિચિત કરાવવા જોઈએ. આજે એવી સ્થિતિ છે કે પ્રૌઢ શ્રાવકોને બધાજ જિનાગમોના નામ પણ આવડતા નથી હોતા.

વાર્ષિક દિવસ ઉજવવો જોઈએ અને તેમાં બાળકો પાસે મહાપુરુષોના જીવનના પ્રસંગોના નાટક ભજવવા જોઈએ. આ ઉપરાંત વક્તૃત્વ-નિબંધ-સ્પર્ધાઓ યોજી યોગ્ય ઈનામો આપવા જોઈએ.

સંક્ષિપ્તમાં મારી દૃષ્ટિએ જે રીતે વર્ષોથી જૈનશાળાનો અભ્યાસક્રમ ચાલતો આવ્યો છે તેમાં ઘણા બદલાવાની જરૂર છે તેમાં જે સારુ છે તે સ્થિત રાખી આધુનિક ઢબો ઉમેરવાથી ઘણું સારુ પરિણામ અવશ્ય મેળવી શકાય કારણ કે

પરંપરાનો દ્રોહ, એ આધુનિકતા નથી
આધુનિકતા એટલે, પરંપરાનો ધારદાર વળાંક

# જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા

B.Sc., LL.B., Ph.D., ■ ડૉ. રેણુકા પોરવાલ

'યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ એક અધ્યયન' વિષય પર પીએચ.ડી. કરેલ છે. ડિપ્લોમા ઈન જૈનોલોજી કરી રહ્યા છે. જૈનજગત સામાયિકના દિલ્હી વિભાગના સંપાદિકા છે.

જૈન ધર્મમાં ચતુર્વિધ સંઘની ગણના પચ્ચીસમાં તીર્થંકર તરીકે થાય છે. જૈન બાળક પુખ્તવયે આ સંઘનો એક હિસ્સો બને છે માટે એનું ચારિત્ર ઘડતર એવા પ્રકારનું હોવું જોઈએ જે દેશ તથા સમાજ બંનેની પ્રગતિમાં સહાયરૂપ બને. એ ક્યારે શક્ય થાય? જ્યારે એને સમાધાન સાથે ધાર્મિકજ્ઞાન આપવામાં આવે ધર્મધ્યાન માટે રૂચિ પ્રગટાવવામાં આવે તથા એ જિજ્ઞાસુ જીવની રહસ્ય પામવાની ઇચ્છાને બુદ્ધિગમ્ય રીતે સંતોષવામાં આવે. બાળકને જ્ઞાનમાર્ગમાં આગળ ધપાવવા માટે કઈ કઈ બાબતો પર વિશેષ લક્ષ રાખવું તથા એને માટેનો અભ્યાસક્રમ કેવા પ્રકારનો હોવો જોઈએ તેની વિશેષરૂપે અહીં ચર્ચા કરીશું.

જૈન બાળક જન્મે ત્યારે એને કાનમાં નવકારમંત્ર સંભળાવવાની ચીવટ આપણે રાખીએ છીએ પરંતુ એટલી જ કાળજી એનામાં ધાર્મિક સંસ્કારના સિંચનમાં લેવાતી નથી. આપણે ધાર્મિક શાસ્ત્રોની સાથે કેટલીક મહત્ત્વની બાબતો પર વિશેષ ધ્યાન આપીને શિક્ષણ પદ્ધતિમાં થોડો ફેરફાર કરીએ.

પ્રથમ : બાળકની તાલમમાં જૈનયોગનો ઉમેરો કરવો તથા જૈન કથાઓને માધ્યમ બનાવી સંસ્કાર સિંચન કરવું.

બીજુ : અન્ય ધર્મની શિક્ષણપદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ કરી આપણી ત્રૂટીઓ સુધારવી.

ત્રીજી : ભારત સિવાયના દેશો બ્રિટન અને અમેરિકાની ધાર્મિક શિક્ષણપદ્ધતિ સુધારા વધારા સાથે દેશ કાળની પરિસ્થિતિ

સાથે સંલગ્ન કરી દાખલ કરવી.

આ સર્વ બાબતો પર લક્ષ આપી નવીન અભ્યાસ પદ્ધતિ અપનાવશું તો જૈન બાળક ભવિષ્યમાં જૈન ધર્મ શાસનને દીપાવશે તો પ્રથમ બાળકને જૈનયોગ દ્વારા તેઓની જ્ઞાન પ્રત્યેની રુચિમાં વધારો કરવા માટે આચાર્ય હરિભદ્ર સૂરિ અને અન્ય પૂર્વાચાર્યોના જીવન ચરિત્રથી તેમને પરિચિત કરવા જરૂરી છે જે તેમના પ્રેરણાશ્રોત તરીકે સદૈવ રહેશે. વર્તમાનમાં વિચરણ કરતાં પ્રભાવક સ્થવિરોની સંપર્કમાં બાળકો આવે તે પણ કાર્યશાળાનો એક નિયમ રાખવો જેથી તેઓ એમની પાસે મુશ્કેલીમાં માર્ગ નિવારણ કરતાં શીખે. અહીં તેઓ ૐકાર તખા કાયોત્સર્ગ દ્વારા બૌદ્ધિક અને શારીરિક વિકાસ પણ કરશે. બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી એના મગજના જ્ઞાનતંતુઓ સારા પ્રમાણમાં વિકાસશીલ હોય છે. **'व्यये कृते वर्धते'** એ ન્યાયે બાળકના જ્ઞાનપ્રાપ્તિના કેન્દ્રોની કાર્યક્ષમતા ઉત્તરોત્તર વધતી રહે છે. નાનપણથી જ ધાર્મિકસૂત્રો કંઠસ્થ કરવાની પ્રાચીન પદ્ધતિ વડે જ્ઞાનગ્રહણ કરવાની શક્તિ વધે છે એને ભવિષ્યમાં વિદ્યાપ્રાપ્તિમાં ખૂબ કામ લાગે છે.

જૈનકથાઓ દ્વારા પણ ઊંચ ચારિત્ર ઘડતર શક્ય બને છે, જૈન ધાર્મિક કથાઓ માટે શ્રી ઝવેરચંદ મેઘાણી બહુ સરસ વાત કરે છે. તેઓ કહે છે કે ''જીવનમાં ગુરુ ભગવંતો પાસે ઘણો ઘણો ધાર્મિક અભ્યાસ કર્યો પરંતુ એ સર્વ એટલે યાદ ન રહ્યું, પરંતુ જે કથાઓ સાંભળી હતી એના માધ્યમથી આદર્શનો બોધ અપાયો હતો તે આજે પણ અક્ષરશઃ યાદ છે, સ્મરણપટમાં જળવાયેલ છે માટે એ કથાનો વારસો પ્રજાને આપવો જ રહ્યો.''

જો વ્યક્તિએ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો વિનય અને વિવેકગુણ સંપન્ન હોવું જરૂરી છે.

જ્ઞાનોપાર્જનના સાધનો આજના સંદર્ભમાં કેવા હોવા જોઈએ? આપણા બાળકોને લેપટોપ પર કે મોબાઈલમાં 'ગેઈમ' રમવાની

આદત હોય છે તેઓ ટીવી પર ફક્ત કાર્ટૂન સીરીયલો જ જોતાં હોય છે. જો આપણે તેમને ગમતી વસ્તુ આપશું તો તેઓ ચોક્કસપણે એને અપનાવશે જેના દ્વારા બાળકોમાં સંસ્કારનું સિંચન કરી શકાશે. તેઓ ટીવી ચેનલો પર દર્શાવાતી રામાયણ, હનુમાન, કૃષ્ણભગવાન પર એનિમનેશનથી બનેલ ઘણી ગેમ છે. જો આપણે પણ તેઓને જૈન મહાપુરુષોનાં જીવન પર આધારિત આવી બોધદાયક ચારિત્ર ઘડતરની આવી એનીમેશનવાળી સુંદર ફીલ્મો બતાવીશું તો તેઓ એને હોંશે હોંશે જોશે અને એના દ્વારા નીતિમય જીવન જીવવાના સંકલ્પો કરશે.

આજનાં બાળકો પાસે સમયને સદંતર અભાવ વર્તાય છે. શાળા, ટ્યુશન, વધારેના ક્લાસમાં તેઓની દિનચર્યા પૂર્ણ થાય છે. જો બાળકજૈન ગુરુકુળ કે જૈનશાળામાં અભ્યાસ કરતું હોય તો તેઓ ધાર્મિક - સાંસ્કૃતિક અભ્યાસ માટે વધુ સમય આપી શકે. પરંતુ જે બાળકો આ સિવાયની શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેમને અદ્યતન સુવિધાવાળા સાધનોથી શિક્ષણ આપી શકાય. આજની યુવા પેઢી આ માટે પ્રયત્નશીલ છે તેઓ સંવત્સરી પ્રતિક્રમણ સમજીને પછી વિધિસહિત કરવાનો આગ્રહ રાખે છે. બીજું બાળકોને આગમિક સૂત્રો કંઠસ્થ કરાવવા પણ એટલા જ જરૂરી છે કારણ કે નાની ઊંમરમાં ગ્રહણ શક્તિ સતેજ હોય છે વેદના પાઠો હિંદુ બાળકો પદ્ધતિસર હાથના ઊતાર ચઢાવ સાથે સુંદર રીતે બોલતા હોય છે. તેમની શૈક્ષણિક પદ્ધતિ સમજી આપણી ત્રુટિઓ સુધારી શકાય.

જૈન પરિવારો પોતાનાં બાળકોના ધાર્મિક અભ્યાસક્રમમાં શી બાબતોને મહત્વ આપ્યું છે. ત્યાંનો અભ્યાસક્રમ અલગ છે ત્યાં બાળકોને **good karma** અને **bad karma** શુભ અને અશુભ કર્મબંધ ક્યારે કઈ રીતે થાય એ શીખવવામાં આવે છે. જેને કારણે નાની વયથી જ એ અશુભ કર્મબંધથી બચીને રહે છે

અને આખી જિંદગી પુણ્યનું બાથું બાંધે છે. ત્યાં બાળકોને સપ્તાહમાં એક દિવસ ધાર્મિક શિક્ષણ અને એક દિવસ પ્રાદેશિક ભાષા- ગુજરાતી કે હિંદી શીખવાડવામાં આવે છે. આને લીધે બાળક માતૃભૂમિ ભારતથી દૂર રહેવા છતાં માતૃભાષા અને સ્વધર્મથી પરિચિત રહે છે. આ ઉપરાંત તેઓ જૈન ઈતિહાસ, ભૂગોળ ધાર્મિક ગીતો વગેરે પણ શીખે છે અહીં સર્વધર્મ સમભાવસ બિન સાંપ્રદાયિક રીતે શિક્ષણ આપવામાં આવે છે જેથી ભવિષ્યમાં બાળક ઉદારમના અને દીર્ઘદ્રષ્ટિયુક્ત સંસ્કારી બને.

બાળકોનો સર્વાંગી વિકાસ નાની વયે જ થાય એ જોવું ખાસ જરૂરી છે. કારણ કે એણે આ દુનિયામાં નીત નવા પ્રલોભનો વચ્ચે રહી જૈન શાસનની મર્યાદા જાળવવાની છે. જૈન ધર્મના સિદ્ધાંતો અનેકાંત, અહિંસા, પર્યાવરણની જાળવણી જેવા અણમોલ સિદ્ધાંતોનો પ્રચાર થતો રહે એ ધાર્મિક સંસ્થાઓ જુએ. જૈન શાસનની અમૂલ્ય ધરોહર પેઢી દર પેઢીથી આજના બાળકના હાથમાં આવશે એ ભવિષ્યનિધિ તરીકે જાળવવાની છે જેમાં કિંમતી હસ્તપ્રતો ભીંતી ચિત્રો આદિનો સમાવેશ છે.

બાળક જ્ઞાન પ્રાપ્ત કરી જ્ઞાની બને અભિમાની નહી એ ભવિષ્યમાં જ્ઞાનીજન બને એમાં વિનમ્રતા, સરલતા, નમ્રતા, નિર્દોષતા અને વ્યવાહરિકપણું જેવા સદ્‌ગુણોથી યુક્ત બને.

અંતમાં શ્રી તરૂણસાગરજી મહારાજ શાળાના બાળકોને જે સંકલ્પકરાવે છે તે જોશુ. મહારાજશ્રીએ આજસુધીમાં કેટલીયે શાળાની મુલાકાત લઈને લાખો બાળકોને સંકલ્પ કરાવ્યો છે એ ત્રણ સંકલ્પ છે.

૧) હુ કદિ દેશ સાથે ગદ્દારી કરીશ નહિ.

૨) મા બાપને વૃદ્ધાશ્રમમાં મુકીશ નહિ.

૩) હું કદિ આત્મહત્યા નહી કરું.

આ ત્રણ સંકલ્પો મનુષ્યની સંસ્કારી જીવનનો નિચોડ છે.

ગમે તેવો સુંદર બાગ-બગીચો લગાવ્યો હોય. માળીએ મહેનત કરીને રંગબીરંગી ફૂલો ઉગાડ્યા હોય પરંતુ એને ફરતે વાડ ન કરી હોય તો ગમે ત્યારે કોઈપણ પ્રાણી ગમે ત્યાંથી અંદર આવીને એને ઉજાડી શકે છે. માનવીનું પણ એવું જ છે. સુંદર ચારિત્રવાન, સુશીલ, સંસ્કારી, વિનયવાન બાળક હોય નીતિનિયમોનું અનુસરણ કરતો હોય પરંતુ એ સાથે જો સંકલ્પોની વાડ ન હોય તો અન્ય કોઈપણ વ્યક્તિ એને ચલિત કરી શકે છે. માટે જ જૈનોમાં પ્રત્યાખ્યાન નિયમ બદ્ધતાને છ આવશ્યક ક્રિયાઓમાં સ્થાન આપ્યું છે.

ઉપરોક્ત બાબતો ઉપરાંત જૈનશાળાના અભ્યાસક્રમમાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ.

ધાર્મિક અનુષ્ઠાનોની સમજ આપવી.

**'क्षमा वीरस्य भूषणम्'** એ આત્માનું આભૂષણ છે જેને બાળક હંમેશ સજાવીને રો જેથી ક્ષમા આપવામાં કદી કચાશ ન રાખે.

અભદ્ર ભાષા પ્રયોગ બાળક કરે નહિ.

સંદૈવ ગુણાનુરાગી બને.

આજની તનાવગ્રસ્ત જીવનશૈલી, અશાંતિમય વાતાવરણની વચ્ચે રહી સમતાભાવ દ્વારા જીવનને સુખમય બનાવવા સતત ઉદ્યમ કરતો રહે.

- ગુરુનું સાન્નિધ્ય એ આત્મજ્ઞાન પ્રગટ કરવાનો પાવન અવસર છે.
- વિજ્ઞાન પ્રયોગથી સાબિત કરે, સત્પુરુષો તેને નિજ જ્ઞાન-પ્રજ્ઞાથી સિદ્ધ કરે.

# જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા

■ ડૉ. રમણીકભાઈ જી. પારેખ

અમદાવાદ સ્થિત

રમણીકભાઈ સાયન્સમાં Ph.D. કરેલ છે. જૈન ધર્મના અભ્યાસુ છે.

બાળકોમાં ધર્મ પ્રત્યે રસ જગાડવાનું શ્રેષ્ઠ માધ્યમ જૈનશાળા છે. જૈનશાળા ધર્મ ઈમારતનો પાયો છે એટલું જ નહીં ધર્મની કરોડરજ્જુ સમાન છે. બાળપણમાં મળેલા સુસંસ્કારો તેના માનસ પટ પર જીવનપર્યંત રહી જતા હોય છે અને આજ સદ્‌ગુણો ધર્મશ્રદ્ધાનો પાયો બને છે. આ બાળકો ભાવિના કદાચ સુજ્ઞ સંત અથવા શ્રાવક બની શકે છે. વર્તમાન જૈન સમાજે જૈનશાળાના બાળકોની અભ્યાસ પ્રવૃત્તિ વિશે ગંભીરપણે ચિંતન તેમજ વિચાર વિનિમય કરવાની અગત્યની જરૂર છે.

જ્યાં બાળકો ધર્મજ્ઞાન પ્રાપ્ત કરવાના છે તે જૈનશાળા હવા, પ્રકાશ ઉજાસવાળી, સ્વચ્છ, સુઘડ, પ્રદૂષણરહિત, શાંત જગ્યાએ હોવી જોઈએ. બેસવાની સરસ વ્યવસ્થા ધરાવતી હોવી જોઈએ વિવિધ સ્લાઈડ જોઈ શકાય તેવા પ્રોજેક્ટર, તેમજ બ્લેકબોર્ડની સુવિધાવાળી હોવી જોઈએ. સામાન્યતઃ ચૌદ વર્ષની સુધીની વય ધરાવતા જુથને બાળક તરીકે વ્યાખ્યાતીત કરવામાં આવે છે. શિક્ષક ધર્મજિજ્ઞાસુ, અદ્યતન પદ્ધતિથી પ્રશિક્ષણ પામેલા હોય તે આવશ્યક છે. બાળકો પ્રત્યે તેમનો વાત્સલ્યભાવ નીતરતો હોય તો ગમે તેવા ગહન વિષય સરળ બનાવી દે તે નિર્વિવાદ વાત છે. જૈનશાળા ધર્મજ્ઞાન ઉપરાંત જીવન ઘડતરની તાલીમ પણ આપે છે. જૈનશાળા રંગબેરંગી પોસ્ટર, સોનેરી સુવાક્યોથી સજાવવી જોઈએ.

બાળકોને જૈનશાળામાં જે શિક્ષણ બે કે ત્રણ વર્ષના ગાળામાં અપાય છે તે સામાન્ય રીત આ મુજબ છે.

૧) વિનય, વિવેક વંદન નમસ્કાર, જયજિનેન્દ્રથી અભિવાદન

૨) નવકાર મંત્ર
૩) આવશ્યક સૂત્ર
૪) આગમ એ જિનશાસનની મૂડી છે. તેમના વિશે પ્રાથમિક જ્ઞાન
૫) ધર્મકથાઓ
૬) તીર્થંકર ચરિત્ર
૭) ભગવાન મહાવીર - જીવનદર્શન કાર્ય ઉપદેશ
૮) છ કાયના જીવોની રક્ષા-પ્રાણીમાત્ર પ્રત્યે દયા અનુકંપા, કરુણા, મૈત્રી
૯) વીસ વિહરમાન તીર્થંકરના નામ
૧૦) સોળ સતીના નામ
૧૧) અગિયાર ગણધરના નામ
૧૨) દસ શ્રાવકોના નામ
૧૩) પ્રાર્થના ભક્તિ સંગીત
૧૪) બાળવાર્તાઓનું વાંચન સમજ બોધ તેમાંથી ઉદ્‌ભવતા પ્રશઅનોનું સમાધાન

શહેરના વાતાવરણમાં મુખ્યત્વે ટીવી, વીડીઓ, કોમ્પ્યુટર, મોબાઈલ, ઈન્ટરનેટ, વીડીયો ગેમ્સ, કાર્ટુન ફીલ્મોનો ઉપયોગ બાળમાનસમાં આગવું સ્થાન ધરાવે છે. આ ઈલેક્ટ્રોનીક ઉપકરણો બાળકોની અભ્યાસ પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ અસર કરે છે. પશ્ચિમની સંસ્કૃતિનો વધતાં જતો વેગ આધુનિક જીવનશૈલી તરફ દોરી જાય છે. અગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોને ભણતરનો બોજ ભારે લાગે છે. આ બધા પરિબળો બાળકોને જૈનશાળામાં આવવા માટે રૂકાવટ ઊભી કરે છે. આ સમયે તેમને ધર્મના શિક્ષણના માર્ગે આકર્ષવા તેમને શિક્ષિત કરવા અને તેમની જીવનશૈલીને અનુરૂપ ધાર્મિક અભ્યાસ કરાવવો અત્યંત જરૂરી છે. આ કાર્યને સકારાત્મક, રચનાત્મક, આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી ફળીભૂત કરવો પડશે. અંગ્રેજીમાં અદ્યતન પુસ્તકો બનાવવા જોઈશે જેથી તેનું વાંચન રમતા રમતા કરે.

ગ્રામ્ય વિસ્તારની જૈનશાળાનાં બાળકો સમય ફાળવીને આવે છે. સૂત્રો પણ પાકા કરે છે. એમને પણ એમની જીવનશૈલી અનુરૂપ શિક્ષા આપવી પડશે.

જૈનશાળામાં વિનય, વિવેક, નમ્રતા, ઋજુતા વ. શીખવાડવામાં આવતા હોય છે.એ દ્વારા સાચુ જ્ઞાન પ્રાપ્ત કરી તેવુ આચરણ કરવાની હિતશિક્ષા મેળવતા હોય છે જૈનશાળા જ્ઞાનની સરવાણી તેમજ શ્રેયની નિસરણી બનવી જોઈએ. બાળકોએ વડીલો, માબાપ તેમજ ગુરુ ભગવંતો સાથે કેવી રીતે વિનીતતા દાખવવી તે શીખવાડે છે જે તેના જીવન ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે.

સામાયિક, પ્રતિક્રમણ શીખવાડતી વખતે સૂત્રોની સાથે સૂત્રોનો અર્થ એની વિશેષતાઓ પરિચય આપીને શુદ્ધ ઉચ્ચાર સહિત સમજાવવા જરૂરી છે. ક્રિયાની સાથે ક્રિયાનાં મર્મો, રહસ્યો, વર્તમાન સમયની યથાર્થતા અને શાશ્વતતા દર્શાવવી જોઈએ. આ સુત્રો દશ્ય શ્રાવ્યની મદદથી સમજાવવાથી બાળકને બહુ ગોખવું નહીં પડે અને જલદીથી યાદ રહી જશે.

માતાપિતા પોતાના સંતાનોમાં સ્થિર અને દ્રઢ સંસ્કારોનું બીજારોપણ કરવા સમર્થ છે. **'Charity begins at home'** ના નિયમ અનુસાર દરેક માબાપ બાળકોને ધાર્મિક અભ્યાસની મહત્તા સમજાવીને જૈનશાળામાં મોકલે તે ખૂબ જ આવકારદાયક છે. ઘરમાં નવકારમંત્ર, પ્રભુભક્તિ-પ્રાર્થનાથી વાતાવરણ ગુંજતુ હોય, રાત્રિ ભોજનના ત્યાગ સાથે ખાનપાન અને વ્યવહાર જૈનધર્મને અનુરૂપ હોય, કંદમૂળનો ત્યાગ, પર્વ તિથીઓએ લીલોતરીનો ઉપયોગ બંધ. ઘરમાં આ વાતાવરણથી બાળકને ઘણુ શીખવા મળે છે. અને ધર્મશિક્ષણ મેળવવાની ઉત્કૃષ્ટ અભિલાષા થાય છે અને જૈનશાળામાં જ્ઞાન મેળવવાની પ્રેરણા થાય છે.

વર્તમાન વિશ્વમાં શાકાહારી બનવાની વાત આવે છે. જૈનશાળામાં બાળકોને કંદમૂળનો ત્યાગ, ઉકાળેલું પાણી પીવું, તિથિઓની અગત્યતા વ. વૈજ્ઞાનિક તેમજ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી સમજાવવા જોઈએ. અહિંસા પ્રધાન જૈનધર્મમાં છ કાયના જીવોની

રક્ષા, પ્રાણીમાત્ર પ્રત્યે દયા કરૂણા વ. નું. મહત્ત્વ ખૂબ જ ચીવટથી દૃશ્ય શ્રાવ્યની મદદથી સમજાવવું જોઈએ. તેને અનુરૂપ સચિત્ર, સ્પષ્ટ, સુરંખ શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું જરૂરી છે. આ ઉપરાંત રંગબેરંગી આકર્ષક ચાર્ટ, એનિમેશન મુવી, પ્રોજેક્ટરથી સ્લાઈડ શો તેમજ પાવરપ્રેજન્ટેશનની મદદથી ક્રમસર અભ્યાસ વારંવાર સમજાવવાથી યાદ રહી જાય છે. આ બધુ જોવાથી મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવે છે ઘણુ ઘણુ જાણવાની જ્ઞાનપિપાસા ઉદ્ભવે છે. જિજ્ઞાસા વધે છે.

મહાવીર પ્રભુનું જીવન કવન ઉપદેશ (**Audio Visuals**) દૃશ્ય શ્રાવ્યની મદદથી દરેક પ્રસંગ દર્શાવવામાં આવે તો બાળકને રસ રુચિ, પ્રેરણા અને ઉત્સાહ જાગસે. મારા પ્રભુ આવા હતા તેવો અનેરો અનુપમ અદ્વિતીય અદ્ભુત અહોભાવ જાગશે. પૂર્વ ચેતનાનો સંચાર થશે. પોતાના વિચારો ઉચ્ચતમ થતા વધુને જાણવાની ભાવના થશે. આપણા પર્વ જેમ કે મહાવીર જયંતી, પર્યુષણ પર્વ વિશે વિગતવાર આ જ માધ્યમથી સમજાવવું જોઈએ.

જૈનશાળા જીવનનું અંગ બને માટે યાત્રાપ્રવાસ પ્રભુભક્તિનાં ગીતો, જ્ઞાન કસોટી (**Objective**) સામૂહિક પ્રતિક્રમણ, ધર્મપ્રેરિત પરીક્ષા, ઓપનબુક પરીક્ષા વગેરેનું આયોજન થવું જરૂરી છે. યાત્રા પ્રવાસ માટે એવી જગ્યા પસંદ કરી હોય જ્યાં ગૌશાળા, પાંજરાપોળ હોય જ્યાં બાળકોને પ્રત્યક્ષ વિશેષ જાણકારી આપી શકાય. ત્યાં બીરાજતા સંત સતીજીનાં પ્રવચનનો લાભ મળે તેમજ બાળકોને પ્રશ્નોત્તરી મારફત ધર્મની વાતોનું આદાનપ્રદાન થાય આનાથી વાંચન-અભ્યાસ વધુ વિશાળ બને.

આત્માના પોષણ માટે પ્રભુ પ્રાર્થના ભક્તિની અવશ્યકતા છે. એ મનના પોષણ માટે જ્ઞાનરૂપી ખોરાકની જરૂર છે તે વિના વ્યક્તિમાં રહેલી સુષુપ્ત શક્તિ વિકાસ પામતી નથી જુદાજુદા સ્વરોમાં નવકારમંત્ર, ભક્તામર સ્તોત્ર, ઉવસ્સગહરં સ્તોત્ર ગાવાથી જૈનશાળાનું વાતાવરણ શાંત પ્રશાંત ઉપશાંત બને છે અને ચોતરફ શીતળતાની અનુભૂતિ થાય છે.

ધાર્મિક શિક્ષણથી બાળપણમાં સંસ્કારો દૃઢ કરવાનું શ્રેષ્ઠ માધ્યમ, શિબિર છે. આ શિબિર ગુરુ ભગવંતોની નિશ્રામાં થતી હોવાથી તેઓ પ્રત્યે અહોભાવ, સદ્ભાવ વધતો જાય છે. ધાર્મિક વાતોસભર સંવાદ, હેતુલક્ષી, પ્રેરણાદાયક, બોધદાયક નાટિકા ભજવવાથી બાળકોના ધર્મ પ્રત્યેનો રસ ઉત્તરોત્તર વધતો જાય છે.

ધર્મની વિશેષ સમજણ માટે વક્તૃત્વસ્પર્ધા, નિબંધસ્પર્ધા જ્ઞાનગોષ્ઠિ, વાંચનચર્ચા વ આયોજન થવું જોઈએ જૈનશાળાના બાળકોને પારિતોષિક આપીને બહુમાન કરવું જોઈએ. આ બધી પ્રવૃત્તિથી બાળક વધુને વધુ વાંચશે, લખશે અને ન સમજાય તો પૂછશે, જ્ઞાનમાં વૃદ્ધિ કરશે. શ્રેષ્ઠ વક્તવ્ય આપશે. શ્રેષ્ઠ નિબંધ લખશે. આત્મવિશ્વાસ દૃઢ બનશે.

જૈનશાળામાં ભણતા બાળકો માટે સમયે સમયે વ્યાખ્યાનમાળા યોજવી જોઈએ. જેમાં નામાંકિત વક્તાઓ સરળ શૈલીમાં બોધદાયક કથાઓ, સત્પુરુષોના, ઉત્તમ શ્રાવકોના ચરિત્રો સમજાવે. આ ગુણો તેના જીવનને ઘડવામાં અનેરો ઓપ આપે છે. આ પ્રવચનોથી સાર્વત્રિક ચેતનાનો આનંદ થશે તેના હૃદયના ઉંડાણને સ્પર્શાશે અને ધર્મ પ્રત્યેનો અભિગમ જ્વલંત બનશે.

ધાર્મિક શિક્ષણ પામતાં બાળકો જે કાર્ય પુરુષાર્થથી ચીવટથી, ખંતથી સમજણપૂર્વક કરી શકે તે અદ્વિતીય હોય છે તેને લાગણીની, માર્ગદર્શનની જરૂર હોય છે. આ માર્ગદર્શનથી તેમનું જીવન ધર્મમય બની જાય.

- શ્રુત ઉપાસના ભીતરના શક્તિ કેન્દ્રો ખોલે છે.
- જ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે.

# જૈન શાળાનાં બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા

મિકેનીકલ એન્જિનિયર, બી.એ. ■ નરેન્દ્ર દોશી
જૈન દર્શન એમ.એ. પ્રેક્ષાધ્યાન અને યોગનાં અભ્યાસ કરેલ છે.
યોગસાધક અને જૈનધર્મના અભ્યાસુ છે.

જૈન સમાજમાં જીનશાળા કે જૈનશાળાનું પ્રચલન પ્રાચીન કાળથી છે. સમયે-સમયે એના સ્વરૂપ કે પદ્ધતિનું બદલાતું રહેવું એ સ્વાભાવિક પ્રક્રિયા છે. જૈન ધર્મનું દર્શન, જૈન તત્ત્વજ્ઞાન તથા જૈન ઉપાસના પદ્ધતિના સંસ્કાર નવી પેઢીમાં બાળપણથી ઉતરે અને જૈનશાળાનો મુખ્ય ઉદ્દેશ છે.

અનૈતિકતા, ભૌતિક સાધનોની આંધળી દોટ, વ્યાપક ભ્રષ્ટાચાર, હિંસા તથા જોરથી ફૂંકાતા અશ્લિલતાનું પશ્ચિમી પવનના આધુનિક યુગમાં જૈનશાળાની પ્રાસંગિકતા અને આવશ્યકતા ભૂતકાળમાં ક્યારેય પણ હતી તેના કરતાં આજે વિશેષ જરૂરી બની છે. વળી માહિતીના આ યુગમાં જ્યારે દરેક પ્રકારના પ્રચાર માધ્યમો (મીડિયા), ઈન્ટરનેટ, હલકાં પુસ્તકો આદિથી હિંસા, ક્રૂરતા, અપ્રામાણિકતા, કૌટુંબિક કલહ વગેરેનો એટલો મોટો ધોધ વહી રહ્યો છે કે તેની સામે સદાચાર, સંસ્કૃતિ, સુસંસ્કાર કે સાચી ધાર્મિકતાનાં મૂલ્યો જાળવવા અતિ કઠિન બતા જાય છે. ઉપરાંત અભિભાવકોનો સમયાભાવ, સંસ્કારિતા પ્રત્યે ઉદાસિનતા, બાળકો ઉપર લૌકિક શિક્ષાનો ગજા બહારનો બોજો તથા જાતજાતના વર્ગો જેવા કે – ડાન્સ ક્લાસ, સંગીત ક્લાસ, ડ્રોઈંગ ક્લાસ વગેરે વગેરેમાં વ્યસ્તા રહેતાં બાળકો માટે જૈનશાળામાં જવાનો સમય ફાળવવો મુશ્કેલ બની રહ્યો છે.

જૂના જમાનામાં જૈનશાળા દૈનિક હતી, હવે જૈનશાળાને સાપ્તાહિક બનાવવી પડી છે. ઉપરાંત માતૃભાષાની અવદશા અને અંગ્રેજીની બોલબાલાના આ વાતાવરણમાં જૈનશાળા રૂપ-સ્વરૂપ તથા

પદ્ધતિ બદલવી અતિ આવશ્યક બની ગઈ છે.

આજે આપણી સામે ઘણી બધી મર્યાદાઓ છે, જેવી કે -

૧) સમયની મર્યાદા - ભણવાનો સમય વધારેમાં વધારે ૨ કલાક/સપ્તાહ.

૨) ભાષાની મર્યાદા - આજે અંગ્રેજી માધ્યમથી શીખવવું પડે છે.

૩) લાંબા અંતરની મર્યાદા - લોકો દૂર-દૂર સુધી રહે છે, ઉપાશ્રય ઘણાને દૂર પડે છે.

૪) સુયોગ્ય સમયની મર્યાદા - જૈનશાળા સાંજે, રાત્રે એમ સ્થાનિકોની અનુકૂળતા પ્રમાણે ચલાવવી પડે.

વગેરે વગેરે...

આજનું બાળક તનાવગ્રસ્ત, ચંચળ તથા તાકિ અને કોમ્પ્યુટર પણ વાપરી શકે તેવા વૈજ્ઞાનિક યુગનું બાળક છે, તેથી તેને શીખવવાની પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર કરવાની આવશ્યકતા છે. આપણે બાળકના મનોરંજન અને ખેલકૂદના સમયમાંથી સમય લેવાનો હોય છે તેથી તેને વિષયમાં રસ પડે, તેને નિયમિત રીતે આવવું ગમે તે માટે શીખવવાની પદ્ધતિ રસપૂર્ણ, વૈવિધ્યસભર, પ્રોત્સાહનકારક તથા જ્ઞાન સાથે ગમ્મત કે ગમ્મત સાથે જ્ઞાન પ્રકારની જ રાખવી પડે. આ ખાસ, સમયની માંગ છે.

જૈનશાળામાં સામાન્ય રીતે ૪ વર્ષથી ૧૧ વર્ષનાં બાળકો એટલે કે કે.જી. કક્ષાથી વધુમાં વધુ આઠમી કક્ષા સુધીના જ બાળકો આવતા હોય છે.

વિવિધ કારણોસર ૮મા ધોરણ પછી બાળકોનો જૈન શિક્ષણ સાથેનો સંબંધ લગભગ તૂટી જતો હોય છે. બાલિકાઓમાંથી કેટલીક મોટી થયા પછી મહિલામંડળમાં જોડાઈને પોતાનો અભ્યાસ આગળ વધારે છે, પરંતુ છોકરાઓ યુવાન થયા પછી અને વૃદ્ધ થાય ત્યાં સુધી પણ પ્રાયઃ આગળ કંઈ જ શીખતા નથી અને અગાઉ શીખેલું પણ બધુ ભૂલી જતા જોવાય છે. બહુ જ ઓછા છે

જે જૈનતત્ત્વ કે દર્શનનો અભ્યાસ કરતા હોય. આજે આ જ કારણસર પોતાને જૈન કહેવડાવતાં આપણા જૈન શ્રાવકોમાંના ઘણાને જૈનધર્મનું પાયાનું જ્ઞાન જેમ કે – જૈનધર્મની ઈશ્વરની અવધારણા, અનેકાન્ત, નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ, નયવાદ, કર્મસિદ્ધાંતના રહસ્યો બાબત ભાગ્યે જ કંઈ જ્ઞાન હોય છે. આ જ કારણે કેટલા બધા જૈનો મિથ્યાત્વી દેવોની પૂજા આદિમાં પુષ્કળ પૈસા, સમય અને શક્તિ ખર્ચે છે. દોરા-ધાગા અને તાંત્રિકોમાં ફસાય છે.

કોઈને વિષયાંતર લાગશે, પરંતુ જે બાળકોનું શિક્ષણ બાળપણ પછી છૂટી જાય છે તેને અથવા બાળપણમાં જેને જૈનશાળાનો લાભ નથી મળ્યો તે બધાંને યુવાન, પ્રૌઢ કે વૃદ્ધ વયે પણ જૈનદર્શન જૈનતત્ત્વ અને ધર્મના નૈતિકતા, પ્રામાણિકતા આદિ પક્ષોનું શિક્ષણ આપવું જરૂરી છે. વ્યાખ્યાનથી લાભ થાય છે, પરંતુ ઘરે પણ વ્યવસ્થિત અભ્યાસ કરવાની વૃત્તિ પેદા કરવી અત્યંત જરૂરી છે. એ માટે ખાસ નાની પુસ્તિકાઓનું પ્રકાશન અને ખાસ વર્ગો પૂરા વર્ષ દરમિયાન ચાલે તેવી મોટાઓની જ્ઞાનશાળા બાબત પણ ગંભીરતાપૂર્વક ચિંતન કરવાની જરૂર છે. આજે માત્ર ઉપવાસ કરવા અને પછી એના મોટા-મોટા ઉજવણા કરવા અને વર્ષમાં સંવત્સરીનું એક પ્રતિક્રમણ કરવું એમાં જ આખો જૈનધર્મ સામાઈ ગયેલો દેખાય છે.

ઉપર જણાવેલા વિવિધ કારણો તથા આજના વિશિષ્ટ સમય અને સંજોગોને ધ્યાનમાં રાખી આધુનિક જૈનશાળાનું શિક્ષણ સર્વગ્રાહી બનવું જોઈએ. જૈન એ માત્ર એક ધર્મ જ નથી, પરંતુ એ ધર્મ ઉપરાંત અહિંસા, કરુણા, અનુકંપા, સંયમ તથા ઉપભોગની મર્યાદા આધારિત એક પૂરી જીવનશૈલી છે. તેથી જૈનશાળાનું શિક્ષણ માત્ર ઉપાસના અને અનુષ્ઠાનો પૂરતુ મર્યાદિત ન બનતાં રોજ-બરોજના જીવન વ્યવહારમાં ધર્મ ઉતરે, પ્રામાણિકતા, નૈતિકતા, વ્યસનમુક્તિ એ જીવનનું એક અંગ બને તે પ્રકારન હોવું જોઈએ. અર્થાત્ જ્ઞાન આચારશૂન્ય ન બનતાં, આચારમાં પરિણત થાય એ

આશય અનેક પ્રકારનું હોવો જોઈએ. મુનિ શ્રી અમરેન્દ્રવિજયજીના શબ્દોમાં – "એ કંદમૂળ નહીં ખાય એ જૈન છે એ ખોટું નહિ બોલે એ અન્યાય-અનીતિ નહિ આચરે એ જૈન છે એવી છાપ પણ ઉપસવી જોઈએ."

કોઈ પણ બાળકના સર્વાંગીણ વિકાસ માટે ચારેય આયામો (૧) શારીરિક (૨) બૌદ્ધિક (૩) માનસિક અને (૪) ભાવનાત્મક સંતુલિત રીતે વિકસિત થવા જોઈએ. આજની સ્કુલી શિક્ષામાં માત્ર બૌદ્ધિક અને થોડે અંશે શારીરિક શિક્ષા ઉપર જ ધ્યાન આપવામાં આવે છે આથી બાળકનો માનસિક અને ભાવનાત્મક પક્ષ સાવ પાંગળો રહી જાય છે. આથી ઘણા બૌદ્ધિકો, જેવા કે – એન્જિનિયરો, વૈજ્ઞાનિકો, મેનેજરો ભાવનાત્મક અસંતુલનને કારણે નિષ્ફળ જતા હોય છે, ક્યારેક આપઘાત પણ કરવા પ્રેરાય છે.

આથી ધાર્મિક શિક્ષણ સાથે બાળકના માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે પણ જૈનશાળા એક શક્તિશાળી માધ્યમ બની શકે તેમ છે. આપણા મગજના બન્ને ગોળાર્ધો-જમણું અન ડાબું, બન્નેના સંતુલિત વિકાસ માટે પણ જૈનશાળા એક શક્તિશાળી માધ્યમ બની શકે તેમ છે. સાથે-સાથે "ઈમોશનલ ક્વોશન્ટ" અને "સ્પિરીચ્યુઅલ કોવોશન્ટ"ના વિકાસ માટે જૈનશાળાના અભ્યાસક્રમમાં અભિપ્રેરણાત્મક (Motivational) કથાઓ, મંત્રો, સૂત્રોના સૈદ્ધાંતિક પત્ર સાથે યોગ (આસન-પ્રાણાયામ) તથા કાયોત્સર્ગ અને ધ્યાન જેવો પ્રાયોગિક પક્ષ હોવો પણ અત્યંત જરૂરી છે. આ પ્રયોગોથી બાળકમાં શિસ્ત, શાંતતા, સહિષ્ણુતા, એકાગ્રતા આદિ ગુણોનો સહજ વિકાસ સંભવિત બને છે.

આજના સમયમાં જૈનશાળાના અભ્યાસક્રમનું સ્વરૂપ કંઈક નીચે પ્રમાણેનું રાખી શકાય જેમાં સમય અન સંજોગ પ્રમાણે તથા ગુરુ ભગવંતોના માર્ગદર્શન પ્રમાણે સુધારા-વધારા કરી શકાય.

શિક્ષણનું માધ્યમ : અંગ્રેજી-ગુજરાતી

અઠવાડિયે ૧ દિવસ – સમય ૨ કલાક

ઉંમર પ્રમાણે શ્રેણીનું નિર્ધારણ —

| બાળકની | શ્રેણી | બાળકની | શ્રેણી | બાળકની | શ્રેણી |
|---|---|---|---|---|---|
| ૪ વર્ષ | ૧ | ૭ | ૪ | ૧૦ | ૭ |
| ૫ વર્ષ | ૨ | ૮ | ૫ | ૧૧ | ૮ |
| ૬ વર્ષ | ૩ | ૯ | ૬ | | |

દરેક શ્રેણીનું કાલમાન ૧ વર્ષ. વર્ષમાં ૪ ટેસ્ટ દરેકનું મહત્ત્વ સરખું, દરેકમાં પાસ થવું જરૂરી.

માર્ક્સ, નંબર કે ગ્રેડ જેવી સ્પર્ધાત્મક નહીં.

પરીક્ષામાં વ્યાજબી કારણોસર હાજર ન રહી શકાયું હોય તો પરીક્ષા આગળ-પાછળ લઈ શકાય.

પરીક્ષા પછી બધાને એક સરખો પુરસ્કાર આપવા.

શિક્ષણનો ક્રમ બે પ્રકારે રાખી શકાય – (૧) સામુહિક અને (૨) શ્રેણી અનુસાર.

**(૧) સામૂહિક સમય – ૧ કલાક**

૧) નમસ્કાર મહામંત્ર — સમય

૨) ગુરુવંદન – તિક્ખુત્તો

૩) પ્રતિજ્ઞા — ૧ કલાક

૪) બોધકથા / પર્વ, ઉત્સવ, જયંતી વગેરેનું પ્રસંગ અનુરુપ ઔચિત્ય મહત્ત્વ, ઉજવણી આદિ વિશે જ્ઞાન આપવું.

૫) પ્રાયોગિક — આસન, પ્રાણાયામ, કાયોત્સર્ગ, ધ્યાન આદિના પ્રયોગ

**(૨) શ્રેણી અનુસાર**

૧) જૈનવિદ્યાનું જ્ઞાન

૨) વ્યક્તિત્વ વિકાસની પ્રેરણા — ૧ કલાક

૩) સ્તુતિ કે સ્તવનથી સમાપન

## વિગતવાર વિવરણ

**પ્રતિજ્ઞા** – ૧) હું જૈનશાળાનો વિદ્યાર્થી હોવાનું ગૌરવ અનુભવું છું.
૨) હું નિયમિત રીતે નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરીશ.
૩) હું જીવનમાં અહિંસા, નૈતિકતા તથા પ્રામાણિકતા પાળીશ.
૪) હું ઉચ્ચવિચાર અને સાદી જીવનશૈલી અપનાવીશ.
૫) હું વ્યસનમુક્ત જીવન જીવીશ.
૬) હું જિનેશ્વરને મારા દેવ, જિન પ્રરૂપિત ધર્મનો મારો ધર્મ તથા તે ધર્મની પ્રરુપણા કરનાર સાધુ-સાધ્વીજીઓને મારા ગુરુ માનીશ.
૭) હું મારા માતા-પિતાને તથા વડીલોને માન આપીશ.

**યોગના પ્રયોગો** :– એકાગ્રતા, સ્મરણશક્તિનો વિકાસ, સંતુલિત વિકાસ, વિનમ્રતા આદિ માટે — ભ્રામરી, અનુલોમ-વિલોમ પ્રાણાયામ, સમયપાદાસન, શશાંકાસન, તાડાસન, પાદહસ્તાસન વગેરે પ્રયોગો.

**જૈનવિદ્યા** :– દરેક પાઠની સમજણ તેનું વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક મહત્ત્વ, અર્થ સહિત સૂત્રો યાદ કરાવવા. જૈન કથાઓ, મંત્રો, સૂત્રો, સ્તવનો, સામાયિક, ૨૫ બોધ, જુદા-જુદા વ્રતો આદિ ગુરુભગવંતોના માર્ગદર્શન પ્રમાણે... પરંતુ વૈમાનિક દેવ, લોકનું સ્વરૂપ આદિ વિષયો જેનું જીવન કળા અને મોક્ષ પ્રાપ્તિ માટે સીધો સંબંધ નથી, ભવિષ્ય માટે છોડી દેવા.

**વ્યક્તિત્વ વિકાસ** :– એકાગ્રતા, સમય પ્રબંધન માટે સીધા સંબંધ વિકાસ, શિસ્ત સકારાત્મક જીવન દ્રષ્ટિ આદિ.

સૌથી મહત્ત્વની વાત જો કૂવામાં હોય તો હવાડામાં આવે એ ન્યાયેસાંપ્રત જૈન શાળામાં ભણાવવા માટે કુશળ પ્રશિક્ષકો તૈયાર કરવાની આવશ્યકતા રહેશે. એટલે એ યોજના પણ વિચારવી અને કાર્યાન્વિત કરવી પડે. આવા પ્રશિક્ષકોને સન્માનનીય વેતન આપવું જોઈએ જેથી સારા પ્રશિક્ષકો મળતા રહે.

અંતમાં,

૧) દરેક જૈનશ્રાવકને જૈનશાળાનું મહત્ત્વ સમજાવું જોઈએ.

૨) દરેક જૈન કુટુંબે પોતાના બાળકને જૈનશાળામાં ભણાવવાનો આગ્રહ રાખવો.

૩) જ્ઞાન દાન એ સૌથી મોટું દાન છે. તેથી સંપન્ન શ્રાવકોએ આ ઉપક્રમ માટે ઉદારહૃદયે દાન આપવું જોઈએ.

૪) જે કોઈ પણ જૈન તન, મન, ધનથી સેવા કરી શકે તેણે આ અતિ મહત્ત્વના ઉપક્રમ માટે સેવા કરવી જોઈએ.

૫) જૈનશાળાનું શિક્ષણ વૈજ્ઞાનિક તથા મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ધ્યાનમાં રાખી અપાવું જોઈએ.

૬) તત્ત્વદર્શન, ઉપાસના સાથે અહિંસા ખાસ જોડાવી જોઈએ.

૭) બાળકો જેવું જુએ છે તેવું શીખે છે એટલે અભિભાવકો એ ઘરનું વાતાવરણ શાંત, ધાર્મિક તથા સાદાઈને પોષનારું રાખવું જોઈએ.

૮) અભ્યાસક્રમની શ્રેણી પ્રમાણે **Text Book** છપાવી દરેક બાળકને પડતર કિંમતે આપવી જેથી અઠવાડીયાના બાકીના દિવસે બાળક જ્યારે બેસીને પુનરાવર્તનિ કરી શકે. ઉપરાંત અભિભાવકો પણ આ પુસ્તકો વાંચી પોતાનું જ્ઞાન વધારી શકે અને બાળક શું શીખે છે તે વિગતે જાણી શકે.

આ તબક્કે એક નોંધ અવશ્ય લેવી જોઈએ કે ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ પ્રેરિત **Look & Learn Gyan Dham**નોજે પ્રયોગ ચાલી રહ્યો છે તે અતિશય સફળ, લોકપ્રિય અને ઉપકારક સાબિત થઈ રહ્યો છે.

વિશ્વમાં જ્યાં પણ જૈનોની વસ્તી છે ત્યાં જૈનોના ચારેય ફિરકામાં આ પ્રકારની જૈનશાળાઓ શરુ કરવામાં આવે તો જૈન ધર્મ અને જૈન સમાજની બહુ મોટી સેવા થઈ શકે તેમ છે.

# અહિંસાનું વિધેયાત્મક સ્વરૂપ

■ ડૉ. રેખા ગોસલિયા

જૈન ધર્મના અભ્યાસી રેખાબહેને સોશિયોલોજી, સાયકોલોજી પર Ph.D. કર્યું મુંબઈ યુનિવર્સિટી અને SNDT યુનિવર્સિટીમાં અધ્યાપનનું કાર્ય કરતા હતા.

"જનનીની જોડ જગે નહીં જડે રે લોલ,
અહિંસાની વાત જગે નહીં જડે રે લોલ,

અહિંસા તો માતાની માફક સદા સર્વદા સહુ કોઈનું કલ્યાણ અને મંગલ કરનારી છે. પરંતુ આ સર્વ કલ્યાણકારી તત્ત્વની પિછાણ થવા માટે સામાન્ય માનવીને સંતાપ તથા અશાંતિનો કટુ અનુભવ થવાની જરૂર છે, અને આવો અનુભવ અનેક રીતે આજના માનવીને ખાસ્સો એવો થયો છે.

અહિંસાના સિદ્ધાંત માટે અનેક વિદેશી વિદ્વાનોએ ટીપ્પણી આપી છે. રોમારોલાં કહે છે કે : "અહિંસાના સિદ્ધાંતોનો સિંહનાદ કરીને ગાંધીજીએ વિશ્વવિજય કર્યો. આજે હજુ આવા માણસોની વધુને વધુ જરૂર છે. અહિંસાના અમૂલ્ય વિચારનું શ્રેય ભગવાન મહાવીરને જાય છે." અહિંસાના આ સિદ્ધાંતમાં અપ્રતિમ શક્તિ, તાકાત તથા બળ રહેલાં છે. દરેક ધર્મ ગાઈ વગાડીને અહિંસાની વાતો તો કરે જ છે, પરંતુ જૈનધર્મમાં અહિંસાની વિભાવના વિશિષ્ટ છે. જૈનધર્મ જીવમાત્રને માનથી અને આદરથી જુએ છે. **(Reverance for life)** દરેકને જીવવાનો સરખો અધિકાર છે. જૈનધર્મમાં સર્વ અનુષ્ઠાનોમાં અહિંસા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ તરફ અનુકંપા દર્શાવવી એવું જણાવ્યું છે. આ ભાવ વ્યવહારમાં ઉતારવો બહુ કઠિન છે. આકરી અહિંસા પાળવી એ અશક્ય છે પરંતુ જૈનધર્મની અહિંસાની આ ભાવના તેને મુક્તિ ઉંચેરો ધર્મ બનાવી શકે છે.

**"A for apple"** ભણતી આજની ઉગતી પેઢીને "અ" નો

અર્થ આ રીતે સમજાવી શકાય "અહિંસા-અપરિગ્રહ અને અનેકાન્તવાદ" આ ત્રણેય બાબતો જૈન ધર્મના, તત્ત્વજ્ઞાનના અને મુક્તિ મેળવવાના ઉત્તમ પગથિયાં છે. જૈનધર્મનું સમગ્ર દર્શન તેમજ તેનો સંપૂર્ણ નિચોડ આ સિદ્ધાંતોમાં સમાઈ જાય છે. જૈન ધર્મી તરીકે તેની આછી-પાતળી સમજ મેળવવાની ખાસ જરૂર છે. "આચારે અહિંસા" તરીકે ઓળરાતી અહિંસાની વિભાવનાનુ વિધેયાત્મક પાસુ જોવાની આવશ્યકતા છે

અપરિગ્રહ એટલે સાદી ભાષામાં પરિગ્રહ ન કરવો. પરંતુ આપણી એષણા અમાપ હોય છે. તેને કોઈક રીતે મર્યાદિત કરી શકાય, ઈચ્છાઓની સીમા બાંધી શકાય, આવું કંઈક કરી શકીએ તો અપરિગ્રહનો સાચો અર્થ સમજ્યા કહેવાય.

અનેકાન્ત એ વિચારસરણીની વિભાવના છે. સૌના મતનો વિચારનો આદર કરી સમન્વયની ભાવના કેળવવાથી બધા જ મતમતાંતર દૂર કરી શકાય છે. આ ત્રણેય સિદ્ધાંતનો સુયોગ સધાવો જોઈએ.

અહિંસાનો મર્મ સમજવા આપણે આચાર્યશ્રી ઉમાસ્વાતિને યાદ કરવા રહ્યાં. તેમણે જે સોનેરી સૂત્ર "પરસ્પરગ્રહોજીવાનામ્" આપ્યું છે તે સમજવા જેવું છે. દરેક જીવ પરસ્પર આધારિત છે અને દરેક જીવોનું જીવન એકબીજાનાં સહકાર અને સાથથી ચાલે છે. પ્રાણીમાત્રને આવરી લેતી આ વિશાળ ભાવના ખરેખર અદ્ભુત છે. દરેક જીવોમાં આત્મા સમાન છે. પછી તે વાઘ કે બકરી કેમ ન હોય?

છ કાયના જીવો પણ તદ્દન નિર્જીવ નથી, તેમાં ચેતના છે એ વાતની પ્રતિતી આચારાંગ સૂત્ર દ્વારા સાંપડે છે.

"વનસ્પતિ" એ જીવ છે, કારણ કે તેમાં મનુષ્યની જેમ જન્મ, જરા અને વૃદ્ધિ વગેરે ગુણો છે. જળ પણ સજીવ છે તે ભૂમિમાંથી સ્વયંભૂ રીતે પ્રગટે છે. અગ્નિ પણ સજીવ છે કારણ કે કાષ્ઠ-લાકડાં ઈત્યાદિથી તેની વૃદ્ધિ જોવામાં આવે છે. પવન પણ

સજીવ છે, તે ગાયની જેમ બીજાની પ્રેરણાથી આડો અથવા નિયતપણે ગમન કરે છે. વૃક્ષ પણ સજીવ છે, જ તેની સર્વ ત્વચા ઉખેડી નાખે તો ગર્ભની જેમ તેનો વિનાશ થાય છે. આ બધા જીવોની રક્ષા માટે અહિંસા ને અપનાવવાની વિશેષ જરૂર છે.

આજે ચારે તરફ ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગે છે તેવા સંજોગોમા માંનવીને અહિંસામાં જ સંજીવનીના સુભગ દર્શન થાય છે. માનવીનું મન યુદ્ધ અને હિંસાને સ્વીકારવા કરતાં શાંતિ અને અહિંસાને વધુ ચાહે છે. સમગ્ર વિશ્વમાં અહિંસાના આવકાર અને પ્રચારની ભૂમિકા સર્જાઈ રહી છે.

મહાવીર ભગવાનના અનુયાયીઓ અને ધમાં વિદ્વાન વિચારકોનાં અંતરમાં અહિંસાના આ આગવા સિદ્ધાંતે આદરભર્યું સ્થાન મેળવ્યું છે. આવા જ આદર અને ભક્તિભાવથી પ્રેરાઈને દેશ-પરદેશના અગ્રેસરો, વિચારકો, વિદ્વાનો, વૈજ્ઞાનિકો વગેરે અહિંસાના ખ્યાલને અપનાવે તો વિશ્વનું કલ્યાણ થઈ શકે.

અહિંસાનો પર્યાયવાસી શબ્દ જીવદયા છે. જીવમાત્ર તરફ ક્રૂરતા ન બતાવવી અને સાથે સાથે જીવ માત્રને સુખ મળે તેવી પ્રવૃત્તિને વેગ આપવી જોઈએ.

આપણે જીવ-જંતુઓને હેરાન-પરેશાન કરીએ કે એનો સંહાર કરીએ તો આપણા એ દુષ્કર્મો પણ પાપકર્મને જન્માવે છે. આ રીતે જોઈએ તો જીવહિંસા એટલે આપણી પોતાની જ હિંસા કરવા જેવું અવિચારી કાર્ય છે. ટૂંકમાં જીવદયા એટલે આપદયા, જીવદયાનો આદર કરીને માનવી પોતાનો જ બચાવ કરે છે એ પોતાને અધોગતિની ગર્તામાં પડતા રોકે છે.

જીવદયાપ્રેમી મહાનુભાવો સર્વોત્તમ પ્રકારની જીવદયાની હિમાયત કરે છે અને તેનું યથાર્થ રીતે પાલન કરવા માટે પ્રયત્ન કરે છે પરંતુ આપણે જોઈએ છીએ કે લોકો પોતાના લાભને ખાતર પ્રાણી સૃષ્ટિનો ગમે તેવો ઉપયોગ કરવાની સ્વાર્થી ટેવ ચાલુ જ રાખે છે. ''જીવ માત્રને જીવવાનો સમાન હક્ક છે'' એ ઉદારી

માન્યતા પણ કી આજકાલની નથી. પ્રાચીન ધર્મ પુરુષો અને સાધુ ભગવંતોએ વારંવાર આ સત્યનું ઉચ્ચારણ કર્યું છે.

જૈનધર્મનો આશય સંપૂર્ણ અહિંસાનો સાક્ષાત્કાર કરવાનો હોવા છતાં એવી સર્વાંગ સંપૂર્ણ અહિંસાનું પાલન જીવન નિર્વાણની દૃષ્ટિએ શક્ય નથી. સૌ કોઈ ઓછામાં ઓછી જીવહિંસાથી જીવનનો નિર્વાહ થાય એ રીતે પોતાનો જીવનક્રમ ગોઠવે તો પણ અહિંસાની વિભાવના અપનાવી છે એમ કહી શકાય.

જૈનધર્મી તરીકે ગમે તે પ્રવૃત્તિ કરીએ પણ મુખ્ય ઉદ્દેશ અહિંસા અને સત્યનો સાક્ષાત્કાર કે પ્રચાર કરવાની છે તે ભૂલવું ન જોઈએ. હિંસાનું નિવારણ કરવાના પ્રયત્ન અને પુરુષાર્થ ન છોડવા જોઈએ.

અહિંસામાં આસ્થા ધરાવતી કોઈપણ વ્યક્તિએ પોતાની આસપાસ ચાલતી હિંસાનો મૂક સાક્ષી બનીને, અસહાય કે લાચાર બનીને કે નિષ્ક્રીય થઈને બેસી ન રહેવું જોઈએ. આવુ થાય તો વ્યકિતની અહિંસા-ભાવનાનો વિકાસ થંભી જાય છે. સારાનો સ્વીકાર કરવો અને ખરાબની સામને ઝઝૂમવુ એજ માનવ જીવનની વિશેષતા છે.

જો માનવી અહિંસાનો મહિમા સમજે તો માનવીના વિકાસને રૂંધતા બધા કષાયોથી દૂર રહેવાના વૃત્તિ એનામાં જાગ્યા વિના ન રહે. મહાવીર ભગવાને માનવ સમાજને અહિંસાના સર્વોત્તમ માર્ગે ચાલવાની બૂલંદ ધર્મઘોષણા કરી છે.

મુનિશ્રી સંતબાલજી એ કલકત્તાના કાલીમાતાના મંદિરમાં અપાતા પશુબલિદાનના નિવારણને પોતાનું એક મિશન-ધર્મકાર્ય બનાવ્યું હતું. આ અને આવાં અનેક ઉદાહરણ આપી શકાય.

અહિંસાના વિધાયક સ્વરૂપ તરીકે કરુણા (અનુકંપા પ્રેરિત) ની ભાવનાને પણ જૈનધર્મે સંપૂર્ણ પ્રોત્સાહન આપ્યું છે. માનવીને માનવી બનાવવાનું કામ અહિંસા અને એનાં જ અંગરૂપ પ્રેમ,

મૈત્રીભાવ, કરુણા દ્વારા જ થઈ શકે છે. અહિંસાના આ વિધાયક સ્વરૂપને વિવિધ રીતે આચરણમાં મૂકી શકાય તેમ છે.

૧) સાધનશુદ્ધિઃ ધર્મને શુદ્ધ રાખવા માટે તેના પર આવરણ જેવા કે અંધવિશ્વાસ હિંસા, અનાચાર અવિચાર વગેરેને હટાવવા જોઈએ. અશુદ્ધ સાધનાવાળો (અહીં આ ધાર્મિક ભક્તિના અર્થમાં) ધર્મ તારક નહીં મારક નિવડે છે

૨) સકારાત્મકતા : કોઈપણ આચાર વિચાર માટે સકારાત્મકતા રાખવી જોઈએ. કોઈ સાથેના વર્તન-વ્યવહાર-વિચારમાં પણ આ Positivity અથવા તો સ્વીકાર કરવાની ભાવના જેથી સામા માણસની લાગણીને ઠેસ ન પહોંચે કે દુભાય નહીં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. અનેકાન્તના ઉંડાણમાં આ સકારાત્મકતા સમાઈ છે.

૩) સંકલ્પ : કોઈપણ વ્યક્તિ હિંસાનો મનોરથ કરે કે મનમાં સંકલ્પ કરે કે બીજાની હિંસા કરવી છે તો તે પાપથી પોતાના આત્માને જ દુઃખ પહોચાડે છે.

૪) સમભાવ : દરેક પ્રાણી કે જીવ પર સમાનભાવ રાખી અહિંસક બનવાની વિભાવના ને આચરણમાં મૂકવી જોઈએ પછી તે જીવ સૂક્ષ્મ હોય કે મહાકાય પરંતુ સમભાવ એ અહિંસાનુ વિધેયાત્મક રૂપ છે.

૫) સહયોગ : સહાય અથવા સાથ આપી જીવને હિંસા આચરતા ઉગારવા જોઈએ.

૬) સમતા : ક્રોધ જેવા કષાયો હિંસાને ઉદીપ્ત કરે છે અને કારણરૂપ બને છે. આ માટે સમતા ભાવ રાખી અહિંસાને અનુમોદન આપવું જોઈએ. આ ઉપરાંત સંવેદના પ્રાણીના દુઃખો સાથે વેદના અનુભવવી, એ પણ અહિંસાનું પોષક તત્વ છે. સમજણ સહાનુભૂતિ વ. ભાવો અહિંસાના વિવિધ પ્રગટીકરણ છે.

આજે અહિંસાના વિધાયક સ્વરૂપે કરુણા અનુકંપાની ભાવના ઠેરઠેર જોવા મળે છે. ઘણી જગ્યાએ પાંજરાપોળ પશુ-પંખી ઢોરની

રક્ષા કાજે અને તેની માવજત માટે સક્રિય રીતે સુંદર કામ કરી રહી છે. વળી, વૃદ્ધાશ્રમ જેવી સંસ્થાઓ જેમાં અપંગ, વૃદ્ધ માંદા વ.ની સેવા સુષૃશા કરવાની ભાવના સાથે ઉપસ્થિત થઈ છે. આ બધા અવિષ્કાર રૂપ ગણાવી શકાય. કૂરણાવૃતી ની સાબિતી અને સાક્ષીરૂપ છે. આપણા શાસ્ત્રોમા ૧૨ વ્રતમાં અભ્યાંતર વ્રતમાં વૈયાવચ્ચને પણ અગત્યનું સ્થાન અપાયું છે. જેમા માંદાની માવજત, તપસ્વીઓની સેવા તથા સાધુસંતોને શાતા મળે તેવી ભાવના સેવાય છે. ટૂંકમાં ભગવાન મહાવીરે પ્રરૂપેલી કરૂણાની ભાવના, અહિંસાના વિધાયક રૂપે પ્રગટે છે, તેમાં શુભભાવ રહ્યો છે. દરેક વ્યક્તિ પોતાની જીવન સાધનામાં અહિંસાનો મહિમા સમજતો થાય તો તેની ફલશ્રુતિ રૂપે કેટલા બધા માનવકલ્યાણના કાર્યો થઈ શકે.

પર્યાવરણનો પેચીદો પ્રશ્ન ઉકેલાય પ્રદૂષણ ઓછુ થાય વૈશ્વિક સ્તરે ઉષ્ણતામાનમાં થતા ફેરફારોમાં સમતુલન જળવાય ઋતુચક્રના તફાવતો ઓછા થાય **global warming** અને **Ozon**ના પડની ચિંતા ધીમે ધીમે ટળે.

આમ, સમગ્ર રીતે અહિંસાની વિભાવનાને મૂલવીએ તો ખ્યાલ આવે છે કે મહાવીર ભગવાન ૨૬૦૦ વર્ષ પહેલા કેવા આર્ષદષ્ટા અને દીર્ઘદષ્ટિ ધરાવતા હશે, કે આજે પણ તેની આ અહિંસક ભાવના વિશ્વસ્તરે વિચારાય છે.

વિશ્વ અહિંસાના માર્ગે ચાલશે તો કરુણાનું અમૃતપાન કરવાનો લ્હાવો સૌને મળશે.

# જંબુસ્વામી રાસ : અર્થપૂર્ણ કથાનકનો હૃદયસ્પર્શી વિનિયોગ

એમ.એ.પીએચ.ડી – ■ ડૉ. બળવંત જાની

સૌરાષ્ટ્ર યુનિ. ના ગુજરાતી વિભાગના અધ્યક્ષ, પ્રતિભાશાળી વિવેચક, વિદ્વાન વક્તા, અનેક પુસ્તકો અન લેખો પ્રસિદ્ધ થયા છે.

કેટલીક વિલક્ષણ રાસકૃતિઓથી જૈન કથાસાહિત્ય સમૃદ્ધ છે. એમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત 'જંબુસ્વામી રાસ'નું પણ સ્થાન છે. જૈન કથાસાહિત્ય બહુધા ચરિત્રાશ્રિત છે. સ્વાભાવિક છે કે આ ચરિત્રો ધાર્મિક, ઐતિહાસિક કે લૌકિક પરંપરાનાં હોય. એમાં ઐતિહાસિક કે લૌકિક પરંપરાના ચરિત્રોને તો કલ્પનાના બળે, વર્ણનની વિવિધ છટાના બળે કે પ્રચલિત લોકમાન્યતાઓ અથવા દંતકથાઓના બળે ચિત્તકર્ષક રીતે કથામાં પ્રયોજી શકાય પરંતુ ધર્મચરિત્રને ચિત્તાકર્ષક રીતે રાસકૃતિમાં આ કારણે જ બહુ ઓથી રાસકૃતિઓ હૃદયસ્પર્શી બની છે. ધર્મચરિત્રમૂલક રાસમાં હકીકતોને વફાદાર રહીને કથાનું નિર્માણ કરવાનું હોય છે. એમાં જો એના રચયિતા પાસે કથનકળાની આગવી હથોટ હોય તો જ એમાંથી કથારસ નિષ્પન્ન કરાવી શકે.

યશોવિજયજી એવા એક દૃષ્ટિપૂત સર્જક છે. હકીકતનિષ્ઠ પરંપરાસ્થિત કથાને પોતાની રીતે પ્રયોજીને એમણે 'જંબુસ્વામી રાસ' કૃતિનું નિર્માણ કર્યું છે. યશોવિજયને જ્ઞાનની અનેક વિદ્યાશાખાઓનો અભ્યાસ હતો. જ્ઞાનની લગભગ બધી જ શાખાઓથી તેઓ અભિજ્ઞ હતા. એમની એ અભિજ્ઞતાનો લાભ 'જંબુસ્વામી રાસ'ને મળ્યો જણાય છે. આમ સર્જકનું બહુપરિમાણી વ્યક્તિત્વ કૃતિને આગવું પરિમાણ અર્પતું હોય છે, એનો પરિચય પણ અહીંથી મળી રહે છે. જૈન રાસસાહિત્યની પરંપરામાં 'જંબુસ્વામી રાસ' બેત્રણ બાબતે મહત્ત્વ ધારણ કરે છે:

(૧) જૈન સાહિત્યમાં જંબુસ્વામી-કથાનકની ઘણી પરંપરા પ્રચલિત છે, પણ એમાંથી બે પરંપરા વિશેષપણે પ્રચલિત છે. એક સંઘદાસગણીની 'વસુદેવહિંડી' અને બીજી, હેમચંદ્રાચાર્યની 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર'ની આ બન્ને પરંપરામાંથી યશોવિજયજી હેમચંદ્રાચાર્યની પરંપરાને અનુસર્યા છે. માત્ર અનુસર્યા નથી, એમણે પોતાની રીતે કથાનું નિર્માણ કર્યું છે. એમની મૂળ કથાને પદ્યમાં ઢાળવાની શક્તિ તથા કથનકળાને કારણે ધર્મચરિત્રમૂલક કથાનકવાળી કૃતિ રસપ્રદ રાસકૃતિ બની શકી છે.

(૨) બીજા દૃષ્ટિબિંદુથી જોઈએ તો જંબુસ્વામીનું ચરિત્ર રાસકૃતિને પોષક નથી. એમાં કથાનો ક્રમિક વિકાસ નથી, જંબુસ્વામીનો ઉછેર, લગ્ન, દીક્ષા લેવાની ઈચ્છા, કુટુંબીજનોની અનિચ્છા, જંબુસ્વામીની દલીલો, અંતે સંમતિ મળવી, અન્ય વ્યક્તિઓનું પણ દીક્ષા લેવા તત્પર થવું આ સિવાય કશાં કારણો, પ્રત્યાઘાતો કે સંઘર્ષ નથી, પરંતુ યશોવિજયજી અહીં કથાનાં તત્ત્વોનું ઉમેરણ કરી શક્યા છે. સામસામા બે પક્ષો ઊભા કર્યા છે. એક પક્ષે ઘણાબધાં છે, જેઓ ભોગવિલાસ જેવી સ્થૂળ બાબતોની તરફેણ કરે છે, અને બીજા પક્ષે માત્ર જંબુકુમાર એકલા જ છે, તેઓ સંયમવૈરાગ્યનો મહિમા ગાય છે. આ સામસામા મુકાબલાને કારણે ભાવકને કથામા રસ પડે છે. બન્ને ભાવને પોષક એવી તર્કપૂર્ણ દૃષ્ટાંતકથાઓ ક્રમશઃ પ્રસ્તુત થાય છે. ભાવક એમાં ખૂંપતો જાય છે. એ રીતે 'જંબુસ્વામી રાસ' એ દૃષ્ટાંતકથાઓની અટવી છે. પણ એ અટવીમાં જંબુકુમાર કેન્દ્રસ્થાને રહ્યા છે. આથી અનેકાનેક દૃષ્ટાંતકથાઓને એકસૂત્રતા પ્રાપ્ત થાય છે. આમ જંબુકુમાર એ કથાનો એકતા અર્પનાર ચરિત્ર તરીકેની મહત્તા ધારણ કરે છે અને એમાંથી રાસકૃતિ નિર્મિત થઈ છે.

(૩) સમગ્ર કથાને યશોવિજયજીએ પાંચ અધિકારમાં વિભાજિત કરી છે. એમાં કથાઓ પ્રસ્તુત કરવા માટે યશોવિજયજી કથનકેન્દ્રો બદલતા રહે છે. આ બધી કથાઓને વિવિધ ઢાળ, દેશી, દુહા એ ચોપાઈબંધમાં ઢાળી છે. આ રીતે કથાનું નિર્માણ અને એની

અભિવ્યક્તિનું સ્વરૂપ, કેન્દ્રમાં રહેલ તર્કપૂર્ણ દલીલો તથા સંઘર્ષનું તત્ત્વ રાસકૃતિને રસપ્રદ બનાવે છે.

આમ, કથાનું સ્વતંત્ર રીતે નિર્માણ, દૃષ્ટાંતકથાઓનો દૃષ્ટિપૂત વિનિયોગ અને કથનકળાની ઊંડી સૂઝ એમ બેત્રણ બાબતે 'જંબુસ્વામી રાસ' મને મધ્યકાલીન રાસકૃતિઓના ઈતિહાસમાં મહત્ત્વ ધારણ કરતી કૃતિ જણાઈ છે. આ ત્રણેય મુદ્દાઓ વિગતે જોઈએ.

(૧)

ભારતીય કથાસાહિત્યમાં તેમજ જૈન કથાસાહિત્યમાં અવાંતરકથાની એક સુદીર્ઘ પરંપરા છે. પરંતુ મુખ્ય ચરિત્રના જીવનનો માત્ર એક જ પ્રસંગ અને એની આસપાસ ત્રેવીશ જેટલી કથાઓ ગૂંથાયેલી હોય, એમ છતાં એકસૂત્રતા પણ જળવાઈ હોય એ વિરલ છે. અહીં યશોવિજયજીએ આવું વિરલ કથાનક રાસકૃતિ માટે પસંદ કર્યું છે.

શ્રેણિક રાજાના પ્રશ્નના ઉત્તર રૂપે મહાવીર પ્રભુ પોતે સ્વમુખે વિદ્યુન્માલીની કથા કહે છે. ગુપ્તમતિના બે પુત્રો ઋષભદત્ત અને જિનદાસ. જિનદાસની સેવા ઋષભદત્ત કરે. એમાં પાછી મગધદેશના સુગ્રામમાં રાષ્ટ્રકૂટ-રેવતીની અવાંતરકથા આરંભાય, આ કથામાં ભાવદેવ અને ભવદત્ત એ બે ચરિત્રો કેન્દ્રસ્થાને છે. ભવદત્તે દીક્ષા લઈને આગમનો અભ્યાસ કર્યો. કોઈ મુનિ પોતાના અનુજબંધને દીક્ષા અપાવવામાં અસફળ રહ્યા એટલે ભવદત્ત મુનિએ ટકોર કરી. ભવદત્ત મુનિએ પોતાના અનુજબંધુને દીક્ષા લેવરાવવાનું કબૂલ્યું. જ્યારે ભવદત્ત મુનિ વિહાર કરતા-કરતા ભવદેવ પાસે પહોંચે છે ત્યારે ભવદેવનાં નાગિલા સાથે લગ્ન થતાં હોય છે. ભવદત્ત આ પ્રસંગે યુક્તિપૂર્વક પાછા ફરે છે. ભવદેવ અને નાગિલા આથી ભવદત્ત મુનિની પાછળ પાછળ નીકળી પડે છે. ભવદેવને ભવદત્તે પોતાનું એક પાત્ર ઊંચકવા આપ્યું. છેવટે બધા પાછા ફર્યા, પણ શિષ્ટાચારના ભાગ રૂપે ભવદેવ તો ભવદત્તની પાછળ પાછળ પાત્ર ઊંચકીને ચાલતા જ રહ્યા. રસ્તામાં ભવદત્તા મુનિએ પૂર્વાશ્રમની બધી વાતો ઉખેળી. એ રીતે રસ્તો પસાર થઈ ગયો. ગુરુ પાસે પહોંચીને ભવદત્ત મુનિએ કહ્યું કે 'મારો અનુજબંધુ દીક્ષા લેવા

ઉત્સુક છે.' ભવદેવને પૂછયું. ભવદેવને આશ્ચર્ય તો થયું કે મારા વિશે ખોટું બોલીને કેમ મને દીક્ષાર્થી તરીકે ઓળખાવ્યો હશે? પણ પોતાના મોટાભાઈને કંઈ ખોટા પડાય? એવું વિચારીને હા કહી દીધી અને દીક્ષા પણ લીધી. પછી થોડા વર્ષો બાદ ભવદત્ત મુનિ તો ઉગ્ર તપશ્ચર્યા કરીને અનશન આચરીને દેવલોકના દેવ થયા. આ બાજુ ભવદેવના મનમાંથી નાગિલા દૂર થઈ ન હતી. એટલે હવે ભાઈના કાળધર્મ પામ્યા પછી દીક્ષાનો વેશ ત્યજીને નાગિલાને મેળવવાના હેતુથી ભવદેવ નાગિલાના નગરમાં આવે છે. નાગિલાને પોતાના મનની વાત જણાવે છે. નાગિલાના ઉપદેશથી ભવદેવ દીક્ષાનો સાધુવેશ છોડતા નથી અને વ્રતનાં આચરણ તરફ વળે છે. પછી તો નાગિલાએ પણ દીક્ષા લીધી.

બીજી બાજુ ભવદત્તના જીવે દોવલોકમાંથી ચ્યવીને પૂંડરીકિણી નગરીમાં વજ્રદત્ત રાજાની યશોધરા રાણીને ત્યાં પુત્ર રૂપે જન્મ લીધો. એનું નામ સાગરદત્ત રાખ્યું. અનેક રાણીઓને પરણીને વાદળાના દર્શનથી વૈરાગ્ય પામીને દીક્ષા લઈને તે અવધિજ્ઞાનને પામ્યો.

ભવદેવનો જીવ વીતશોકનગરીના પદ્મરથ રાજાની રાણી વનમાલાને ત્યાં પુત્ર રૂપે અવતર્યો. એનું નામ શિવકુમાર રખાયું.

શિવકુમારે સાગરદત્ત મુનિ પાસે દીક્ષા લેવાની ઈચ્છા વ્યકત કરી. માતા-પિતાની અનુજ્ઞા ન મળવાથી દીક્ષા ન લીધી. પૂર્વભવનું જ્ઞાન થયું અને અંતે વ્રતાચરણ કરીને મનથી સાગરદત્ત મુનિનો શિષ્ય બનીને સમય પસાર કરીને અંતે દેવલોકને પામ્યો. તે પછી વિદ્યુન્માલી રૂપે જન્મ્યો.

વળી પાછી અવાન્તરકથા. જેમાં ખોડીનપુર નગરના સોમચંદ્ર રાજા અને ધરિણી રાણી, એના પ્રસન્નચંદ્ર, વલ્કલચિરિ એ ચરિત્રોની કથા ચાલે. આમ શ્રેણિક રાજાના પ્રશ્નના ઉત્તર રૂપે જંબુકુમારના પૂર્વભવના ચરિત્રને સ્પર્શતી ચાર કથાઓ મહાવીર ભગવાન પોતે કહે છે. ઋષભદત્ત અને જિનદાસની કથા છે, એમાં અવાંતરકથા રૂપે ભવદત્ત-ભવદેવની કથા અને એમાંથી સાગરદત્ત-

શિવકુમારની તથા બીજી એક પ્રસન્નચંદ્ર અને રાજર્ષિની કથા ફૂટી નીકળે છે. એ રીતે પ્રથમ અધિકારમાં ચાર કથાઓ એક મુખ્ય કથામાંથી અવાંતરકથા રૂપે પ્રગટીને વિકસતી જોવા મળે છે.

બીજા અધિકારમાં જંબુકુમારના જન્મ, ઉછેર અને લગ્ન સુધીના કથાનક પછી પ્રથમ રાત્રીએ શયનકક્ષામાં પ્રભવ નામનો ચોર પ્રવેશે છે અને અમુક વિદ્યા શીખવીને એના બદલામાં બીજી વિદ્યા શીખવીને એના બદલામાં બીજી વિદ્યા શીખવાની સ્પૃહા વ્યક્ત કરે છે. પણ એને ખ્યાલ આવે છે કે જંબુકુમાર તો દીક્ષા લેવાની ઈચ્છા ધરાવે છે એટલે એને અટકાવવા માટે સંસારના સુખને ભોગવવાનું કહે છે, જેના પ્રત્યુત્તર રૂપે જંબુકુમાર એક પછી એક એમ ત્રણ ચોટદાર કથાઓ કહે છે - મધુબિંદુની, કુબેરદત્તની અને મહેશ્વરદત્તની. એમ ત્રણ દૃષ્ટાંતકથાઓ દ્વારા જંબુકુમાર તર્કબદ્ધ રીતે વૈરાગ્યની મહત્તા રજૂ કરે છે. એ રીતે બીજા અધિકારમાં જંબુકુમારના મુખે ત્રણ કથાઓ નિરૂપાઈ છે.

ત્રીજા અધિકારમાં જંબુકુમારની આઠ પત્નીઓમાંથી ત્રણ પત્નીઓ દીક્ષા ન લેવા માટે સમજાવે છે અને એ માટે પોષકરૂપ દૃષ્ટાંતકથાઓ કહે છે. આ ત્રણેયને જંબુકુમાર એક પછી એક પ્રત્યુત્તર રૂપે વૈરાગ્યભાવને દૃઢાવતી કથાઓ કહે છે. આમ કુલ છ દૃષ્ટાંતકથાઓ આ ત્રીજા અધિકારમાં જંબુકુમારની ત્રણ પત્નીઓને મુખે તથા જંબુકુમારને મુખે નિરૂપાઈ છે.

ચોથા અધિકારમાં બાકીની બીજી ચાર પત્નીઓ જંબુકુમારને દીક્ષા ન લેવા સમજાવવાના ભાગ રૂપે દૃષ્ટાંતકથાઓ કહે છે, જેની સામે પ્રત્યુતર રૂપે જંબુકુમાર પણ ચારેયને એક પછી એક કથાઓ કહે છે. આમ અહીં આઠ કથાઓ નિરૂપાયેલ છે.

પાંચમા અંતિમ અધિકારમાં આઠમી પત્ની જયશ્રી જંબુકુમારને દીક્ષા ન લેવાનું સમજાવતાં નાગશ્રીની કથા કહે છે, જેના પ્રત્યુતર રૂપે જંબુકુમાર લલિતાંગકુમારની કથા કહે છે.

સમગ્ર રાસમાં વૈરાગ્યનો મહિમા રજૂ કરતી અગિયાર દૃષ્ટાંતકથાઓ જંબુકુમારના મુખે રજૂ થઈ છે. ત્રણ પ્રભવ ચોરની

સમક્ષ અને આઠેય પત્નીઓ સમક્ષ એકએક મળઈને કુલ આઠ. ઉપરાંત ચાર મહાવીર ભગવાનને મુખે, અને આઠેય પત્નીઓ દ્વારા એકએક મળીને આઠ. એમ બધી મળીને કુલ ત્રેવીશ દૃષ્ટાંતકથાઓ અહીં છે. આ બધી કથાઓ ભાવશબલતા અને સંઘર્ષથી પૂર્ણ હોઈ સ્વતંત્ર કથા તરીકે પણ રસપ્રદ છે. પંરતુ એનું સ્વતંત્ર કથા તરીકેનું મૂલ્ય ભાવકચિત્તમાં અંકાતું નથી, કારણ કે કેન્દ્રસ્થાને જંબુકુમાર છે. બીજી કથા માટે કુતૂહલ રહે છે. અને એમ 'જંબુકુમાર રાસ' એક કથાકૃતિ તરીકે વિકસે છે. આમ યશોવિજયજી પરંપરાના અનુષંગે પોતાનીરીતે રાસકૃતિ માટે આવું કથાનક પસંદ કરીને અંતે એમાંથી કથાનું નિર્માણ કરી શક્યા એ મધ્યકાલીન ગુજરાતી રાસસાહિત્યની પરંપરામાં વિષયસામગ્રીની દૃષ્ટિએ મહત્ત્વનું ઉદાહરણ છે.

(૨)

'જંબુસ્વામી રાસ'નું કથાનક આમ દૃષ્ટાંતકથાઓથી સભર છે. પરંપરામાંથી પ્રાપ્ત આ બધી કથાઓને એમણે પોતાની રીતી પદ્યમાં ઢાળી છે. એ રીતે યશોવિજયજી દ્વારા પુનઃઅભિવ્યક્તિ પામેલી આ કથાઓ એમની દૃષ્ટિપૂત વિનિયોગશક્તિની પરિચાયક છે. દૃષ્ટાંતકથાઓનાં ચરિભત્રોનાં વર્ણનોમાં કે પ્રસંગાલેખનમાં અનેક સ્થાને પોતાની સર્ગશક્તિનો પરિચય તેમણે કરાવ્યો છે. લલિતાંગકુમારનું આલેખન, જંબુકુમારના દીક્ષાપ્રસંગનું આલેખ, તથા એ માટે સંઘનું રૂપક પ્રયોજ્યું છે એ બધાંને આના ઉદાહરણ રૂપે નિર્દેશી શકાય.

આ બધી દૃષ્ટાંતકથાઓનો વિનિયોગ પદ્યવાર્તામાં ભાવકનાં ઉત્સુકતા તથા કુતૂહલને વધારવા કે પોષવાના પરિબળ રૂપે જ માત્ર નથી; કથાઓ ચોટદાર, રસપ્રદ હોવા ચતાં હકીકતે એની સામે બીજી શી કથા હશે એ મુદ્દો - વિચાર ભાવકના ચિત્તમાં સતત ઉદ્ભવતો રહે છે. એટલે આ બધી કથાઓ મૂળ કથાને વિકસાવનાર પરિબળરૂપ પ્રસંગરૂપ કથાઓ તરીકે અહીં વિનિયોગ પામી છે. આવો ભવ જાળવા રાખવામાં યશોવિજયજીની મૂળ

કથાનાયક કેન્દ્રમાં રહે તેવા વાતાવરણનું નિર્માણ કરી શકવાની દૃષ્ટિ સૂઝ કારણભૂત છે.

જંબુકુમારની દીક્ષા લેવાની ઈચ્છાથી તે એની પરિપૂર્ણતા સુધીની ઘટના અહીં કેન્દ્રમાં છે. આ માટે અવાંતરકથાઓની હાથવગી પરંપરાને પોતાની રીતે પ્રયોજી એમાંથી યશોવિજયજીની સર્જકદૃષ્ટિનો પરિચય મળી રહે છે. અવાંતરકથાઓ માત્ર કથારસ માટે નહીં પણ અભિવ્યક્તિના એક ભાગ રૂપે અર્થપૂર્ણ બની રહે અને સાથોસાથ મૂળ કથાને વિકસાવનાર પરિબળ બની રહે એ રીતે અહીં ખપમાં લેવાઈ હોઈ એનું વિશેષ મહત્ત્વ છે.

યશોવિજયજી દૃષ્ટાંતકથાઓને આધારે કથાનું નિર્માણ કર્યું એ ખરું, પરંતુ એ કથાની અભિવ્યક્તિનું સ્વરૂપ પણ અભ્યાસનો વિષય બની રહે એ કક્ષાનું છે. એમાંથી યશોવિજયજીની કથનકળાનું સૂઝન દર્શન થાય છે.

સમગ્ર કથા પાંચ અધિકારમાં વહેંચાયેલી છે. આ પ્રત્યેક અધિકાર ઢાલમાં વહેંચાયેલા છે. પ્રથમ અધિકારમાં પાંચ ઢાલ છે. બીજામાં આઠ, ત્રીજામાં નવ, ચોથા અને પાંચમા અધિકારમાં સાત સાત એમ કુળ છત્રીસ ઢાલમાં કથા રજૂ થયેલી છે. વચ્ચે વચ્ચે દુહા અને ચોપાઈઓ છે. બહુધા ધર્મોપદેશ કે સર્જકને અભિપ્રેત અન્ય મુદ્દાઓ આ ચોપાઈ કે દુહાબંધમાં અભિવ્યક્ત થયેલ છે. કથાપ્રસંગ પૂર્ણ થાય ત્યાં ઢાલ પૂર્ણ થાય છે. કેટલીક લાંબી કથાઓ બેત્રણ કે ચાર ઢાલ સુધી પણ વિસ્તરેલ છે.

પદ્યમાં-ઢાલમાં માત્ર કથાનક જ રજૂ થયું છે એવું નથી. વચ્ચે વચ્ચે કથાંતર્ગત પાત્રના સુખ, દુઃખ, વિરહ આદિ ભાવોને ઉપસાવતાં વર્ણનો પણસર્જકે પ્રયોજેલ છે. પાત્રનાં વિવિધ પ્રકારનાં વર્તણૂક-વ્યવહારનાં વર્ણનો પણ સર્જકે કર્યાં છે. પ્રભવ ચોર, કુબેરદત્ત, વિદ્યુન્માલી, નાગિલા, દુર્ગિલા ઈત્યાદિ ચરિત્રોને આનાં ઉદાહરણ તરીકે દર્શાવી શકાય. આ વર્ણનો ચરિત્રોનાં ચિત્તના ભાવને તાદૃશ કરે છે. એ કારણે કથાકૃતિ ભાવપૂર્ણ અન હૃદયસ્પર્શી બની છે. આમ પદ્યમાં પોતીકી રીતે અર્થપૂર્ણ વર્ણનો

યશોવિજયજીએ પ્રયોજ્યા છે.

બોધ-ઉપદેશ માટે બહુધા દુહાબંધ ખપમાં લીધેલ જણાય છે. ધર્મનો મહિમા, જે આગલી ઢાળમાં કથામાં નિહિત હોય છે, એ અહીં તારસ્વરે પ્રગટ થાય છે.

ઢાલને દેશીમાં ઢાળેલ છે. ક્યાંય દેશીનું પુનરાવર્તન નથી. તે સમયની પ્રચલિત દેશીઓની પસંદગી અને એમાં પણ અમુક પ્રકારની ભાવપૂર્ણ કથા માટે એને અનુકૂળ દેશીની પસંદગી યશોવિજયજીએ કરેલ જણાય છે. દેશીવૈવિધ્ય આમ સૂઝપૂર્વકનું છે. આ કૃતિની ગૈયતાનું અને યશોવિજયજીની તાત્કાલીન પ્રચલિત ગેયરચનાઓખી પરિચિત હોવાનું દૃષ્ટાંત અહીંથી પ્રાપ્ત થાય છે.

ત્રીજા અધિકારની પાંચમી ઢાલમાંથી 'શાંતિ સદા મનમાંઈ વસઈ' એ દેશીમાં પદ્મસેનાએ કહેલી નુપૂરપંડિતા અને શિયાળની કથાનો પ્રારંભનો ભાગ સમુચિત રીતે નિરૂપાયેલ છે. એ જ રીતે ચોથા અધિકારની ત્રીજા ઢાલની બુદ્ધિસિદ્ધિની કથા માટે પસંદ કરેલી દેશી 'બેડલઈ ભાર ઘણો છઈ એ જ વાર્તા કેમ કરો છો? પણ અર્થપૂર્ણ જણાય ચે. આ દેશીવૈવિધ્યમાંથી યશોવિજયજીની તત્કાલીન પ્રચલિત ગીતો તરફની પ્રગાઢ પ્રીતિ-રુચિનો પણ આમ સુપેરે પરિચય મળી રહે છે. આમ યશોવિજયજીની કથનકળાની સૂઝનો પણ 'જંબુસ્વામી રાસ'માંથી ખ્યાલ આવે છે.

આ રીતે 'જંબુસ્વામી રાસ' કથઆનું નિર્માણ, એ માટે દૃષ્ટાંતકથાઓનો સૂઝપૂર્વકનો વિનિયોગ અને અર્થપૂર્ણ એવીકથનકળા એમ ત્રણ બાબતે મધ્યકાલીન ગુજરાતી રાસસ્વરૂપ પરંપરામાં મહત્ત્વની કૃતિ લાગી છે. પરંપરાથી પરિચિત એવા સર્જક એનો દૃષ્ટિપૂત રીતે વિનિયોગ કરે ત્યારે એમાંથી એક પોતીકી રચનાનું સર્જન કઈ રીતે શક્ય બને છે એ દૃષ્ટિબિંદુથી પણ આ રાસકૃતિનું મૂલ્ય છે. આમ યશોવિજયજીએ 'ત્રિષષ્ઠિસલાકાપુરુષચરિત્ર'માંની કથાને પોતીકી કવિ પ્રતિભાનો પાસ આપી 'જંબુસ્વામી રાસ'કૃતિનું નિર્માણ કર્યું જણાય છે.

■ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

એમ.એ., પીએચ.ડી.

જૈન ધર્મના અભ્યાસી, સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચમાં સક્રિય સામયિકોમાં લેખો લખે છે. જૈનશાળાની પ્રવૃત્તિમાં સક્રિય છે.

'શ્રાવક કવિ ઋષભદાસ' જેમનું વિરાટ વ્યક્તિત્વ, કૌશલભર્યું કવિત્વ અને કસદાર કર્તૃત્વ પ્રભાવિત કરી રહ્યું છે એનું અહીં આલેખન કરું છું.

શ્રાવક કવિ ઋષભદાસનું વ્યક્તિ તરીકે અસ્તિત્વ કેટલા વર્ષ રહ્યું એનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. પરંતુ એમની કૃતિઓ અને વિદ્વાનોના સંશોધનના આધારે આશરે ૬૦ વર્ષ સુધી તેઓ ઋષભદાસની પર્યાયમાં રહ્યા હશે એમ અનુમાન થાય છે. અંદાજિત વિ.સં. ૧૬૫૧ થી ૧૭૧૧ એમના વ્યક્તિત્વના કેટલા પાસાઓ નિમ્નાંકિત શિર્ષકો દ્વારા ઉજાગર કરી શકાય.

આદર્શ પૌત્ર-પુત્ર - કવિએ પ્રાયઃ એમની દરેક કૃતિઓને અંતે પોતાના પિતામહ (દાદા) અને પિતાનો જરૂરિયાત પ્રમાણે સંક્ષિપ્ત કે વિસ્તૃત પરિચય આપ્યો છે જેથી સિદ્ધ થાય છે કે તેઓ આદર્શ પૌત્ર/પુત્ર હતા.

જંબુદ્વિપ અનોપમ કહીઈ, ભરત ખેત્ર ત્યાહં જાણું રે,
દેસ ગુજર ત્યમાંહિ અતિ સારૂ, નગર વિસલ વખાણું રે
સોય નગરમાંહિ વિવહારિ નામ ભલું મહિરાંજ રે,
પ્રાગવંશ વડો તે વીસો, કરતાં ઉત્યમ કાજ રે - સ્થુલિભદ્ર રાસ

સંઘવી શ્રી મહિરાજ વખાણું પ્રાગવંશ વડવીસોજી,
સમકીત શીલ સઘરા કહીઈ, પુણ્ય કરઈ નશદીસોજી
મહીરાજનો સુત સંઘવી સાંગણ, વીસલ નગરનો વાસીજી
જઈન ધર્મ માંહિ તે ઘો ધારી, ન કરઈ વીગથા હાંસીજી-

આદર્શ શિષ્ય - કવિ એક આદર્શ શિષ્ય પણ હતા. પોતાના પિતૃવંશની જેમ જ કવિએ દરેક કૃતિઓમાં પોતાના વ્યક્તિત્વના ઘડવૈયા એવા ગુરુઓને સ્મર્યા છે.

પ્રોફેસર વાડીલાલ ચોકશીના સંશોધન અનુસાર-

''કવિ જૈનોના વિખ્યાત તપગચ્છના મૂર્તિપૂજક શ્વેતાંબર વિસા પોરવાડ જૈન વણિક જ્ઞાતિના હતા. તેમના સમયમાં તપગચ્છની ૫૮મી પાટે સમ્રાટ અકબર પ્રતિબોધક હીરવિજયસૂરિ હતા. તેમનો સ્વર્ગવાસ સં. ૧૬૫૨માં થયો. તે સમયે કવિની ઉંમર ૨૧ વર્ષની ગણી શકાય. ત્યારબાદ અકબર બાદશાહ પાસેથી 'સવાઈ જગદગુરુ'નું બિરૂદ મેળવનાર તેમના પટ્ટધર વિજયસેનસૂરિ થયા. જેમને કવિએ પોતાના ગુરુ તરીકે સ્વીકારી પોતાની કૃતિમાં અનેક સ્થળે સ્તવ્યા છે. પ્રથમ ઉલ્લેખ સને ૧૬૧૦માં રચાયેલ (વિ.સ.૧૬૬૬) કવિના વ્રતવિચાર રાસમાંથી મળી આવે છે.'' 'કવિ ઋષભદાસ એક અધ્યયન' પૃ.૩ ત્યાર પછીના બધા રાસમાં પ્રાયઃકવિએ ગુરુગુણ ગાયા છે.

**આદર્શ શ્રાવક** : કવિ એક આદર્શ શ્રાવક હતા. તેઓ દૃઢધર્મી, પ્રિયધર્મી, ઈતૃધર્મી, શ્રાવકોના લક્ષણોથી સંપન્ન હતા. રોજ ઊભયકાળે પ્રતિક્રમણ, મહિનામાં ચાર પૌષધ, સમકિત સહિત ૧૨ વ્રતના ધારણહાર હતા. રોજ બ્યાસણું (દિવસ દરમ્યાન બે જ વખત એક જ આસને બેસીને ભોજન કરવું) કરનાર, ત્રિકાળ પૂજા, દરરોજ બે પંચતીર્થ, સ્વાધ્યાય કરનાર, વીસ સ્થઆનક તપના આરાધક, છઠ્ઠ-અઠ્ઠમ તપના આરાધક, શેત્રુંજય-ગીરનાર-શંખેશ્વરની યાત્રા કરનાર, સ્તવન રાસ વગેરે લખીને શાસન પ્રભાવના કરનાર, વિદ્યાદાન (છાત્રોને ભણાવનાર) કરનાર, પ્રભુની સામે એક પગે ઊભા રહીને રોજ ૨૦ નવકારવાણી ગણનાર, દાન કરવાની-જિનમંદિર બનાવવાની બિંબ ભરાવવાની-પ્રાણપ્રતિષ્ઠા કરાવવાની સંઘતિલક કરાવવાની દેશ-પરદેશ અમારિ (અહિંસાનું

પાલન) કરાવવાની એમને પ્રબળ ભાવના હતી.

દરરોજ ત્રણથી ચાર કલાક ધર્મક્રિયામાં વ્યતીત થઈ જાય પછીનો સમય છાત્રોને ભણાવવામાં અને રાસની રસનામાં પસાર થાય એ એમની અપ્રમત્તદશાનું સૂચન કરે છે. તેમ જ નિદ્રા-વિજેતાની પ્રતીતિ કરાવે છે. એક પગે ઊભા રહીને માળા ફેરવવી એ એમના સુદઢ આરોગ્યનું નિર્દેશન કરે છે. એમની જાત્રાઓ શારીરિકસૌષ્ઠવ દર્શાવે છે. છઠ્ઠ અઠ્ઠમ પૌષધ વગેરે એમના તપપ્રધાન-માનસને છતું કરે છે. દાનધરમ વગેરે એમના પરોપકારીપણાને ઉજાગર કરે છે. આમ આ બધાથી સિદ્ધ થાય છે કે કવિ ૠષભદાસ શ્રેષ્ઠ શ્રાવક હતા.

આદર્શ સરસ્વતી પુત્ર - શ્રાવક કવિ ૠષભદાસ સરસ્વતીના પરમ ઉપાસક, સાધક પૂજક હતા. એમની દરેક કૃતિની શરૂઆત સરસ્વીતીની પ્રશસ્તિ સ્તુતિથી થઈ છે. તેમના પર સરસ્વતીદેવીની કૃપા હતી એવી એક દંતકથા નીચે પ્રમાણે પ્રચલિત છે.

"શ્રી મહાવીરની ૫૮મી પાટે જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિ થયા. તેમની પાટે 'સવાઈ જગદ્‌ગુરુ' એવું બિરૂદ ધરાવવાવાળા શ્રી વિજયસેનસૂરિ ૫૯માં તયા. આ સૂરિની પાસે શ્રાવક કવિ ૠષભદાસે વિદ્યાભ્યાસ કરાવવા માંડયો હતો. એક દિવસ પોતાના કોઈ એક શિષ્ય માટે સરસ્વતીદેવીને પ્રસન્ન કરીને શ્રી વિજયસેનસૂરિએ પ્રસાદ (લાડવો) મેળવ્યો હતો. જે પ્રસાદ રાત્રે ઉપાશ્રયમાં જ સૂઈ રહેલા ૠષભદાસના જાણવામાં આવ્યો. આથી તે પ્રસાદ પોતે જ આરોગી લીધો અને તે મહા વિદ્વાન થયા.

સવારમાં ઊઠતા જ પોતે-

'પ્રહ ઊઠી વન્દં રિખવદેવ ગુણવન્ત,
પ્રભુ બેઠા સોહે સમવસરણ ગવાંત,
ત્રણ છત્ર વિરાજે ચામર ઢોલે ઈન્દ્ર,
જીવનના ગુણ ગાવે સુરનારીના વૃન્દ

એ અને કેટલીય થોયો બનાવી. આમ કવિ ૠષભદાસનો

પ્રથમ પ્રાદુર્ભાવ આ પ્રમાણે થયો. 'રામનું સ્વપ્ન ભરતને ફળ્યું' એ કથન મુજબ અન્ય માટેનો સરસ્વતી પ્રસાદ ઋષભને ફળ્યો તેથી તે ઉત્તમ કાવ્યો કરવા લાગ્યા અને વિદ્વાન કવિ ગણાયા.''

'કવિ ઋષભદાસ એક અધ્યયન' પ્રોફેસર વાડીલાલ ચોકસી પૃ. ૨૬ જો કે આ દંતકથા તર્કસંગત નથી લાગતી. એક તો ઋષભદાસ જન્મજાત, પરંપરાગત શ્રાવક હતા. તેથી રાત્રે લાડવો ખાય એ વાત અસંગત છે. એવી જ રીતે વ્રતધારી શ્રાવક હોવાને કારણે અન્યનો પ્રસાદ વગર પૂછયે અદત્ત પ્રસાદ પોતે આરોગે એ વાત ગળે ઊતરે એવી નથી પાછા બ્યાસહા કરવાવાળા અને એ પણ મંદિરમાં ભગવાનની સામે પ્રસાદ આરોગે શું?!!

પ્રસાદનો એક અર્થ કૃપા થાય છે. એ અર્થમાં લઈએ તો સરસ્વતી દેવીની કૃપા એમનાં પર ઊતરી હતી. એમ લઈ શકાય. વળી જૈનદર્શન અનુસાર તો એમના જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ જોરદાર હતો એ જ અર્થઘટન વધુ યોગ્ય લાગે છે એ વગર આવી રચનાઓ ન થાય.

આ દંતકથા બાજુએ રાખીએ તો પણ એટલી વાત તો સત્ય છે કે કવિ પોતાની દરેક કૃતિમાં સરસ્વતીની ભક્તિપૂર્વક સ્તુતિ કરી તેમનો પાડ અને પ્રભાવ પણ સ્વીકારે છે. કેટલીક કૃતિઓમાં એમણે શબ્દોમાંથી શારદાનું મંદિર ઊભું કર્યું છે. સરસ્વતીના દરેકે દરેકરૂપથી માહિતગાર હતા તેથી સરસ્વતીના વિવિધ રૂપનો ઉલ્લેખ પોતાની કૃતિઓમાં કર્યો છે.

શ્રાવક કવિ ઋષભદાસના વ્યક્તિત્વને નિખારનારા પરિબળો આ પ્રમાણે છે-

(૧) આર્થિક પરિબળ - માનવીની મુખ્ય જરૂરિયાત ત્રણ છે રોટી કપડાં અને મકાન આ ત્રણે જરૂરિયાત પૂર્ણ થાય તો મનુષ્ય બીજા કાર્યમાં આગળ વધી શકે. શ્રાવક કવિઓ ઓછા હોવાનું કારણ પણ એ જ છે કે મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવામાં સમયનો વ્યય થાય છે. માટે બીજી પ્રવૃત્તિઓ થઈ શકતી નથી.

જ્યારે અહીં તો કવિ પરંપરાગત લક્ષ્મીપતિ હતા એ એમની કૃતિઓમાંથી જ સિદ્ધ થાય છે જેથી સરસ્વતીની સાધનામાં સમર્પિત થઈ ગયા હતા.

(૨) પારિવારિક પરિબળ : કૌટુંબિક વાતાવરણ પણ વ્યક્તિત્વને નિખારવામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રાયઃ ગૃહકંકાશ વ્યક્તિત્વને રુંધે છે જ્યારે સંપસુલેહ વ્યક્તિત્વને નિખારે છે. કવિના પરિવારજનો વિનયી, સમજુ, પરગજુ સહનશીલ સૌજન્યશીલ હતા. તેમ જ સંયુક્ત પ્રેમાળ કુટુંબને કારણે કવિનું વ્યક્તિત્વ કમળની જેમ ખીલ્યું હતું.

સંપ સંપતિને કારણે કવિ ઋષભદાસ વહેવાર-વ્યાપાર વગેરેનો ભાર પરિવારજનોને સોંપીને પોતાનો મોટાભાગનો સમય પઠન-પાઠન લેખનમાં જ વિતાવી શકતા હતા.

(૩) રાજકીય પરિબળ : અકબર બાદશાહના વખતમાં જીતાયેલા ગુજરાતમાં જહાંગીરના વખતમાં શાંતિ સ્થપાઈ ગઈ હતી. એ વખતે ઘણાં કવિઓ થયા અને કાવ્યો રચાયા. સંપૂર્ણ સતરમી સદીમાં પુષ્કળ કવિઓ થયા. એ શાંત રાજકીય વાતાવરણનું સૂચન કરે છે. એ સમયે આપણી પ્રજામાં સાહિત્ય વિદ્યાદિ પૂરબહાર ફેલાયા હતા નવા પરિબળો પણ ઉમેરાણા. એ સર્જકયુગનો લાભ શ્રાવક કવિ ઋષભદાસને પણ મળ્યો.

(૪) ભૌગોલિક પરિબળ : રમ્ય, શોભનીય, રમણીય પરિસર મનને તરબતર કરી દે છે જેથી અંતઃસ્ફૂરણા ઝરણાની માફક વહી ઊઠે છે. જ્યારે મલિન પરિસરથી મન અસ્વસ્થ થઈ જાય અને મનમાં સારા વિચારો પણ પ્રવેશતાં નથી.

શ્રાવક કવિ ઋષભદાસ રિદ્ધિ-સિદ્ધિથી ભરપૂર સમૃદ્ધ નગરીના રહેવાસી હતા. જે એમના 'હિતશિક્ષારાસ', 'મલ્લિનાથરાસ', 'હીરવિજયસૂરિરાસ' આદિ રાસોમાં થયેલા નગરીના વર્ણનથી સિદ્ધ થાય છે. કવિના જણાવ્યા મુજબ ગુજરાતના બધા નગરોમાં ખંભાત ચડિયાતું તેમ જ અલકાપુરી અમરાપુરી જેવું દર્શનીય,

રમણીય, શોભનીય છે. ત્યાંના પુરુષો ઈંદ્ર સમાન અને સ્ત્રીઓ પદ્મિની સમાન શોભે છે.

શ્રાવક કવિ ઋષભદાસની લેખનકળા જે ઓરડામાં ચાલતી હતી એ ઓરડો મુખ્ય દરવાજાની ઉપરના માળ પર હતો. હવા-ઉજાસ પૂરતા મળે એવા બારી-બારણાવાળા ઓરડામાં બેસીને કવિ પોતાની લેખન-પ્રવૃત્તિ કરતા હતા. ત્યાંથી લોકોની અવર-જવર તો દેખાય જ પણ ઘરની વ્યક્તિઓ આવે તો બંધ બારણું ખોલવા માટે નીચે ન જવું પડે અને ઉપરથી ઊભા ઊભા જ કળ કે તાળું ખોલી શકાય એવી વ્યવસ્થા હતી.

(૫) ધાર્મિક પરિબળ : કવિના ઘરમાં પરંપરાગત ધાર્મિક વાતાવરણ હતું જેને કારણે પ્રકાંડ, પ્રતિભાશાળી, ગૌરવશાળી, વિદ્વાન, પંડિત, શિક્ષિત ધર્મગુરુઓનો સહયોગ એમને મળ્યો હતો. જેના પ્રતાપે તેમને સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષાઓનું તથા શાસ્ત્રો-સાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનને પોતા પૂરતું સીમિત ન રાખતાં અન્યજનોને શીખડાવવાના હેતુથી કાવ્યના માધ્યમથી વહેવડાવ્યું હતું. એમના કાવ્યસર્જન પર ધાર્મિક વાતાવરણની ઊંડી અસર હતી. જે એમની કૃતિઓ જોતાં જણાય છે.

શ્રાવક કવિ ઋષભદાસનું કવિત્વ

સાહિત્ય જગતમાં મધ્યકાલીન યુગ સુવાર્ણકાળ ગણાય છે આ યુગમાં ગુજરાતી સાહિત્યનું વિપુલ સર્જન થયું છે. જેને સાહિત્ય જગતની વિરલ ઘટના ગણી શકાય.

(૧) રસયોજના : રસ કાવ્યનો આત્મા કે પ્રમુખ તત્ત્વ મનાય છે. રસના મુખ્યત્વે નવ પ્રકાર છે. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્‌ભુત અને શાંત રસ.

શ્રાવક કવિ ઋષભદાસનાં કાવ્યો ધાર્મિક છે તેથી પ્રશમ શાંતરસની પ્રચુરતા છે. છતાં ક્યાંક રસની રંગછચા પણ દેખાય છે. 'જીવવિચાર રાસ'માં નરકના વર્ણનમાં બિભત્સ રસ અને

દેવવર્ણનમાં અદ્ભૂત રસ છે.

(૨) કાવ્યગુણ : રસના સ્થાયીધર્મ અને ઉપકારક તત્ત્વને ગુણ કહે છે. જે કાવ્યને રસાળ બનાવે છે. કાવ્યના ગુણ કેટલા હોય એ માટે મતમતાંતર છે. પણ મુખ્ય ગુણ ત્રણ છે - માધુર્ય, ઓજ અને પ્રાસાદ કવિની રચનાઓમાં ત્રણે ગુણનો પ્રયોગ થયો છે.

(૩) અલંકારયોજના : કાવ્યની શોભાને વધારનાર તત્ત્વને અલંકાર કહેવાય છે. કવિએ પાંડિત્યના પ્રદર્શન માટે અલંકારો નથઈ વાપર્યા પણસહજ જ અનુપ્રાસ આદિ અલંકારો આવી ગયા છે. એમણે પોતાની અલંકાર યોજનામાં સ્વાભાવિકતા અને પ્રભાવોત્પાદકતાનો નિર્વાહ કરવામાં પૂર્ણ સફળતા મેળવી છે. છતાં વ્રતવિચાર રાસમાં અલંકારોની પરંપરામાં એમનું અલંકાર પ્રધાન માનસ છતું થાય છે.

(૪) ભાષાશૈલી : સાદી, સરળ, મધુર, સંક્ષિપ્ત,રસાળ, સ્પષ્ટાર્થ શૈલી છે. કવિની રચનાઓ ભાષાની દૃષ્ટિએ વૈવિધ્યમયી છે. ગુજરાતીમાં રચાયેલી એમની રચનાઓમાં ગુજરાતી ઉપરાંત અન્ય શબ્દોનો પ્રયોગ પણ થયેલો છે.

આ રીતે વિવિધ ભાષાઓના શબ્દપ્રયોગથી એમના કાવ્યોમાં એક પ્રકારની વાસ્તવિકતા જોવા મળે છે. કવિની સીધી સરળ અને રસાળ સંવાદોવાળી શૈલી એમની રચનાઓને શણગારે છે. અને પરોક્ષ રહેતા પાત્રોનું મનઃસૃષ્ટિમાં પ્રત્યક્ષવાર દર્શન કરાવે છે. એમના ભાષાવૈભવનું એક અંગ એમની કહેવતો અને રૂઢિપ્રયોગો પણ છે. કહેવતો અને રૂઢિપ્રયોગોમાં થોડામાં ઘણું કહેવાની તાકાત હોય છે જે ભાષા સમૃદ્ધિની નિશાની છે.

એકંદરે એમની ભાષા દુર્બોધ પદો અને દીર્ઘ સમાસોથી મુક્ત, વિષયાનુરૂપ, વાગાડંબરરહિત, બિનજરૂરી અલંકાર રહિત, સરળ, સુબોધ અને પ્રાસાદિક છે. મધુરતા, અસંદિગ્ધતાને કારણે સામાન્ય કોટિની વ્યક્તિ પણ યથાર્થ રસપાન કરી શકે છે. એમના

કાવ્યોમાં મુખ્યત્વે ઉપદેશાત્મક, કથાત્મક, પ્રતિપાદક, આલોચનાત્મક, વ્યાખ્યાત્મક, ભાવાત્મક શૈલીનો ઉપયોગ પ્રાયઃ વધારે થયો છે. એમની શૈલી વર્ણ્ય વિષયને અનુરૂપ અનૂકૂળ શૈલી છે.

(૫) કથાશૈલી : કવિએ અનેક સ્થળે મુખ્ય વિચારને પુષ્ટ કરવા માટે કથાનુયોગના દૃષ્ટાંતો આપ્યા છે. એમાં એમની સંક્ષિપ્ત લેખનશૈલીના દર્શન થાય છે. ઘણીવાર પોતાના મુખ્ય વિષયનું નિરૂપણ કરતાં વચ્ચે આડકથાઓ મૂકી છે. જો કે આવી શૈલી શિથિલતાસૂચક છે છતાં તત્કાલીન સમયમાં રચાતા રાસકાવ્યો અને એવા કાવ્યોના શ્રોતાઓની રસવૃત્તિ સંતોષવાનું કાર્ય તેમ જ આ પ્રકારની રચનાઓ દ્વારા લોકોને વિવિધ વિષયોનું જ્ઞાન આપવાનું પ્રયોજન એવી શૈલી વડે જ સિદ્ધ થતું હોઈ સામાન્ય લોકો માટે તો રોચક અને ચિત્તાકર્ષક જ નીવડે છે.

પાત્રાલેખન - સુઘડ, સજીવ, સ્વાભાવિક, પ્રતીતિકર પુરૂષપાત્રની જેમ જ સ્ત્રીપાત્રનું પણ પાત્રાલેખન કર્યું છે. ચરિત્ર ચિત્રણમાં સારૂં કૌશલ દાખવ્યું છે. એમની શૈલીમાં સ્વાનુભવનું અંકન અને ઘટનાચક્રનું યથાર્થ વર્ણન મળે છે. રાજનીતિ અને ઐતિહાસિક વિગતોને કવિ જે રીતે એક ઈતિહાસજ્ઞની રીતે પ્રસ્તુત કરી શકે છે તે જ રીતે કાવ્યમય પ્રસંગો પણ એક ઉર્મિશીલ અને ભાવુક કવિની જેમ વર્ણવી શકે છે.

(૬) છંદ : દેશી વિવધ છંદો, દુહા, ચોપાઈ, વસ્તુ અડઅલ્લ, ત્રૂટક કુંડલ, વગેરે છંદોનો પ્રયોગ કર્યો છે. એમના કાવ્યોમાં કેટલેક સ્થળે તો એક જ ઢાળને ગાવા માટે બબ્બે દેશીઓનો તેમજ બે-ત્રણ કે ચાર રોગોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જે કવિની સંગીત વિશારદતાને સિદ્ધ કરે છે. સાત સ્થર ક્યાંથી નીકળે ને કોણ બોલે એનું નિરૂપણ કર્યું છે. તેમ જ ૬ રાગ ૩૬ રાગિણીઓના નામ આપીને પોતાના રાગવિષયક જ્ઞાનની સિદ્ધિ કરી છે.

(૭) વર્ણનાત્મક શૈલી - એમની વર્ણનાત્મક શૈલી સૂક્ષ્મ

અદ્‌ભુત નિરીક્ષણ શક્તિનો પુરાવો છે.

"કવિના સજીવ મનોવૈજ્ઞાનિક ચિત્રણ આકર્ષક છે. એવા કેટલાય વર્ણનોમાં કવિ પાઠકના મનોવેગેતરપૂર્ણ અધિકાર રાખી શકે છે. એક ભવ પછી તરત જ બીજા વિપરીત ભાવના નિરૂપણમાં એમના મનોવૈજ્ઞાનિક સૂઝની વિલક્ષણતાના દર્શન થાય છે" 'ઋષભદાસની સાહિત્યોપાસના' ઉષાબેને શેઠે પોતાના શોધ નિબંધ 'ઋષભદાસની સાહિત્યોપાસના'માં વિવેચના કરી છે.

(૮) બહુસત્તા - કવિની બહુસત્તાનો પરિચય એમના કાવ્યોમાંથી મળે છે. માત્ર જૈન સાંપ્રદાયિક શાસ્ત્રોનું જ નહિ પણ અન્ય શાસ્ત્રવિષયોનું પણ એમને અનુપમ જ્ઞાન હતું જેમ કે સ્વપર શાસ્ત્ર નિપુણતા, ભોજ્યપદાર્થ જ્ઞાન, આયુર્વેદ નિપુણતા, જ્યોતિષ શાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, શુકન શાસ્ત્ર, સામુદ્રિક શાસ્ત્ર. આ ઉપરાંત રાજનીતિ, કૂટનીતિ, યુદ્ધનીતિ તેમજ વિવિધ સંગ્રહોનું પણ જ્ઞાન હતું. જે એમની સૂક્ષ્માતિસૂક્ષ્મ જાણકારીને પુષ્ટ કરીને બહુસત્તાને પુરવાર કરે છે.

(૯) કવિત્વશક્તિ - કુમારપાળના રઝળપાટનો વિસ્તૃત ચિત્તાર, સિદ્ધરાજની ચિત્તાનું વર્ણન વગેરેમાં એમની ઉત્તમ કવિત્વ શક્તિનો પરિચય મળે છે. ડૉ. ઉષાબેન શેઠના મતે "શ્રાવક કવિ ઋષભદાસ માત્ર રાસકાર નથી, કલાકાર અને કવિ પણ છે કેટલાંક પ્રાચીન અને મધ્યકાલીન રાસમાં કવિતા શોધી પણ જડતી નથી જ્યારે ઋષભદાસના ઘણાં કાવ્યો કવિતાસભર છે."

આ અવતરણ કવિની ઉત્તમ કવિત્વશક્તિને બિરદાવે છે.

આ ઉપરાંત એમની કૃતિઓમાં ચીવચ અને ચોકસાઈ નીતરે છે ગુરુ પરંપરા અને પિતૃવંશ તથા એમનું પોતાનું વર્ણન એમની કૃતિઓમાંથી પ્રાપ્ત થાય છે. એ એમની ચીવટનું અમીટ ઉદાહરણ છે. કવિનો ગુરુવાર પ્રત્યેનો પ્રેમ પણ ઉલ્લેખનીય છે. 'જૈન ગૂર્જર કવિઓ'માં ૨૫ કૃતિના આદિ-અંત છે એમાંથી ૧૬ કૃતિઓ ગુરુવારે રચી છે. 'કુમારપાળ રાસ'માં 'વાર ગુરુ ગુણ ભર્યો'કહીને

ગુરુવારનું મહત્ત્વ આલેખ્યું છે. તેમ જ એમની બધી કૃતિઓ પ્રાયઃ ખંભાતમાં જ રચાઈ છે. જેનો ત્રંબાવતી તરીકે પણ ઉલ્લેખ છે. સને ૧૬૮૨ની સાલમાં એમણે પાંચ રાસાકૃતિઓ રચીને વિક્રમ સર્જ્યો છે જે એમનો શ્રેષ્ઠ સર્જનકાલ કહી શકાય. પાદટીપને આધારે એમની નાનામાં નાની રાસકૃતિ 'આદ્રકુમારનો રાસ'૯૭ ગાથાની છે અને મોટામાં મોટી કૃતિ 'હીરવિજયસૂરિ રાસ' લગભગ ૬૫૦૦ ગાથાની છે.

આમ, શ્રાવક કવિ ઋષભદાસનું કવિત્વ એમના કાવ્યોમાં સોળે કળાએ ખીલ્યું છે.

એમના વિષે સમગ્રતયા વિચારતા ખ્યાલ આવે છે કે

સમૃદ્ધ ગ્રહસ્થ, શ્રેષ્ઠ શ્રાવક, સમર્થ સાહિત્યકાર, આજ્ઞાંકિત પુત્ર, ગૌરવશાળી વત્સલ પિતા, આદર્શ શિષ્ય, આદર્શ શિક્ષક અને આદર્શ પૌત્ર એ એમની વ્યક્તિત્વની કુંડળીમાં ઉચ્ચ સ્થાને રહેલા નવગ્રહો છે. તો ભાષા પર પ્રભુત્વ, શબ્દોનું સામર્થ્ય, અંલકારોનું આલેખન, રસનો રસથાળ, શબ્દ શક્તિનો પ્રયોગ, કથાત્મક શૈલી, ઉપદેશાત્મક શૈલી, વર્ણનાત્મક શૈલી અને પ્રતિપાદક શૈલી એ એમની કવિત્વની કુંડળીમાં ઉચ્ચસ્થાને રહેલા નવગ્રહો છે. જેને કારણે એમનું વ્યક્તિત્વ અને કવિત્વ ચિરસ્મરણીય બની ચોમેર પ્રસરી ગયું છે. શ્રાવક કવિ ઋષભદાસનું કર્તૃત્વ - સાહિત્ય રસિક, શાસ્ત્ર રસક, ધાર્મિક માર્મિક-સાત્ત્વિક-તાત્ત્વિક સાહિત્યના સર્જક, શ્રાવક કવિ ઋષભદાસે જ્યારે જ્યારે કલમ ઉપાડી છે ત્યારે ત્યારે કાંઈક ને કાંઈક નવલું સર્જન સર્જાયું છે. જેમ કે રાસ, ઢાલ, ગીત, સ્તુતિ, સ્તવન, સુભાષિત, સજ્ઝાય, ચૈત્યવંદન, ચોવીશી, નમસ્કાર, પદ હરિયાળી કવિત, હિતશિક્ષા, આલોચના, દુરા, પૂજા, વેલિ, વિવાહલો, નવરસો વગેરે જે એમના વિશાળ કર્તૃત્વની સાક્ષી પૂરે છે. 'હીરવિજયસૂરિ રાસ'માં જણાવ્યા મુજબ-

"તવન અઠાવન ચોત્રીસ રાસો, પુણ્ય પસાયો દીઈ બહુ સુખવાસો,
ગીત થઈ નમસ્કાર બહુ કીધા, પુણ્ય મહિ લખી સાધુનિં દીધા."

આ કડીમાં જણાવ્યા મુજબ ૫૮ સ્તવન, ૩૪ રાસ અનેક ગીતો, સ્તુતિ નમસ્કાર વગેરેની રચના 'હીરવિજયસૂરિ રાસ' પહેલા કરી હતી ત્યાર પછીની રચનાઓ તો અલગ અત્યાર સુધીની શોધખોળના પરિણામે કવિનૂ કૂલ ચાલીસેક કૃતિઓ જાણવા મળી છે. જેમાં બત્રીશ રાસ, નવસો, સ્તવન, વિવાહલો, કવિત નમસ્કાર વગેરે છે. આ ઉપરાંત ૩૩ બીજા સ્તવનો, ૩૨ નમસ્કાર, ૪૨ થોયો, ૪૦૦ સુભાષિતો, ૪૧ ગીત, ૫ હરિયાળી, કેટલીક બોધપ્રદ સજ્ઝાયો વગેરે અનેક નાની મોટી કૃતિઓ રચેલ છે.

એમના કર્તૃત્વને બિરદાવતા કહી શકાય કે અક્ષરોનું અંકન કરનારા, શબ્દોના શોધક, શબ્દોના સ્વામી શબ્દોના સર્જક, વિચારોને વાવનાર, અક્ષરોને બે હાથે ભેગા કરીને હજાર હાથે વહેંચનાર કવિ શ્રેષ્ઠ સર્જક હતા.

સાહિત્ય ઈતિહાસના અમર પૃષ્ઠોમાં જેમનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયું છે એવા શ્રાવક કવિ ઋષભદાસનો અમર સાહિત્ય વારસો સામાન્યજનને ભવ્યાત્મા, સરલાત્મા, દિવ્યાત્મા અને મુક્તાત્મ બનાવે એજ અભ્યર્થના સહિત વિરમું છું.

સંદર્ભસૂચિ


૧) જૈન ગૂર્જર કવિઓ-૩-જયંત કોઠારી

૨) 'કવિ ઋષભદાસ એક અધ્યયન' પ્રો. ડો. વાડીલાલ ચોકસી

૩) 'કવિવર ઋષભદાસ' રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈ

૪) 'હિતશિક્ષા રાસનું રહસ્ય' શાહ કુંવરજી આણંદજી પ્રસ્તાવના

૫) કુમારપાળ રાજાનો રાસ - શ્રી શીવલાલ જેસલપુરા

૬) આનંદકાવ્ય મહોદધિ મોકતિક - જીવણચંદ સાકરચંદ ઝવેરી

૭) મધ્યકાલીન શબ્દકોશ - જયંત કોઠારી

૮) ઋષદાસની સાહિત્યોપાસના - ડૉ. ઉષાબેન શેઠ

૯) જૈન સાહિત્ય - બ. ક. ઠાકોર

૧૦) ભગવદ્ગોમંડળ - ભગવતસિંહ

# જિનશાસનમાં ધર્મ પ્રચારક શ્રેણીની આવશ્યકતા અને સ્વરૂપ

■ જશવંતલાલ વ. શાહ

જૈનધર્મના અભ્યાસુ જશવંતભાઈ અવાર-નવાર જૈનસાહિત્ય જ્ઞાનસત્ર અને સંમેલનમાં ભાગ લે છે. જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ સાથે સંકળાયેલ છે.

શ્રી વીતરાગ તીર્થંકર પરમાત્માઓ સમયે સમયે સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાના ચતુર્વિધ સંઘની (તીર્થની) સ્થાપના કરે છે. સાધુઓ મહાવ્રતી, સંપૂર્ણ ત્યાગી હોય છે જેને પાદવિહાર ફરજિયાત છે. શ્રાવકગણ દેશવિરતિ બાર વ્રતધારી સંસારી જીવન જીવે છે જેને જરૂર પૂરતા સાધનોની છૂટ હોય છે.

તીર્થંકરો પછી તેમના પટ્ટધર આચાર્યો અને તે પછી પરંપરાએ ત્યાગી સાધુઓ ગામોગામ પાદવિહર કરતા ધર્મ-પ્રચાર, ધર્મ પ્રભાવના કરતા રહે છે.

અત્યારે, મહાવ્રતી સાધુના ત્યાગી આચાર ન પાળતા પણ શ્રાવકના મર્યાદિત વ્રતવાળા સદાચાર અને પૂર્ણ જૈનાચાર સાથે બ્રહ્મચર્ય પાલતા અને ધર્મ ઉપદેશ અને પ્રચાર કરી શકે એવા એક વચલા સમણ વર્ગની તાતી જરૂરિયાત છે જે માટે નીચેના કારણો ગણવા જોઈએ.

૧. ક્ષેત્ર વિકાસ ઘણો થયો છે, વસતિઓ પણ દૂર દૂર સુધી ફેલાયેલી છે.

૨. રસ્તાઓ ડામરના થવાથી અને ઝડપી વાહનોના અતિશય વધારાથી સાધુઓના પાદવિહાર વધુ મુશ્કેલ ને અસલામત થતા જાય છે.

૩. સમયાનુસાર સાધુઓના સ્વાસ્થ્ય પણ નબળા રહે છે. જેથી પાદવિહાર ઓછા અને મુશ્કેલ બનતા જાય છે.

૪. પ્રજાની ધર્મ જાણવાની રૂચિ અને જિજ્ઞાસા વધ્યા છે.

૫. વિષમ બનતા જતા જીવનના દુ:ખ નિવારણ મટો પણ જૈનો જ નહીં, જૈનેતરો પણ શ્રી જિનધર્મ પ્રત્યે મીટ માંડે છે.

૬. દેશમાં તો ઠીક, પરદેશોમાં પણ ધર્મજાગૃતિ અને

ધર્મ સમજવાની જિજ્ઞાસા ઘમા વધ્યા છે. ૭.

આ સંયોગોમાં જરૂરી વાહનોનો અને સાધનોનો ઉપયોગ કરીને દૂર દૂર સુધી પહોંચી શકે એવા ધર્મપ્રચારક વર્ગની જરૂરિયાત ગણાવી શકાય.

૮. સાધુઓ માટે તેમની વ્રત મર્યાદાના કારણે બધે પહોંચવાનું અશક્ય છે.

૯. મૂર્તિપૂજક સંપ્રદાયમાં મંદિરોનું પણ આલંબન છે જે આપણે ત્યાં નથી. સાધુઓની સંખ્યા પણ તેઓ કરતાં આપણામાં ઘણી ઓછી છે.

આ વ્યવસ્થાના આડલાભ તરીકે :- સાધુઓ ઉપર દોડાદોડનો બોજો ઘટે, તેઓ તેમના પૂર્ણ ત્યાગના નિયમો પાળવામાં વધુ સમર્પિત રહી શકે, તેમને ધર્મ પ્રચાર કે પ્રસારના કાર્ય માટે નિયમ બહાર ખેંચાવું ન પડે. તેઓ સમણવર્ગનો ઉપયોગ કરી શકે જેમને માર્ગદર્શન તો તેમણે જ આપવાનું છે.

શરૂઆતમાં તો આ વિચાર આખા સમાજ સામે ખુલ્લો મૂકવો પડે. પછી આ માટે થોડાક પણ ધર્મસમર્પિત બ્રહ્મચારી ભાઈઓ બહેનો મળી જાય તો વધુ વ્યવસ્થા વિચારી શકાય. આવા ઈચ્છુકોની આટલી લાયકાત જરૂરી રહે:-

૧) બ્રહ્મચારી હોય અને આજીવન બ્રહ્મચારી રહેવાની ભાવના હોય.

૨) જિનેશ્વરની વાણીના અનુરાગી અને ઉપાસક હોય.

૩) ઘરની, કુટુંબની વળગણ-જવાબદારી ન હોય.

૪) તંદુરસ્તી સુયોગ્ય હોય કોઈ રોગ ન હોય.

૫) શરૂઆતમાં ઉંમર યુવાન હોય કે બહુ મોટી ન હોય.

૬) પ્રાથમિક ધાર્મિક શિક્ષણ હોય જ અને વધુ ભણવાની એ બીજાને સમજાવવાના પ્રશિક્ષણની ઉત્કંઠા હોય.

૭) સમજેલું બીજાને સમજાવી શકે એવી યોગ્યતા.

૮) આગળ જતાં સાધુ દીક્ષાની ઈચ્છા થાય તો લીએ, નહીંતર આજીવન બ્રહ્મચારી રહી ધર્મ શિક્ષણ પ્રચાર માટે સમર્પિત રહેવા પ્રતિબંધ રહે.

આટલી પ્રાથમિકતા પછી આખા સમાજે સંગઠિત થઈને આ ભગીરથ આયોજનની, તેને ચલાવવાની, તેના પૂરા ખર્ચની જવાબદારી ઉપુાડવી રહે. મૂર્તિપૂજક સમાજમાં તો મંદિરો બનાવવાનો તેને નિભાવવાનો ખર્ચ સતત ચાલુ હોય છે જે આપણા સમાજમાં નથી. એ રીતે આવું જિનભક્તિની દૃષ્ટિનું દ્રવ્ય આ વિરાટ કામ માટે વાળવું કઠીન નથી, સમાજે આ માટે પ્રોત્સાહિત થવું જોઈએ. આ માટે શ્રાવકોના સ્તરે એકતા, નિષ્ઠા અને જિનધર્મ પ્રત્યેના પ્રેમ, સમર્પણતા અપેક્ષિત છે.

આવા સમર્પિત બ્રહ્મચારીઓ/ઈચ્છુકો મળે પછી તેનો પૂરો નિભાવ શ્રીસંઘે કરવો પડે. જેમ કે-

૧) તેમને જીવનભર પાળવા, પોષવા, રહેવા, ખાવાનો ખર્ચ.

૨) ગામ-બહારગામ મોકલવા માટેનો ખર્ચ.

૩) તેઓના શિક્ષણ પ્રશિક્ષણનો ખર્ચ.

૪) તે માટે એક કેન્દ્રિય કાર્યાલય અને વિશાળ પુસ્તકાલય જોઈએ.

૫) પૂરા દેશના બધા સંઘોના સંગઠનના આશ્રયે જ આવું આયોજન થઈ શકે.

આ કાર્ય વિરાટ છે, પણ કરવા જેવું છે, અત્યારના સમયે

વધુ જરૂરી ને પ્રસ્તુત છે. આવી જ સમણ-સમણી શ્રેણી શ્રી તેરાપંથ (સ્થા.) સમાજમાં ઘણા વર્ષોથી છે જે બહુ સારું કામ કરે છે.

તેમાં ઘણા તો બહુ વિદ્વાન હોય છે. એ રાષ્ટ્રિય ને આંતરરાષ્ટ્રિય સ્તરે યોજાતી સંગોષ્ઠિઓમાં પણ સારો ભાગ લીએ છે. જેથી શ્રી જિનધર્મનો પ્રચાર પણ થાય છે. આપણા માર્ગદર્શન માટે તે ઉદાહરણરૂપ છે.

આપણા સમાજમાં ઘણા વર્ષોથી શ્રી સુધર્મા પ્રચાર મંડળ ચાલે છે. જે ચાતુર્માસમાં કે પર્યુષણપર્વમાં જ્યાં સાધુ-સાધ્વીઓનો યોગ ન હોય ત્યાં આરાધના કરાવવા માટે આવાજ સમર્પિત પ્રશિક્ષિત, સુચારૂ ક્ષાવકાચાર પાળતા શ્રાવક-શ્રાવિકાઓને મોકલે છે. આ પ્રવૃત્તિનો વિસ્તાર કરવાની જ આ વાત છે.

આપણો સમાજ જિનવાણી પ્રત્યેના આદર અને નિષ્ઠાપૂર્વક આ કાર્ય ઉપાડે ને સફળ બને એ ભાવના.

- જ્ઞાનનો વિકાસ જ વ્યક્તિને સામાન્યમાંથી વિશિષ્ટ બનાવે છે.
- જ્ઞાન પોતાના આચરણમાં મૂકે, સમજણ પોતાના વર્તમાન સ્વીકારે તે જ ખરો જ્ઞાની.
- આપણે આપણાં અજ્ઞાનને ઓળખીશું તો આપણાં જ્ઞાનની ક્ષિતિજનો વિસ્તાર થશે.

# 'સ્થા. સંપ્રદાયમાં સમણ-સમણી પરંપરા શરૂ કરવાની આવશ્યકતા અંગે વિશ્લેષણ'

■ ડૉ. વર્ષાબહેન ગાંધી, સુરત

સુરત સ્થિત વર્ષાબહેન ગાંધી 'યોગ અને ધ્યાન'માં Ph.D.થયા છે. જૈન દર્શનના અભ્યાસુ, યોગ, ધ્યાન અને કુદરતી ઉપચાર જેવા વિષયોમાં રસ ધરાવે છે

જૈનદર્શન એટલે જ્ઞાનની 'ઊંડી શોધ' જ છે. પ્રભુ મહાવીરની સાધના પણ બીજું કોઈ નહીં, જ્ઞાનની ઊંડી શોધ જ હતી. જે માટે તેઓ દિવસ-રાત મંડાયેલા રહ્યા. પ્રભુ મહાવીરે વારસામાં આવેલા અનેક સિદ્ધાંતોમાંથી શ્રેષ્ઠ શાશ્વત અને સદા ઉપયોગી બે મુખ્ય મુદ્દા છે. તેમાં એક તો અહિંસાનો આચાર અને બીજું અનેકાંતનો વિચાર.

પ્રભુ મહાવીરનો સંઘ એટલે પ્રચારક સંઘ. પ્રચાર શેનો? તો મુખ્યત્વે આ ઉપર કહેલા બે મુદ્દા અને તેની સાથે તેના વાહનરૂપે નાના-મોટા અનેક સિદ્ધાંતો. જૈન સંઘ પોતાના પ્રચાર ધર્મના ઉદ્દેશને સમજી લે અને આ સમયમાં, આ દેશમાં તેમ જ સર્વત્ર લોકોની અપેક્ષા શી છે, તેમની માગણી ને વિચારીને તે માગણી અહિંસા તથા અનેકાંત દ્વારા કેવી રીતે પૂરી પાડી શકાય એનો અભ્યાસ કરી એ મુજબ કાર્ય થાય તો સંઘ એ તત્ત્વો પર અખંડ રહી શકે, એનું બળ પણ વધે ને ટકી શકે. આપણા ભારત દેશનું સદ્‌ભાગ્ય છે કે તેમાં જૈન જેવો પ્રચારક સંઘ રહેલો છે, જેનું બંધારણ પણ વિશાળ છે, પણ છતાંય આજના વખતમાં સંઘ સંસ્થાને વ્યવસ્થિત કરવાની જરૂર છે. જૈન સંઘે પહેલાં પોતાની ફરજનું ભાન જીવનમાં જીવતું કરવું જોઈએ. ફરજનું ભાન જ સમય, શક્તિ અને બુદ્ધિનો દુરુપયોગ અટકાવે છે. માત્ર ભપકાબંધ વરઘોડા ચડાવવા, તબલા-ડાંડિયા વગાડવા-વગડાવવા, જમણવારોની મીઠાઈઓ ખાવા-ખવરાવવામાં જ સંઘ-સંસ્થા પોતાની ઈતિશ્રી ન

સમજતાં આગળ કંઈક વધુ વિચારે. આજે યુગ બદલાયો છે. આજની આર્થિક, સામાજિક અને રાષ્ટ્રીય પરિસ્થિતિ પણ બદલાઈ છે. ક્રાન્તિ-ફેરફાર એ વસ્તુ માત્રનો અનિવાર્ય સ્વભાવ છે. કુદરત પોતે જ અણધારેલ તે ધારેલ સમયે ક્રાન્તિ જન્માવે છે. જૈન પરંપરા મૂળે અંતરલક્ષી હોવાથી નિવૃત્તિ ધર્મ પર વિશેષ ભાર મુકાયેલો છે, એટલે મુનિધર્મ સૌથી શ્રેષ્ઠ મનાયેલો છે, પણ પરંપરા અનુસાર મુનિધર્મમાં લિમિટેશન પણ રહેલા છે, જેથી ક્યારેક પરંપરામાં શક્તિશાળી વ્યક્તિઓના પ્રતિભાવે સમગ્ર પ્રકારની વિધાયક પ્રવૃત્તિઓ વિકસાવવાની તક મળતી નથી. આજની વસ્તુસ્થિતિને વિચારીએ તો જૈનસંઘમાં સર્વાંગીણ વિકાસની જરૂર છે, તેમાં નિવૃત્તિધર્મની એકાંગી ધારા તો છે જ, પણ તેની સાથે પ્રવૃત્તિ લક્ષી કલ્યાણમાર્ગની જરૂર છે. નિવૃત્તિલક્ષી માર્ગની સાથે સાથે એવી કંઈક ક્રાન્તિ લવાય કે જેમાં નિવૃત્તિનું સ્વરૂપ એવું બદલાય ને તેમાં નિવૃત્તિ તો કાયમ રહે અને પ્રવૃત્તિને પણ સંપૂર્ણ અવકાશ મળે. આમ નિવૃત્તિ પ્રવૃત્તિનો સુભગ સમન્વય થવો તેને કદાચ આપણે સમણ-સમણી પરંપરાના નામથી ઓળખશું.

છેલ્લા ઘણા વખતથી તેરાપંથ જૈન સમાજમાં આ પ્રથા ચાલુ છે અને તેનુ સુંદર પરિણામ પણ જોવા મળે છે, દુનિયાનાં ઘણાં ક્ષેત્રો જેમ કે રશિયા અને જાપાન વગેરે સ્થળોએ પણ તેમના સેન્ટર્સ જાણવામાં આવ્યાં છે. એ જ રીતે ૨૦૦૭-'૦૮ ની સાલ થી શ્રી સ્થાનકવાસી જૈન સમાજના શ્રી જયમલ જૈન સંઘમાં પણ સમણી પ્રથા (ત્યા હાલ સમણ નથી - સાધુ જ છે) ચાલુ કરવામાં આવેલ છે. રાજસ્થાની રુઢિચુસ્ત સમાજના એક આખા વર્ગના વિરોધની વચ્ચે પણ સમય અને સમાજની માગને વિચારીને પૂ. પારસમુનિ તથા પૂ. પદ્મમુનિ દ્વારા આ કાર્ય શરૂ થયું છે અને આશા છે કે આનું ભવિષ્ય સુંદર બની રહેશે.

મારો પોતાનો અનુભવ કહું છું. ૨૦૦૮ની સાલમાં પર્યુષણ ના સ્વાધ્યાયી તરીકે મલયેશિયા (કુઆલાલામ્પુર) જવાનું થયું. ત્યાં

૨૨૫ જૈનો ના ઘર એમાં ૧૦-૧૨ ઘર દેરાવાસી સમાજના અને બાકી બધા સ્થાનકવાસી સમાજના સંઘ ઉત્સાહી હતા. પાઠશાળા પણ ચાલુ કરેલ છે, પણ ત્યાં કોઈ સમજ આપવાવાળું નથી. અમુક લોકોએ હિંદુ સમાજના ધર્મગુરુઓને અપનાવી લીધા છે. ત્યાર બાદ કાલાકામાં જૈનોના ૫૦ ઘર છે પણ હાલત એકદમ શુષ્ક છે.

ત્યાર બાદ ટિકિટને એક્સટેન્ડ કરાવીને ત્યાંના લોકોના આગ્રહને માન આપીને પિનાંગ ગયેલ. ત્યાં ૧૫ ઘર જૈનો આ બધા જ ક્ષેત્રે સરસ મઝાનો ગુજરાતી સમાજ છે. તેની પોતાની એક જગ્યા છે, પણ જૈન લોકો જ જૈન ધર્મ અંગેની સભાનતા ન હોવાને લીધે બીજા-બીજા ધર્મ અપનાવતા જાય છે. પીનાંગમાં તો અમુક લોકોએ સત્ય સાંઈબાબાના પરમભક્ત હોવાને લીધે જૈન ધાર્મિક ફંક્શન વગેરેમાં આવવાનું પણ બંધ કરી દીધું છે. પરદેશની વાત તો ઠીક થઈ, પણ આપણા પોતાના સ્વદેશની વાત કરું તો હજી ગત પર્યુષણમાં જયમલ જૈન સંઘના આગ્રહને માન આપીને ચીપલૂણ ગયેલ. મુંબઈથી ફક્ત ગોવા જવાના માર્ગે ચાર કલાકનો રસ્તો ટ્રેનમાં છે. સુંદર-મનોહર અને રળિયામણું ક્ષેત્ર છે, જે પર્વતોની હારમાળા અને નદીની વચ્ચે છે. જૈનનાં ઘર લગભગ ૪૦ જેટલાં જ છે. તેમાં બે તો જૈનમંદિર છે અને એક ખૂબ જ મોટું અને સુંદર સ્થાનક છે. પર્વતોની વચ્ચે આવેલું સ્થાનક એટલુ બધુ શાતાકારી છે કે કોઈને પણ આકર્ષે, પણ આશ્ચર્યની વાત તો એ છે કે બે-અઢી વર્ષથી તૈયાર થયેલા આ સ્થાનકનું હજી ઉદ્‌ઘાટન પણ થયેલ નથી.

હવે કદાચ થવાની વાત હતી. કોઈક સંતનાં પગલાં થાય તો ઉદ્‌ઘાટન થાય ને! મહેન્દ્રા પર્વતની હારમાળાના ઘાટનો રસ્તો, ગીચ લીલોતરી, વિહાર કદાચ વિકટ હોવાને લીધે ત્યાંનાં લગભગ બધાં જ ક્ષેત્રો સંતોનાં પગલાંથી વંચિત રહે છે. ત્યાં ઘણાં જ સુંદર ક્ષેત્રો છે જેમ કે રત્નાગિરિ, મહાડ, દાપોલી-બધે જ વધારે નહી તોય ૫૦-૧૦૦ ઘરની જૈનોની વસતિ તો ખરી જ અને સાથે

દિગંબર જૈનો તો ઘણા જ. એકલા ચિપલૂણમાં ૧૦૦થી વધારે દિગંબર મહારાષ્ટ્રીયન જૈનોનાં ઘર હતાં, પણ જૈન સમાજ અને સંઘ તથા સંતોનો સંગ અને પરિચય ઓછો અથવા ન હોવાને લીધે તેઓને નવકારમંત્ર સિવાય કશું જ ખબર નથી, અને લગભગ શ્વેતાંબર ને દિગંબર બધા જ મારા જોવામાં આવ્યા પ્રમાણે ગણેશજીના પરમભક્ત જણાતા હતા. પર્યુષણપર્વ અને ગણેશચતુર્થીનું પર્વ સાથે આવતું હોવાથી એની સામ્યતા આપણને દેખાય જ છે. મેં ભરપૂર કોશિશ સમજાવવાની કરી, તેઓ સૌ સત્ય સમજવા પણ માગતા હતા, પણ મારી દૃષ્ટિએ મનુષ્ય જ્યાં હશે ત્યાં કોઈને કોઈ સમાજનો અંશ થઈને રહેવાનો જ તેમ જ તેના પર પણ એ સમાજના સારા-નરસા સંસ્કારોની અસર પણ થવાની જ. એક માણસ ખરો કેળવાયેલ હશે તો તે પોતાના સમાજમાં કેળવણીનું વાતાવરણ જાણે-અજાણે ઊભું કરશે જ, ટૂંકમાં આ રીતે પણ આવાં બધાં ક્ષેત્રોમાં ધર્મનું સામ્રાજ્ય ટકાવી રાખવું હોય તોપણ સમણી પરંપરા આવકારવા લાયક તો ખરી જ.

સમણ-સમણીની દીક્ષિત થતાં પહેલાંની યોગ્યતા

ધર્મ અધિકારે જ શોભે. અધિકાર વિના જે ધર્મ સાધુ વર્ગને પણ ન શોભાવી શકે તો બીજા ને તો ક્યાંથી શોભાવે? એ જ ન્યાયે સમણ-સમણી છાજે એવો યોગ્ય અભ્યાસની સાથે વિવેકી ક્રિયાશીલતા હોવી ખૂબ જ જરૂરી છે. પૂ. જયમલ જૈન સંઘના પ્રથમ બે સમણીના અભ્યાસ માટે પૂ. પારસમુનિ તથા પૂ. પદ્મમુનિ. મ.સા. મને ખાસ ચેન્નાઈ ચાતુર્માસ દરમિયાન એમ એ જૈનોલોજી કરી રહ્યા હતા. તદુપરાંત મ.સા. તેમના ઈંગ્લિશ અને ગુજરાતી ભાષાના અધ્યયન પર પણ વિશેષ ભાર મૂકતા ત્યાર બાદ નેચરોપથીના એક કાર્યક્રમ અંગે હું બેંગલોર ગત વર્ષે ગયેલ ત્યારે પણ પૂ. મ.સાહેબને મળવાનું થયું. ત્યારે બીજાં બે બહેનોની સમણી તરીકેની તૈયારી ચાલતી હતી. તેમાંના એક બેન તો દાંતના ડૉક્ટર (બીડીએસ) હતાં અને એક નાની બેન આલીશાનો તો સુંદર

અભ્યાસ જોઈને હું પણ ખૂબ જ ખુશ થઈ ગઈ. તેરાંપંથ સમાજમાં પણ સુંદર અધ્યયનનું કામ લાડનુ વિશ્વ-વિદ્યાલય દ્વારા થાય જ છે. ટૂંકમાં એટલું જ કહીશ કે આ પંથે જનારા દરેક જિજ્ઞાસુનું જ્ઞાન ઐતિહાસિક તેમ જ તુલનાત્મક દૃષ્ટિ એ થવું જોઈએ જેથી ધર્મનું શિક્ષણ માત્ર એક પંથગામી કરી. સર્વપંથગામી બને. આજે યુવાપેઢીનો અભિગમ બદલાઈ ગયો છે. એ કંઈક positive thoughts માટે આ ક્ષેત્રમાં પ્રવેશે અને જો આપણે પોતાના પંથ-ધર્મના ગુણગાન ગાઈને બીજાની ઉણપો બતાવશુ તો તે ધર્મથી કોશો દૂર થઈ જશે. ખરેખર જોતા ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, અને આ બે તત્ત્વોની નીચે ઘડાતો જીવન-વ્યવહાર.

આ જે પારમાર્થિક ધર્મ છે તેનો સુચારુ રૂપે તર્કસંગત અભ્યાસ કરીને તેનુ પ્રકટીકરણ (Presentation) કરવુ પડશે. તેથી જ સમણ-સમણી બનવા ઈચ્છુક ભાઈ-બહેનોમાં વિશાળબુદ્ધિ, સ્મૃતિ, સંકલ્પશક્તિ, વિશાળ-વાંચન, ભાષા પરનુ પ્રભુત્વ, અને આ બધાની સાથે સાથે તત્ત્વોનુ વિશદ્, સૂક્ષ્મ અને સમભાવી જ્ઞાન હોવુ ખૂબ જ જરૂરી છે. આપણે સમાજ અને દેશ અત્યારના સંજોગોમાં ક્લેશ ના વમળમાં અટવાયેલો છે, તો હવે એ જવાબદારી બને છે કે એ ક્લેશ ને વધારીએ નહીં, પોષીયે નહી, બલ્કિ ઉદારતા અને જ્ઞાનવૃત્તિ કેળવીને અનેકાંત તથા અહિંસાના સિદ્ધાંત દ્વારા Solution (નિરાકારણ)મેળવીએ. આ જાતની સમજ કેળવીને દીક્ષિત થવુ યોગ્ય ગણાશે.

સમણ-સમણીએ કેટલાં વ્રતો પાળવાં જોઈએ!

સમણ-એટલે સાધક, -સાધક એ કે જે અમુક ધ્યેયની સિદ્ધિ માટે સાધના કરનાર, તે ધ્યેયનો ઉમેદવાર જૈન સાધકનો મુખ્ય ધ્યેય તો જીવનશુદ્ધિ જ છે. જીવનને શુધ્ધ કરવું એટલે તેનાં બંધનો, મળો (મલીનતા), વિક્ષેપો અને સંકુચિતતાઓ ટાળવી. સાધક માટે એ ખૂબ જરૂરી બને છે કે આધ્યાત્મિક જીવન જેવી મહત્ત્વની બાબતમાં જો કોઈની દોરવણી કરવાની હોય તો પહેલાં,

એટલે કે બીજાના ઉપદેશક અથવા ગુરુ થયા પહેલાં પોતાની જાતને એ બાબતમાં ખૂબ તૈયાર કરી લેવી જોઈએ. વ્રત પાળવાની બાબતમાં વિચારીએ તો વ્રત એ તો એક વાડની જેમ છે, જ્યાં ધર્મરૂપી બીજનું રક્ષણ થાય છે. માટે વ્રતો તો પાંચેય પાળવાનાં રહેશે જ, પણ મુનિને જેમ ત્રણ કરણ અને ત્રણ યોગથી વ્રત ઉચ્ચરાય છે તેને બદલે થોડી બાંધછોડ વ્યવહારલક્ષી રહેશે. તે ક્ષેત્ર, કાળ અને દેશ મુજબ નક્કી કરવું જોઈએ. જેમને ગામડાં અને જંગલનો યોગ હોય તો સ્થંડિલ તમે જંગલમાં જઈ શકો. બાકી, શહેર આદિમાં ફ્લેશ ટૉયલેટનો ઉપયોગ થઈ શકે, જયમલ જૈન સંઘમાં તો લોચને પણ વિકલ્પમાં મૂકેલ છે, શાતા અને ઇચ્છા હોય તો લોભ કરાય, નહીં તો વાળ કાતરથી પણ કપાવી શકાય છે. સ્નાન આદિનું પણ એમ જ છે. રોજ નહીં પણ, અમુક દિવસે તેઓ સ્નાન કરી શકે છે. વિહાર માટે વાહન-વ્યવહારની છૂટ તો મૂકેલી જ છે.

ડ્રેસકોડ સફેદવસ્ત્ર આખા શરીરને ઢાંકે તે મુજબનો છે. મુહપત્તી, જાહેર સ્થળો, જેમ કે ટ્રેન આદિમાં તેઓ નથી બાંધતા. ટૂંકમાં મારા મતે જૈન સમણ-સમણીઓ પોતાનું જીવનતંત્ર નિવૃત્તિલક્ષી પ્રવૃત્તિવાળું સંઘની સામાન્ય મુજબ ગોઠવવાનું રહેશે. એમા પ્રાચીન વારસાની રક્ષા અને નવીન પરિસ્થિતિને બંધ બેસે એવા તત્ત્વનું સંમિશ્રણ કરવું જરૂરી છે. તેમના યોગક્ષેમની જવાબદારી અંગે પણ સુયોગ્ય બંધારણ વિચારવું પડશે. બીજાના શ્રમ પર ન જીવવાની દૃષ્ટિએ ક્યારેક યોજાયેલ અણગાર માર્ગ (મુનિપણુ) આજે કેટલો બધો વિકૃત થઈ ગયો છે કે તેનું પાલન એકમાત્ર બીજાના શ્રમને જ આભારી થઈ ગયું છે. આવું સમણ પરંપરામાં ન થાય એ માટે પહેલેથી જ એવું બંધારણ કરીએ કે પાછળથી પસ્તાવું ન પડે. આ માટે ક્રિશ્ચિયાનિટી મિશનરીઝમાં(ખ્રીસ્તીઓમાં) જે તેમના ફાધર ઍન્ડ નન્સ (સિસ્ટર મધર્સ) માટેનાં જે બંધારણો છે તેમાંથી આપણે પણ કંઈક લઈ શકાય અને કંઈક આપણી સમજ મુજબ પણ ઉમેરી

શકાય આ માટે સંઘ અને સંસ્થા દ્વારા જવાબદારી લેવાય એ બહુ જરૂરી છે.

આપણે સૌ જાણીએ છીએ કે ભારતીય દર્શનોમાં જૈનદર્શનનું એક મહત્ત્વનું સ્થાન છે. જૈન તત્ત્વજ્ઞાન ઘણું ગહન અને ઊંચું છે. જૈનકુળમાં જન્મ પામ્યા એટલે અનાયસે જ આપણને પ્રભુ મહાવીરના ઊંડા જ્ઞાનનો વારસો મળ્યો છે, પણ એ જ્ઞાનના સુચારુરૂપે પ્રચારના અભાવે એ કીમતી વારસો પણ વ્યર્થ બની ગયો છે.

જૈનોમાં જ જૈનત્વની ઝાંખી જોવા નથી મળતી, તો બીજાની ક્યાં વાત કરવી? શા માટે આપણે એ સુંદર વારસાનો ઉપયોગ સમાજ અને રાષ્ટ્રના અભ્યુદય અર્થે ન કરીએ? ચોક્કસ કરીએ જ અને સુંદરતમ આધ્યાત્મિક પરિણામો અને શાંતિ મેળવીએ. ઇતિહાસ પણ સાક્ષી છે કે પ્રભુ મહાવીર પોતે પણ સિદ્ધ કરેલ કરુણા અને અહિંસામૂલક આચારને સ્વપર્યાપ્ત ન રાખતાં સમાજવ્યાપી કરેલ જેથી એ સમયના આપણા સંઘમાં આદિવાસીઓ, ક્ષત્રિયો, વૈશ્યો, શુદ્રો વગેરે અનેક વર્ગોનો સમાવેશ થતો હતો. ફરી સંઘ મજબૂત બને અને આવાં રચનાત્મક કાર્યો તરફ આગેકૂચ કરે એ જ ભાવના સાથે વિરમું છું.

જેમ માનસરોવર ઉપર હંસલાઓ આવે છે, ઉતરે છે, મોતીનો ચારો ચરે છે, એમ જ્ઞાની પુરુષો જ્યાં જ્યાં જતાં હશે ત્યાં ત્યાં શુભ તત્ત્વોનો જ આસ્વાદ લેતા હશે.

■ ગુરુદેવ પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

પેટર બાર ઝારખંડ સ્થિત ગોંડલ ગચ્છ શિરોમણિ પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ પંદર ગ્રંથોના સર્જક છે પૂજ્યશ્રીની પ્રેરણાથી આય હોસ્પિટલ, શાળાઓ અને જૈનભવનો કાર્યરત છે.

**મધ્યમવર્તી ત્યાગી સમાજનું નામકરણ**

વસ્તુતઃ સમણ-સમણી શબ્દ તેરાપંથી સમાજે પોતાના મધ્યવર્તી ત્યાગીઓ માટે પ્રદર્શિત કર્યો છે, પરંતુ આપણે તેનું અનુકરણ ન કરતાં એક સ્વતંત્ર નામ આપવું જરૂરી છે. ''જૈનપ્રકાશ''માં પ્રકાશિત આપના પ્રશ્નથી અગાઉ જ અહીં આ બાબતમાં વિચારવિનિમય થઈ ચૂક્યો હતો અને આ મધ્યમવર્ગી ત્યાગી વર્ગનું નામ સુવ્રત સંઘ રાખવામાં આવ્યું છે. ત્યાગી મધ્યમવર્ગી સુવ્રત અને સુવ્રતા કહેવાશે. હર્ષની વાત એ છે કે આ સારા વ્રતધારીઓ માટે સુવ્રત શબ્દ શાસ્ત્રમાં વારંવાર આવ્યો છે. ભગવાને 'સુવ્રત' સંબોધન કર્યું છે, તો સહેજે આપણને શાસ્ત્રોક્ત સુંદર નામની પ્રાપ્તિ થઈ છે. **भिक्खाए वागिहन्थे वा सुव्वए कम्मइ दिवं।** ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૫/૨૨ અમારા અભિપ્રાય પ્રમાણે સમણ-સમણીની જગ્યાએ સુવ્રત અને સુવ્રતાનો ઉપયોગ કરવો જોઈએ.

**સુવ્રત શબ્દનો અર્થ :** જે સારા મર્યાદિત વ્રતોનું પાલન કરે છે, તેને 'સુવ્રત'કહીશું. જેટલા વ્રતનું પાલન થઈ શકે અને પાલન કરવાની અનુકૂળતા હોય તેટલાં સારાં વ્રતો ગ્રહણ કરે તે સુવ્રત કહેવાશે. આજે દુઃખની વાત એ છે કે પંચમહાવ્રત ધારણ કર્યા પછી શાસ્ત્રોક્ત રીતે આટલી ઝીણવટથી વ્રતોનું પાલન થઈ શકે તેને અનુકૂળ સમય રહ્યો નથી તેથી પંચમહાવ્રતધારી સંતોને પૂર્ણ રીતે વ્રતોનું પાલન કરવામાં ઘણો સામનો કરવો પડે છે અથવા સાવધાનીપૂર્વક છૂટ લેવી પડે છે માટે શાસનની સેવા કરવા માટે આજના સમયે સુવ્રતધારી ત્યાગીની પણ જરૂર છે અને સુવ્રતનો

અર્થ સારા, આવશ્યક, પાલન યોગ્ય વ્રતો.

ક્યાં ક્યાં વ્રતો પાળવા તે આગળના પ્રકરણમાં સ્પષ્ટ કરીએ છીએ.

આ પ્રથમ બિંદુ પર એટલું જ કહેવાનું છે કે સ્થા. જૈન સંઘ મધ્યવર્ગી ત્યાગી સમાજ માટે પોતાનું સ્વતંત્ર નામ આપે.

''સુવ્રત અને સુવ્રતા''કોઈનું અનુકરણ ન કરે.

આ નામ એટલું સુંદર છે કે સાંભળનારને પણ સુવ્રત પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરે છે અને વ્રતો સારી રીતે પાળવા જોઈએ તેવા પ્રતિબોધ પણ કરે છે.

**યાત્રા** : સુવ્રત સમુદાયના સભ્યો વાહનનો ઉપયોગ કરી શકશે. તેમાં ટ્રેન, ગાડી, પ્લેનનો ઉપયોગ કરી શકશે. યાત્રાનું ક્ષેત્ર ભારત તથા બધા વિદેશના ક્ષેત્ર રહેશે. વિદેશયાત્રામાં નિયમ એ રહેશે કે વિદેશમાં રહેતા ભાઈઓ તથા સંઘની વિનંતી હોય તો યાત્રાને માન્ય કરાશે. ફરવા કે મોજશોખ નિમિત્તે સુવ્રતના સદસ્યોની યાત્રા માન્ય કરાશે નહીં. યાત્રાની સમુચિત નિયમાવલી બનાવવાની રહેશે.

**અર્થસંગ્રહ** : અર્થ બાબતનો પ્રશ્ન ઘણો નાજુક છે. કોઈ પણ સુવ્રત સદસ્ય બૅન્કમાં પોતાનું ખાતુ ખોલી શકશે નહીં તથા વ્યક્તિગત રૂપે પોતાના નામે ધનરાશિ એકત્રિત કરી શકશે નહીં. આવશ્યક ધનરાશિ પોતાની પાસે રાખી શકશે, પણ તેનો હિસાબ રાખવાનો રહેશે એ સંચાલન કેન્દ્રમાં હિસાબ પેશ કરવાનો રહેશે.

કોઈ ભક્તગણ સીધી રીતે સુવ્રત સદસ્યને માટે ખર્ચ કરે તો તેની નોંધ રાખવામાં આવશે. આ બાબત પણ સંચાલકો નિયમાવલી તૈયાર કરશે.

**સંચાલક સમિતિઃ-** સુવ્રત સમુદાયનું સંચાલન કરવા માટે કેન્દ્રીય કમિટીનું ગઠન કરવામાં આવશે અને આ કમિટીનો ચુનાવ ગુજરાત પ્રાંતના હિસાબે થશે, ત્યાર બાદ ભારતનાં બધાં રાજ્યો સમ્મિલિત થાય તો કેન્દ્રીય કમિટીનું વિરાટ રૂપ બનશે. આ બાબત પૂરેપૂરો વિચાર કરવાની જરૂર છે. આપણા સમાજના બુદ્ધિશાળી વર્ગ વકીલ

કે બૅરિસ્ટરની સલાહ લેવાની જરૂર છે. આખું બંધારણનું ખોખું તૈયાર કરવાનું છે.

**વેશભૂષા :-** વસ્ત્ર તો સફેદ-સાદા રહેવા જોઈએ, પરંતુ સુવ્રતની ઓળખાણરૂપે કોઈ પણ નાનો ફેરફાર કરી વેશભૂષા નક્કી કરવી જોઈએ. સાધુ જેવો વેશ રાખે તો ચોલપટ્ટક, પછેડી ઉપરાંત કેટલાક સીવેલાં કપડાં પહેરી શકે છે. મુહપત્તીમાં 'અરિહંત' શબ્દ અથવા 'જય અરિહંત' એવો શબ્દ મૂકવાથી સુવ્રતની ઓળખાણ નિશ્ચિત થઈ જશે. છતાં પણ જે સદસ્યો સુવ્રત કે સુવ્રતા બનવા માગે છે. તેમની પ્રથમ મિટિંગ કરી તેની સલાહ લેવાની રહેશે અને તેની અનુકૂળતા કે પ્રતિકૂળતાને ધ્યાનમાં રાખવી પડશે. વેશભૂષા ઘણું મહત્ત્વપૂર્ણ બિંદુ છે અને એક વખત નિશ્ચિત થયા પછી વારંવાર ફેરફાર થઈ શકશે નહીં. ફેરફાર ન કરવો તે જરૂરી પણ છે. મુહપત્તીની લંબાઈ-પહોળાઈ થોડી ઓછી કરવાની રહેશે જેથી જોતાં જ વરતી શકાય કે આ સુવ્રતની મુહપત્તી છે અને તે સુવ્રત છે. અમે આ ટૂંકમાં ઇશારો કર્યો છે.

**દીક્ષા :-** જે ભાઈ-બહેન સુવ્રતા બનવા તૈયાર થાય તેને છાને ખૂણે દીક્ષા ન અપાય, પરંતુ જાહેરમાં પાંચ સંઘોની હાજરીમાં સંચાલક સમિતિની અનુમતિથી દીક્ષા આપવામાં આવે. સુવ્રત કે સુવ્રતાની યોગ્યતા પર ધ્યાન આપવામાં આવે.

**ઉંમર :-** ૧૮થી ૪૦ વર્ષની ઉંમર હોવી જોઈએ. તેનાથી વધારે વયસ્ક હોય અને યોગ્યતા લાગે તો વિશેષ અનુમતિ આપી શકાય છે. ઉંમરનો ખ્યાલ ભાઈ-બહેન બંનેને માટે સમાન રૂપે લાગુ પડશે.

વ્રતાર્થીને કોઈ મોટો રોગ ન હોવો જોઈએ. શરીર સ્વસ્થ જરૂરી છે. વ્રતપાલન અને સેવાપ્રવૃત્તિ બંને કરી શકે તેવું આરોગ્ય હોવું જોઈએ.

વ્રતાર્થી કોઈ મોટા કરજદાર ન હોવા જોઈએ તે જ રીતે કોઈ મોટી સંપત્તિના માલિક ન હોવા જોઈએ. તેણે પોતાના નામની સંપત્તિના ત્યાગ કરીને વ્રત ગ્રહણ કરવા જોઈએ.

જાતિ કે કુળનો અહંકાર કર્યા વિના વિનયભાવે તેમના ગુરુ કે પ્રેરકની આજ્ઞાનુ પાલન કરે તે જરૂરૂ છે.

વિદ્યાભ્યાસ સારો એવો જરૂરી છે. અભ્યાસીને જ સુવ્રતા બનાવી શકાય. કદાચ કોઈને અભ્યાસ વધારે ન હોય તો તેને બે વરસનો સમય આપવો. સર્વથા અભણ હોય તે ન ચાલે.

**વિહારક્ષેત્ર** : યાત્રાના બિંદુ પર આ વિષયનું વિવરણ થઈ ગયું છે. અહીં વિહારક્ષેત્રનો અર્થ છે કે સુવ્રતા અનર્થકારી ક્ષેત્રોમાં ન જાય. વ્યક્તિગત કોઈના ઘરમાં વધુ લાંબા સમય સુધી ન રોકાય અને જેટલા દિવસ રોકાય તેટલા દિવસ સમુચિત વ્યવહાર કરી ગૃહસ્થ ધર્મનું ધ્યાન રાખી સૌને ધર્મથી પ્રભાવિત કરે. વિહારક્ષેત્ર માટે કેન્દ્રિય સમિતિની અનુમતિપૂર્વક પ્રોગ્રામ નક્કી કરે. આઠ મહિનાના આઠ અને ચોમાસાનો એક, એમ નવા પ્રોગ્રામ નક્કી કરવા અને જ્યાં સંત-સાધ્વીના ચાતુર્માસ ન હોય ત્યાં ચાતુર્માસ ગાળીને શાસન પ્રભાવના કરી, પર્યુષણ મનાવે, આમજનતામાં અહિંસા તથા શાકાહારનો પ્રચાર કરે.

**ભોજનવ્યવસ્થા** :- કોઈના આમંત્રણની રાહ ન જુએ. કોઈ ભક્ત સદ્‌ભાવપૂર્વક આમંત્રણ આપે તો ત્યાં આહાર લેવા જાય, પરંતુ કોઈને આમંત્રણ આપવા માટે પ્રેરણા ન આપે. આહાર માટે સાધુ સમાજની જેમ ગોચરીની વ્યવસ્થા રાખવી. 'વિહંગમા વ પુટફેસુ' અર્થાત્‌ અનેક ઘરેથી આહારપાણી ગ્રહણ કરે. પાત્રાની જગ્યાએ ટિફિન કે પ્લાસ્ટિક પાત્રાનો ઉપયોગ કરે, પણ ટિફિન ખુલ્લું ન રાખે. ઝોળીમાં રાખે અને ઝોળી ખાસ પ્રકારની હોવી જોઈએ અને તેના પર સુવ્રત સમુદાય એવું લખાણ હોવું જોઈએ. (અમે આ સંક્ષેપ ઇશારો કર્યો છે, પરંતુ સંપૂર્ણ નિયમાવલી તૈયાર કરવાની રહેશે.

**અર્થભારઃ** આવશ્યક સામગ્રી માટે કેન્દ્રીય કમિટી બધી વ્યવસ્થા કરે. ઉપરાંત કોઈ ભક્તજન ભક્તિભાવથી જરૂરી સામાન આપે તો તે પણ ગ્રહણ કરે. આપણાં પૂ. સાધુ-સાધ્વીજી ભવિષ્યનો વિચાર

કરી વધુ પરિગ્રહ રાખતાં નથી, તે જ રીતે સુવ્રત સમુદાય પણ ભવિષ્યના ખર્ચનો વિચાર ન કરે. સંઘ તે મા-બાપ છે એટલે સમાજ પર વિશ્વાસ રાખી વર્તમાન કર્તવ્ય બજાવે. જરૂરી ખર્ચ માટે પ્રેરણા આપે, પરંતુ સોના-ચાંદીનાં મૂલ્યવાન ઉપકરણો ન રાખે. ગાંધીજીના સિદ્ધાંત અનુસાર સદાચારને મહત્ત્વ આપે અને સાદા જીવનનો સ્વીકાર કરે, ઓછા ખર્ચે ચાલે ત્યાં ખોટો ખર્ચ ન કરે, પરિસ્થિતિ અનુસાર કરવો પડે તોપણ મર્યાદા રાખે.

**સારાંશ** :- ઉપર પ્રમાણેના મુદ્દાને લગતી વિચારશ્રેણી સંક્ષેપમાં દર્શાવી છે. બધાં બિંદુઓ વિચારણીય તથા વિશદ વ્યાખ્યા કરવા યોગ્ય છે. એક વખત આ બિંદુઓ પર ચર્ચા થાય અને મધ્યવર્તી વર્ગનો ઉદ્ભવ થવાનાં લક્ષણ દેખાય તો વિસ્તૃત વ્યાખ્યા કરવી આવશ્યક છે, તો તેના પર વિસ્તારથી લખાવી શકશું.

સાધક સુવ્રત અને સુવ્રતાને ક્યાં ક્યાં વ્રત લેવા જોઈએ તેનો વિચાર આ લેખમાં કર્યો નથી, પરંતુ એટલાં જ વ્રતો લેવા જોઈએ જે વર્તમાન સમયમાં પાળી શકાય તેમ હોય. કઠોર વ્રત લઈને અધૂરાં પળાય તે નીતિ ઉચિત નથી. તેનાથી નિરતંર માનસિક દોષનું સેવન થાય છે.

આ પ્રાથમિક વ્યાખ્યા સ્વતંત્ર રીતે યથાસંભવ અમારા દ્વારા લખવામાં આવી છે. તેમાં વિશેષ મંતવ્યોનો ઉમેરો થાય તોપણ અમોને હર્ષ થશે. આટલો લેખ મોકલ્યા પછી ખરેખર જે મધ્યવર્તી સંઘની જરૂર છે તેના માટે ''જૈનપ્રકાશ'' જે બીડું ઉઠાવ્યું છે તેનો પ્રત્યુત્તર આપવા બદલ સંતોષ થાય છે. વિનંતી એ છે કે આ બધાં લખાણો કર્યા પછી આ અભિયાન અટકી ન જાય, વારંવાર તેમાં ચંચુપાત કરી કાર્યને રૂપ આપવાની પરમ આવશ્યકતા છે.

**૧) મહત્ત્વપૂર્ણ નોંધ** :- જોકે, સંપૂર્ણ ભારતના સ્થાનકવાસી સંત સમાજને આવા મધ્યવર્ગી સુવ્રત સમુદાયની આવશ્યકતા છે તેથી પ્રથમ તો સમગ્ર ભારતના ધોરણે આ આંદોલન ચાલવું જોઈએ. કોઈ કારણથી સમગ્ર ભારતના સ્થાનકવાસીઓ રસ ન ધરાવે તો

ગુજરાતના ધોરણે આ આંદોલન બરાબર ચલાવીને સુવ્રત સમુદાયનો એક નમૂનો તૈયાર કરવો જોઈએ.

ખાસ વિનંતી એ છે કે જૈનોની બીજી શાખાઓએ જે કોઈ નામ આપ્યાં હોય અથવા જે વિધિવિધાન તૈયાર કર્યાં હોય, તેનું અનુકરણ ન કરવું જોઈએ. ખાસ કરીને નામનું તો અનુકરણ ન જ કરવું અને અમે જે આ નામ આપ્યું છે તે સ્વતંત્ર અને સર્વોત્તમ છે.

આ નામ શાસ્ત્રોક્ત છે, આપણા આગમોમાં આ શબ્દનો વારંવાર પ્રયોગ થયો છે.

ત્રણે અક્ષર લગભગ લઘુ હોવાથી બોલવામાં સુગમ છે.

આખો શબ્દ ઘણો જ અર્થપૂર્ણ છે. તેમાં અર્થાત્ શબ્દમાં જ સમાયેલો અર્થ સ્વતઃ પ્રગટ થાય છે માટે અમારો પૂરો આગ્રહ છે કે મધ્યવર્તી વર્ગ માટે સુવ્રત શબ્દનો પ્રયોગ કરવો અને સંગઠનને "સુવ્રત સમુદાય" જેવું શુભ નામ આપવું.

## શ્રુતજ્ઞાનને અભિવંદના

શ્રુતજ્ઞાન તુજને આજ મારા ભાવભર્યા નમસ્કાર છે,<br>
ને સમ્યક રૂપે પરિણામો એ ભાવ વારંવાર છે;<br>
મને પ્રકાશ દીધો મૂક્તિમાર્ગે તારો મહા ઉપકાર છે,<br>
ને હજુએ તારી હાજરી પૂર્ણ મને કરનાર છે..

# ચતુર્વિધ સંઘને જોડતી મજબૂત સાંકળરૂપ સુવ્રતી સમુદાય શ્રેણીની અનિવાર્યતા

■ ગુણવંત બરવાળિયા

જૈનદર્શનના અભ્યાસુ

ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

જૈન સંતોની જીવનચર્યાનો પ્રભાવ જનસમૂહ પર પડે અને તે અહિંસાધર્મ અપનાવે તે જિન શાસનની વિશિષ્ટતા છે, કારણકે જૈન ધર્મ આચારપ્રધાન છે.

સાંપ્રત જીવનપ્રવાહમાં આર્થિક, ભૌગોલિક સામાજિક અને રાષ્ટ્રીય પરિસ્થિતિ બદલાઈ છે. જૈનો દેશ-વિદેશમાં ચોતરફ વસવાટ કરી રહ્યા છે. સાધુજીની સમાચારી અને સંયમજીવનની મર્યાદાને કારણે સંતો બધી જગાએ જવા અસમર્થ હોય છે. જ્યાં જૈનોનાં થોડાં ઘણા કુટુંબોનો વસવાટ હોય, પરંતુ વિહારની વિકટતાને કારણે દૂર કે દુર્ગમ સ્થળોએ જૈન સંત-સતીજીઓ જઈ ન શકે અને આવું લાંબો સમય ચાલે તો જૈન પરિવારોને વારસામાં મળેલ સંસ્કાર નવી પેઢીમાં ન ઊતરે, શ્રાવકાચાર લુપ્ત થઈ જાય અને અન્ય ધર્મગુરુ કે ધર્મસ્થળનું આલંબન મળતાં નવી પેઢી જિનકથિત અહિંસાધર્મથી વંચિત રહી જાય. આવા કારણે સાંપ્રત પરિસ્થિતિમાં જૈન ધર્મપ્રચારક કે પ્રવર્તકની જરૂરિયાત ઊભી થઈ છે.

તાજેતરમાં પર્યુષણ પર્વ પર અમેરિકાની યાત્રાએ જવાનું બન્યું. જ્યાં હ્યુસ્ટનમાં તેરાપંથ જૈન સંપ્રદાય પ્રેરિત જૈન વિશ્વભારતી સંસ્થાની મુલાકાતે જવાનું થયું. જ્યાં આચાર્યશ્રી મહાશ્રમણનાં સુશિષ્યા પૂ. સમણી અક્ષયપ્રજ્ઞાજી અને પૂ. સમણી વિયનપ્રજ્ઞાજીના પાવન સાન્નિધ્યે ''સમણ-સમણી શ્રેણી એક વિશિષ્ટ વ્યવસ્થા'' વિષયે સંગોષ્ઠીમાં સહભાગી થવાનો લાભ મળ્યો.

અહીંના જૈન વિશ્વભારતીના આ વિશાલ સંકુલનું સંચાલન બન્ને સમણીજીઓ સુચારુ રીતે કરી રહેલ છે. આ સંકુલમાં મેડિટેશન

માટે પિરામિડ હૉલ, જૈન મંદિર, ગ્રંથાલય, જૈન પાઠશાળા, અતિથિનિવાસ, સંતનિવાસ, ભોજનાલય વગેરે વિવિધ વિભાગો આવેલા છે. અહીં યોજાતાં પરિસંવાદ, ધ્યાન, પ્રવચનો, ગીત-સંગીતના નાટક વગેરે. જૈનધર્મ અને ભારતીય સંસ્કૃતિને લગતા કાર્યક્રમોમાં જૈનોના તમામ ફિરકાનાં શ્રાવક-શ્રાવિકાઓ તથા અન્ય ભારતીય અને વિદેશી જૈનેતરો પણ ઉલ્લાસભેર લાભ લે છે.

તેરાપંથની સમણ-સમણી શ્રેણીની પરંપરા રસપ્રદ છે.

સ્વપ્નદૃષ્ટા આચાર્ય તુલસીએ, ભગવાન મહાવીરે પ્રરૂપેલ ધર્મના પ્રચાર માટે દેશ અને વિદેશમાં ધર્મપ્રવર્તક તરીકે કાર્ય કરી શકે તે માટે સાધુ અને શ્રાવક વચ્ચે જોડતી કડીરૂપ સમણશ્રેણીની કલ્પના કરી.

વિ. સં. ૨૦૩૭ કારતક સુદ બીજ, તા. ૯-૧૧-૧૯૮૦ના આચાર્ય તુલસીના જન્મદિને છ મુમુક્ષુ બહેનોને દીક્ષા દઈ સમણશ્રેણીની વિધિવત્ શરૂઆત કરી.

શ્રાવકશ્રેષ્ઠી છોગમલજી ચોપડાના પ્રચંડ પુરુષાર્થ અને આચાર્યશ્રીના આશીર્વાદથી સ્થપાયેલ ''પારમાર્થિક શિક્ષણ સંસ્થા લાડનુ''માં સમણશ્રેણીમાં દીક્ષા લેનારને સંયમજીવનની તાલીમ આપવામાં આવે છે. જૈનદર્શન, અન્ય દર્શનો હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત અને આધુનિક શિક્ષણનો પાંચ વર્ષ સુધી અભ્યાસ કરાવવામાં આવે છે.

દીક્ષા બે પ્રકારની હોય છે. એક મહાવ્રત દીક્ષા જેમાં સાધુ-સાધ્વીજી સંપૂર્ણ પંચમહાવ્રતનું પાલન કરે છે.

વીરમણ દીક્ષા-સમણી દીક્ષા એટલે વ્રતદીક્ષામાં સમણ-સમણીજીઓએ નિયમ પ્રમાણે વ્રતો પાળવાનાં હોય છે.

અહિંસા - આંશિક છૂટ

સત્ય - પૂર્મ પાલન

અચૌર્ય - પૂર્ણ પાલન

બ્રહ્મચર્ય - પૂર્ણ પાલન

પરિગ્રહ - આંશિક છૂટ

સમણ-સમણીજીએ વર્ષમાં બે વાર કેશલુંચન કરવાનું હોય છે. રાત્રિભોજન ત્યાગ અને શ્વેત વસ્ત્ર પરિધાન કરવાના હોય છે.

આહાર : સમણીજી નિમિત્તે બનાવેલો આહાર ખપે.

વિહાર : જરૂરિયાત મુજબ વાહનનો ઉપયોગ કરી શકાય.

નિહાર : ટોઈલેટ, બાથરૂમ, રેસ્ટરૂમ કે શૌચાલયનો ઉપયોગ કરી શકાય.

સંદેશવ્યવહારનાં સાધનો ટેલિફોન - ઇન્ટરનેટ કૉમ્પ્યુટર અને માઈકનો ઉપયોગ કરી શકાય.

૧૯૮૦થી અત્યાર સુધીમાં ૧૮૪ દીક્ષા થઈ, જેમાંથી ૮૦ સાધ્વી થઈ એટલે એમણે સમણી થયાં પછી પંચમહાવ્રતની પાકી પૂર્ણ દીક્ષા લીધી. ૧૦૨ સમણીઓ અને બે સમણની જવાબદારી "તુલસી અધ્યાત્મ નિગમ" સુંદર રીતે સંભાળી રહેલ છે.

– સમણના સૂચિતાર્યો –

સમણ :
સમતાની સાધના

શ્રમણ : શ્રમની સાધના

ષમણ : શાંતિની સાધના

એવા અર્થ ગાંભીર્યને વરેલા આ સાધકો એક જ ગુરુના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ ગુરુઆજ્ઞાથી સંપૂર્ણ સમર્પણભાવ સાથે ધર્મપ્રચાર અને વ્યવસ્થાનું કાર્ય સફળ રીતે પાર પાડી રહ્યા છે.

સાધુ-સાધ્વીજી મહાવ્રત, શ્રાવક-શ્રાવિકા અણુવ્રત અને સમણ-સમણીજી સુવ્રતનું પાલન કરે છે.

મધ્યકાલીન જૈન સાહિત્યમાં "વિદ્યાપુત્રો"ના ઉલ્લેખ છે જે શાસન પ્રભાવનાનું કાર્ય કરતાં હતાં.

તાજેતરમાં સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી જયમલ જૈન શ્રાવક સંઘ દ્વારા સમણ-સમણી શ્રેણી શરૂ કરવામાં આવી છે. આજથી લગભગ ૨૦૦થી વધુ વર્ષ પહેલાં એકાવતારી મોટી સાધુવંદનાના

સર્જક આચાર્ય શ્રી જયમલજી મહારાજે ભિક્ષુ-ભિક્ષુણી દીક્ષાના રૂપમાં આવી પરંપરા શરૂ કરવાની પ્રેરણા કરી હતી.

આચાર્યસમ્રાટ જયજન્મત્રિશતાબ્દી વર્ષના ઉપલક્ષમાં જયગચ્છીય શ્રી આચાર્ય પૂ. શુભચંદ્રજી મ.સા. તથા ઉપાધ્યાય પૂ. પાર્શ્વચંદ્રજી મ.સા.ની સ્વીકૃતિ સાથે પૂ. ડૉ. પદ્મચંદ્રજી મ.સાહેબે અખિલ ભારતીય શ્વેતામ્બર સ્થાનકવાસી જયમલ જૈન શ્રાવકસંઘ દ્વારા શ્રીમતી વસંતાજી મહેતા અને સુશ્રી દીપ્તિજી મહેતાને સમણી દીક્ષા પ્રદાન કરી આ પવિત્ર પરંપરાને પ્રવાહિત કરી જે શ્રાવક-શ્રાવિકા વૃંદને સાધુસમાજ સાથે જોડતી મજબૂત કડીરૂપ બની રહેશે.

જયમલ સંઘ દ્વારા અપાતા આ સમણી દીક્ષાના સ્વરૂપની રૂપરેખાઃ-

- આ દીક્ષા સાધનાના પ્રશિક્ષણરૂપ છે.
- આગળ વધતા પરિપક્વ બની પૂર્ણરૂપે સાધુ દીક્ષા દ્વારા સંયમ અંગીકાર કરી શકશે.
- આ શ્રેણીના આચરણ દ્વારા અહિંસા ધર્મનો પ્રચાર, જિનશાસનની પ્રભાવના અને વૈયાવચ્ચ દ્વારા તીર્થંકર ગોત્રનું ઉપાર્જન કરી શકાય.
- પંચ મહાવ્રતમાં પ્રવેશવાનું પ્રાથમિક સોપાન છે.
- અઢાર પાપસ્થાનોમાં પ્રથમ પ્રાણાતિપાત નામનાં પાપસ્થાનોનો આંશિક રૂપમાં ત્યાગ અને બાકીના પૂર્ણરૂપ ત્યાગની પ્રતિજ્ઞા.
- અહીં પંચમહાવ્રતના પાલનમાં અહિંસાવ્રતમાં જિનશાસનની પ્રભાવના અર્થે માઈક-વાહન, પ્રચાર-પ્રસારનાં સાધનોના ઉપયોગના આગાર અને પાંચમાં પરિગ્રહ વ્રતમાં પણ સંયમ, રક્ષા અને જિનવાણી પ્રચારના હેતુ માટે ઉપયોગની આવશ્યક વસ્તુનો આગાર પછી બધાં વ્રતોનું પૂર્ણ પાલન કરવાનું રહેશે અને રાત્રિભોજનનો ત્યાગ રહેશે.

વળી ઈન્દ્રિય નિગ્રહ દ્વારા મન-વચન અને કાયાના ત્રિયોગોનું

ગોપન કરી સંયમમાં રમણ કરવા વારંવાર કાયોત્સર્ગમાં લીન રહેશે.

શ્વેત વસ્ત્ર ધારણ કરશે, મુંહપત્તી, યાત્રા અને રજોહરણ રાખશે. યાત્રા રાખવા માટે સફેદ કપડાના ઝોળો કે થેલી રાખશે. વાહન વાપરતી વખતે રજોહરણ અને મુંહપતી (મુખવસ્ત્રિકા)નું પ્રદર્શન ન થાય તેનું ધ્યાન રાખશે.

જયમલ સંઘની દરેક શ્રમણીના નામ સાથે ''નિધિ'' શબ્દ જોડવાનો રહેશે.

જયમલ શ્રી સંઘનાં પ્રત્યેક સમણ-સમણીને ''મત્થેએણં વંદામિ'' શબ્દ સહિત વંદનના અધિકારી ગણવામાં આવ્યા છે.

આત્માનુંશાસન અને વ્યવસ્થા અંતર્ગત પૂ. ડૉ. પદ્મચંદ્રજી મ.સા.ની સંપૂર્ણ આજ્ઞામાં રહેશે.

ધર્મપ્રચાર માટે ઓછામાં ઓછાં બે સમણ કે બે સમણીને સાથે મોકલવાના રહેશે.

ઓછામાં ઓછું છ મહિના સાધુ-સાધ્વી સાથે સમણ-સમણીએ આરાધના કર્યાં પછી ''જય પાર્શ્વ પદ્મોદય મુમુક્ષુ ઇન્ટરનેશનલ'' સંસ્થાની પાસેથી દીક્ષા માટે લિખિત સ્વીકૃતિ અરજી કરી મેળવવાની રહેશે.

આચારસંહિતામાં કોઈ પણ પ્રકારનો દોષ લાગશે તો શુદ્ધિકરણ માટે બે વાર પ્રાયશ્ચિત્ત આપવામાં આવશે. ત્રીજી વારના દોષ વખતે પુનઃ વેષપરિવર્તન કરાવી સંસારી કુટુંબીજનોને સોંપી દેવામાં આવશે.

આચારસંહિતાથી વિપરીત કે જૈનધર્મની હિલના થાય તેવું કૃત્ય કરનાર સામે ''જપ પાર્શ્વ પદ્મોદય ઇન્ટરનેશનલ'' સંસ્થા કડક કાર્યવાહી કરશે. સમણ-સમણીને નિશ્ચિત સ્થળે મોકલવાની વ્યવસ્થા સંસ્થા કરશે.

પ્રચાર-પ્રસાર વખતે વાહન વાપરવાની અને ટિફિન ગોચરીની છૂટ સ્વીકારાઈ છે.

મુમુક્ષુ ઇન્ટરનેશનલ સંસ્થા દ્વારા આગમના શિક્ષણની વ્યવસ્થા

છે. વ્યાવહારિક શિક્ષણ માટે સ્નાતક (ગ્રૅજ્યુએટ), અનુસ્નાતક (પોસ્ટ ગ્રૅજ્યુએટ **ફ્ર.ઘ્ઢણ્ટ** અને **ઘ્ઢ.ઊં.**ના શિક્ષણની વ્યવસ્થા જયમલલાલ, જ્ઞાન મરલેચા સ્વાધ્યાય ભવન, વેપેરી, ચેન્નઈ મધ્યે કરવામાં આવે છે.

અનુપ્રેક્ષા ધ્યાન પદ્ધતિ દ્વારા ધ્યાનસાધના પર ભાર આપવામાં આવે છે.

જયમલ સ્થા. જૈન સંઘની આ સમણીઓ જ્યાં જ્યાં સંતો ન પહોંચી શકતાં હોય તેવા ક્ષેત્રમાં શાસનની પ્રભાવના કરશે. પોતાના ઉત્કૃષ્ઠ આચાર દ્વારા આબાલવૃદ્ધોને પ્રભાવિત કરશે અને વીતરાગ ધર્મની પાવન ધારાને ઘરઘરમાં પ્રવાહિત કરશે.

તેરાપંથ જૈન સંપ્રદાય અને સ્થાનકવાસી શ્રી જયમલ જૈન સંઘની સમણશ્રેણી પરંપરા ચતુર્વિધ સંઘ, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને જોડતી મજબૂત કડીરૂપ સાંકળનું કાર્ય સુપેરે કરી રહી છે, ત્યારે જૈનોના અન્ય સંપ્રદાય અને ફિરકાઓએ આવી શ્રેણી શરૂ કરવાની અનિવાર્યતા અંગે ગંભીરતાથી વિચાર-વિમર્શ કરવાનો સમય પાકી ગયો છે.

વર્ષો પહેલાં અખિલ ભારતીય સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના મહાસંમલેનમાં આવા ધર્મપ્રચારકની શ્રેણી શરૂ કરવાનો ઠરાવ કરવામાં આવેલ અને તેનું પ્રાથમિક બંધારણ બનાવવા કવિવર્ય પૂ. નાનચંદ્રજી મહારાજને વિનંતી કરવામાં આવેલ. પૂ. મહારાજસાહેબે એમના મુસદ્દાની રૂપરેખા શ્રેષ્ઠીવર્યોને જણાવેલ, પરંતુ પછી કોઈ કામગીરી થઈ હોય તેવી માહિતી મળતી નથી.

આ કામ કૉન્ફરન્સ, મહાસંઘ, પરિષદ કે મંડળો જેવી મહાજન સંસ્થાનું છે. તેમણે સમર્થ સંતના નેતૃત્વ નીચે આવી શ્રેણી શરૂ કરવાની પહેલ કરવી જોઈએ.

આ શ્રેણી માટે સમણ શબ્દનો પ્રયોગ કદાચ ગૂંચવાડો કરનારું કે ભ્રમ ઉત્પન્ન કરનારું બને. પરમદાર્શનિક પૂ. જયંતમુનિ કહે છે કે સારા વ્રતધારીઓ માટે સુવ્રત શબ્દ શાસ્ત્રમાં વારંવાર આવ્યો છે.

જેથી આવાં સારાં વ્રતો પાળવાવાળા સમુદાયને "સુવ્રતી સમુદાય" કહી શકાય.

દેરાવાસીમાં અને સ્થાનકવાસીમાં પહેલાં જતિ વર્ગ હતો. દિગંબર સંપ્રદાયમાં આવા યતિજીઓને ભટ્ટારક કહેવાતા. દિગંબર સંપ્રદાયમાં આવી શ્રેણી છે જેને દીક્ષા માટે ક્રમશઃ બ્રહ્મચારી, ક્ષુલક અને એલક થયા પછી જ સાધુદીક્ષા અપાય છે. જેથી સ્થાનકવાસીમાં આવા ધર્મપ્રચારકોની સુવ્રતી શ્રેણી શરૂ કરવી જોઈએ.

સાંપ્રત જૈનશાસનમાં આવા તાલીમ પામેલા ધ્રમપ્રચારકો-પ્રવર્તકો કે સુવ્રતીઓ છેલ્લી વૈજ્ઞાનિક શોધોથી વાકેફ થઈ આધુનિક સાધનો અને ઉપકરણોના ઉપયોગ દ્વારા યુવાનો અને પાશ્ચાત સંસ્કૃતિ તરફ ઢળી ગયેલી વ્યક્તિઓને ધર્માભિમુખ કરી શકે.

વળી શાસનની કેટલીક બાબત સાધુજી અને સાધ્વીજીઓ સંચાલન કરે છે અને જે શ્રમણ સમાચારીમાં વિક્ષેપરૂપ બને છે તેવા સંજોગોમાં આવાં કાર્યો ધર્મપ્રચારકો કે સુવ્રતી સમુદાય કરે તો સાધુજીવનમાં આવતા દોષો ટળે છે અને સાધુ-સાધ્વી શુદ્ધ સમાચારીનું પાલન કરી શકે છે.

સંપ્રદાયોમાં વિવેકપૂર્વક નિયમો સહ ગીતાર્થ ગુરુજનોના માર્ગદર્શન હેઠળ આવા સુવ્રતી સમુદાયની શ્રેણી શરૂ કરવામાં આવે તો સ્વ પર કલ્યાણકારી બની શકે.

# चतुर्विध संघ : दृष्टि एवं आयोजन

■ डॉ. અભય દોશી

एम. ए. पीएच. डी. तथा
पीएच.डी.ना गाईड, मुंबइ गुजराती विभागना अध्यक्ष अनेक संमेलनो सेमिनार अने ज्ञानसत्रमां भाग ले छे

श्री वीर परमात्मा को वैशाख शुक्ल दशमी को केवलज्ञान प्राप्त हुआ ओर दूसरे दिन वैशाख शुक्ला एकादशी को पावापुरी में चतुर्विध संघ की स्थापना की, वो मगध की पावन भूमि पर चतुर्विध संघ को प्रणाम करता हुं। और चतुर्विध संघ को आगामी काल में किस दृष्टि से कार्यान्वित हो कर आगामी आयोजन करना होंगा उस दिशा मे मेमे कुछ चिंतनबिंदु प्रस्तुत करुंगा।

चतुर्विध संघ एक अतिशय महत्त्वपूर्ण एवं गौरवशाली संस्था है। करीब २५७० साल के अपने कार्यकाल के दौरान अनेक तुफान ओर चक्रवातो का सामना करता हुआ फीर भी आज भी देदीप्यमान आभामंडल के साथ भारतवर्ष ओर विश्व में एक महत्त्वपूर्ण धर्म-संस्था के रुप में जीवित है इतना ही नहि, ये संस्थाने जीवदया जैसे प्रश्नो में भारतवर्ष में अपना अनुठा नेतृत्व भी प्रदान कीया है ओर समुचे विश्व का ध्यान खेंचा है।

ये चतुर्विध संघ का जैन शास्त्रो ने अपार गौरव कीया है। उस को २५वे तीर्थंकर की उपमा भी प्रदान की गई है। जो संघ परमात्मा की आज्ञा अनुसार अपना दायित्व बजाता है। वो संघ वास्तविक संघ है ओर आज्ञाविहिन संघ को हड्डीओ के पींजर समान गीना है। ये संघ को गुणरत्नो की खाण गीना गया है एवं संघ के साधर्मिको के वात्सल्य की जैन मात्र का आवश्यक कर्तव्य गीना गया है।

कोई भी धर्म हो, उसे अपना कार्य को कार्यान्वित करने के लीए धर्म पालन करनेवाले लोगों मे एक व्यवस्थाप्रणाली स्थापित करनी पडती है। बीना

व्यवस्थाप्रणाली कोई बी धर्म अपनी धरोहर नहीं बना शकता। परमात्मा महावीर देव ने दी हुई चतुर्विध संघ की व्यवस्था अपने आप में अनुठी व्यवस्था है। ईस व्यवस्था के प्रताप से आज भी संघ अनेक भेद उपभेद के बावजुद जीवंतप्रणाली के रुप में जीवित है। ये चतुर्विध संघ के चार अंग है; साधु, साध्वी, श्रावक ओर श्राविका। साधु परमात्मआज्ञा के प्रत्यक्षरुपसे वारिस होने के कारण जैन संघ श्रमणप्रधान माना गया है। साधुओ के नेता आचार्य के मार्गदर्शन में संघ कार्यान्वित होता है।

ऐसे संघ की वर्तमान परिस्थिति का बारीकीसे विश्लेषण एवं समालोचन करते हुए कुछ गंभीर समस्याओ का हमारा संघ सामना करता है, वो भी हमारे नजर के सामने आता है। आज का संघ मुख्य चार फिरके एवं अनेक गच्छ, समुदाय, शाखाओ में विभक्त है। एसे विच्छिन्न संघ स्वयं अपने आंतरिक नेतृत्व की तलाश में है। ईसी लिए वह संघ जो परमात्मा महावीर की वैश्विक दृष्टि से विश्व नेतृत्व करने में सक्षम है, वो अपना कर्तव्य सही मायने में कर नही पा रहा है।

ईस दिशा मे नेतृत्व की दिशा में क्या कदम उठाने चाहिए एसा प्रश्न जरुर अपने दिलोदिमाग में गुजरेगा। परमात्मा महावीरदेव को माननेवाले सारे जैन एक हो जाए एसी जैन एकता की बात कहेना सरल है, मगर उस का वास्तव में उपलब्धि होना बडा कठिन कार्य है।

जैन धर्म के चारों फिरको के बीच में सैद्धांतिक मतभेद है। जब जब वो मतभेदो के नीराकरण के लीए प्रयास कीए, वो विफल हुए है। ईतना ही नहि, सभी की आंतरिक शाखाओ में भी बडे विवाद है।

आदर्श परिस्थिति तो ऐसी है कि, कुछ नहि तो चारो फिरको के अपने एक संघाचार्य हो ओर वो चारो संघाचार्य मील कर जैन संघ के सामूहिक प्रश्न जैसे अहिंसा, तीर्थरक्षा, जैन श्रावको के विवाहसंबंध, अन्य धर्मो के आक्रमण एवं साधुओ की जीवनव्यवस्था, विहारव्यवस्था आदि के बारे में सोच-समझ से भरा हुआ निर्णय लेवे।

संघाचार्य एक स्वप्न है और उसे वास्तविकता में लाया जाये तो संघ के बहोत सारे विवाद आसानी से सुलझाया शके एवं संघ विश्व के सामने अपना वास्तविक प्रतिनिधित्व कर सके। ये स्वप्न बडा मधुर है, मगर निकट के भविष्य में तेरापंथ को छोडकर अन्य तीनों फिरकोमे ऐसी प्रतिभासंपन्न एवं सर्वमान्य व्यक्ति की उपलब्धि हो, वो बडा कठिन लग रहा है। तो इस परिस्थिति में नेतृत्व का प्रश्न कैसे सुलझा शके?

चारों फिरको में बटे हुए जैन संघ कुछ कोमन मिनीमम प्रोग्राम अंतर्गत एक रुप हो कर सामूहिक नेतृत्व को अपना सकते है। व्यक्तिगत प्रभावशाली नेतृत्व के अभाव में हम सामूहिक नेतृत्व द्वारा भी काफी समस्याओ का समाधान पा सकते है। सभी फिरको का अपना एक केन्द्रीय बोर्ड या मंडल हो, जीस में फिरके की शाखाओ के प्रधान आचार्यो एवं अग्रगण्य श्रावक आदि का प्रतिनिधित्व हो। एसा प्रतिनिधि मंडल जैन जीवन की सार्वजनिक रुप से प्रभावित करते हुए महत्त्वपूर्ण विवादो के बारे में अपना संगठित प्रतिभाव दे ओर संगठित रुप में कार्य करे।

ये सामुदायिक नेतृत्व वर्ष में एक बार अपनी मीटींग कर सके तो बहोत अच्छा, मगर एसा न कर पाये तो पत्रव्यवहार आदि से भी अपना संपर्क बरकरार रखे।

अब अपने चतुर्विध जैन संघ को भविष्यकाल को दृष्टि समक्ष रखते हुए जो आयोजन करने चाहीए एसे १४ आयोजन के मुद्दे मैं प्रस्तुत कर रहा हूं। संघ के वरिष्ठ आचार्यो इस मुद्दे में बढोतरी, कम करना या विभिन्न रुप से परामर्श दे सकते है। मगर संघ देश ओर विश्व की वर्तमान परिस्थिति ओर आनेवाले भविष्य को देखते हुए कुछ तो संगठित हो कर हमें आयोजित करना ही होंगा। ईस दिशा में थोडा पुरुषार्थ तो अवश्य हो ही रहा है, मगर दृष्टिमंत संगठित पुरुषार्थ जैनसंघ को नई उंचाई पर ले जायेगा।

सब से पहेले पूर्वी भारत में ये संमेलन हो रहा है, तो पूर्वी भारत की परिस्थिति को ध्यान में रखते हुए प्रथम मुद्दे की प्रस्तुति करुंगा।

पर्वी भारत में अपनी अनेक पावन कल्यामक भूमि आई है, मगर काल के प्रभाव से आज यहा दरिद्रता का निवास हुआ है। ईस दरिद्रता का लाभ लेते हुए अनेक क्रिश्चीयन मीशनरी यहा सेवा कार्य मे रत है। उन के द्वारा कीया हुआ विनवासी प्रजाओ का धर्मान्तरण यहा की सांस्कृतिक एकता को खंडित कीये जा रहा है। ईस घटनाचक्र को ध्यान में रखते हुए पूर्वी भारत ईशान भारत में भारतीय संस्कृति की सुगंध से सजे हुए स्कूल, होस्पिटल, अन्नक्षेत्र, गौशाला, दूध और छास की परब, आयुर्वेदिक होस्पिटल आदि स्थापित करे। ये प्रयत्नो से ईस विस्तार में आर्यसंस्कृति की नांव मजबूत करेंगा एवं भारतीय राष्ट्रीयता पर आता हुआ संकट को दूर कर के ये तीर्थभूमि को भारत के मुख्य प्रदेशो से सांस्कृतिक रुप से जुडा हुआ रखेंगा। ये भूमि पर वनस्पति की विपुल मात्रा के उपलब्धि को ध्यान में रखते हुए आयुर्वेदिक संशोधन केन्द्रो की भी स्थापना हो सकती है। चतुर्विध जैन संघ भविष्य में अपनी प्राचीन सांस्कृतिक धरोहर को सुरक्षित रखना चाहता है। तो इस दिशा में अपना हाथ बढाना ही चाहिये। पद्मसूरि स्थापित धर्म-मंगल विद्यालय एवं मुनि श्री जयंतिलालजी स्थापित चक्षु चिकित्सालय ईस दिशा में महत्त्वपूर्ण कदम है और आनेवाले काल में हमे संगठित रुप में ईस दिशा में कार्य करना होंगा। साथ में ही १९वे मल्लिनाथ एवं २२वे नेमिनाथ की कल्याणक भूमि मिथिलानगरी का पुनरुत्थान है।

(२) कुछ एक सालों में अपनी आहार प्रणालि पर व्यापक रुप से आक्रमण आ रहे है। उसी समय मांसाहार विरोध के साथ ही indirect मांसाहार की ओर ले जानेवाले जिनेटिक फूड के बारे में एक केन्द्रस्थ समिति संशोधन कर के जैन प्रजा को एक राह दिखाये। कुछ जिनेटिक फुड पशुओं की जिन्स के मिलावट वाले बनाने का वैज्ञानिको का पुरुषार्थ जारी है। ईस समय चतुर्विध जैन संघ को सही मार्गदर्शन देने की आवश्यकता है।

(३) ईस देशमें अनेक प्रकार के यांत्रिक कत्लखानों की बरमार हो रही है। अहिंसा का पूजारा एसा जैन संघ ईस दिशा में संगठित विरोध का प्रयास करे एवं दुष्काल आदि समय पर संगठित हो कर पशुरक्षा का व्यापक

पुरुषार्थ करे। जिसे जैन संघ की शोभा बढेगी।

(४) तीर्थरक्षा एवं तीर्थसंबंधी विवाद जैन संघ की एकता को दुषित करता एक परिबल है तीर्थो की मालिकी। समेतशिखर, अंतारक्षजी, मक्षीजी आदि पवित्र तीर्थस्थलो पर विवाद के समाधान कुछ Practical Solution द्वारा लाया जा सकता है। Ex समेत शिखर तीर्थ मे पादुका तो दोनो पंथ के लीए समान ही है, तो कीसी का भंडार न रखते हुए सभी दर्शनार्थी दर्शन करे और श्वेतांबर दिगंबर के अपने अपने मंदिर में ही द्रव्य आदि जमा कराये। तीर्थो ओर मंदिरो की राज्यसत्ता द्वारा ट्रस्ट एक्ट ओर अन्य नये कायदाओ के सामने भी सामूहिक पुरुषार्थ सिद्धि देनेवाला बनेंगा।

राजस्थान के तेरापंथ बहुत विस्तारो में जीर्ण हुए जिनमंदिरो को सांस्कृतिक धरोहर समज कर उस की रक्षा, देखदिखाव एवं जीर्णोद्धार आदि कार्यो में स्थानकवासी, तेरापंथी आचार्यो भी अपने मत पर दृढ रहते हुए भी श्रावको को सहकार करने की आज्ञा प्रदान करे या वो भी न हो सके तो भी कम से कम अडचन दूर करे।

(५) प्राचीन तीर्थनिर्माण तीर्थो की रक्षा के साथ साथ नव्य तीर्थो के निर्माण भी जैन संघ व्यापक रुप से कर रहा है। मगर समय को ध्यान में रखते हुए अत्यावश्यक न हो तो नये तीर्थो के निर्माण पर रोक लगाये। जहा आवश्यक हो वहा भी प्राचीन प्रतिमा आदि की व्यवस्था हो सके तो पुराने मंदिरो की देख दिखाव के प्रश्न कम होंगे और जैन संघ दूसरे कार्यो के प्रति अपनी धनराशि जोड पायेगा।

(६) साधु-साध्वीओ का विहार भी वर्तमान विषम परिस्थिति में अपने आप मे एक समस्या बना हुआ है। बढती हुई वहानसंख्या विहारो को कठिन बनाता है। इस वर्ष ही हम हमारे जवाहिर सम आगम संशोधक मुनि जंबुविजयजी को मार्ग अकस्मात में गवा चूके। एसे समय में चतुर्विध संघ साधु-साध्वीओ की विहार दौरान सुरक्षा के योग्य उपाय कार्यान्वित करे।

(७) जैन धर्म विश्व का अमूल्य जवाहिर है। परमात्मा महावीरने

विश्वकल्याण हेतु ये जैनधर्म की प्ररुपणा की है। विश्व के समक्ष आज के अनेक सुलगते हुए प्रश्नो के समाधान हेतु जैनधर्म एक अनुपम शांति समान प्रतीत होता है। ईस समय वैश्विक भूमिका पर जैनधर्म के सिद्धांतो का यथार्थ प्रचार कर शके उस के लीए एक विशिष्ट प्रचारक वर्ग तैयार करना चाहिये। पूर्व काल में संप्रतिराजा ने भी अनार्य देशो में एसे विशिष्ट वर्ग द्वारा धर्मप्रचार कराया था ये घटना को ध्यान में रखते हुए एक नया वर्ग को तैयार करना अपना आवश्यक कर्तव्य बनता है। उस कार्य के लीए इंग्रेजी ओर विश्व की विभिन्न भाषाओमें जैनधर्म के उत्तम पुस्तको का अनुवादकार्य होना चाहीए। विश्वभर में फेले हुए NRI जैन कुटुंबो में भी ये प्रचारक वर्ग द्वारा धर्मश्रद्धा की दृढ नीव डाली जा सकती है।

(८) जैनधर्म की अपनी अमूल्य ज्ञानसंपत्ति आगम में सुरक्षित है। ये आगमो का संपादन, अनुवाद, टीका विवेचन आदि का अनुवाद एवं प्रकाशन का कार्य संकलितरुप से कीया जाये।

(९) जैन संघ के पास करीब २० लाख जैसी हस्तप्रत (पाण्डुलिपि) की अमूल्य संपत्ति है। उस संपत्ति की रक्षा, संशोधन, संपादन, प्रकाशन आदि का कार्य एक केन्द्रीय संस्था के छत्र में हो एवं संशोधको को सुलभ रुप से पाण्डुलिपि का फोटो कोपी आदि प्राप्त हो उस की व्यवस्था होनी चाहिए।

(१०) साधुसंघ जैन संघ का प्राण है। अगर साधु साध्वी ज्ञानवंत है तो वो ही संघ का समर्थ, सक्षम नेतृत्व कर सकते है। साधु-साध्वीओ के अध्ययन अध्यापन के लिए देशभर में अनेक अध्ययन केन्द्र की हो। वहा जैन धर्म के गहन अध्ययन के साथ ही वही पर अन्य दर्शनो के अभ्यास की व्यवस्था हो। साथ ही मे विद्वान पंडित आदि की भी व्यवस्था हो। शक्तिवंत महात्माओ को राष्ट्र के संविधान एवं कायदाओ की जटिल गुत्थी की भी जानकारी भी दी जाये। उसी के परिणामस्वरुप वो राष्ट्र में संविधान की धाराओ को ध्यानमें रखते हुए अहिंसा एवं संस्कृतिरक्षा के कार्यो की यथार्थ मार्गदर्शन दे सके। साथ ही में आधुनिक विज्ञान का भी अभ्यास

सामर्थ्यशाली महात्माओ को कराया जाये जीसे वे विश्व समक्ष विज्ञान एवं जैनदर्शन की तुलना कर के जैनदर्शन की वैज्ञानिकता का यथार्थ प्रतिपादन कर सके।

(११) साधु-साध्वीओ की विहार एवं अभ्यास के साथ आरोग्य की सुरक्षा भी चतुर्विध संघ का अपना कर्तव्य है। उस दिशामें काफी कदम उठाये गये है और भी कदम उचित रुप से उठाया जाये। समस्याओ के समय योग्य सारवार की व्यवस्था एवं रोग के दौरान आवश्यक भोजन आदि का प्रबंध हो। ये कार्य जहा स्थानिक संघ सक्षम हो तो वो ही कार्य करे अगर संघ सक्षम न हो तो केन्द्रस्थ वैयावच्च समिति द्वारा कार्य कीया जाये।

(१२) साधु साध्वी जैसे संघ के शीर्षस्थ है, तो श्रावक-श्राविका भी संघ के महत्त्वपूर्ण घटकतत्त्व है। ये घटक भी सुखी, समृद्ध होंगे तो ही जैनसंघ में वास्तविक उन्नति हो सकती है। जैनधर्म का परिपालन करनेवाले लोगो को आर्थिक समस्याओं के दौरान उन की उचित साधर्मिक भक्ति हो कि वो समस्या से बहार आये। जैनो का अपना Employment ब्युरो, जैनो की वेपारीओ की प्रतिनिधि बेठक, जैनो का परस्पर Business आदि में सहयोग, जैन बच्चो को शिक्षण में सहाय आदि अनेक कार्यो में विगत वर्षो में जीतो जीवो एवं रत्नसुदंरसूरि म.सा. प्रेरित विविध फाउण्डेशनो ने महत्त्वपूर्ण योगदान दिया है। ईश दिशा में भी केन्द्रीय नेतृत्व द्वारा समुचित प्रयासोसे जैनधर्मीओ का जीवनस्तर उंचा एवं अच्छा बनाया जा सकता है। साथ ही में संगठित करने पर धर्मपालन एवं धर्मसुरक्षा के लीए भी जागृत कीया जा सकता है। जैनधर्मीयों के आवास, औषध, शिक्षा, रोजगार एवं आदर्श धर्ममय जीवन निर्माण ये पांच मुद्दो पर सुंदर आयोजन करने से भविष्यमें जैनसंघ अदभुत उंचाई प्राप्त करेंगा।

Global Warming ओर Climate Change के प्रति जैनधर्म का अपना विशिष्ट दृष्टिबिंदु है। पर्यावरण की रक्षा नये युग की ज्वलंत समस्या है। उस समस्या के समाधान के लीए जैनधर्म के दृष्टिबिंदु का

विश्वसमक्ष यथार्थ भूमिकामें प्रचार-प्रसार हों। आज का अनेक समस्याओ से त्रस्त मनुष्यो को जैन-जीवनशैली का परिचय कराया जाये ओर विश्व के सामने संदेश पहुंचाये कि आनेवाला समय में परमात्मा महावीर का जीवरक्षा का संदेश ही पर्यावरण की रक्षा कर सकता है।

(१४) डीझास्टर मेनेजमेन्ट

बढती हुई प्राकृतिक विपत्ति पलटता वैश्विक नजारा है। एसी प्राकृतिक विपत्ति के समय 'महाजन' पदधारी जैनसंघ के प्रति स्वाभाविक ही दृष्टि जाती है। जैन संघ ने सामुदायिक एवं व्यक्तिगत रुप से एसी विपत्तिओ के समय बंधुजनो के साथ खडे रह कर यथायोग्य सहयोग दिया है। अब समय है कि, एसे डिझास्टर के समय में जैन संघ संयुक्त रुप से खडा रहे ओर Jain Identy को राष्ट्रीय स्तर पर उचित रीति से मान सन्मान प्रदान कराये।

ये कुल १४ उपरांत भी अन्य बिंदु हो सकते है कि जहा चतुर्विध जैन संघ का समुचित पुरुषार्थ देश ओर विश्व को नई दिशा एवं नई दिशा प्रदान कर सके। मेरा ये विषय का वास्तविक अनुभव कम है, मगर जैन संघ के प्रति श्रद्धा, समर्पण होने के नाते मुझे चतुर्विध संघ एकत्रित हो कर कीस तरह का भावि पेढी के लीए आयोजन कर सके उस दिशामें कुछ विचारबिंदु उपस्थित हुए है, ईस की प्रस्तुति की है।

ये प्रस्तुति में श्री जीनेश्वरप्रभु की आज्ञाविरुद्ध कुछ भी लीखा हो तो क्षमा चाहता हुं।

# ચતુર્વિધ સંઘ આયોજન અને દૃષ્ટિ

એમ.એ. જૈન સાહિત્યના અભ્યાસી ■ પારૂલબેન ગાંધી
પત્રકાર એવોર્ડ વિજેતા, 'અસ્તુ' 'નવીન કોકલ' વિજેતા,
આંતરરાષ્ટ્રીય નિબંધ સ્પર્ધામાં પ્રથમ, જ્ઞાનસત્રમાં ભાગ લે છે.

આ ચર્તુવિધ સંઘે દીર્ઘદૃષ્ટિ દ્વારા, આયોજનબદ્ધ રીતે, શાસનનું સુકાન સંભાળવાનું છે. દૃષ્ટિ કેળવવાની છે કે જેથી ભગવાને સ્થાપેલ આ શાસનને ક્યારેય આંચ ન આવે. ચર્તુવિધ સંઘના દરેક સભ્ય એવું વિચારતા હોય છે કે મારા મોત પછી પણ મારો સંપ્રદાય, મારો ગચ્છ, મારો ધંધો, મારી પેઢી વ્યવસ્થિત રીતે ચાલતા રહે તે માટે તેઓ વ્યવસ્થિત પ્રયત્નો કરે છે,તેનું ચોક્કસ રીતે આયોજન કરે છે. ટૂંકમાં એની તો બધા ચિંતા કરે છે. પણ આપણા જીવતાં જ આ અનંત ઉપકારી, કરુણાસાગર, કલ્યાણકર શ્રી જિનશાસનનો પેઢીના આ હાલ થઈ રહ્યા છે એ વિષે વિચારવાની પણ આપણી તૈયારી નથી તો પછી અમલ કરવાની તો વાત જ ક્યાં આવી? આજે આપણે એ વિષે કેટલીક બાબતોની ચર્ચા વિચારણા કરવાની છે જેના થકી જૈનશાસન સુગ્રવિત બની ચારે દિશામાં જૈન ધર્મનો જયજયકાર કરી શકે.

**૧) ચારેય ફિરકામાં ઐક્ય અને બધાનો સમન્વય થાય તે ખૂબ જરૂરીઃ-**

આ સમયનો સૌથી મોટો યક્ષપ્રશ્ન એ છે કે જૈનોના બધા ફિરકાઓ વચ્ચે એકતા સધાય. સંપ્રદોયની દિવાલ ધરાશાયી બનીને સમન્વયનો સેતુ સધાય એ હાલના તબક્કે ખૂબ જરૂરી જ નહિ અનિવાર્ય બન્યું છે. બધા જૈનો નિકટ આવે, એકસૂત્રે બંધાય, એકબીજાનું સન્માન જાળવે તે માટે બધા સંપ્રદાયોની એક સામાન્ય

સભાનું ગઠન કરવું જોઈએ. અત્યારે ભારતમાં અખિલ ભારતીય જૈન મહામંડળ જે ઉદ્દેશથી સ્થપાયું છે તે ઉદ્દેશોને જન જન સુધી પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ કરી એકતાનો ઉદઘોષ કરવામાં આવે તો વર્તમાન હિંસાના મહાભારતમાં અહિંસાનો વિજય થઈ શકે. ધર્મમાં સંકુચિતતાને બાજુએ રાખી વ્યાપક દૃષ્ટિ કેળવવી ખૂબ જ જરૂરી. ફિરકા પસ્તીથી ઉપર ઊઠી અંખડ જૈન શાસન બનાવવા, જૈનધર્મના ધ્વજને ફરકાવવા બધાએ ભેગા મળી-પૂરા ઉત્સાહથી આ કાર્યને વેગ આવો. ખૂબ જ જરૂરી છે. સૌ પોતપોતાની રીતે સાધના કરે, પૂજા-પાઠ કરે, ક્રિયા કરે પરંતુ એકબીજાને ઠેસ પહોંચાડયા વિના વિશ્વસ્થલ પર જૈનત્વનો ઝંડો લહેરાય, સાધના-ઉપાસના થાય તે અત્યંત જરૂરી બન્યું છે.

મહાવીરસ્વામીએ જ્ઞાતિના ભેદભાવ રાખ્યા નથી, સંપ્રદાયના વાડાઓને પ્રોત્સાહન આપ્યું નથી. તેના શાસનમાં તો હરિજન અને ચાંડાલ, ક્ષત્રિય અને વૈશ્ય, બ્રાહ્મણ અને ક્ષુદ્ર દરેકના એકસરખા સ્થાન હતાં. જ્યારે આજે સંપ્રદાયો તો છે જ પણ તેના પણ પેટવિભાગો ફૂલ્યાફાલ્યા છે. સ્થાનકવાસી કે દેરાવાસી એવા ભેદ તો ઠીક પરંતુ સ્થાનકવાસીમાં પણ જુદા જુદા ગુરુઓના પરિવારો એકબીજાથી અસ્પૃશ્ય રહીને, વાદવિવાદો ઊભા કરી,અંદરોઅંદર ઝઘડે છે. તેવું જ પાછું દેરાવાસી, દિગંબર, તેરાપંથી વગેરેમાં જોવા મળે છે. કોઈપણ સંપ્રદાય એક તાંતણે ગુંથાયો નથી દરેકમાં વાડા જોવા મળે જ છે ક્યાં લઈ જશે આ વૈમનસ્યના ભાવો? ક્યાં લઈ જશે આ હુંસાતુંસી અને કદાગ્રહની પરંપરા? જૈનો હવે જાગો! ચર્તુવિધ સંઘ હવે દૃષ્ટિને સવળી કરો!

**૨) શિથિલાચાર તથા સુધારાવાદી દૃષ્ટિકોણના મહત્ત્વના મુદ્દાઓ પર ધ્યાન આપવું:-**

ચર્તુવિધ સંઘના દરેક સભ્યો છદ્મસ્થ છે. કેવળજ્ઞાનીઓ ન હોવાને કારણે માત્ર આગમો પર આધાર રાખીને ચર્તુવિધ સંઘના

આચાર-વિચાર, રીત-રિવાજો નક્કી તતો હોય છે, અથવા તો પરંપરાગત રીતે દરેકબાબતો કરવામાં આવતી હોય છે. આવા સમયમાં ચર્તુવિધ સંઘમાંથી કોઈની ભૂલ થાય તો વ્યક્તિને વખોડવાને બદલે તેનામાં રહેલા દોષોના મૂળને હાંકી કાઢી જૈન ધર્મના ગૌરવને જાળવવું જોઈએ.

આજે-શ્રાવક-શ્રાવિકાઓ પણ સિદ્ધાંતોને જાણ્યા વગર, ગમે ત્યારે, ગમે ત્યાં પોતાના અભિપ્રાયો રજૂ કરતાં હોય છે. જો તેઓ પોતે સાધુ-સાધ્વી ૨૪ કલાક સાધુપણાના ભાવમાં જ રહે તેવી અપેક્ષા રાખતા હોય તો પોતે ૨૪ કલાક શ્રાવકપણાના ભાવમાં જ રહેવું એવું પાલન ન કરી શકે? આપણા આચાર-વર્તન-વ્યવહારને સુધારવા નથી ને બીજાનો દોષ કાઢવો છે! આ વાત ખરેખર યોગ્ય છે ખરી!

આજે આપણે ખાન-પાન એવા બનાવી દીધા છે કે સાધુ-સાધ્વીને યોગ્ય સમયે સાત્ત્વિક, નિર્દોષ અને પથ્ય આહાર મળતો નથી. સાંજની ગોચરીમાં તો મોટેભાગે સૂકા નાસ્તાથી ચલાવવું પડે છે. ઊંચા ઊંચા બહુમાળી મકાનોમાં રહેવા જવાની દોડ વધી છે અને સાધુ-સાધ્વી લિફ્ટ વાપરે તો તેને દોષ દઈએ છીએ. ઉદ્ભટ પહેરવેશ પહેરીને તેમને આકર્ષીએ છીએ અને દોષ તેમનો જોઈએ છીએ. ધર્મારાધના ગામડામાં સારી રીતે થઈ શકે એ બધાં જ જાણે છે પણ જ્યારે જૈનો જ ગામડા છોડી શહેરોમાં વસવાટ કરી લે અને સાધુ-સાધ્વી તેમને પ્રતિબોધવા શહેરોમાં આવે ત્યારે આપણે એમ કહીએ કે ગામડાં ગમતા નથી.

આજે ધર્મસ્થાનકો, જિનાલયો વગેરે નવા નવા બંધાવનારા શ્રાવકો ઘણા હાજર છે પણ ધર્મનો જિર્ણોદ્ધાર કરી લોકાશાની જેમ જૈનશાસનને, ગૌરવને જીવંત રાખનાર શ્રાવકો ક્યાં છે? વર્તમાને ધન્નાશા, ભામાશા, પેથડશા, જગડુશા વગેરે બિરુદધારી શ્રાવકો તો ઘણા છે પરંતુ પ્રશ્ન એ છે કે તેઓ જિનશાસનની

સેવા કઈ રીતે કરી રહ્યા છે? અરે! તિથિઓમાં મતભેદ પાડી જુદી જુદી તિથિઓ કરાવનાર સંતો તો મળે છે, પરંતુ આ બધા મતભેદો મિટાવીને જૈનત્ત્વની ગરિમા વધારનાર, અખંડ જૈનશાસનની સ્થાપના કરનાર સંતો ક્યાં છે? જાગો ચર્તુવિધ સંઘ જાગો! જૈનશાસનની એકતાને અખંડિત રાખવા બધા કદમથી કદમ મિલાવી કામ કરો.

સંઘનેતાઓ, ટ્રસ્ટીઓ, આગેવાનો દરેકે એ ક્યારોય ન ભૂલું જોઈએ કે તેઓ જૈન શાસનના જે સ્થાને બેઠેલા છે તે જવાબદારી નિભાવવા શાસ્ત્રાનુસાર વર્તવું જોઈએ. આજે પણ મનસ્વી રીતે વહીવટ કરનારા અમીચંદો જૈનશાસનમાં છે પણ દુઃખની વાત એ છે કે તેને પડકારનાર કોઈ નથી. સળગતા કાકડા નાખનારાઓ ચારે બાજુ ફરી રહ્યા છે, વિખવાદો ઊભા કરી રહ્યા છે પણ કરુણતા એ છે કે આવા અસુરોને કોઈ પડકારી શકતું નથી!

સ્યાદવાદની વિશિષ્ટ હેતથી આ જગતની સઘળી સમસ્યાઓનો સરળ રીતે ઉકેલ લાવી શકવાની તાકાત ધરાવતા ચર્તુવિધ સંઘની વર્તમાન સ્થિતિને ભવિષ્યની પછી શી રીતે માફ કરી શકશે? જૈનશાસનના કિતને શ્રેષ્ઠ ગણી અંગત સ્વાર્થ, કીર્તિની લાલસા અને સત્તાની સાઠમારી તજીને પ્રમાણિકપણે સક્રિય પ્રયત્નો કરવાનો સમય પાકી ગયો છે. જાગો! ચર્તુવિધ સંઘ જાગો! સ્વાર્થને તજી શાસનને અખંડિત રાખવા માટે એકઝુટ થાઓ.

**૩) ભગવાન મહાવીરના મુખ્ય સિદ્ધાંતોને આચારમાં ઊતારી શ્રેષ્ઠતા સાબિત કરોઃ-**

ભગવાન મહાવીરના મુખ્ય સિદ્ધાંતોએ જૈન ધર્મને શ્રેષ્ઠ બનાવ્યો છે, મૂઠ્ઠી ઊંચેરો સાબિત કર્યો છે. ત્યારે માત્ર વિચારોમાં જ નહિ વ્યવહારમાં અને આચારમાં અહિંસાને ઊતારી ગાંધીજીએ તેનું વિધેયાત્મક સ્વરૂપ અને શ્રેષ્ઠતા પુરવાર કરી તેવું જ અન્ય

સિદ્ધાંતોમાં કરી તેને વ્યવહારમાં મૂકી આગળ વધવાની જરૂર છે.

આજે જ દરેકે સંકલ્પ કરી અંગત સ્વાર્થ, હિત કે લાલસા તર્જીને, દંભ-આડંબર છોડીને માત્ર સિદ્ધાંતોને તેમા મૂળ સ્વરૂપમાં જીવંત કરી જગતમાં જૈન શાસનનો જયજયકાર ફેલાવવાનો છે. જાગો! હવે તો જાગો!

**૪) જૈન સાહિત્યનું સંશોધન, તેમ જ યોગ્ય રીતે પ્રચાર-પ્રસાર કરવો તે અત્યંત જરૂરીઃ**

પ્રાચીન અને મધ્યકાલીન સમયના ભારતીય સાહિત્ય પર નજર કરતાં જોવા મળે છે કે જો જૈન સાહિત્યની તેમાંથી બાદબાકી કરવામાં આવે તો પાછળ કશું વધે નહિ અર્થાત્ જૈન સાહિત્ય એટલું બધું સમૃદ્ધ અને વિશાળ છે કે જો તેનો યોગ્ય રીતે પ્રચાર-પ્રસાર-સંશોધન વગેરે કરવામાં આવે તો એ સાહિત્યક્ષેત્રે શિરમોર બની પોતાની શ્રેષ્ઠતા સ્થાપી શકે છે. અરે! સમગ્ર વિશ્વને પોતાના અમૂલ્ય સાહિત્ય દ્વારા સાચો માર્ગ દર્શાવી, હિંસા અને લૂંટમારની નાગચૂડમાંથી મુક્ત બનાવી એક કલ્યાણકારી, સમૃદ્ધ અને શાંતિમય જગતની રચના કરી શકે તેમ છે.

**૫) સાધર્મિકોના વિકાસ માટે યોગ્ય દિશામાં યોગ્ય કાર્ય થાય તે જરૂરીઃ-**

જૈન સમાજમાં ગરીબી પ્રવેશી રહી છે ત્યારે સાધર્મિકોને ઊંચા લાવવા સમાજના શ્રીમંત અને કાર્યદક્ષવર્ગે આગળ આવવાની જરૂર છે. આપણા જ ભાઈ-બહેનો ઉચ્ચ કક્ષાનું શિક્ષણ, ઉચ્ચ પ્રકારની આરોગ્યને લગતી સવલતો તથા જીવનજરૂરિયાતની બધી સગવડો મેળવી શકે એ દિશામાં પ્રયત્નો કરવા એ આજના યુગમાં ચર્તુવિધ સંઘના દરેક સભ્યનું કર્તવ્ય બની રહે છે. ચર્તુવિધ સંઘના દરેક સભ્યનું એ ધ્યેય હોવું જોઈએ કે મારી બધી જ શક્તિ, બુદ્ધિ અને ધનનો ઉપયોગ મારા શાસનની સેવા માટે તથા સાધર્મિકોના જ ઉત્કર્ષ માટે થાય, મહાવીરનું નામ લેવાવાળો એકપણ જૈન

ક્યારેય દુઃખી ન હોવો જોઈએ.

**૬) રાજકારણ પ્રત્યેની સૂગ કાઢી સક્ષમ નેતાગીરી ઊભી કરવીઃ-**

"રાજકારણ ગંદુ છે" એમ કહીને રાજકારણ તથા રાજકારણીઓથી સાવ અલિપ્ત રહીને આપણે કેટલું ગુમાવ્યું છે અને હજુ કેટલું ગુમાવી રહ્યા છીએ તેની નુકશાનીનો આપણને કોઈ અંદાજ નથી. અકબર જેવા ક્રૂર, ઘાતકી અને નિર્દયી રાજાને પણ જગદ્‌ગુરુ હીરસૂરિશ્વરજી મ. દયાળુ બનાવી દીધો. એવી વાતો કરવા અને સાંભળવા છતાં આપણે રાજકારણીઓ સાથે વાત કરવા પણ તૈયાર નથી. હવે એ સૂગ કાઢી એક એવી સક્ષમ નેતાગીરી ઊભી કરવી જે મહાવીરના સિદ્ધાંતોને અનુરુપ હોય, મુત્સદ્દી હોય, જિનાજ્ઞા પ્રમાણે સમાજનું જતન કરી, દેશનો વિકાસ કરી, જૈનશાસનનો જગત આખામાં જયજયકાર કરાવનારી હોય. જેનું જીવન એ પ્રભુ મહાવીરના સિદ્ધાંતોનો એક જીવતો જાગતો આલેખ હોય. તે લાખો લોકનો આદર્શ બની શકે. આના ઉપાયરૂપે યુવાપેઢીને એવી રીતે તૈયાર કરવી જરૂરી છે.

**૭) બધા સંપ્રદાયોના સમગ્ર ભારતના સંતોનું એકાદ વરસે મિલન થાય તે જરૂરી**

આજના સમયની ખૂબ જ અગત્યની બાબત હોય તો તે છે સંપ-સહકાર અને એકતા. જૈન સમાજના બધા જ દિરકાઓ એક થઈને પોતાની સમસ્યાઓ સરકાર પાસે રજૂ કરે, પોતાની જરૂરિયાતો માંગોને પૂર્ણ કરાવે, પોતાના અવાજને, સામર્થ્યને એવી રીતે રજૂ કરે કે સરકારને પણ જૈનોનું મહત્ત્વ સ્વીકારવું પડે.

આ ત્યારે જ શક્ય બને જ્યારે સંતોનું મિલન થાય, તેઓ પરસ્પર વાર્તાલાપ કરે, વિવાદિત મુદ્દાઓ પર યોગ્ય ચર્ચા કરી તેનો યોગ્ય ઉકેલ લાવે. સંસ્કૃતિની અને જૈનાચારોની ક્રૂર હાંસી અને મશ્કરી ઉડાવનારી યોજનાઓનો વિરોધ જોરશોરથી થાય છે,

ઊહાપોહ મચે છે પરંતુ તેના ઉકેલરૂપે કોઈ વિકલ્પ સૂચવાતો ન હોવાથી વિરોધ વાંઝિયો રહી જાય છે. પળે પળે પલટાતી પરિસ્થિતિ છતાં શાસ્ત્ર સાપડેલ કોઈ નવી વિચારણા કરવા પણ આપણે તૈયાર નથી. જો બધા સંતો ભેગા મળશે તો અરસપરસ ચર્ચાથી, સૂઝ-બૂઝથી, પ્રેમ અકબંધ રાખી સમસ્યાઓના સમાધાનરૂપ વિકલ્પો રજૂ કરી શકશે અને તે આપણા માટે ઘણી મોટી ઉપલબ્ધિ હશે. આવનારા સમયમાં કેવા કેવા પ્રશ્નો આવશે, કેવી સમસ્યાઓ ઊભી થશે વગેરેનો દૂરંદેશીથી વિચાર કરી તેનો ઉકેલ કેવી રીતે લાવવો વગેરે માટે પણ બધાં ભેગા થાય તે જરૂરી જ નહિ અનિવાર્ય બન્યું છે.

ચર્તુવિધ સંઘના દરેક સભ્ય ચાહે સંત હોય કે સતીજી, શ્રાવક હોય કે શ્રાવિકા એક જ વિચારણાને નજર સમક્ષ લાવી કાર્ય કરે કે મારા શિરે મારા એકની જવાબદારી નથી પણ અનેક આત્માઓના ભાવપ્રાણોની રક્ષા કરવાની જવાબદારી પણ છે ત્યારે મારી એકપણ પ્રવૃત્તિ એવી ન હોવી જોઈએ જેનાથી આત્માનું, શાસનનું કે સમાજનું અહિત થાય, જિનાજ્ઞાનું ઉલ્લંઘન થાય. બસ, એકવાર આ વાત હૃદયમાં ગોઠવાઈ જશે પછી જૈનશાસનના ધ્વજને આખા વિશ્વમાં લહેરાતો કોઈ નહિ રોકી શકે. જાગો! ચર્તુવિધ સંઘ જાગો!

# BEGINNING OF SRAMANA SHRENI IN TERAPANTH SANGH

■ Dr. RASHMIKUMAR J ZAVERI

Progress essentially demands change. Jain tradition too was on the verge of this change. From a long past, it has well established doctrines and practices of *Mahavarata* (great vows) and *Anuvrata* (small vows). It was the need of hour to have a middle path between these two. Former, being principally and practically strict constrained flourishment of Jainism beyond set boundaries. Latter, being practiced by the lay followers were bound by social responsibilities. Thus a new order which could pave the way between this two was visualized by the great legends of our modern times H.H. Acharya Shri Tulsi and H.H. Acharya shri Mahaprgyaji. They set an admirable example before the world by introducing a new order in the name of Samana Shreni. With an objective of dynamic personality development, consisting of spiritual and scientific base and under the spiritual guidance of present Acharya it was all well planned to be introduced.

**Commrncement**

This order in name of Samna Shareni was officially commenced on 9th November, 1980 at the auspicious occasion of 66th birthday of H.H.Acharya Shri Tulsi. It started with a very small figure of six *Mumukshu* (willing to get initiated) sisters, who were the pioneer of this order. The present figure of this order has crossed century making it two hundred ten till the date. From this ninety has ascended

the ladder by getting initiated into the order of *monkhood*. The present members of this order are one hundred ten. It is an on going process and future will be evident of this fact.

## LIFESTYLE

### (A) Individual

Spiritual advancement is the prime concern of this order. All other progress falls back to this chief goal. Though famous as a relaxed mode of modern order, it is in maximum affinity with life style of monks and nuns following *Mahavrata*. Meditation, yogic postures, breathing exercises, prayer of forgiveness (*Pratikramana*) twice in a day night, relaxation practice (Kayotsarga), recitation of mantra and penance are the part and parcel of this order. Apart from this for a rapid and comprehensive spiritual progress it also undertake special intensive practices such as *kayotsarga-pratima* (a mode of meditatation) for three hours, *shrut_samayika*(study of canonical literature for forty-eight minutes) contemplation etc. Emotional intelligence being the vital part for spiritual progress is equally focused to be trained. Many indoor and outdoor programmes are arranged and seriously taken care of for the promotion of this chief mission. Inner purity and humility in behaviour are given due consideration along with external abilities. It is beautifully compiled in *Sanskara bodh* of H.H. *Acharya Shri Tulsi*

*"Hai rupeya ninyanbe vimal, vinay achara.*
*Sesa eka rupeya raha vidya, kala prachara."*

Which means the cost of purity, politeness and ethics is ninety-nine rupees, while education, art and publicity hold only one rupee. This being the significant part of this

order is taken care of without fail.

**(B) Collective- Advancement of Samgha (Organization).**

One of the essential task of the members of this order is to take care of raising the spirit of spirituality in others whether it be kids, children, adults, youth, aged people or any class.

(i) **kids and children** : Fundamentally, children are given due attention. Regular ***Pathshalas*** (classes) are conducted imparting cultural and traditional heritage. By various means of plays, games and stories, moral lesson are given to them.

(ii) **Adults and youngsters**: Youngsters are motivated though influential modes of teachings like workshop, camps, competitions etc. Advance techniques of teaching make them feel religion as something entertaining and uplifting rather than a serious issue.

(iii) **Women education**: Many women empowerment works are initiated. Conviction in major role of women in building happy harmonious family are focused though women education, family handling skills, time and stress management programmes etc.

Thus, people of all age-groups are brought on common platform of Jain traditions, but necessary with comprehensive methods.

**Journey- A Significant Aspect, In and out of national boundary**

Foot-journey is exception in this order. The trumpets of this exception is far from notice. Only few things can be highlighted here. Families spread out in home and homesick lands are confronted with situation where they find

preservation of their culture, religion and tradition to be highly difficult. It is at these places that are beyond the reach of foot-journey undertakers that this order reaches. Preaching the sermons of Lord *Mahavira* and inculcating social and spiritual values at these places is a remarkable job of this order. Thus is can be conclusively said that journey by means of any transportation aims at-

a. Covering wider areas geographically.
b. Bringing conviction in culture protection.
c. A bias free talk among Jain and non-Jain classes.

Long trips by every group consisting of four is undertaken in the country encompasses the entire state assigned to it generally in a stipulated time of ten months. Every village, town and city of a given state is visited. Thus state wise the whole country is covered by various groups moving in country.

At present in abroad there are five well-established centres at New-jersey, Huston, London, Florida, (Mayami), Orlando.

Their annually set programmes are carried without interruption. The major programmes include.

a. Preksha Meditation classes
b. Yogic posture and breathing exercise.
c. Savadyaya (canonical and post canonical studies)
d. Interfaith programme.
e. Speech and lectures at different universities and institutions.

At abroad it is group of two that manages the entire programme. Nearly 1000 long trips at various centres of India have been undertaken till the date. Numerous short

trip too are undertaken. By these wandering an awareness is brought among the people towards their own rich heritage of religion, art, craft and literature. Every walke of life is introduced with cultural embodiment without being against current trend. Though confronting with situations of materialistic advancement journeys by this order are undertaken being indifferent towards its glitters, staying completely detached and attempts are made to perpetually lit the lamp of spirituality. This in turn upgrade the *Jain Shasana*(tradition) and also inspire and direct the local people even at abroad. Thus trip of this order are the trips of ethics, behaviour and that of culture.

**Academic and Administrative Contribution**

Literacy rate of this order is cent percent. Higher education are encouraged making every member well verged with contemporary knowledge. Philosophy, Science of Living, Non-Violence and peace studies, Sanskrit and *Prakrit Literatures* are basically the areas of specialization. Apart from this various languages courses are also imparted like German, French, English Prakrit, and Sanskrit etc. *Samaniji* have also enrolled for M.A , NET -JRF exams, Ph.d on regular and correspondence basis.

Government approved *Jain Vishva Bharti* University and a CBSC school in the name of VimalVidya Vihar are in the premise of campus. *Samaniji* are the active teaching and administrative faculty of this Institutions.

**Qulification Data**

| B.A | M.A | M.Fhil | Ph.d |
|---|---|---|---|
| 104 | 100 | 8 | 15 |

Two *samannij* are deputed as visiting Professor at

Florida International university Mayami, America. They have finished imparting four academic semisters. The curriculum designed and presented by them has influenced the students tremendously. Thirty five *Samaniji* are academically working with the teaching programme of school and university. *Samaniji* also have good command on various languages such as, English, Hindi, Gujarati, Kanada, Tamil, Marati, Udiya, Bengali, Urdu, Punjabi, Haryani etc.

Distance education being one of the important unit of *Jain* V*ish*va *Bharti* University is highly supported by this order. Educational awareness is brought by their untiring efforts. Mass education is thus advocated by means of contact classes in country and aboard even.

Apart from teaching job *samaniji* are active participants of both national and International conferences, seminars, workshops etc. This enhances the intellectual discourse making eminent scholars from different corners of world conversant with Jainism. Exchange of views and thoughts of different scholars inturn also bring academic satisfaction. Many research papers are contributed for publication in various journals and research magazines. *Samaniji* are also helping research students by being Research supervisor. More than fifteen scholars are doctorate awardees, who had accomplished their work under the supervision on *Samaniji*.

It is the privilege of this order to have *Samaniji* working also in the administrative faculty. The Prime post of Vice-chancellor, Director, Principal, Head of Department (H.O.D.) are handled very sincerely by *Samaniji*. As a academic resume it can be said that-

a. Research publication independently and by editing

is explored bringing ancient tenets in a modernized format.

b. Workshop, Seminars, Conferences etc. organised nationally and internationally has attracted world wide attention.

c. Active participation in conference and seminar has dispelled the thought of religions dogmatisms attached with ascetics.

**Internal administration**

1. "Parmarthik Shiksan Sansthana" (*Mumukshu* training centre) is one of the chief unit of *Terapanth* Sect. It is looked and guided by present *Niyojikaji* (Head *Samani*).
2. "Nee*d*am"- A meditation premise also functions in the guidance of chief *Samani Niyojikaji*.
3. There is a committee of five including chief *Samani* Niyojikaji chosen by H.H. Acharya shree in name of *Pragya Parishad* who take care of the national and international affairs of this order. *Mukhya* Niyojikaji, Sadvi Pramukhaji, Uvacharya shree and Acharya shree regulary looks for the well being and advancement of this order.

The Horizon of this order have started expanding. Future will be evident of other dimensions that will be explored by this order. High aspiration have met and higher are yet to meet. It is the dream of H.H. Acharya shree Tulsi that is taking shape. This order has successfully completed its silver Jubilee and taking leap towards golden with some new fragrance and flavours going to be added by it.

This Article is based on the information provided by Head of Samana Shreni.

અર્હમ સ્પિરીચ્યુઅલ સેંટર સંચાલિત

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ

લિટરરી રિસર્ચ સેન્ટર આયોજિત

પારસધામ ટ્રસ્ટ ઘાટકોપર પ્રેરિત

# જૈનસાહિત્ય જ્ઞાનસત્ર-૮

શુક્રવાર, તા. ૩૦-૯-૨૦૧૧ અને શનિવાર, તા. ૧-૧૦-૨૦૧૧

સમય : સવારે ૧૦.૩૦

**પાવન નિશ્રા**

પ્રાણ પરિવારના તપસમ્રાટ પૂ. રતિલાલજી મ.સા.ના

કૃપાપાત્ર યુગ દિવાકર **પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.,**

પૂ. શ્રી પીયૂષમુનિ મ.સા. પૂજ્ય શ્રી પ્રાણકુંવરબાઈ મ.સા. આદિ ઠાણા

**: સ્થળ :**

મુનિશ્રી સંતબાલજી પ્રેરિત મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર

વાનગાંવ નાકા, મુ. પો. ચીંચણી, તા. દહાણુ, વાયા બોઈસર.

જ્ઞાનસત્રનું પ્રમુખ સ્થાન : ડૉ. જિતેન્દ્ર બી. શાહ

ઉદ્‌ઘાટક : પરમ શ્રદ્ધેય **પૂ. શ્રી રાકેશભાઈ ઝવેરી**

ઉદ્‌ઘાટન પ્રવચન : શ્રીમદ્જીની આત્મસિદ્ધિ'

સભા સંચાલન : સુરેશ કોઠારી

(પૂર્વ આંતરરાષ્ટ્રીય પ્રમુખ : જૈન સોશિયલ ગ્રુપ્સ ઇન્ટરનેશનલ ફેડરેશન)

સંયોજક : ગુણવંત બરવાળિયા

- સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેંટર ઘાટકોપર-મુંબઈ
  gunvant.barvalia@gmail.com (Mo.: 09820215542)
- ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ, પારસધામ, તિલક રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

# જ્ઞાનસત્રના વિષયો

| વિષય | સત્રપ્રમુખ |
|---|---|
| શ્રીમદ્ રાજચંદ્રજીના પત્ર અને કાવ્ય કૃતિમાં વ્યક્ત થતું આત્મચિંતન | પરમ શ્રદ્ધેય : પૂ. શ્રી રાકેશભાઈ ઝવેરી |
| જૈન કથાનુંયોગમાં વ્યક્ત થતું નીતિ, સદાચાર અને ધર્મદર્શન | : ડૉ. કાન્તિભાઈ શાહ |
| શાસન પ્રભાવક ધર્મ પ્રચારક શ્રેણીનું મહત્ત્વ અને સ્વરૂપ | : ડૉ. ધનવંત શાહ |
| ઉત્તમ શ્રાવક શ્રાવિકાનું જીવન અને કાર્ય | : ડૉ. અભય દોશી |
| મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબાજી અને મુનિ શ્રી સંતબાલજીના સર્વધર્મસમભાવ : તથા સર્વધર્મસમન્વયના વિચારો | : ડૉ. ગીતાબેહન મહેતા |

## ગ્રંથ વિમોચન : જ્ઞાનધારા ૬-૭

**જૈન સાહિત્ય જ્ઞાનસત્ર ૬ અને ૭માં વિદ્વાનો દ્વારા પ્રસ્તુત થયેલા નિબંધો અને શોધપત્રોનો સંગ્રહ સંપાદન : ગુણવંત બરવાળિયા**

**વિશિષ્ટ પ્રવચન : ડૉ. બળવંત જાની**

**પાવરપોઈંટ પ્રેઝેન્ટેશન : ડૉ. બિપીન દોશી-ડૉ. રશ્મિભાઇ ઝવેરી**

**વ્યવસ્થા અને સંચાલન : પ્રવીણભાઈ પારેખ — યોગેશભાઈ બાવીશી**

**મુનિ શ્રી સંતબાલજીની સેવા અને સાધનાની ભૂમિમાં, પવિત્ર સ્પંદનોવાળા આ સ્થળે પૂ. સંતો અને સતીજીઓની પાવન નિશ્રામા ભારતભરના પચાસ જેટલા વિદ્વાનોના સાન્નિધ્યે અધ્યાત્મ રસના કુંડા ભરીને પાન કરવા આપને સપ્રેમ નિમંત્રણ છે.**

**: જ્ઞાનસત્ર આયોજન સમિતિ :**

ગુણવંત બરવાળિયા - પ્રવીણ પારેખ – યોગેશ બાવીશી – ડૉ. રસિકભાઈ મહેતા
સુરેશભાઈ પંચમીઆ – પ્રકાશ મહેતા – પ્રદીપ શાહ

## સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી. શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, તાડપત્રીય ગ્રંથોને સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મયોદિની પૂ. લલિતાબાઈ મ.સા.ના. વિદ્વાન શિષ્યા પૂ. ડૉ. તરુલતાજીની પ્રેરણાથી 'સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણગુરુ જન્મ શતાબ્દી સમિતિ' મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્યશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્થાએ 'સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલરી એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર'ની સ્થાપના કરી છે. સેન્ટર ઉદ્દેશ આ પ્રમાણે છે:

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશ કરવું.
- જૈન ધર્મનાં તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવી.
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવ ધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યનાં અધ્યયન અને સંશોધનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કોલરશિપ)આપવી.
- જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કરવું.
- વિદ્વાનો અને સંતોનાં પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારનો વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાચન (Paper Reading), લિપિ વાચન અને પ્રાચીન જૈન ગ્રંથો (Old Jain Manuscript)નું વાચન.
- જૈન ધર્મ પર સંશોધન M.A. Ph.D. M.Phil કરનારાં જિજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વગેરેની સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશમાં જૈન ધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઈન્ટરનેટ પર 'વેબસાઈટ' દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.


**સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ**
**જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર,**
**અર્હમ સ્પિરિચ્યુઅલ સેન્ટર**
Email : Gunvant.Barvalia@gmail.com
મો : ૯૮૨૦૨૧૫૫૪૨

**આપના સહયોગની અપેક્ષા સાથે**
**ટ્રસ્ટી અને માનદ્ સંયોજક**
**ગુણવંત બરવાળિયા**

# જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે

जहा सूई पडिआ न विणस्सइ ।
तहा जीवे रसुत्ते संसारे न विण्स्सइ ।।

Just as a threaded needle does not
get lost even when it falls on the ground,
Similarly the soul with knowledge of scriptures
is not lost in the world of birth and death.

જેમ દોરો પરોવેલી સોય પડી જાય
તો પણ ખોવાઈ જતી નથી,
તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.
(ઉત્તરાધ્યયન સૂત્ર, ૨૯-૫૯)

विद्यां चाचिद्यां च यस्तद् वेदोमयं सह
अविधया मृत्युं तीत्वां विधयामृतमश्नुते ।

વિદ્યા અને અવિદ્યા બંને સાથે અને
યથાર્થતઃ જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યું
તરી જાય છે અને વિદ્યા દ્વારા અમૃતને પામે છે.
- ઇશોપનિષદ : ૧૧

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોઈ,
- શ્રીમદ્ રાજચંદ્ર